


શ્રી

## પંચ મંગલ મહાશ્રુત સ્કંધ

# શ્રી નમસ્કાર મહામંત્ર

શ્રીનમસ્કાર મહામંત્ર નું

# અનુપ્રેક્ષાત્મક વિજ્ઞાન

— મુનિરાજ શ્રી અરુણવિજય મ.

## 卐 "જગત્ કર્તા ઈશ્વરની સમીક્ષા" 卐

પ્રવચન ૪
રવિવાર

[૪]

શ્રાવણ સુદ ૨
તા. ૧૪-૮-૮૮

# જગતકર્તા ઇશ્વરની સમીક્ષા

સર્વજ્ઞસ્વરૂપ....વીતરાગી....જિન....જિનેશ્વર...પરમપિતા....પરમેશ્વર.... જ્ઞાનવ્યાપી....જગતદ્રષ્ટા....અરિહંત પરમાત્માના ચરણોમાં અનન્તાનન્ત ભાવનમસ્કારપૂર્વક....

कर्तास्ति कश्चिद् जगतः स चैकः स सर्वगः स स्ववशः स नित्यः ।
इमाः कुहेवाक विडम्बनाः स्युस्तेषां न येषामनुशासकस्त्वम् ॥

–અપ્રમાણિક લોકો-આ જગતનો કોઈ કર્તા ઇશ્વર છે, (૧) તે એક જ છે (૨) તે સર્વવ્યાપક છે, (૩) તે સ્વતંત્ર છે. (૪) અને તે નિત્ય છે (૫) હે નાથ ભગવન્! જેઓના અનુશાસક શિક્ષાદાતા આપ નથી એવા દુરાગ્રહવાદીઓ આવી રીતે વિડંબના અનુભવે છે.

નમો અરિહંતાણં—

નમસ્કાર મહામંત્રમાં સર્વ પ્રથમ પદ "નમો અરિહંતાણં"નું છે. સર્વ પ્રથમ અરિહંત પરમાત્માને નમસ્કાર કરવામાં આવ્યા છે. નમસ્કાર હો અરિહંત ભગવન્તો ને. જે અરિહંત પ્રભુને ભાવપૂર્વક નમસ્કાર કરીએ છીએ એ નમસ્કાર એળે ન જાય તેની કાળજી આપણે જ રાખવાની છે. નમસ્કાર એળે જવામાં બન્ને પક્ષે કારણની સંભાવના છે. સંભવ છે કે આપણા પક્ષે એટલે આરાધક સાધક પક્ષે નમસ્કારના ભાવની ખામી રહી જાય, આપણા તરફથી ભાવનું તથા નમસ્કાર ક્રિયાનું પુરૂ ઔચિત્ય ન સચવાય, પ્રભુનું માન-સન્માન ન જળવાય અથવા અનાદરભાવ આવી જાય તો આપણાં કરેલા નમસ્કારો નિરર્થક ચાલ્યા જાય.

અને બીજી રીતે જે ભગવાનને નમસ્કાર કરીએ છીએ તે ભગવાન જ કદાચ સાચા અર્થમાં ભગવાન જ ન હોય અને છતાં આપણે સાચા માનીને નમસ્કાર કરીએ તો પણ આપણા નમસ્કાર નિરર્થક ચાલ્યા જાય. સંભવ છે કે એવા નમસ્કાર તારવા કરતાં ડૂબાડવામાં પણ કારણ બની જાય. ભૂતકાળમાં વીતી ગયેલા અસંખ્ય ભવોમાં જ્યારે ભગવાનની ઓળખ જ નહતી થઈ ત્યારે પણ જેને તેને ભગવાન માનીને નમસ્કાર કર્યા તે નમસ્કારથી હજી સુધી પણ આપણે સંસાર સમુદ્રને તર્યા નથી. એ આ ભવની પરિસ્થિતિનો સ્પષ્ટ હોય છે. આ ભવ તેનો સ્પષ્ટ પુરાવો છે. એટલે એવા તો કેટલાય ભવોમાં ઘણાંય ભગવાનોને નમ્યા-માન્યા-પૂજ્યા-આરાધ્યા, ઉપાસ્યા પરંતુ કંઈ વળ્યું નહીં. અને આ ભવે ફરી કદાચ આવી ભૂલ થઈ ન જાય તે માટે પૂરેપૂરી તકેદારી રાખવી જ પડશે. અને એ તકેદારી એટલે આપણે હવે જે તે અને જ્યાં ત્યાં ભગવાન માનીને માથું નથી નમાવવું. કારણ કે આપણું માથું એટલે કંઈ સવા રૂપીયાનું વધારાનું નારીયેળ નથી. કે આપણે જ્યાં ત્યાં....જેને તેને....બધાને નમાવ્યા જ કરીએ.

## ઓળખીને પછી નમીએ...

નમવું છે એ વાત સાચી છે. એકવાર નહીં, સોવાર નહીં, હજાર વાર-અસંખ્ય....અનન્તવાર નમવું છે. એમાં શંકા નથી. પણ જેને નમવાથી પણ આપણા ભવના ફેરા વધતા હોય....જેને નમવા....માનવા ....પૂજવાથી પણ આપણી ભવપરંપરા વધતી જતી હોય....આપણા નમવા છતાં પણ કંઈ પરિણામ જ ન આવતુ હોય ? કંઈ જ વળતર જ ન મળતું હોય તો પછી નમવું શું કામનું ? એવાને નમવાનો પણ શું અર્થ રહ્યો ?

આપણા પોતાના તરફથી નમસ્કાર કરવામાં કંઈ પણ ભૂલ કે ક્ષતિ-ખામી રહી જાય તેને આપણે વહેલી તકે સુધારી શકીએ છીએ. એ નાની ભૂલ છે. એક-બે દિવસમાં સુધરી જાય. આમ નહીં ને આમ

નમસ્કાર કરવાના છે? આ રીતે ખમાસમણા દો....વગેરે ક્રિયાત્મક ભૂલો બહુ જલ્દી સુધરી જશે. પરન્તુ મનોગત માન્યતાની ભૂલને સુધારવામાં જરૂર સમય લાગશે. તે ભૂલ બહુ ભયંકર છે. પરન્તુ ભગવાનના તરફથી જ જો ભૂલ હશે તો તે કેવી રીતે સુધરશે? ભગવાનના તરફથી ભૂલનો અર્થ અથવા કહેવાનું તાત્પર્ય એવું છે કે....કાં તો તે ભગવાન સાચા અર્થમાં ભગવાન જ નથી છતાં પણ ભગવાન તરીકે મનાય છે, પૂજાય છે. અને તેમને માનવાનો વ્યવહાર પ્રચલિત છે તો પછી તે ભૂલ કેમ સૂધરે? અથવા આપણે તો ભગવાન સમજીને માનતા જ જઈએ અને હકીકતમાં તે ભગવાન જ ન હોય....અથવા તો આપણે માનતા–પૂજતા જઈએ અને તેમનું–ભગવાનનું જ સ્વરૂપ વિકૃત હોય તો શું કરવું? આ ભગવાનના વિષયની ભૂલ આપણે કેવી રીતે સુધારશું? મુશ્કિલ છે.

**માન્યતા સાચી જોઇએ—**

જગત્ સુધરે કે ન સુધરે, ભગવાનની ભૂલ અથવા ભગવાન સુધરે કે ન સુધરે, ભગવાનનું સ્વરૂપ સુધરે કે ન પણ સુધરે પણ આપણે આપણી ભૂલ વહેલી તકે સુધારી લેવી જોઈએ. કારણ કે આપણું બગડે છે. નુકશાન આપણને છે. આપણી માન્યતા સુધારવા માટેનો જ આજનો વિષય છે. આપણે આજના વિષયમાં એ જ જોવાનું છે કે કોને ભગવાન માનવા? સાચા અર્થમાં ભગવાન કોને ગણવા? ખરેખર ઇશ્વરનું સાચું સ્વરૂપ શું છે? ઇશ્વર કોને માનવા? સાચા અર્થમાં ઇશ્વર કોને માનવા? ફિલ્ટર પેપરથી પાણી ગાળવાથી જેમ કચરો નિકળી જાય છે અને પછી શુદ્ધ પાણી પીવા મળે છે તે જ રીતે સાચી માન્યતાથી, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાનથી કોઈ પણ વિષય વિષેની ખોટી માન્યતા દૂર થઈ જાય છે. અને સાચી માન્યતા પ્રવર્તે છે. ખોટું જ્ઞાન દૂર થઈ જશે અને સાચી ઓળખ થશે.

હીરાનો પારખુ ઝવેરી પારખીને હીરો લે તો જ કામનું છે. નહીં-

તર નુકશાન ઝવેરીનેજ છે. એવી જ રીતે ભક્ત પણ ભગવાનને ઓળખીને પછી જ નમે....માને....પૂજે તો જ લાભ છે. અન્યથા નુકશાન પણ ભક્તને જ છે. માટે જે ઇશ્વરને માનવાના છે. પહેલા એની ઓળખ સાચી કરવી જોઈએ. પછી માનવાની વાત.

**પરીક્ષા કરીને પછી સ્વીકારો—**

કોઈ પણ વસ્તુ સ્વીકારતા પહેલાં આપણે વસ્તુની પૂરેપૂરી ચકાસણી કરીએ છીએ. ખરીદતા પહેલાં પરીક્ષા કરીએ. શાક-ભાજી લેતા પહેલાં પણ જોઈને લઈએ છીએ. અને ઝવેરી હીરા ખરીદશે તો પણ પરીક્ષા કરીને ખરીદશે અને સોનું ખરીદનાર પણ સોનું કસોટી ઉપર કસીને સાચુ ઠરે તો જ ખરીદે છે. આ તો જગતનો સર્વસાધારણ વ્યવહાર છે. જો આ વૃત્તિ બધે રાખવામાં આવતી હોય તો અહીંયા કેમ નહીં ? હરીભદ્રસૂરી મહારાજ સાફ જણાવે છે કે....धर्मो धर्माथिंभिः सदा ज्ञेया परीक्षितोः ધર્મ મેળવવાની ઈચ્છાવાળાએ ધર્મની પરીક્ષા કરીને પછી જ મેળવવો જાણવો, કે ઓળખવો. એવી જ રીતે ઇશ્વરને માનવા છે, પૂજવા છે, આરાધવા છે. જેનું નામ સદા જપવું છે તો પછી પહેલાથી જ પરીક્ષા કરીને સ્વીકારવા પડશે. ઈશ્વરને માનવા, પૂજવા, આરાધવા સદાકાળ માટે છે, આખી જિન્દગી સુધી આરાધવા અને ૮૦-૧૦૦ વર્ષ સુધી પૂજ્યા- માન્યા-આરાધ્યા પછી જો ખબર પડે, જ્ઞાન થાય, અથવા જાણવા મળે કે આ તો સાચા ભગવાન જ નથી. આ તો ખોટું સ્વરૂપ છે. મને તો ખબર નહીં ને મેં તો માની લીધા. પૂજી લીધા....હવે શું થાય ? સોનું સમજી ને પીત્તળ ઘરે લઇ આવ્યા. ૨૫-૫૦ વર્ષ સુધી સોનુ સમજીને રાખ્યું, એના ઉપર મોટી મદાર બાંધી, આશા બાંધી કે જ્યારે તકલીફ પડશે ત્યારે આગ-ઉપર પાણીની જેમ કામ આવશે. ખરેખર થયું એવું કે ૫૦ વર્ષ સુધીએ સોનાને જીવ સટોસટ સાચવ્યા પછી જ્યારે એકાએક ગરીબી આવી, પડતી આવી ત્યારે મુશીબતમાં સોનું કાઢીને વેચવા ગયા....ઘણી મોટી આશા હતી....ઇચ્છા હતી કે

બસ આ ૨ કિલો સોનું વેચવાથી એટલા રૂપીયા આવશે કે આપણે ફરી પાછા લખપતી થઈ જઇશું. પરન્તુ બાજી ઊંધી પડી....સોનું વેચવા ગયા ત્યાંજ પેલાએ સામેથી કહ્યું કે....જુઓ આ કસોટી ઉપર કસી જુઓ....આ ક્યાં સોનું છે? આ તો પીત્તળ છે. ઉપર સોનાનું ફક્ત પાણી ચઢાવેલુ છે....આતો ૨-૪ દિવસમાં ઉતરી જશે....અને તમે પીત્તળને સોનાના ભાવે વેચવા માંગો છો? અમને ઠગવા માંગો છો? લૂટારા-ધૂતારા લાગો છો. ઠગ છો એમ કહીને પોલીસમાં ફોન કરાવીને બન્ને પતિ-પત્નિને પોલીસમાં પકડાવી દીધા. બિચારા નિરર્થક જેલમાં ગયા. આશાઓ ઉપર પાણી ફરી વળ્યું. માથે હાથ દઇને રડવા સિવાય બીજો કોઇ વિકલ્પ ન રહયો. આવી પરિસ્થિતિ સર્જાય ત્યારે શું સમજવું?

કદાચ એ દંપતિએ તો સોનું જ ગુમાવ્યું. અને આપણા વિષે પણ ક્યારેક એવું જ બનતું હોય છે. સાચા ભગવાન સમજીને આખી જિન્દગી સુધી ઉપાસ્યા-આરાધ્યા? આ જ ઇશ્વર સાચા છે. જગતને બનાવનારા ભગવાન જ સાચા ઇશ્વર છે. આ સૃષ્ટિની રચના કરનારા, દુનિયા બનાવનારા ભગવાન જ સાચા ભગવાન છે. જગત્‌ને સુખ-દુઃખ આપનારા ભગવાન જ સાચા ભગવાન છે. ઉપરવાળો જ સાચો ઇશ્વર છે. એ કરે એ જ થાય છે....વગેરે વગેરે... સ્વરૂપે ભગવાન માનીને ચાલ્યા....અને એવી માન્યતા રાખી. શ્રદ્ધા રાખી.

અને જ્યારે જિન્દગીના ૫૦-૬૦ વર્ષોનાં વહાણા વીતિ ગયા પછી ખબર પડે, સમઝ પડે, સમજવા મળે, જાણવા મળે કે ના....ના સૃષ્ટિની રચના કરનાર, જગત્‌ને બનાવનાર એવા તો કોઇ છે જ નહી.... જેનું અસ્તિત્વ જ નથી એવા ને મેં ૫૦-૬૦ વર્ષ આરાધ્યા માન્યા. પૂજ્યા!....આ ભાન કે જ્ઞાન થયા પછી જ્યારે આપણી શાન ઠેકાણે આવશે જ્યારે આપણું ભાન ઠેકાણે આવશે ત્યારે....ખબર પડશે.... અને કદાચ માથે હાથ દઇને પોક મૂકીને રડવાનો વખત આવશે. અરે રે...? આ શું થયું? અરે મેં આ શું કર્યું? ૫૦ વર્ષ

પાણીમાં ગયા. હવે શું થાય? હવે મારું શું થશે...હવે મૃત્યુના દિવસો નજદીક આવ્યા પેલા દંપતિ જેલમાં ગયા તેમ આપણી પણ હાલત ખરાબ થઈ જાય. ગતિ બગડી જાય. ભવ હાથમાંથી ચાલ્યો જાય...માટે જ્ઞાનીઓ કહે છે કે...આવી પશ્ચાતાપ કરવાની પરિસ્થિતિ જ ન આવે તે માટે માનવા કે આરાધવા પહેલાં જ સમજીને પછી સ્વીકારીએ, પરીક્ષા કરીને લઈએ તો શું ખોટું? વધુ સારૂં?

**પ્રભુની પરીક્ષા કરનાર આપણે કોણ?**

મનમાં એક પ્રશ્ન એવો પણ જાગે છે કે....પ્રભુની પરીક્ષા કરનારા આપણે કોણ? આપણે ભગવાનની પરીક્ષા કેવી રીતે કરશું? આપણે શી રીતે કરીએ પરીક્ષા? અરે....રે....! આપણાથી થાય ખરી ઈશ્વરની પરીક્ષા? ના....ના...કરાય જ નહીં? એવી પણ માન્યતા લાગણીશીલ જીવોમાં પ્રવર્તતી હોય છે. એક અપેક્ષાએ લાગણીશીલ સ્વભાવવાળા જીવોની વાત પણ સાચી છે. તેઓ કરી નથી શકતા...! કારણ કે પરીક્ષા કરવાની રીત જ નથી જાણતા.

ઇશ્વરની પરીક્ષા કરવી એનો અર્થ એ નથી કે ઈશ્વરનો અનાદર અપમાન કરવા બરાબર છે. ના...ઉપરથી એમ સમજો કે ઈશ્વરની પરીક્ષા કરવાથી આ જગતમાં જે ઈશ્વર વિષયક ઘણી જુદી જુદી જાતજાતની માન્યતાઓ પ્રવર્તે છે, ઘણાં ભગવાનો છે તો પછી કયા ભગવાનને સાચા ભગવાન તરીકે માનવા? કયા ઈશ્વરને સ્વીકારવા? માટે ઘણાં ભગવાન અને જાત-જાતના ઘણી જાતના ભગવાનોમાંથી એકજ ભગવાનને માનવા-સ્વીકારવાના હોય ત્યારે શું કરશું?

સાહેબ! સબ ભગવાન એક હૈ! આવા ઉત્તરો દેનારા પણ ઘણા છે. તો શું કરવું? બધા ભગવાન એક જ છે ને? નામ. રૂપ જુદા જુદા છે. બાકી વાત તો એક જ છે ને? ગમે તે ભગવાનને માનો પણ સરવાળે તો એક જ માન્યતા છે ને....? કેમ સાહેબ! સ્પષ્ટ જ કહેવાય છે ને કે....

आकाशात् पतितं तोयं यथा गच्छति सागरे ।
सर्वदेवं नमस्कारं केशवं प्रति गच्छति ॥

જેમ આકાશમાંથી વર્ષારૂપે પડેલું પાણી....અન્તે તો સમુદ્રમાંજ જાય છે. તેમ બધા જ દેવોને-(ભગવાનોને) કરેલ નમસ્કાર કેશવ-એટલે શ્રીકૃષ્ણના જ ફાળે જાય છે. આવી માન્યતા દરેકે પોતપોતાની ગોઠવી દીધી હોય તો ફરી પાછી પોત પોતાના ઈશ્વર વિષે ખેંચાતાણી થાય. તો તો પછી આ રીતે બીજા પણ કહી શકશે કે....

आकाशात् पतितं तोयं यथा गच्छति सागरे ।
सर्वदेवं नमस्कारं, वीतरागं प्रति गच्छति ॥

આકાશમાંથી વર્ષારૂપે વર્ષેલુ પાણી જેમ અન્તે સમુદ્રમાં જ જાય છે તેમ સર્વ દેવતાઓને કરેલો નમસ્કાર અન્તે તો વીતરાગ પરમાત્માને જ થાય છે. વીતરાગના જ ફાળે જાય છે. શું આપણે જૈનો આ રીતે એમનો જ પક્ષ લઈને બોલીએ તો ચાલશે? એ લોકોને ખોટું લાગશે. આપણી વાત ઉપર ખીજાશે. વાત નહીં સ્વીકારે કેમ? જ્યારે બધા ભગવાનને એક જ માનવાની વાતો મોટી મોટી કરે છે તો પછી પક્ષપાત કેમ?

આ તો બધું રહેવાનું જ છે. આવુ તો ચાલતું જ રહેશે. તેઓ હા પણ પાડી દે તો પણ આપણે એમની વાત કે એમનો પક્ષ માનવો કે સ્વીકારવો જરૂરી નથી. કોઈની નકલ કરવાની જરૂર નથી. પણ પોતાની અક્કલ ચલાવવી જરૂરી છે. માટે ઈશ્વરો ઘણાં છે તેમાંથી પરીક્ષા કરીને તારવીને....જે કસોટી ઉપર સાચા-ખરા ઉતરે-ઠરે તેમને જ માનવાના છે.

### ઇશ્વરની પરીક્ષા કેવી રીતે કરીએ?

જેમ સોનાની પરીક્ષા કષ, છેદ, ભેદ, તાપાદિ રીતે થાય છે. અને પછી આપણે ઠરાવીએ છીએ કે...આ સોનું છે. જગતમાં સેંકડો

પદાર્થોની પરીક્ષા અનેક રીતે થાય છે. તો પછી ઇશ્વરની પરીક્ષા કરવાથી ઈશ્વરની કીંમત ઘટી જશે? કે ઈશ્વરની આશાતના થશે? એવી બીક પહેલેથી જ મનમાં શા માટે રાખવી? ઇશ્વરનું સ્વરૂપ સાચું ઠરશે ત્યારે ઈશ્વરની કીંમત હજાર ગણી વધી જશે. બીજા ઘણાં ઇશ્વરોમાંથી એક સાચો ઠરશે ત્યારે તે એકની કીંમત હજાર ગણી વધશે એટલો જ સામે આપણો પૂજ્ય ભાવ અને આનન્દ-ભક્તિભાવ પણ હજાર ગણો વધી જશે. કારણ કે સાચા ઇશ્વરનું સ્વરૂપ હાથમાં આવ્યુ છે. હવે આપણે જિન્દગીભર માટે નિશ્ચિંત થઈ જશું. આત્મવિશ્વાસ જાગશે કે આપણે સાચી દિશામાં છીએ. ખોટા સાથે નથી ફસાયા. જેમ એક કન્યા એક સાચી યોગ્ય-પાત્ર વ્યક્તિની સાથે પરણ્યા પછી જીવનભરની હાશ અનુભવે છે તેવો અનુભવ અહીં ભક્તને ભગવાન વિષે થવાનો. માટે ઇશ્વર પરીક્ષા એ ઈશ્વરના નિર્ણય માટે છે. અનેકમાંથી એક તારવવા માટે છે. એમાં નથી તો આપણે ડરવાની જરૂર કે નથી એમાં આશાતનાની જરૂર.

આ પ્રક્રિયામાં માણસ બીજી રીતે પણ મુંઝાય છે...તેનું કહેવું એવું પણ છે કે...સાહેબ! આપણી શી યોગ્યતા કે આપણે ઈશ્વરની પરીક્ષા કરીએ? આપણી શક્તિ-બુદ્ધિ કશાનાય ઠેકાણા ન હોય. આપણામાંજ પૂરી યોગ્યતા-પાત્રતા ન હોય પછી આપણે ઇશ્વરની પરીક્ષા કેવી રીતે કરવી? શું આ અનાધિકાર ચેષ્ટા નહીં થાય? એના ઉત્તરમાં કહેવાનું કે...જેમ સોનાની પરીક્ષા કસોટી ઉપર કરતી વખતે આપણે ત્યાં કેટલી બુદ્ધિ ચલાવી હતી? આપણી બુદ્ધિ ઉપર ક્યાં આધાર હતો? કસોટીના પાષાણ ઉપર આધાર હતો. માટે કસોટીએ જે નિર્ણય આપ્યો તેજ આપણે માન્ય રાખ્યો છે. એવી જ રીતે તમારી વાત સાચી છે કે...આપણે શી રીતે ઇશ્વરની પરીક્ષા કરીએ? બુદ્ધિ-શક્તિ-યોગ્યતા-પાત્રતા કંઈ જ નથી. ભલે નથી. સારૂ છે. પણ આગમ શાસ્ત્રો આપણને સિદ્ધાન્તોના મિશ્રણવાળુ એક જ કસોટીનો

પાષાણ બનાવી આપે છે અને એ કસોટીના આધારે ઈશ્વરની પરીક્ષા કરવાની છે પછી પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

ઇશ્વર સિદ્ધિ કરવા માટે શાસ્ત્રોએ આપણને ત્રણ–ચાર ફોર્મ્યુલાઓ આપી છે. તે સૂત્રો આ શ્લોકમાં દર્શાવ્યા છે—

मोक्षमार्गस्य नेतारं, भेत्तारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां, तीर्थेशं स्मृतिमानये ॥

(૧) જે મોક્ષ માર્ગે લઈ જનાર છે. મોક્ષનો માર્ગ દેખાડનાર છે. આપણું સાધ્ય–ગન્તવ્ય ઈષ્ટ જે મોક્ષ છે તેની પ્રાપ્તિનો ઉપાય–માર્ગ દેખાડનાર જે હોય તે (૨) જેમણે પોતે પોતાના કર્મરૂપી ડુંગરાઓ ભેદી નાંખ્યા હોય. કર્મો ખપાવીને ક્ષય કરીને જે તીર્થંકર બન્યા હોય, અને (૩) જે સ્વયં વિશ્વભરના સમસ્ત તત્ત્વો–પદાર્થોના જ્ઞાતા હોય...એવા તીર્થોના પણ ઇશ–તીર્થેશને સ્મૃતિપટલ ઉપર લાવીને સ્મરણ કરું છું. દર્શન કરું છું.

અહીં આ શ્લોકમાં ઈશ્વર માટે ત્રણ–ચાર સિદ્ધાન્તો બનાવી આપ્યા છે. આપણે કોઇને પણ ઇશ્વર માનવાના–કે સ્વીકારવાના હોય ત્યારે આટલી વસ્તુઓ તે ઈશ્વરમાં છે કે નહીં તે જોઈ લેવી એટલે બસ થઇ ગઈ ઈશ્વરની પરીક્ષા. બસ પછી તે ઇશ્વરને આંખ મીચીને જિન્દગીભર માની શકાય. પણ તેમાં આટલી બાબતો હોવી જરૂરી છે. શ્લોકમાં સારભૂત ત્રણ વાતો ખાસ કહી છે (૧) મોક્ષમાર્ગના નેતા પ્રરૂપક કહેવાથી તેમની વીતરાગતા સાબિત થાય છે. રાગી–દ્વેષી હોય તો તે સંસારની કે સ્વર્ગ આદિ મેળવવાની વાત કરે. પોતે ઈશ્વર એકલા જ મોક્ષમાં જાય અને જીવને અહીં સંસાર ચક્રમાં જ પરિભ્રમણ કરતા રાખે. સ્વર્ગમાં ભલે લઇ જાય. પણ તે સ્વર્ગ પણ છેવટે તો સંસાર ચક્રમાંજ ગણાય છે. 'સ્વર્ગમાંથી પણ છેવટે તો મરીને પાછા ફરવાનું જ છે. પછી ક્યાં પ્રશ્ન રહ્યો ? એટલા માટે મોક્ષને અનુસરતા, મોક્ષ તરફ જતા માર્ગ ઉપર આપણને લઇ જનારા નેતા

જે હોય તે ઈશ્વર જ સાચા ભગવાન કહેવાય. (૨) બીજા વિશેષણમાં ભેત્તારં કર્મ ભૂભૃતામ્‌માં ભગવાનનું સર્વ દોષ રહિતપણું દેખાડયું છે. અર્થાત્ જે ઈશ્વરે પોતાના કામ-ક્રોધ, માન, માયા, લોભ, આદિ વિષયક કષાયાદી સર્વદોષો સર્વથા દૂર કરી દીધા છે. કર્મ જ આત્મા ઉપર લાગેલ મોટામાં મોટો દોષ છે. એ જ બાધક છે. એટલે પહેલાં કર્મના દોષોનેજ દૂર કરવા જોઇએ. એમાં પણ જેમણે કર્મના ડુંગરાના ડુંગરા ભેદી નાંખ્યા છે. નષ્ટ કરી દીધા છે તે ઇશ્વર જ સાચા ભગવાન છે. ડુંગરા શબ્દ વાપરીને એમણે કર્મના કેટલા લાંબા પ્રમાણને ખપાવનારાની સિદ્ધિ કરી છે એ જૂઓ. એક-બે-કર્મો નથી ખપાવ્યા. પણ કર્મના જે ઢગલા-ના-ઢગલા ડુંગરા હતા તેમને ભેદી નાંખ્યા છે. અર્થાત્ આત્મામાંથી કર્મને દૂર કરીને જે સ્વયં શુદ્ધ પરમાત્મા રૂપે પ્રગટ થયા છે તે ઇશ્વરને ભગવાન માનવાની વાત કરી છે.

એવીજ રીતે ચોથા વિશેષણમાં-"જ્ઞાતારં વિશ્વ તત્ત્વાનાં" કહીને સમસ્ન વિશ્વના સમસ્ત પદાર્થો-તત્ત્વોને જાણનારા કહીને પ્રભુની સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. એટલે સમસ્ત જગતના સર્વ તત્ત્વોને જાણનારા એવા સર્વજ્ઞ પ્રભુ જ ઇશ્વર તરીકે શોભે એમ કહ્યું છે. અને અન્તે "તીર્થેશ" શબ્દ કહીને તીર્થોના પણ ઈશ-તીર્થેશ-તીર્થંકર-તીર્થપતિ તરીકે કહ્યા છે. અર્થાત્ જેમને પૂર્વના ત્રીજા ભવે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું હોય અને આ જન્મે તીર્થંકરપણું પામ્યા હોય એવા તીર્થપતિ-તીર્થંકર-કે તીર્થેશ કહેવાય...અને એવા તીર્થેશ હોય તીર્થંકર નામકર્મ બાંધેલ હોય તેને જ ઈશ્વર કે ભગવાન કહેવાય. તે સિવાય નહીં.

એમ એકંદરે વિશેષણોના સિદ્ધાન્તવાળો જે કસોટીનો પત્થર બનાવીને શાસ્ત્રકાર મહર્ષિએ આપણને આપ્યો છે. અથવા આ ચાર ફોર્મ્યુલા જે આપી છે તેના આધારે ઈશ્વરની પરીક્ષા કરવી જોઇએ. અને તે ચાર ફોર્મ્યુલા સંક્ષેપમાં આ પ્રમાણે છે-(૧) મોક્ષ માર્ગોપદે

શક, મોક્ષમાર્ગ એટલે ધર્મ તેના ઉપદેશક-પ્રરૂપક, અને (૨) કર્મ-મલદોષથી રહિત, એટલે રાગ-દ્વેષ રહિત-વીતરાગ, અને (૩) સર્વજ્ઞ -અનન્તજ્ઞાની, તેમજ (૪) તીર્થંકર-તીર્થેશ જે હોય, આ ચાર વિશેષણાલંકૃત જે હોય તે ઈશ્વર-ભગવાન કહેવાય...

Jainism is Most Logical—આ રીતે જોતાં આપણને જૈનધર્મ કેટલો સ્પષ્ટ તર્કયુક્ત અને બુદ્ધિગમ્ય લાગે છે. અને છે તેનો આપણને ખ્યાલ આવે છે. ઈશ્વર જેવાની પરીક્ષા કરવાની હિમ્મત જૈનધર્મે આપી છે. આનાથી માત્ર અંધશ્રદ્ધા ઉપર નથી લઈ ગયા. તર્કયુક્તિગમ્ય જૈન ધર્મને બતાવવામાં આવ્યો છે. માત્ર ભગવાનનીજ નહીં પરન્તુ ધર્મ, ગુરૂ, આદિ એટલે દેવ-ગુરૂ-તથા ધર્મ અને જીવાદિ સર્વે તત્ત્વો વગેરે બધાના વિષયમાં આ જ તર્કયુક્ત અને બુદ્ધિ ગમ્યતા રજુ કરી છે. માટે જૈન ધર્મ ગુણાનુરાગી ધર્મ રહયો છે. વ્યક્તિવાચી ધર્મ નથી રહ્યો. દરેકે-દરેક વિષયોનો-સિદ્ધાન્તોનો તાર્કિક યુક્તિ પુરસ્કાર ઉત્તર આપનાર જૈન ધર્મ છે. "બાબા વાક્યં પ્રમાણં"ની વાત અહીંયા કરી નથી. લોક ચાલુચીલે ચાલવાનું કે બાપના કૂવે કૂદી પડવાનું નથી કહ્યું. આ જ જૈન ધર્મની વિશિષ્ટતા છે. પરીક્ષાના દરવાજા જૈનધર્મે ખુલ્લા રાખ્યા છે. બંધ નથી કર્યા. માટે જૈન ધર્મના સિદ્ધાન્તો સદાકાળ નવા અને તાજા ભાસે છે. બાબાવાક્યં નથી લાગતા અંધ શ્રદ્ધાને તેમજ મિશ્રશ્રદ્ધાને પણ તિલાંજલી આપી દીધી છે. અને શુદ્ધ સાચુ સ્વરૂપ જ ગ્રહણ કર્યું છે. 'સમ્યગ્' શબ્દ સૂચિત કરે છે કે જૈન ધર્મ-દર્શન હમેંશા સત્યનો આગ્રહી-સત્યાગ્રહી, તેમજ સત્યનો પક્ષપાતી રહ્યો છે. માટે જૈનધર્મે સદાકાળ સત્યના દરવાજા ખુલ્લા રાખ્યા છે.

**"નમો અરિહંતાણં" પદથી પરીક્ષા—**

આ વાતનો પુરાવો આપણને નવકાર જેવા મહામંત્રના પ્રથમ પદ-"નમો અરિહંતાણં" થી જ મળી જશે. અહીંયાં અરિહંત શબ્દ પણ ઈશ્વરની પરીક્ષા તથા સ્વરૂપ નિર્ણયમાં ખાસ સહાયક છે તે

મૂકયો છે. તે સિદ્ધ કરે છે કે–અરિ + હંત=અરિહંત. "અરિ" એટલે કર્મ, અને "હંત" એટલે તેનો હંત કરનાર....હણુનાર, અર્થાત્ કર્મરૂપી આંતર શત્રુઓને જેણે હણ્યા છે તેવા અરિહંત નેજ ભગવાન કે ઈશ્વર કહેવાના છે. અને તેવા અરિહંત ભગવાનનેજ નમસ્કાર કર્યો છે. ગત શ્લોકમાં કહેલી વાતો અહીં બેસશે. આત્મ શત્રુ રૂપ કર્મો જેમાં રાગ–દ્વેષાદિ સર્વેની મહત્તા સમાયેલી છે તે બધાનો નાશ કરનારા અરિહંતોને નમસ્કાર કર્યો છે. અર્થાત્ રાગ–દ્વેષાદિ કર્મોનો નાશ કરનાર, અને રાગદ્વેષાદિ કર્મો ના નાશ કરવાથી પ્રાપ્ત થયેલી વીતરાગતાવાળા વીતરાગી ભગવાન ને જ અરિહંત તરીકે માનવાના છે. અને એવા વીતરાગી જ સંસારથી મુક્ત કરી મોક્ષમાર્ગ તરફ લઇ જનારા નેતા બન્યા છે.

આ રીતે નવકાર મહામંત્રમાં પ્રયુક્ત અરિહંત પદ ઉભયાર્થમાં વાચ્ય બન્યો છે. પરીક્ષા પણ એનાથી જ થઈ ગઈ. આ જ વ્યાખ્યા ને આપણે સૂત્ર–સિદ્ધાન્ત કે ફોર્મ્યુલા બનાવીને પછી બધા ઈશ્વરો–કે ભગવાનોની પરીક્ષા કરીને પછી તે તે ઈશ્વર અરિહંતના અર્થમાં સાચા ઠરે તો જ ભગવાન માનવા. અને જો અરિહંતના અર્થમાં સાચા ન ઠરે તો તેમને ભગવાન માનવાની જરૂરત નથી રહેતી.

## શું બીજામાં અરિહંતપણું છે?

જગતના ઘણા ધર્મોમાં ઘણા પ્રકારના ઇશ્વરોની સત્તા માનવામાં આવી છે. જેમાં કોઈ ધર્મ ઈશ્વરને માત્ર લીલા કરનારા તરીકે માને છે, કોઇ સર્વજ્ઞ માત્રને ઇશ્વર કહે છે, કોઈ ઇશ્વરને સૃષ્ટિના રચયિતા માને છે, કોઈ ઇશ્વરના ત્રણ રૂપ માનીને સૃષ્ટિની રચના, સૃષ્ટિની વ્યવસ્થા, અને અન્તે સૃષ્ટિનો પ્રલય કરનારા એમ ત્રણે રૂપે માને છે. મોટા ભાગના જગતના ઘણા ધર્મો–દર્શનો ઈશ્વરને સૃષ્ટિ નિર્માણ કરનારા તરીકે માને છે. ઇશ્વર સૃષ્ટિ બનાવનાર છે. જો સૃષ્ટિ બનાવનાર, સંસાર બનાવનાર, વસાવનાર હોય તો જ તેને જ ઈશ્વર માને છે. નહીંતર નહીં. કોઇ કોઇ સૃષ્ટિ ન પણ બનાવે છતાં પણ ઈશ્વર માને

છે. અને કોઇ દર્શન કહે છે કે ઇશ્વર સર્વજ્ઞ હોવા જરૂરી છે તો બીજો દર્શન કહે છે ઇશ્વરને સર્વજ્ઞ હોવાની જરૂર જ શું છે? સર્વજ્ઞ ન પણ હોય તો પણ અમે સ્વીકાર કરવા તૈયાર છીએ. અને કોઇ જગત્ કર્તાને માને છે અને કોઈ જગત્ કર્તા ન હોય તો પણ ઈશ્વર માને છે. કોઇ ઇશ્વરને સુખ–દુઃખ આપનાર તરીકે સ્વીકારે છે. તો કોઈ ઈશ્વરને પુણ્ય–પાપનું ફળ આપનાર માને છે તો કોઇ ઈશ્વરને નિયન્તા માત્ર માને છે. એવી જાત જાતની માન્યતાઓ ઇશ્વર વિષે પ્રવર્તે છે. આ બધી માન્યતાઓ ઈશ્વર વિષે પ્રવર્તે છે. આ બધી માન્યતાઓ ઉપરાન્ત અન્ય ધર્મો તથા પાશ્ચાત્ય દર્શનાદિની પણ ભિન્ન ભિન્ન માન્યતાઓ છે. કોઈ ઈશ્વરને જાદુગરની જેમ આ જગત બનાવનાર તરીકે માને છે, તો કોઇ ઇશ્વર એટલે માત્ર સર્વોપરિ સત્તા A Supreme power તરીકે માને છે God is a father of all ભગવાન સૌના પિતા છે એમ માને છે. આ પ્રમાણે ઇશ્વર વિષે પ્રવર્તતી સેંકડો ભિન્ન ભિન્ન માન્યતાઓમાંથી આપણે ઈશ્વરનું સાચું–શુદ્ધ સ્વરૂપ સમજીને પછી આરાધના કરવી છે. સ્વરૂપ નિર્ણય વિના આપણી આરાધના પણ શુદ્ધ–સાચી થવાની નથી. કારણ કે જેવી માન્યતા એવી ઉપાસના. આ નિયમ પ્રમાણે પહેલાં માન્યતા સુધારવી પડશે. પછી ઉપાસના તો એની મેળે સુધરી જશે. ઉપાસના ક્રિયાત્મક છે. માન્યતા સમ્યક્ત્વ સ્વરૂપ અર્થાત્ શ્રદ્ધાસ્વરૂપ તથા જ્ઞાનરૂપ છે. જ્ઞાનાત્મક સ્વરૂપ પણ હોવી જ જોઇએ. ઇશ્વર માત્ર ઉપાસ્ય જ હોવા જોઇએ એમ નહીં, પણ જ્ઞાનગમ્ય, બુદ્ધિગમ્ય, તથા તર્કગમ્ય પણ હોવાજ જોઇએ. આવી બુદ્ધિ શક્તિ આપણને પ્રાપ્ત થઈ હોય તો પછી આપણા મોઢે "सब इश्वर एक है? सबका मालिक एक ही है। सब भगवान एक ही है? नाम भिन्न भिन्न है। આવી બુદ્ધિ વગરની તર્કવગરની અંધશ્રદ્ધાની વાતો કોઇ કરત નહીં. બોલત નહીં. માટે અહીં ઈશ્વર વિષે તર્ક–બુદ્ધિગમ્ય વિચારણા રજુ કરવાની છે.

ઇશ્વરની સ્તુતિ કે મજાક—

चूडामणि-कृत विधुर्वलयीकृत वासुकिः ।
भवो भवतु भव्याय लीलाताण्डव पण्डितः ॥१॥
नूतनजलधर रूचये गोपवधूटीदुकुलचौराय ।
तस्मै कृष्णाय नमः संसार महीसहस्य बीजाय ॥२॥

અક્ષપાદ-નૈયાયિક દર્શનના પાયાના ગ્રંથ-સિદ્ધાન્ત મુક્તાવલીના આરંભમાં મંગલાચરણ કરતા ભગવાનની ઉપરોક્ત સ્તુતિના આ શ્લોકોમાં સ્તુતિ કરતા લખે છે કે....માથા ઉપરની શિખા-જટામાં ચન્દ્રને ધારણ કરનારા અને સાંપને વાળીને ગળામાં આભૂષણની જેમ વલયાકારે ધારણ કરનારા, અને તાણ્ડવ લીલા કરવામાં કુશલ પણ્ડિત એવા 'ભવ' એટલે શંકર ભગવાન "ભવ્યાય ભવતુ" બધાના કલ્યાણ માટે થાઓ (૧)

બીજી સ્તુતિમાં શ્રી કૃષ્ણભગવાનને નમસ્કાર કરતા ગ્રન્થકર્તા વિશ્વનાથ ભટ્ટ લખે છે કે....વર્ષા સમયે આકાશમાં નવા આવેલા કાળા શ્યામ મેઘ-વાદળા જેવા શ્યામ અને ગોપવધૂટી-ગ્વાલવધૂ સ્ત્રીઓના વસ્ત્રોને ચોરનારા, અને સંસારરૂપ વૃક્ષના બીજ કારણરૂપ શ્રી કૃષ્ણ ભગવાનને નમસ્કાર હો. ॥૨॥

ન્યાયવિશારદ પણ્ડિત વિશ્વનાથ ભટ્ટની પોતાની માન્યતારૂપ ભક્તિભાવથી કરેલી આ બન્ને સ્તુતિઓને આપ ખૂબ જ ધ્યાનથી જોજો....અર્થનો વિચાર કરજો. શું આ ખરેખર ભગવાનની સ્તુતિ છે કે પછી એક જાતની મજાક? શું આમાં ભગવાનની હંસી નથી ઉડાડી? આવા ભાવથી નમસ્કાર કર્યા કહેવાય કે પછી ઉપરથી ભગવાનને ચોર ઠરાવીને અનાદર-અપમાન કર્યું કહેવાય? શું પહેલા કોઈને ચોર ઠરાવીને, ચોર કહીને પછી નમસ્કાર કરીએ તો કેટલું સારૂ લાગશે? આપણને પોતાને જ ગમશે? ના. સંભવ નથી. કોઈને પણ નહીં ગમે તો પછી ભગવાનને તો કેવી રીતે ગમશે? પરન્તુ

આ સ્તુતિના બહાને ન્યાય દર્શનકારે પોતાની માન્યતા અને પોતાના ધર્મ-દર્શનની જે માન્યતા છે તે પ્રકટ કરી છે. કારણુ કે એમના ધર્મમાં ઈશ્વરને એવા અર્થમાં માનવામાં આવે છે. એ સ્વરૂપે સ્વીકાર્યા છે. એટલે આવી સ્તુતિ કરી છે. આવી સ્તુતિ કરતા ભગવાનને ચોર કહેતા પણુ મન ન ખચકાયુ.

અહીં ઈશ્વરનું સ્વરૂપ માનવા માટે એમને વિશેષણો આપીને સ્પષ્ટતા કરી જ દીધી છે કે—"લીલા તાણ્ડવ પણ્ડિત" પ્રલય કાલની વિનાશકારી 'તાણ્ડવલીલા કરવામાં કુશલ પાણ્ડિત જેવા શંકર ભગવાન અને "સંસાર મહી સહસ્ય બીજાય" અર્થાત્ સંસાર રૂપી વૃક્ષ માટે બીજ કારણુ રૂપ જે ભગવાન તેમને નમસ્કાર થાઓ. ઈશ્વર કેવા હોય છે? કોને ઈશ્વર કહેવા? એ અર્થને સ્પષ્ટ કરતા આ વિશેષણો-સૃષ્ટિના કારણુ રૂપ અને પ્રલયને કરનારા ઈશ્વરને નમસ્કાર કર્યા છે. એટલે ન્યાય દર્શનવાળા નૈયાયિકો ઈશ્વરને સૃટિ-સંસારનું બીજ કારણુ માને છે. જેમ બીજ વગર ઝાડ થાય જ નહીં. એમ ઈશ્વર વગર સંસાર-સૃષ્ટિ બને જ નહીં. સંભવે જ નહીં. અને બનાવ્યો છે માટે સંસાર નષ્ટ પણુ કરવો જ પડશે. માટે તાણ્ડવલીલા વડે પ્રલય કરનારા પણુ ઈશ્વરને જ બતાવ્યા છે. સૃષ્ટિ કર્તા અને પ્રલય-સંહારકર્તા બન્ને એક જ ઈશ્વર છે. સ્વરૂપ એક જ છે. ભિન્ન-ભિન્ન નથી. નામભેદ છે. સ્વરૂપભેદ નથી. નૈયાયિકો એકેશ્વરવાદી છે. ઈશ્વરને એક સ્વરૂપે જ માને છે. એમના મત પ્રમાણે એક જ ઈશ્વર ભિન્ન-ભિન્ન રૂપે ફરી ફરીથી અવતાર લે છે. અને સંસારમાં લીલા કરવા માટે વારંવાર આવે છે. સૃષ્ટિ રચવી એ પણુ લીલા છે અને સંહાર-પ્રલય કરીને સૃષ્ટિ સમાપ્ત કરવી એ પણુ લીલા છે.

આ રીતે એક જ ઇશ્વર છે.તેજ ફરી-ફરીથી અવતાર લે છે....તેજ ફરી-ફરી સૃષ્ટિ રચે છે અને ફરી ફરી સૃષ્ટિનો સંહાર-પ્રલય કરે છે. એવા ભગવાનને જે વિશેષણોથી નવાજ્યા છે....નમસ્કાર કર્યા છે તે મજાક રૂપ શું નથી લાગતા? તેમાં શ્રી કૃષ્ણુની સ્તુતિ કરતા કહે છે

કે....સરોવરમાં ન્હાવા પડેલી ગોપીઓ...જે સ્ત્રીઓએ સ્નાન માટે પોતાના બધાજ વસ્ત્રો ઉતારીને ઝાડ ઉપર લટકાડક દીધા છે. અને એકાન્ત-નિર્જન સ્થાનમાં સ્નાન કરી રહી હોય એવી નગ્નાવસ્થામાં ન્હાતી ગોપીઓને મૂકીને તેમનાં કપડા ચોરી જનારા, ઝાડ ઉપરથી ચોરીને લઈ જનારા શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર થાઓ. સ્પષ્ટરૂપે અહીંયા ચૌરાય 'ચોર' શબ્દ વાપર્યો છે. અને પછી નમસ્કાર કર્યા છે. જેને હાથ જોડીને નમસ્કાર કરવા છે. જે નમસ્કારમાં પૂજ્યભાવ. અહોભાવ પ્રકટ કરવાનો છે તેમને ચોર કહેવાથી શું પૂજ્યભાવ પ્રકટ થશે? અને તે પણ નગ્નાવસ્થાવાળી ન્હાવા પડેલી ગોપી સ્ત્રીઓના વસ્ત્રો ચોરનારા....આવા અશ્લીલબિભત્સ નિંદનીય કાર્યમાં સંડોવાયેલા પ્રત્યે પૂજ્યભાવ-આદરભાવ કે અહોભાવ કેવી રીતે જાગે? કેવી રીતે નમસ્કારનો ભાવ જાગે. શું ભગવાનને પહેલા ચોર કહેવા અને પછી નમસ્કાર કરવા એ વ્યાજબી છે? બસ આના ઉત્તરમાં તેમની પાસે એક જ જવાબ છે કે તેઓ તો લીલા કરે છે. આ તો માત્ર લીલા છે. ગમ્મત છે. લીલામાં બધી જ જાતની લીલા થઈ શકે.

### ઈશ્વરની લીલાનું અનુકરણ—

ઈશ્વરે જે કર્યું તે સારૂ હોય કે ખરાબ? તેને માત્ર લીલા તરીકે ગણી લેવું. લીલા કરવી એ ઈશ્વરની ઈચ્છા છે. પણ જે લીલા અને જેવી લીલા ઈશ્વરે કરી છે તેનું જો અનુકરણ આજના લોકો કરે તો? પછી તે સાચા અર્થમાં કરે અથવા નાટકના સ્વરૂપમાં કરે તો ચાલે કે ન ચાલે? ત્યાં ના નો જવાબ તૈયાર રાખ્યો છે. ઈશ્વર કરે એજ લીલા. લીલા કરવાનો અધિકાર જ ઈશ્વરનો છે. મનુષ્યનો નહીં. માટે સામાન્ય મનુષ્ય લીલા કરી ન શકે. અને કરે તો તે પાપ પ્રવૃત્તિ કહેવાય. ઈશ્વરને પાપ લાગતું જ નથી. માટે ઈશ્વર ગમે તેવી લીલા કરી શકે છે. આજે જો કોઈ સામાન્ય માનવી આવી વસ્ત્રાપહરણની લીલા કરે અને કહે કે હું પણ ઈશ્વર છું. મેં આવી લીલા કરી છે માટે. તો કોઈ વાત સ્વીકારશે? ના....ત્યાં તો ના પાડીશું.

પરન્તુ જયારે શ્રીકૃષ્ણે આ લીલા કરી હતી ત્યારે કોઇ ના કહેનાર ના મળ્યું? આજે એ લીલાનું માત્ર અનુકરણ કરે, માત્ર નકલ કરે તો તેને પાપ કહેવાય. પાપ એ પાપ જ છે. જેમ ઝેર એ ઝેર જ છે. પછી ભલેને ગમે તે પીએ. ઝેરની અસર બધાને એક સરખી જ થાય છે. ઝેર માટે વ્યક્તિ પ્રત્યે ભેદભાવ નથી હોતો. એવી જ રીતે પાપ છે. પાપ માટે પણ વ્યક્તિ પ્રત્યે ભેદભાવ નથી હોતો. જે કરે તે ફળ ભોગવે. ભલે તે નાની વ્યક્તિ હોય કે મોટી સામાન્ય હોય કે વિશેષ ભેદભાવ નથી.

તો પછી એક જ પ્રવૃત્તિ, એક સરખી પ્રવૃત્તિને લીલા-અને પાપ એમ અલગ અલગ નામે શા માટે કહ્યા? વ્યક્તિ ભેદથી પાપમાં ભેદ નથી પડતો.

જે ભગવાન પોતે કરે તે. બીજા જો કરે તો ભગવાન તેને ના કેવી રીતે પાડી શકે? તે પ્રવૃત્તિને ખોટી કે ખરાબ કેવી રીતે કહી શકે? બાપનું અનુકરણ બેટો કરે છે. ગુરૂનું અનુકરણ શિષ્ય કરે છે. પતિનું અનુકરણ પત્ની કરે છે. વ્યવહાર માર્ગ છે. આ પ્રમાણે વ્યવહાર ચાલ્યા કરે છે. એ જ રીતે શું ભગવાનનું અનુકરણ ભક્ત કરે તો ન ચાલે? કેમ ન ચાલે? પરન્તુ ભગવાન જ્યારે જે કરે તેને લીલાના નામથી નવાઝવામાં આવે અને સારા મહાન કાર્ય તરીકે વર્ણવીને જગત તેની વારંવાર સ્તુતિ કરે છે. એ જ મહાન કાર્ય તરીકે લોક નજર સમક્ષ આવતા કોઇ પણ સામાન્ય માનવી આવા મહાન કાર્ય કરીને પોતે મહાન થવા તરફ પ્રેરાય અને કરવા માંડે. ત્યારે અટકાવાય છે, રોકવામાં આવે છે, નહીં....નહીં....આ તો લીલા કહેવાય, અને લીલા કરવાનો અધિકાર ફક્ત ભગવાનનો જ છે. મનુષ્યોનો નહીં. મનુષ્ય જો એ પ્રમાણે કરે તો તે મહાપાપ કહેવાય.

ના...હકીકતમાં વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે ભગવાન ના જીવનનો એક પણ કાર્ય એવો ન હોવો જોઇએ જે ભકત માટે અનુ-

કરણીય કે અનુસરણીય ન હોય. ભગવાનના કાર્યનું અનુકરણ ભક્ત કરે તો પણ તેને શુભ કાર્ય કર્યાનો આત્મસંતોષ થવો જોઇએ. મહાન કાર્ય કર્યાનો આત્મભાવ પ્રગટ થવો જોઈએ. કર્મસત્તાના નિયમો ભગવાન અને ભક્ત બન્ને માટે એક સરખા હોય છે. અલગ-અલગ નહીં. લીલા પણ જો ખરાબ છે. પાપની વ્યાખ્યામાં અંતર્ગત આવતી હોય તો તે પણ પાપ જ છે. પાપ તરીકે જ ગણાવી જોઇએ. અને પાપ અનાચરણીય જ હોય છે. ભલે પછી તે નાની-મોટી કોઇ પણ વ્યક્તિ હોય.

**શું ભગવાન હોય તે ભૂલ કરે ?-કે પછી ભૂલ કરે તે ભગવાન કહેવાય ?**

ભૂલ ને અપરાધ કહીએ કે પાપ કહીએ. અથવા ખોટું કહીએ વાત એક જ છે. ત્યારે અહીંયા સામાન્ય તર્કબુદ્ધિ ઉપજાવી કાઢે છે કે શું ભગવાન હોય તે ભૂલ કરે. કે પછી ભૂલ કરે તે ભગવાન કહેવાય ? આ વાકયમાં બે પક્ષો છે. શું પહેલો પક્ષ સાચો ? ના... ભગવાન હોય અને પછી તે ભૂલ કરે, એ કેમ સંભવે ? આ તો વાત એવી થઈ કે સૂર્યમાં અંધારું હોય. પરન્તુ આપણે હંમેશા જોઈએ છીએ સૂર્યમાં અંધારૂ કયારેય સંભવ જ નથી...જાજવલ્યમાન પ્રકાશમાન સૂર્યમાં અંધારૂ સંભવ નથી. સૂર્ય અને અંધારૂ બન્ને પરસ્પર વિરોધી ધર્મો છે. એક જ ક્ષણે બન્ને એકીસાથે કયાંથી રહી શકે ? એવી જ રીતે ભગવાન અને ભૂલ બન્ને પરસ્પર વિરોધી ધર્મો છે. ભગવાન જ્ઞાની સર્વજ્ઞ-સર્વદર્શી હોય છે. હોવા જ જોઈએ. અને ભૂલ-અપરાધએ અજ્ઞાનીનું કાર્ય છે. જો ભૂલ-કે અપરાધ ભગવાનના હાથે થાય તો પછી તેમનામાં ભગવાનપણું નથી. સર્વજ્ઞ-સર્વદર્શીપણું સત્તામાં નથી. માત્ર આપણે શ્રદ્ધાભાવથી અથવા અંધશ્રદ્ધાથી માની લીધુ હોય એ બનવા જોગ છે. માટે ભૂલ અને ભગવાન એ બન્ને પરસ્પર વિપરીત-વિરોધી ધર્મો છે. એક સાથે સંભવ જ નથી. માટે શું ભગવાન હોય તે ભૂલ કરે ? આ પ્રશ્ન અથવા બીજી રીતે માત્ર શબ્દ પરિવર્તન કરીને વાકય ફેરવીને પણ પૂછીએ કે શું ભૂલ કરે તે

ભગવાન કહેવાય ? તો આના ઉત્તરમાં એક નાનો અભણ ગામડીયો પણ બન્નેના ઉત્તરમાં સ્પષ્ટ ના કહેશે.

જો ભૂલ કરે તે ભગવાન કહેવાતો હોય....તો તો આ જગતમાં આપણે બધા ભૂલ કરનારા જ છીએ. રોજ સેંકડો ભૂલ કરીએ છીએ. માટે આપણે બધા ભગવાન કહેવાને યોગ્ય ઠરીશું ? પરન્તુ ના. ભૂલ કરનારો માર્ગ ભૂલેલો છે. એમ ભગવાન નથી બનાતું. ભગવાન બનવાનો માર્ગ આટલો સહેલો નથી. એના કરતા એમ કહો કે સર્વથા ભૂલ ન જ કરે તે ભગવાન કહેવાય. જેના હાથે જીવનભરમાં ભૂલની સંભાવના જ નથી. તેને આપણે ભગવાન કહી શકીએ તે વ્યાજબી છે. સર્વથા અંશ માત્ર પણ ભૂલ જ ન કરે, અને જેના સંપૂર્ણ જીવનમાં પરમાણું જેવડી પણ ભૂલ ન દેખાય તેને જ ભગવાન કહેવા જોઈએ.

શું લીલામાં ભૂલ–અપરાધ–કે ખોટાની ગંધ નથી ? અને જો છે તો તે લીલા કરનારને ભગવાન કેમ કહેવાય ? અને જો લીલામાં કંઈ જ ખોટું નથી તો પછી બીજા માણસને તેવી લીલા કરતા અટકાવાય કેમ ? ના શા માટે પાડવી પડે ? બીજો માણસ જ્યારે ભગવાનની લીલાનું અનુકરણ કરવા જાય છે ત્યારે 'પાપ'ના નામની છાપ મારીને તેને અટકાવાય છે કેમ ? આ પાપ છે. આવું પાપ જો તું કરીશ તો નરકમાં જઈશ. ઘણું ખોટું થશે. ઘણું ખરાબ થાય છે. આવી રીતે શા માટે કહેવાય છે ? સામાન્ય માનવી પણ જો આની સામે દલીલ કરે તો આપણી પાસે એનો જવાબ શું ? ન્હાવા પડેલી ગોપીઓ (સ્ત્રીઓ)ના વસ્ત્રોનું અપહરણ સામાન્ય માનવીને પણ કરવા દો....એને પણ લીલા કરવાનો લ્હાવો આનન્દ લૂંટવા દો. લીલા જો સારી વસ્તુ હોય, અને ભગવાન જે કરે તેને ખોટું કે ખરાબ કહેવાય જ નહીં તો પછી એ ક્રિયા–કે વસ્તુ કરવા ઉપર પ્રતિબંધ મૂકાય જ નહીં. અને લીલા 'અને પાપ જુદા પાડીને તેનો અધિકાર ન રખાય. લીલા કરવાનો અધિકાર ફક્ત ભગવાનને જ શા માટે આપવામાં આવ્યો છે ? ભગવાન માટે આ અધિકાર સ્વતંત્ર રૂપથી રિઝર્વ શા માટે રાખવામાં

આવ્યો છે. ભક્ત પણ કરે તો તેને કરવા દેવી જોઈએ. નહિ શા માટે? અને જો ભક્તને ના કહેવી જ પડતી હોય. કારણ કે સારૂ નથી લાગતુ, ખરાબ લાગે છે, તો પછી ભગવાનની સાથે આવી લીલાઓ જોડીને ભગવાનનું મહત્ત્વ લીલાઓના આધારે વધારવામાં કેમ શરમ નથી આવતી? શું આવી વસ્ત્રહરણ જેવી લીલાઓથી ભગવાનનું મહત્ત્વ વધવાનું કે ઘટવાનું ? ભગવાનની ભગવત્તા વધશે કે લજાશે?

અને બીજી બાજુ મન માની જતા ભગવાનના જીવનમાંથી લીલાઓનો ભાગ કાઢી નાંખવાની હિમ્મત કરવા જઈએ છીએ ત્યાં મીઠા વગરની રોટલી અને સાકર વગરની ચા જેવું ભગવાનનું જીવન પણ લીલા વગર સાવ મોળું લાગવા માંડશે. કારણ કે ભગવાનના જીવનમાં લીલાઓ એટલી બધી ભરી દીધી છે કે....જાણે લીલા વગર બીજુ બધુ ગૌણ થઈ ગયુ છે. સંસારની રચના કરવી, સૃષ્ટિ નિર્માણ કરવાથી માંડીને સૃષ્ટિનો સંહાર-પ્રલય કરવા સુધી બધુ લીલારૂપ જ છે. આવુ વેદ-વેદાન્ત-સ્મૃતિ-પુરાણાદિ શાસ્ત્રોમાં કહેવાયું છે. લીલાની પ્રાધાન્યતા ભગવાનના જીવનમાં વધારે છે. સૃષ્ટિની રચના પણ લીલા, "મૈયા મોરી મૈં નહીં માખણ ખાયો" એ પણ લીલા, 'માખણ ખાવા માટે ચોરી કરવી પડી અને પૂછાતા ખોટુ બોલવુ પડ્યું એ બધુ લીલામાં ગણાય, ન્હાવા પડેલી નગ્નાવસ્થાવાળી ગોપીઓના વસ્ત્રોનું અપહરણ કરી જવું એ પણ લીલા, અર્જુનને વિરાટ બ્રહ્માણ્ડનું રૂપ દેખાડીને મહાભારતનું યુદ્ધ કરાવવું અને કરોડોનો નર સંહાર કરાવીને લોહીની નદીઓ વહાવવી એ પણ લીલા છે, અને અન્તે સૃષ્ટિનો સંહાર-મહાપ્રલય કરવો એ પણ લીલા. આવી તો સેંકડો લીલાઓથી ભગવાનનું જીવન-કવન શણગારવામાં આવ્યું છે. આભૂષણ વગરની સ્ત્રીના જેવી સ્થિતિ લીલા વગરના ભગવાનની થઇ જાય માટે લીલાને તો આભૂષણની જેમ શોભા ગણી છે. એને દૂર ન કરતા વધુ ને વધુ વધારવામાં આવી છે. વધુ મહત્ત્વ આપીને છૂટથી કથા વાંચન વખતે લોકો સમક્ષ રજુ કરવામાં આવે છે. એટલે સામાન્ય માનવીની સમક્ષ તો લીલા

અને ભગવાન તો જાણે બન્ને એક બીજાના પર્યાયવાચી નામો જ થઈ ગયા છે. એવું લાગે છે. ભગવાન વગર લીલા નહીં કે પછી લીલા વગર ભગવાન નહીં? આ બન્ને પક્ષોમાં શું સાચું લાગે છે? ઘણા ઉત્તર આપે છે–હા. બરોબર છે. એજ બરોબર છે. બન્ને વ્યાજબી છે. ભગવાન વગર લીલા કોઈ કરી જ ન શકે. અને લીલા વગરના ભગવાન હોઇ જ ન શકે. સંભવે જ નહીં. જે ભગવાન થાય તેમને લીલા કરવી જ પડે. કારણ લીલા કરવી એ ભગવાનનો ધર્મ છે, અધિકાર છે.

**પણ ભગવાન લીલા શા માટે કરે છે?**

દષ્ટાદષ્ટનો વિચાર હોય. અર્થાત્ પુણ્ય–પાપ કે સારા–ખરાબનો વિચાર જો નજર સમક્ષ હોય તો માનવી સમજીને જ કાર્ય કરે. સમજ્યા વિના ન કરે. ભગવાન આવી લીલા કરે છે....અને પછી આ લીલાનું પણ અદૃષ્ટ જે નિર્માણ થાય તેનું શું? શું તે ભોગવવા માટે ભગવાનને પણ બીજા કોઇ જન્મ લેવા પડતા હશે? તેમને ફળ ભોગવવા પડતા હશે? કેવા ફળ ભોગવવા પડતા હશે? સારા કે નઠારા? અને જો ફળ ભોગવવા પડતા હોય તો તે કેવી રીતે ભોગવે? અથવા તેમને તેમના અદૃષ્ટના ફળ કોણ આપે? જેમ ભગવાન બીજા જીવોને તેમના કરેલા સારા–ખરાબ–કાર્યોનું ફળ આપે છે. આપનારા તરીકે નિયન્તા છે તેવી જ રીતે ભગવાને લીલા દ્વારા ઉપાર્જન કરેલા અદૃષ્ટનું ફળ તેમને આપનાર ફળદાતા કોણ? કોને માનવા? પછી અશુભ અદૃષ્ટના આધારે તેમને નરક કે દુર્ગતિમાં પણ જવું પડતું હશે? અને શુભ અદષ્ટના આધારે તેમને સ્વર્ગમાં પણ જવું પડતું હશે? તો શું નરકના પરમાધામીઓ એવા ઈશ્વરને તેમનું ફળ આપતા હશે? તો પછી ઈશ્વરમાં અને સામાન્ય માનવીના જીવનમાં ફરક શું પડ્યો? પછી તો બન્નેને સમકક્ષ એક જ સ્તરના જીવન જીવનારા માનવા જોઇએ. ગોપીઓના વસ્ત્રાપહરણની લીલા શું સારી ગણાશે? ના. અશુભ જ ગણાય છે. પાંચ માણસોની વચ્ચે પણ આવી લીલાની

વાત કરવામાં આવે તો તેઓ પણ શરમાય છે. શરમથી માથુ ઝુકી જાય છે. સારી ગૌરવ લેવા જેવી વાત હોત તો વાત જુદી હતી. પણ કઇ લીલા ગૌરવ લેવા જેવી સારી છે? ચાલો આ લીલાને હાલમાં બાજુમાં મૂકીએ. અને તાણ્ડવલીલાનો વિચાર કરીએ?

તાણ્ડવલીલામાં જ્યારે ઇશ્વર મહાદેવ શંકર ભગવાન નટરાજનું રૂપ ધારણ કરે છે, અને ઉંધા ઘડા ઉપર એક પગે ઉભા રહીને હાથમાં ડમરૂ વગાડતા સૃષ્ટિનો પ્રલય કરે છે એને તાણ્ડવ લીલા કહેવાય છે. ચારે બાજુ તાણ્ડવ મચાવી દે છે. 'સમસ્ત સૃષ્ટિનો પ્રલય કરીને સૃષ્ટિ સમાપ્ત કરી દે છે.

શું આવી લીલા કરવાથી પણ કોઈ અદૃષ્ટ નિર્માણ થાય કે ન થાય? જો ન થતું હોય તો કોઈ પણ જીવ માટે પણ ન જ થવું જોઈએ. ત્યારે અહીંયા ના પાડે છે. ના બીજા જીવો માટે અદષ્ટ નિર્માણ થાય છે. પણ ઇશ્વર માટે જ નહીં? કેમ? બધી વાતોમાં ઇશ્વર અને બીજા સમસ્ત જીવોની પ્રક્રિયામાં ફરક શા માટે રાખવામાં આવ્યો છે? હા. જીવોમાં ભલે ફરક હોય. પરન્તુ અદૃષ્ટ કે ઇચ્છા-કે લીલા આદિની પ્રક્રિયામાં ભેદભાવ શા માટે રખાયો છે? અદૃષ્ટ પુણ્ય-પાપની પ્રક્રિયા બધા માટે એક સરખી છે. તો તેનું ફળ પણ બધા માટે એક સરખુ જ હોવું જોઈએ. નહીંતર કર્મ-ધર્મની વ્યવસ્થા બગડી જશે. આમાં સામ્યતા રહેવી જ જોઈએ.

### જૈન માન્યતામાં એક વાકયતા—

જૈન દાર્શનિકોએ કર્મ-ધર્મની તેમજ અદૃષ્ટ-પુણ્ય-પાપના ફળાદિ ક્ષેત્રે એક સામ્યતા રાખી છે. સર્વત્ર એક વાકયતા જાળવી છે. ભલે ને ભગવાન પાપ કરે કે કોઈ સામાન્ય જીવ પાપ કરે? પાપ એ પાપ જ છે. એક જ પ્રકારનું પાપ કાર્ય હોય પાપ પ્રવૃત્તિ હોય અને તેને કરનારા મનુષ્યો, રાજા, દેવી-દેવતા કે ઇન્દ્ર હોય અથવા પશુ-પક્ષી હોય અથવા ભગવાન ઇશ્વર હોય જે જે પાપ કરે છે તે પોતાની રીતે સ્વયં અશુભ દુઃખાત્મક ફળ મેળવે છે.

એમાં કોઈ શંકાને સ્થાન નથી. ઈશ્વર પાપ કરે તે પુણ્યરૂપે લેખાઈ જાય છે અને માત્ર સામાન્ય માણસ પાપ કરે તેને જ પાપ કહેવાય છે? ના. એમ નથી. કર્મ-ધર્મની વ્યવસ્થા જૈન દર્શનમાં એકસરખી છે. માટે ધર્મ અને ધર્મોપદેશ પણ સર્વત્ર એક સરખો છે. આને પાપ કહેવાય છે. આ પાપ ન કરશો. કોઈ ન કરશો. એવી સંપૂર્ણ એક વાક્યતા જળવાય છે.

ભગવાન મહાવીરસ્વામીના જીવન ચરિત્રને જૂઓ કે પછી કોઇ-પણ તીર્થંકર ભગવાનના જીવન ચરિત્રને જૂઓ. તેમને પણ પોતાની ભવ પરંપરાના જન્મોમાં જયારે જયારે....જે જે પ્રકારના પાપો કર્યા છે ત્યારે ત્યારે તેમને પણ પાપના માઠાં ફળો ભોગવવા જ પડયા છે. મહાવીરસ્વામીએ પૂર્વ ભવે કોઇના કાનમાં તપતું ગરમ શીશુ રેડાવ્યુ હતું તેના વિપાકે તેમના પણ કાનમાં ખીલા ઠોકાયા. कृतं कर्म अवश्य-मेव मोक्तव्यम्" કર્યા કર્મ અવશ્ય ભોગવવા જ પડે છે. આ સિદ્ધાન્ત ફક્ત સામાન્ય જીવો માટે નહીં પણ ભગવાન માટે પણ એટલો જ લાગુ પડયો. મહાવીરને તો ભૂતકાળના ભવોના ઘણા પાપોના ફળો ભોગવવા પડયાં છે. ત્રીજા મરીચિના ભવના નીચ ગોત્ર કર્મના વિપાકે ૮૨ દિવસ દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં રહેવુ પડ્યું. ૧૮માં ભવમાં રાણીની સાથેના અણુબનાવમાં થયેલી ભૂલોનો ભોગ બનીને ૨૭મા ભવમાં તેમને કટપુતના વ્યંતરી તરફથી શીત ઉપસર્ગ સહન કરવો પડયો. તેવી જ રીતે કાનમાં તપતુ શીશુ રેડાવ્યુ તેના પરિણામ સ્વરૂપે કાનમાં ખીલા ઠોકાયા....આ પ્રમાણે પોતાના જ કરેલા પાપ કર્મના ફળો પોતાને જ ભોગવવા પડયા.

એવી જ રીતે બધાજ તીર્થંકર ભગવંતોના જીવનમાં આ પ્રમાણે જ વર્ણન છે. બધા જ તીર્થંકર ભગવંતોના ભૂતકાળના ભવો માનવામાં આવ્યા છે. તેમાં કરેલા પાપોના ફળો તેમને ભોગવ્યા. અને તે પણ કેવી રીતે કયારે ભોગવ્યા તે પણ દર્શાવવામાં આવ્યું છે. સંતાડયુ નથી.

**Holy day એટલે પવિત્ર થવાનો દિવસ—**

ખ્રીસ્તી ધર્મની માન્યતા પ્રમાણે તેઓ એમ માને છે કે.... જગત પિતા ઇશ્વરે God father ૬ દિવસ સુધી આખી સૃષ્ટિ બનાવી. જે કંઇ પૃથ્વી પાણી–અગ્નિ–વાયુ–આકાશ વનસ્પતિ તથા જીવો આદિની જે સૃષ્ટિ બનાવી તે બનાવતા–બનાવતા તેમને જેટલા અશુભ પાપકર્મો લાગ્યા, તેથી જેટલા તે અશુદ્ધ થયા....તેથી ફરી શુદ્ધ પવિત્ર થવા માટે તેમને સાતમા દિવસે પ્રાર્થના કરી....અને ક્ષમાયાચના કરીને પવિત્ર થયા. માટે અઠવાડીયાના ૬ દિવસ સૃષ્ટિ રચનાના અને અન્તે સાતમો દિવસ Holy dayનો ગણવામાં આવે છે. આપણે Holy day એટલે છુટ્ટી–રજાનો દિવસ ગણીએ છીએ. પરન્તુ તે માત્ર રજા નથી. આપણા માટે ઠીક છે કે બાળકો સ્કૂલે જતા હોય છે ભલે રજાનો દિવસ ગણે....પરન્તુ તે વખતે Holy day એટલે પવિત્ર થવાનો દિવસ ગણાયો છે. કોષમાં પણ Holy એટલે પવિત્ર થાય છે.

આ પ્રમાણે ખ્રીસ્તી ધર્મ તો માને છે. અને તેમના ઈશ્વર પણ સૃષ્ટિની રચના કરે છે. તેઓ પણ જગત્ કતૃત્વવાદી છે. ઇશ્વરને સંસાર બનાવનાર તરીકે માને છે. તો પછી પ્રશ્ન જ કયાં રહ્યો ? તેઓ આ સૃષ્ટિ બનાવતા ઇશ્વરને પણ પાપ લાગ્યું. દૂષણ લાગ્યું એવું સ્વીકારે છે. તેને માટે Holy dayની વ્યવસ્થા કરી છે. જો તે ઈશ્વરને સૃષ્ટિની રચના કરતા પાપ દોષ લાગે છે તો પછી બીજા ઈશ્વરોને કેમ નહીં ? હિન્દુ ધર્મમાં આ માન્યતા નથી માની. બીજા કોઈએ પણ સૃષ્ટિના નિર્માણ કાર્યમાં ઈશ્વરને પાપ–દોષ લાગે છે એવી વાત જ નથી સ્વીકારી કોઇ અદૃષ્ટ ઈશ્વરના વિષયમાં તેઓ માનતા જ નથી. પછી તેના ફળની તો વાત જ કયાં રહી ?

**અવતારવાદમાં ભવપરંપરા નથી—**

હિન્દુધર્મ અવતારવાદી છે. તેઓ ઈશ્વરના જન્મને અવતાર માને છે. ઇશ્વર સર્વોપરી એક જ સત્તા માત્ર છે. તે પુનઃ પુનઃ અવતાર લે છે. અવતરવું એટલે ઉતરવું. ઉપરથી આવીને જન્મવું.

એકેશ્વરવાદીઓ મૂળભૂત એક જ ઈશ્વરની સત્તા અંગીકાર કરે છે. અને તે ઈશ્વર જ ફરી-ફરી આવીને જન્મ લે છે. તેને અવતાર કહે છે. શા માટે ફરી ફરી આવે છે? શા માટે ફરીથી જન્મ લે છે? જન્મ લેવાનું પ્રયોજન ભાગવદ્‌ગીતામાં આ પ્રમાણે બતાવ્યું છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! ।
अभ्युत्थानमधर्मस्य तदाऽऽत्मानं सृजाम्यहम् ॥४/७॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥४/८॥

ભગવત ગીતામાં ૪ થા અધ્યાયના આ શ્લોકોમાં ભગવાનના આવિર્ભાવનો કાળ અને પ્રયોજન જણાવતા શ્રીકૃષ્ણ અર્જુનને સ્પષ્ટ કહે છે કે-હે અર્જુન! જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય છે. હ્રાસ થાય છે, હાનિ થાય છે, અને અધર્મનો અભ્યુત્થાન એટલે ઉદય થાય છે ત્યારે હું મારા આત્માનું સર્જન કરૂં છું. ફરીથી જન્મ ધારણ કરૂં છું. અને સન્માર્ગે રહેલા સાધુ-સંતોની રક્ષા માટે તેમજ દુષ્ટ દુર્જનોનો વિનાશ-અન્ત કરવા માટે અને ધર્મની સ્થાપના કરવા માટે હું યુગ યુગ પ્રત્યેક યુગમાં હું થાઉં છું, જન્મ લઉં છું, આવું છું. આ પ્રમાણે વિપર્યય કાળે મારે જન્મ લેવો પડે છે. તોજ બધી વ્યવસ્થા બરોબર થઈ શકે. ચાલી શકે.

આ પ્રમાણે અવતારવાદમાં એક જ સર્વોપરિ સત્તાવાળા ઈશ્વર ફરી ફરીથી આવીને જન્મ લે છે. એમ હિન્દુ ધર્મમાં ૨૪ અવતાર માન્યા છે. મુસ્લિમોએ ૨૪ પૈગંબર માન્યા છે. અને જૈનોએ ૨૪ તીર્થંકર માન્યા છે. પરન્તુ ૨૪ની સંખ્યાની સાદશ્યતાથી બધું એકજ સ્વરૂપે નથી માની લેવાનું. બધા એક જ છે એમ નહીં! જૈન ધર્મમાં ૨૪ તીર્થંકરો જુદા-જુદા સ્વતંત્ર છે. એક જ પરમાત્માએ ફરી ફરી જન્મ નથી લીધો માટે બધા જુદા જુદા સ્વતંત્ર છે. આત્માથી સ્વતંત્ર, શરીરથી, કાળથી, દેશ-ક્ષેત્રથી નામથી આદિ બધી રીતે સ્વતંત્ર છે.

જ્યારે હિન્દુ ધર્મમાં એક જ બ્રહ્મા એ સર્વોપરિ ઇશ્વર છે. અને એજ વારંવાર જન્મ લે છે. છતાં ૨૪ એ અવતારોને એકના જ ભવો-જન્મો કે ભવપરંપરા રૂપે માનવામાં નથી આવ્યા.

જૈન દર્શનકારોએ ૨૪ તીર્થંકરો સ્વતંત્ર માન્યા. એટલે ચોવીશેની ભવપરંપરા, જીવદળ વગેરે જુદા જુદા માન્યા છે. આદિનાથના ૧૩ભવો, પાર્શ્વનાથના ૧૦ ભવો, શાન્તિનાથના ૧૨ ભવો, નેમિનાથના ૯ ભવો, મહાવીરસ્વામીનાં ૨૭ ભવો એમ માન્યા છે, બીજા ઘણાં ભગવાનોના ૩-૩ ભવો થયા છે. આ એક-એક જીવની આટલી ભવ સંખ્યા છે. આટલામાં છેલ્લે ભવે જઇને તેઓ અન્તે તીર્થંકર ભગવાન થઈને મોક્ષે ગયા. જ્યારે હિન્દુ ધર્મમાં એમ નથી કહ્યુ કે રામનો અવતારએ ત્રીજો જન્મ છે અને પછી ચોથો ભવ શ્રીકૃષ્ણ છે, અને પાંચમો ભવ વરાહનો છે અને તેમનો જ છટ્ઠો ભવ મત્સ્યાવતાર છે. વગેરે એવી રીતે અવતારવાદને ભવસંખ્યામાં નથી ગણાવ્યો કે નથી સમાવ્યો.

## જૈનો અવતારવાદ કેમ માનતા નથી ?

હા, આપણે આ પ્રશ્નનો પણ વિચાર કરી લઇએ...કે જૈન દર્શનકારો અવતારવાદની પ્રક્રિયા કેમ નથી માનતા ? શા માટે માને ? કારણ કે...એક વાર જે પરમાત્મા-પરમેશ્વર સર્વ કર્મનો ક્ષય કરીને સર્વથા કર્મ બંધનથી મુક્ત થઈને મોક્ષે ચાલ્યા જાય, અને ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થયા પછી સર્વથા અજર-અમર નિરંજન-નિરાકાર બની ગયા હોય, સર્વથા રાગ-દ્વેષ રહિત વીતરાગ-સર્વજ્ઞ બની ગયા હોય અને પરમ મુક્તિધામમાં સદાને માટે બિરાજમાન-સ્થિર થઇ ગયા હોય પછી તેમને ફરીથી આ સંસારમાં પાછુ આવવાનું પ્રયોજન જ શું રહે છે? શા માટે પાછા આવે ? જૈન દર્શન કર્મવાદી છે. માટે સર્વકર્મ ક્ષય થયા પછી સર્વકર્મ મુક્ત પરમાત્માને વિના કર્મે સંસારમાં પાછા આવવાપણું વગેરે નથી રહેતુ. એનું જ નામ મોક્ષ છે. જ્યાં ગયા પછી પાછા સંસારમાં આવવાનું જ નથી, જન્મ લેવાનો જ નથી એનું જ નામ મોક્ષ છે. મુક્તિ છે. મુક્તિ એટલે સંસારથી

મુક્તિ, કર્મથી મુક્તિ, ભવપરંપરાથી મુક્ત, જન્મ-મરણથી મુક્તિ. જૈન ધર્મમાં ઈશ્વર સૃષ્ટિનો કર્તા કે રચયિતા જ નથી પછી શા માટે સૃષ્ટિની ચિન્તા કરે? કે સૃષ્ટિની સંભાળ લેવા પાછા આવે? ના.... "અપુનરાવૃત્તિ" શબ્દથી નિષેધ કર્યો છે.

જ્યારે બીજી તરફ જગત કતૃત્વવાદીઓ સૃષ્ટિને ઈશ્વરની બનેલી માને છે. ઇશ્વરે સૃષ્ટિ બનાવી છે. જેમ માતા બાળકને જન્મ આપે છે અને પછી બાળકની ચિન્તા તેની સાર સંભાળ વગેરે કરવાની બધી જવાબદારી માતા-પિતાની હોય છે. એટલે માતા-પિતા બાળકના સુખ દુ:ખમાં પોતાની જવાબદારી બરોબર નિભાવે છે. પાળે છે એ જ પ્રમાણે આ જગત્-સૃષ્ટિને નિર્માણ કરનારો જે ઉપરવાળો ઇશ્વર છે. તેની જીવ સૃષ્ટિ એ પુત્રવત્ પ્રજા થઈ ગઈ. અને ઈશ્વર પ્રજાપતિ, પ્રજાપિતા થઇ ગયા. જ્યારે ઇશ્વરે સૃષ્ટિ નિર્માણ કરી છે તો પછી સૃષ્ટિનું પાલન કરવું, ધ્યાન રાખવું, સુખ-દુ:ખમાં સંભાળ લેવી વગેરે માતા-પિતાની જેમ ઈશ્વરની જ બધી જવાબદારી હોય છે. માટે ભગવદ્ ગીતાના ઉપરના શ્લોકોમાં કહ્યું છે કે....જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય, અધર્મનો ઉદય થાય, દુર્જનોની વૃદ્ધિ થાય, અને સજ્જન સાધુ-સન્તો પીડાવા માંડે ત્યારે ત્યારે ઇશ્વર અવતાર લે છે. ફરી ફરી યુગ-યુગમાં પાછા આવે છે. અને સૃષ્ટિની વ્યવસ્થા બરોબર કરી જાય છે. આ ઈશ્વરનું કામ છે. એની જવાબદારી છે.

જેમ એકવાર બાળકને જન્મ આપ્યા પછી જીવનભર તેની સાર-સંભાળ લેવીએ માતાની ફરજ હોય છે તેજ પ્રમાણે પ્રજાના પિતા તરીકે ઇશ્વરની જવાબદારી સૃષ્ટિની સંભાળ લેવાની થઇ જાય છે. એક વાર સૃષ્ટિ બનાવી. નિર્માણ કરી એટલે કાયમ માટે ઈશ્વરની જવાબદારી થઈ જાય છે. એના માથે ચિન્તા રહે છે. માટે ફરી ફરી જન્મ લે છે.

**સૃષ્ટિમાં અવ્યવસ્થા થાય જ શા માટે?**

શ્રીમદ્ભગવદ્ ગીતાના ઉપરોક્ત શ્લોકોની સમીક્ષા કરતાં એમાંથી ઘણા પ્રશ્નો ઉદ્દભવે છે. જે ઇશ્વર સૃષ્ટિ બનાવે છે. જેની ઈચ્છાનુસાર-

આ સૃષ્ટિ ચાલે છે, ઇશ્વરની ઇચ્છા વગર તો ઝાડનું પાંદડુ પણ નથી ચાલતું. સૃષ્ટિનો રચયિતા ઇશ્વર નિયન્તા-નિયામક થઈને બેસે છે. પછી કેવી રીતે સૃષ્ટિમાં અવ્યવસ્થા થઈ જાય? શું અવ્યવસ્થા તેમની જાણ બહાર થઇ જાય છે કે પછી તેમની જાણમાં થાય છે. અને થાય તો ઇશ્વરની ઇચ્છાથી જ થાય છે કે પછી ઈચ્છા વગર? જો ઈશ્વરની ઇચ્છા વગર થતું હોય તો પછી ઈશ્વર વગર? કે ઇશ્વરની ઈચ્છા વગર, અથવા તેમની ઇચ્છાની વિપરીત પણ ઘણું ઘણું થાય છે એ પક્ષ સ્વીકારવો પડશે એ પક્ષ સિદ્ધ થઈ જશે. અને ન સ્વીકારો તો પછી ઇશ્વરની હયાતીમાં જ તેની જ રચેલી સૃષ્ટિમાં અવ્યવસ્થા કેમ થઇ? કેમ સંભવી શકે?

સૃષ્ટિની પાછળ ત્રણની વ્યવસ્થા છે. બ્રહ્મા બનાવનાર છે. વિષ્ણુ પાલક છે. અને શંકર-મહેશ સંહારક છે. તો જે બ્રહ્માએ સૃષ્ટિ રચી. બનાવી...તે પછી શું વિષ્ણુએ બરોબર પાલન ન કર્યું? ધ્યાન ન રાખ્યું? કે જેથી અવ્યવસ્થા થઇ ગઈ? અને અધર્મનો ઉદય અને ધર્મની હાનિ થઈ ત્યારે ઇશ્વર ક્યાં હતા? ત્યારે શું ઇશ્વર કોઈ બીજી ઈચ્છામાં કે બીજા કામમાં રોકાઇ ગયા હતા? અને જો હા. પાડો કે બીજા કામમાં રોકાઈ ગયા હતા માટે બીજી બાજુ અવ્યવસ્થા થઈ ગઈ. તો આ વાતથી એવું સિદ્ધ થશે કે ઇશ્વર એકી સાથે અનેક કામો કરવાનું સામર્થ્ય નથી ધરાવતા? તો પછી સર્વ શક્તિમાન સામર્થ્ય વિના ઇશ્વરપણું કેવી રીતે સંભવે? અને જો ધરાવતા હોય તો જગત્‌માં આવી અવ્યવસ્થા કેમ થવા પામી? કેવી રીતે થઇ? શું ઇશ્વર ઉંઘમાં હતા? ઉંઘ વગેરેની વાત વચ્ચે આવશે તો સામાન્ય માનવી-પશુ-પક્ષીના લક્ષણો આવ્યા-તો પછી જ્યારે જ્યારે ઈશ્વર ઊંઘી જતા હશે ત્યારે ત્યારે અવ્યવસ્થા સર્જાતી હશે. એના કરતા ઈશ્વર ઉંઘે જ શા માટે? આવી અવ્યવસ્થા સર્જાય અને પછી તેને દૂર કરવા ફરી-ફરી ઈશ્વરને જન્મ લેવો પડે. પાછા અવતાર લઈને આવવું પડે એવું થવા જ શા માટે દે? અને ઈશ્વર સતત આ

સૃષ્ટિનું સંચાલન કરે છે, તેની ઇચ્છા મુજબ ઝાડનું પાંદડું ચાલે છે, હવા ચાલે છે, પાણી ચાલે છે. વગેરે વગેરે ઘણી વ્યવસ્થા ઈશ્વરના હાથમાં છે તે ચલાવે છે તો પછી વ્યવસ્થામાં સજાગ રહેલા ઈશ્વરની હાજરીમાં જ અવ્યવસ્થા કેમ થાય? સાવ વૈપરીત્યભાવ કેમ આવી જાય છે? શું સમજવું?

## ઇશ્વર શાના માટે અવતરે છે?

ભાગવદ્‌ગીતાના શ્લોકોમાં એ પ્રકારની ધ્વનિ નિકળે છે. શું ધર્મની હાનિ અને અધર્મનો અભ્યુદય વગેરે જે સૃષ્ટિમાં અવ્યવસ્થા થાય છે તેને નિવારવા ઈશ્વર જન્મે છે કે પછી મૂળથી સૃષ્ટિ નિર્માણ કરવા ઈશ્વર જન્મે છે? એ માંથી શું સમજવું? આ શ્લોકોના શબ્દો તો સ્પષ્ટ જ કહે છે કે...."સંભવામિ યુગે યુગે" ..યુગ યુગ પ્રત્યેક યુગમાં હું થાઉં છું. એ બધા યુગોમાં અવતાર લે છે. તો પછી અત્યાર સુધી યુગો કેટલા વીત્યા? કાળની અનાદિતાની દૃષ્ટિએ તો અનન્તા યુગો વીતી ગયા તો પછી અનન્તા અવતારો પણ થયા જ હશે ને? કે પછી ૨૪ જ અવતાર થયા છે? અથવા આજ ૨૪ અવતારોને બધા યુગોના નિયન્તા કહ્યા છે? એ હિસાબે બે પ્રકારના ઈશ્વર અલગ-અલગ માનવા પડશે. એક ઈશ્વર તો મૂળ સૃષ્ટિ નિર્માણ કરનારા અને બીજા વચ્ચે વચ્ચે યુગ-યુગમાં આવી જતી અવ્યવસ્થાને દૂર કરવાવાળા.

એવી રીતે તો ઘણી જગ્યાએ ઘણાં પ્રકારની અવ્યવસ્થા વગેરે છે તે બધા માટે કેટલા પ્રકારના ઈશ્વરો સ્વીકારવા? આ રીતે તો અનવસ્થા થઇ જશે. અનવસ્થા તો સિદ્ધાન્તમાં દોષ છે. પછી તો ઈશ્વરોની સંખ્યા સીમિત જ નહીં રહે? અનન્ત ઈશ્વરની વાત સ્વીકારવી પડશે? ચારે બાજુથી દોષોની ભરમાર આવશે. તો પછી બનાવનારા ઈશ્વરની અસમર્થતા પ્રકટ થશે. અને વ્યવસ્થા બેસાડનારા ઈશ્વરની સામર્થ્યતા પ્રકટ થશે? એટલે શું એક ઇશ્વરની સામર્થ્યતા અને બીજાની અસામર્થ્યતા સ્વીકારવી. માનવી? શું સમજવું? સૃષ્ટિ બનાવનારા અસમર્થ હશે કે જેના કારણે સૃષ્ટિમાં વિકૃતિ-વિકાર દોષ આવ્યા.

અને અવ્યવસ્થા સર્જાઈ અને ઇશ્વર તો નિત્ય છે. તો પછી સદાકાળ ઇશ્વરની ઉપસ્થિતિ-હાજરી હોવા છતાં આવી અવ્યવસ્થા સર્જાઈ?

અને અસામર્થ્યતાના કારણે અવ્યવસ્થા સર્જાઇ હોય તો પછી ભલેને બીજા ઇશ્વર અવતાર લઈ પણ લેશે તો પણ સામર્થ્યતા થોડી જ આવી જવાની છે? ના સંભવ નથી, અને અસામર્થ્યતાનો પક્ષ સ્વીકારો છો તો પછી સામર્થ્યતા વગરનું ઈશ્વરપણું જ કેવું? તો તો સામાન્ય માનવીમાં પણ અસામર્થ્યતા છે તેને પણ ઇશ્વર માનવો પડે. તો તો અતિવ્યાપ્તિ દોષ આવે? શું કરવું?

**"ઇચ્છા" શું છે? તેની વિચારણા—**

પહેલા "ઇચ્છા" શબ્દના બીજા ઘણાં પર્યાયવાચી નામો છે તે જોઈએ. 'અભિધાન ચિન્તામણીકોશકાર હેમચન્દ્રાચાર્ય મહારાજ ઇચ્છાના પર્યાયવાચી શબ્દો આ પ્રમાણે મૂકે છે—"लोभस्तृष्णालिप्सा वशः स्पृहा। कांक्षाऽऽशंसा गर्द्धवांछाऽऽशेच्छेहातृड्-मनोरथाः॥ कामोऽभिलाषो..."। લોભ, તૃષ્ણા, લિપ્સા, વશઃ, સ્પૃહા, કાંક્ષા (આકાંક્ષા) ગર્દ્ધ, વાંછા, આશા, ઇહા, તૃષા, મનોરથ, કામ અને અભિલાષા, (રૂચિ અને ઇપ્સા, કામના) વગેરે શબ્દો ઇચ્છાવાચી-ઇચ્છાના પર્યાયવાચી તરીકે સંસ્કૃત ભાષામાં વપરાય છે. અને મૂળ સંસ્કૃત ભાષાના ઘણાં શબ્દો ગુજરાતી-મરાઠી-હિન્દી આદિ ભાષાઓમાં વપરાય છે. ઉપરના આ બધા શબ્દો જોવાથી ખ્યાલ આવશે કે ઇચ્છા કેટલા અર્થમાં છે? હવે ઈશ્વરને થતી ઇચ્છાનો વિચાર કરીએ. ઈશ્વરને જે સૃષ્ટિ ઉત્પન્ન કરવાની, કે વિનાશ કરવાની જે ઇચ્છાઓ થાય છે. તે ઇચ્છા કેવી છે? શાસ્ત્ર સિદ્ધાંતમાં આ સૂત્રથી સ્પષ્ટ જણાવે છે કે—"एकोऽहं बहुस्याम् प्रजायेय" બ્રહ્માજીને ઇચ્છા થઈ કે હું એકલો છું તે બહુરૂપે થાઉં, ઘણાં રૂપે થાઉં અને પ્રજોત્પત્તિ કરૂં. પ્રજા નિર્માણ કરૂં. એટલે આ ઇચ્છા થવાથી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી.

શું ઈચ્છામાં રાગની ગંધ નથી ?—

અહીં પ્રશ્ન થશે ને બ્રહ્માજી નિરાંતે–આરામે સૂતા હતા કે બેઠા હતા...અને એકાએક આવી ઇચ્છા કેમ થઈ ગઈ ? આવી ઈચ્છા ઉત્પન્ન થવા પાછળ કંઈ કારણ હશે કે કેમ ? અને માનો કે ઇચ્છા ઉત્પન્ન થઈ ગઈ. પરન્તુ શું બ્રહ્માજી ઈચ્છાને રોકી નહોતા શકતા ? ઇચ્છાને ઉત્પન્ન થતા પહેલા પણ રોકી શકતા હતા અને ઈચ્છા ઉત્પન્ન થયા પછી તે મુજબ કામ કરવાનું પણ તેઓ રોકી શકતા હતા. કારણ કે યોગીઓ, તપસ્વીઓ, સાધકોની સાધના શક્તિ હોય છે કે તેઓ ઈચ્છાનો નિરોધ કરી શકે છે. ઈચ્છાને થવા પહેલા પણ રોકી શકાય છે. અને થયા પછી તે મુજબ કરવાનું પણ રોકી શકાય છે. આને જ યોગીઓનું સામર્થ્ય કહેવાય છે.

ઈચ્છા ઉત્પન્ન થવી તો સામાન્ય વાત છે. સામાન્ય માનવીને અથવા ક્ષુદ્ર જીવને પણ ઈચ્છા ઉત્પન્ન થઈ શકે છે. ઇચ્છાની ઉત્પત્તિનું મૂળ ઘર મન છે. મનના વિચાર–તરંગોમાં ઇચ્છા ઉત્પન્ન થાય છે. મન વિના ઈચ્છાની ઉત્પત્તિ થતી નથી. મન પણ માધ્યમ કે સાધન માત્ર છે. પરન્તુ હકીકતમાં તો આત્મામાં રહેલ મોહનીય કર્મ તદ્જન્ય રાગ–દ્વેષાદિ ભાવ, અને તેમાંથી જન્મેલી ઈચ્છા. આ રીતે મનમાંથી ઇચ્છા જાગે છે પરન્તુ જેમ આકાશમાં દેખાતા ધૂમાડાનું મૂળ તો લાગેલી આગ સુધી છે. એવી જ રીતે મનમાંથી ઉત્પન્ન થતી બહાર આવતી ઈચ્છાનું ઉંડુ મૂળ તો આત્મા ઉપર લાગેલા મોહનીય કર્મમાંથી નિકળતા રાગ–દ્વેષના ભાવમાં છે. માટે ઈચ્છા રાગપ્રધાન પણ હોય અથવા દ્વેષ પ્રધાન પણ હોય છે. રાગથી ભરેલી ઈચ્છામાં રાગ–લોભ, આકાંક્ષા, મોહાદિ મમત્વ ભાવાદિની ગંધ રહેશે. અને એનાથી વિપરીત દ્વેષપ્રધાન ઈચ્છામાં વિપરીત ભાવ રહેશે. રાગથી વિપરીત ભાવ દ્વેષમાં રહે છે. માટે ઈચ્છાને રાગના ઘરમાં ગણાવતા પૂજ્ય વાચક મુખ્યજી ઉમાસ્વાતિ મહારાજ પ્રશમરતિ પ્રકરણ ગ્રન્થમાં સ્પષ્ટપણે નિર્દેશ કરતાં જણાવે છે કે...

इच्छा, मूर्छा कामः स्नेहो, गार्ध्यं ममत्त्वमभिनन्दः ।
अभिलाष इत्यनेकानि राग पर्याय वचनानि ॥

પ્રશમરતિ ગ્રન્થના આ શ્લોકમાં સ્પષ્ટ જણાવે છે કે-ઈચ્છા, મૂર્છા, કામ, સ્નેહ, ગૃદ્ધતા, મમત્વ, અભિનન્દ અને અભિલાષા આદિ અનેક રાગના પર્યાયવાચી વચનો છે. રાગના જ રૂપાન્તરિત થયેલા બીજા પર્યાયો છે. એટલે રાગવાચી ભાવો છે. શબ્દો છે. આટલા અનેક શબ્દો થી રાગભાવના પ્રગટ થાય છે. આથી સ્પષ્ટ થાય છે કે ઈચ્છામાં રાગની તીવ્ર ગન્ધ છે. રાગાદિ ભાવ વગરની ઈચ્છા સંભવ નથી.

ઈચ્છા વગરનો રાગ અને રાગ વગરની ઈચ્છાની થોડીવાર ઘડી ભર કલ્પના તો કરી જુઓ. બહુ ઝીણવટભરી નજરે બારીકાઈથી જોતાં ખ્યાલ આવશે કે રાગ–દ્વેષાદિ ભાવ વગરની ઈચ્છાનું સ્વરૂપ હોઇ શકે છે ? અથવા કોઇપણ પ્રકારની ઇચ્છા વ્યક્ત કરો કે જેમાં રાગ–દ્વેષની ગંધ માત્ર પણ ન હોય એવી કોઈ ઈચ્છા મળશે ?.... અહીં બ્રહ્માજીને સૃષ્ટિ નિર્માણ કરવાની ઇચ્છા થઈ છે. શું આ ઈચ્છામાં સૃષ્ટિ, પ્રત્યેનો રાગ કે મમત્વ ભાવ નથી દેખાતો ? મારી સૃષ્ટિ મેં, બનાવેલી સૃષ્ટિ. આ ભાવો "मदीया इयं सृष्टिः" વાકયથી પ્રકટ થાય છે. સૃષ્ટિ પ્રત્યેનો મમત્વ રાગભાવ સ્પષ્ટ દેખાય છે. મમત્વ–મોહવિના નથી રહેતું, મોહ-જન્ય મમત્વ છે. મોહ એ આત્મા ઉપર આવરણ છે. કર્મબંધ સ્વરૂપે છે. જેમ ગાડીને પૈડાં હોય છે, તેમ મોહનીયના આવરણ કર્મને ઇચ્છા મમત્વ-રાગ–દ્વેષ રૂપી પૈડાં હોય છે. તેના ઉપર મોહનીય કર્મની ગાડી ચાલે છે. એટલે અહીં સૃષ્ટિ ઇશ્વરે નિર્માણ કરી હોય તો સર્વ પ્રથમ ઇશ્વરને સૃષ્ટિ નિર્માણ કરવાની જ કેમ ઈચ્છા થઇ ? બીજી કોઇ ઈચ્છા ન થતાં આજ ઇચ્છા કેમ થઇ ? ઇચ્છા થઇ જ શા માટે ? મોહનીયકર્મના આવરણ રહિતને ઇચ્છા સંભવ જ નથી.

**ઈચ્છાથી સ્વરૂપ વિકૃતિ—**

વ્યક્તિ પોતે નિરર્થક ઇચ્છાની પાછળ જાય છે. અને એના મોહનીય કર્મના આધારે રાગ-દ્વેષ વાળી ઈચ્છાઓ થઇ જાય છે. પછી તે ઇચ્છાઓને પૂર્ણ કરવા ફરી રાગ-દ્વેષ કરે, એટલે ફરી ઈચ્છા થાય, અને ફરી રાગ-દ્વેષ ચાલે. આ પ્રમાણે રાગ-દ્વેષ અને ઈચ્છાની ઈંડા-મરઘી જેવી પરંપરા ચાલ્યા કરે. પછી તો એનો અંત પણ ન આવે. માટે જ્ઞાની મહાપુરૂષોએ આપણને ઈચ્છા નિરોધ કરવાનું કહ્યું છે. ઇચ્છાનો નિરોધ કરવામાં સામર્થ્ય-શક્તિ જોઈએ છે. શું એટલું પણ સામર્થ્ય બ્રહ્માજીમાં ન હતું? શું એટલી શક્તિ ન હતી? કે પોતે ઈચ્છાને આધીન થઇ ગયા, શું સમજવું? ઈશ્વરને આધીન ઇચ્છા છે કે પછી ઇચ્છાને આધીન ઇશ્વર? કોણ કોને આધીન છે? ઈચ્છાને આધીન ગુલામ, પરતંત્ર, પરાધીન કહેવાય છે. જ્યારે ઈચ્છાથી મુક્ત જ સાચો સ્વતંત્ર કહેવાય છે. શું ઇશ્વરને ઈચ્છાને આધીન ગણવા? કારણ બધી વાતમાં જ્યાં કોઈ જ કારણ નથી મળતા ત્યાં ઇશ્વરેચ્છા જ અંતિમ કારણ તરીકે રજુ કરવામાં આવે છે. ઈશ્વરે સૃષ્ટિ શા માટે નિર્માણ કરી?....બસ ઇશ્વરની ઈચ્છા. ઈશ્વરે સૃષ્ટિનો મહાપ્રલય શા માટે કરે છે? બસ ઇશ્વરેચ્છા. જગતમાં જીવોને સુખી-દુઃખી શા માટે કરે છે? બસ ઇશ્વરની ઈચ્છા. આ સમુદ્ર, આવી પૃથ્વી, આવા પર્વતો....આ બધું શા માટે બનાવ્યું? બસ ઈશ્વરની ઈચ્છા-અને આ કીડા-મકોડા વગેરે શા માટે બનાવ્યા? વગેરે આવા ઘણાં પ્રશ્નોના ઉત્તરમાં ઈશ્વરની ઈચ્છા સિવાય બીજો ઉત્તર નથી.

**ઇચ્છા વૈપરીત્ય—**

ઈશ્વરમાં ઈચ્છાની વિપરીતતા પણ દેખાય છે. જે ઇશ્વર સૃષ્ટિનું નિર્માણ કરે છે. બનાવે છે. એટલે બનાવવા અને પાલન-પોષણ કરવા પાછળ તો રાગેચ્છા કામ કરે છે. પરન્તુ તે જ ઈશ્વર જ્યારે સૃષ્ટિનો પ્રલય-સંહાર કરે છે ત્યારે શું સમજવું? પ્રલય-સંહાર દ્વેષ બુદ્ધિ

વિના સંભવ નથી. શું પોતાની જ બનાવેલી સૃષ્ટિ પોતાને જ પસંદ નથી? અથવા શું બરોબર રચના ન થઇ? અથવા શું ઇશ્વરની ઇચ્છા મુજબ નથી થયું? અથવા શું ધારણા કે ઇચ્છા કરતાં પણ વિપરીત થઇ ગયું? શું કારણ થયું? શું બન્યું કે એ જ બનાવનાર ઇશ્વર સૃષ્ટિનો સંહાર કે મહાપ્રલય પણ કરવા લાગ્યા?

એક માતા બાળકને જન્મ આપે છે. બાળક જન્મ પહેલા માતાની સંતાન પ્રાપ્તિની પ્રબળ ઇચ્છા હોય છે. અને સંતાન પ્રાપ્તિની ઇચ્છા શા માટે? એના ઉત્તરમાં સ્પષ્ટ છે કે રાગના ભરેલા આ સંસારમાં સંતાનનો મોહ, સંતાન મમત્વ પ્રબલ છે. માટે આ તીવ્ર રાગને સ્ત્રી ટાળી શકતી નથી, અને માતા બનવાની તેની ઇચ્છા તીવ્ર થતી જાય છે. એટલી તીવ્ર ઇચ્છા કે તે સ્રી સંતાન માટે ટળવળે છે. ચેન નથી પડતું. દુઃખી મનવાળી ગ્લાન થઇ જાય છે. સતત સંતાન ઝંખે છે. તે જાણે છે કે પ્રસવપીડા એ મૃત્યુ તુલ્ય પીડા છે. છતાં પણ ક્ષણિક દુઃખની આગળ આ જીવનભરના સંતાનના સુખને તે વધારે પ્રાધાન્યતા આપે છે અને માતા થવાનું સ્વપ્નું સાકાર કરીને જંપે છે.

શું એજ રીતે ઇશ્વરના વિષયમાં પણ સમજવું? સૃષ્ટિ નિર્માણ કરવાની ઈચ્છા પાછળ સૃષ્ટિ પ્રત્યે રાગ જીવ સૃષ્ટિ પ્રત્યે અનહદ રાગ છે. કે મોહ છે કે મમત્વ છે કે જે હોય તે? તે માટે થઈ ને ઈશ્વર પોતાની ઇચ્છા નિર્માણ કરે છે? સારૂ. માની લઈ એ તો ઈશ્વરને રાગવાળા માનવા પડે. પછી એ જ ઇશ્વર જયારે સૃષ્ટિનો પ્રલય કરે ત્યારે દ્વેષવાળા પણ માનવા જ પડશે ને? કારણ દ્વેષવૃત્તિ વગર પ્રલય સંહાર કે સર્વ-નાશ સંભવ નથી. અને આ રીતે માનવા જઇએ તો ઈશ્વરનું સ્વરૂપ જ રાગદ્વેષથી ભરેલું લાગશે. જેમ કાદવમાં ખરડાયેલ શુદ્ધ સોનાના આભૂષણ પણ નથી શોભતા તેમ શુદ્ધ ઈશ્વર પણ રાગ–દ્વેષથી ખરડાયેલા હશે તો નહીં શોભે. ઈશ્વર તો કયા અને કેવા શોભે? વીતરાગી વીત-દ્વેષી એટલે રાગ–દ્વેષ વગરના જ શોભે અને જો રાગ–દ્વેષ વાળાને પણ

ઈશ્વર માનવા તૈયાર છો તો તો આ જગતમાં લાખો કરોડો બધા મનુષ્યો રાગ-દ્વેષવાલા જ છે. તો તેમને પણ ઈશ્વર શા માટે નથી માનતા

જો ઈશ્વરને ઈચ્છા વિના નથી કલ્પી શકતા તો ઈચ્છા પણ રાગ-દ્વેષ વિના સંભવ નથી. માટે ઈશ્વરમાં જો ઇચ્છાને માનવી જ હોય તો રાગ-દ્વેષવાળી ઇચ્છા, રાગદ્વેષયુક્ત ઈચ્છા જ માનવી પડશે. અને તે માનવા જતા ઇશ્વર રાગી-દ્વેષી ઠરશે.

શું એક માતા...જે આટલા પ્રબલ મોહ-મમત્વથી સંતાન ને જન્મ આપે છે. મોહ-મમત્વથી જ સંતાનનું પાલન-પોષણ કરે છે. અને એટલો બધો વાત્સલ્ય-સ્નેહભાવ માતાને બાળક પ્રત્યે હોય, છે કે તેના સ્તનમાંથી દૂધ બની જાય છે. અને સ્તનમાંથી દૂધ ઝરે છે. જેનું પાન કરીને બાળક મોટો થાય છે. આજ હકીકત પશુ-પક્ષીઓમાં પણ છે. માતા-પશુ-પક્ષીઓ પણ પોતાના જન્મેલા સંતાનને મારતા નથી કે નષ્ટ કરતા નથી. તો પછી શું ઈશ્વર આટલી પ્રબળ ઈચ્છાથી સૃષ્ટિ નિર્માણ કરે છે. અને કરીને પછી તે સૃષ્ટિનો પ્રલય-સંહાર કરે? એ શોભે ખરૂં ? એ સંભવ પણ છે? સૃષ્ટિના બધા જીવો પ્રલય સમયે ભેગા થઈ ને આજીજી કરે કે હે ભગવન્! આપતો અમારા જન્મદાતા છો. આપે જ અમને બનાવ્યા છે તો હવે અમને સુખેથી જીવવા દો. શા માટે મારીને પ્રલય કરી નાંખો છે. આ પ્રમાણે કરગરીને આજીજી કરે. કારણ કે એક વાત તો સાફ સ્પષ્ટ દીવા જેવી છે કે “ सव्वे जीवाणि इच्छन्ति जीविउं न मरिज्जिउं !” બધા જ જીવો જીવવા ઈચ્છે છે. કોઈ મરવા નથી ઇચ્છતું કારણ કે જીવવામાં સુખ છે. અને મરવામાં દુઃખ છે. પ્રાણીઓ સહજ સ્વભાવે સુખ ઇચ્છે છે દુઃખ નથી ઈચ્છતા અને જીવવામાં સુખ છે માટે જીવવા ઇચ્છે છે. એક નાની કીડી કે ઇયળ પણ મરવા નથી ઇચ્છતી તો પછી બીજાની તો વાત જ કયા રહી?

હવે જ્યારે સૃષ્ટિના બધા જીવો જીવવા ઈચ્છે છે. અને એક માત્ર ઇશ્વર જ પ્રલયાવસરે બધાને મારવા ઈચ્છે છે. શા માટે ? શું એજ માતા તુલ્ય, માતૃવતભાવ રાખનારો ઈશ્વર જીવોનો પ્રલય કરશે ? અને

કરે તો તેને ઈશ્વર સમજવો ? શું માતા પોતાના જન્મેલા બાળકને મારશે ? ખાઈ જશે ? સંભવ છે ? અને ખાય તો તે માતા કહેવાય કે નરપિશાચી નરભક્ષી રાક્ષસી કહેવાય ? શું સમજવું ? તો શું સંહાર લીલામાં સૃષ્ટિનો પ્રલય કરનાર ઈશ્વરને માતૃવત્ સમજવા કે પછી નરભક્ષી રાક્ષસ સમજવા ? શું સમજવું તેનો નિર્ણય કરજો.

**બનાવેલુ બગાડીને ફરી બનાવવું એ મૂર્ખતા નથી ?**

પર્વતનો ચૂર્ણ કરીને ફરીથી પર્વત બનાવવો, કુવો પૂરી દઈ તેને ફરીથી કુવો બનાવવો ? બનાવેલ સૃષ્ટિને નષ્ટ કરીને પછી ફરીથી બનાવવી શું એ ડહાપણ ભર્યું કામ કહેવાશે ? કે પછી મૂર્ખતા કહેવાશે ? આ સૃષ્ટિ જે બનાવી છે. તેને મહાપ્રલય વખતે સંહાર કરીને નષ્ટ કરી નાંખવી અને ફરીથી પાછી બીજા યુગમાં નવી બનાવવી આ નિરર્થક મહેનત માત્ર કરવાની ? શું કામ.

અને ભલે નવી બનાવો. પણ કયારે ? જૂનામાં ભૂલ હોય ખામી હોય, ગલત કે વિપરીત થઈ ગઇ હોય તો નવી બનાવો એ વ્યાજબી પણ ગણાશે. પરન્તુ જ્યારે નવી બનાવે છે. ત્યારે ફરીથી જુની જેવી હતી તેવી જ બનાવે છે. વેદમાં જોઈ જોઇને જેવી વેદમાં લખેલી છે. તેવી જ બનાવે છે, અને જેવી પૂર્વે હતી. ભૂતકાળમાં પહેલા હતી તેવી જ ફરી બનાવે છે. આ વાત વેદમાં સ્પષ્ટપણે લખીછે. કે–"धाता यथा पूर्वमकल्पयत्" વિધાતા બ્રહ્મા જેવી પૂર્વ યુગમાં સૃષ્ટિ હતી તેવીજ બનાવે છે. નવો સુધારો વધારો કંઈ જ નથી કરતો પછી પહેલાની સૃષ્ટિ જે હતી એ શું ખોટી હતી ? શા માટે મહાપ્રલય કર્યો ? ફરીથી નવી બનાવવાની ઇચ્છાથી મહાપ્રલય સંહાર કર્યો કે પછી મહાપ્રલય કરવાની ઈચ્છા પ્રબળ હતી એટલે કર્યો અને ફરી નવી સૃષ્ટિ બનાવશે. આ નિરર્થક નિષ્પ્રયોજન શા માટે કરે છે. આનો ઉત્તર શું છે ? આના ઉત્તરમાં માત્ર "ઇશ્વરની ઇચ્છા" આવા શબ્દો કહીને બુદ્ધિના દરવાજા જ બન્ધ કરવામાં આવ્યા છે. આ ઉત્તર તો બધે જ વપરાતું અન્તિમ બ્રહ્માસ્ત્ર સમાન છે. બસ ઈશ્વરની ઈચ્છા આ ઉત્તરની આગળ

કોઇનું કંઈ જ ન ચાલે વારે વારે સૃષ્ટિ બનાવવી અને વારે વારે મહા-પ્રલય કરીને નષ્ટ કરવી સંહાર કરવો, આ ઉંધી હજામત કરવા કરતા તો આખી સૃષ્ટિ સંસારને જૈનોની જેમ અનાદિ-અનન્તજ માની લેવામાં લાઘવ છે. વધારે બુદ્ધિમતાની વાત છે. અને બીજીબાજુ ઈશ્વરના ઉપર ખોટા કલંકો-આરોપો પણ નિકળી જશે. અને ઇશ્વરનું સ્વરૂપ પણ સ્વચ્છ-સાફ સ્પષ્ટ શુદ્ધ થઇ જશે. ચારે બાજુથી એક નહીં અનેક ફાયદા છે. તો પછી શા માટે ઈશ્વરેચ્છાને કારણ માનવી. પરન્તુ આ પક્ષ સ્વીકારે તો ઇશ્વરનું કર્તાપણું, જગત કર્તવ્યપણું જતું રહે તેનું શું કરવું? ભલે ગધેડા લાતમાર્યા કરે છતાં પણ ગધેડાનું પુછડું જે પકડ્યું તે છોડવું નથી. આ નીતિ ક્યાં સુધી અપનાવશો ? કેટલા દોષોથી ભરેલી આ નીતિ છે.

**ઈચ્છાનું ઘર મન કે શરીર ?**

ઈચ્છાની ઉત્પતિ ક્યાંથી થાય છે? મનમાંથી કે શરીરમાંથી. આખું જગત સ્પષ્ટ પણે જાણે છે કે ઈચ્છાની ઉત્પતિ મનમાંથી થાય છે. શરીર માંથી નહીં. શરીર અને મન બંને જુદા તત્ત્વો છે. મનમાંથી ઉત્પન થતી ઇચ્છા વિચારાત્મક છે કે નહીં ? કારણ મનમાંથી તો વિચાર તરંગો ઉત્પન્ન થાય છે. માટે મન વિચારોનું કેન્દ્ર છે. હવે મનની સત્તા સિદ્ધ થાય છે આ મનનું રૂપ સ્વરૂપ કેવું છે? મન સ્થૂલ છે કે સૂક્ષ્મ ? ગ્રાહ્ય છે કે અગ્રાહ્ય ? દ્રશ્ય છે કે અદ્રશ્ય ? સ્પષ્ટ જ છે કે મન સૂક્ષ્મ છે. અને સૂક્ષ્મ મન ઇચ્છાનું જનક છે તો તે મન શરીરમાં રહે છે કે શરીર વિના પણ રહે છે? જો શરીર વિના મન રહેતું હોય તો અશરીર અવસ્થા તો મુક્તાવસ્થા કહેવાય છે. અશરીરી આત્માને જ મુક્ત કહેવાય છે. હવે તે આત્મા ક્યાંથી મન રાખવાનો છે? ના માટે મન તો સંજ્ઞી પંચેન્દ્રિય પ્રાણિઓને જ મળે છે. તેજ મનવાળા સમનસ્ક કહેવાય છે જીવાત્મા વિચાર કરવાર્થે મનોવર્ગણાના પુદ્ગલ પરમાણુઓનો જથ્થો ગ્રહણ કરીને તેને મન રૂપે પરીણમાવીને (મન બનાવીને) પછી વિચાર કરે છે. અને તે વિચારોમાં ઇચ્છા તત્ત્વ રહેલું છે. અને તે ઇચ્છાઓ રાગ કે

દ્વેષથી યુક્ત ખરડાયેલી હોય છે. મનથકી ઈચ્છા કે ઈચ્છા થકી મન? શું મન વિના ઈચ્છા થાય છે કે ઈચ્છા વિના મન રહે છે? મન માટે ઇચ્છાની જરૂર કે ઇચ્છા માટે મનની જરૂર? ગમે તે ઉત્તર હોય પણ એક વાત તો સ્પષ્ટ જ છે કે ઈચ્છાનું ઘર મન છે. મન જનક છે. તો પછી મન ખરાબ કે ઇચ્છા ખરાબ? મન સારૂં કે ઇચ્છા સારી? ના સારા ખરાબનો અર્થ પણ એક બીજા ઉપર છે.

મન તો જડ તત્ત્વ છે. તલવાર સારી કે ખરાબ? ના તલવાર તરીકે વસ્તુ સારી પણ નથી અને ખરાબ પણ નથી. પરંતુ તેનો ઉપયોગ સારો છે કે ખરાબ? કારણ વસ્તુ તો જડ છે. આપણે તેનો ઉપયોગ કેવો કરીએ છીએ. એ સારો કે ખરાબ? તેના ઉપર સારાં કે ખરાબનો આધાર છે.

એવી જ રીતે મન પણ જડ છે. માટે મન સારૂં કે ખરાબ? ના મન સારૂં પણ નથી અને ખરાબ પણ નથી. પરંતુ આપણે મનનો ઉપયોગ કેવો કરીએ છીએ તેના ઉપર આધાર રાખે છે. જો મનનો ઉપયોગ સારા વિચારો-સારી ઇચ્છામાં કરીએ તો મન સારામાં સારુ છે. અને તેજ મનનો ઉપયોગ ખરાબ વિચાર, ખરાબ-ખોટી ઇચ્છાઓ પાછળ કરીએ તો ખરાબમાં ખરાબ છે. વિચારો ઉપર નિયંત્રણ આપણે કરી નથી શકતા અને પછી મનને દોષ આપીએ છીએ એ ખોટું છે.

## પાપ શેમાં? ઇચ્છા કરવામાં કે ઇચ્છા પૂર્ણ કરવાના પ્રયત્નમાં?

આ પ્રશ્ન પણ વિચિત્ર છે. પાપ કે દોષ શેમાં લાગે છે? ઇચ્છા કરવામાં કે પછી કરેલી ઇચ્છાને પૂર્ણ કરવા પાછળ મથવામાં, મહેનત કરવામાં? ઇચ્છાને થતા તો વાર નથી લાગતી? એક સેકંડના પલભર સમય માત્રમાં માનવી કેટલીયે ઇચ્છાઓ કરી નાંખે છે. "હું આખી દુનિયાનો વડાપ્રધાન-રાજા બની જાઉં." આ ઈચ્છા તો થઈ ગઈ. એમાં કેટલી સેકંડ લાગી? મન ઝડપી છે. તીવ્ર ગતિ વાળું છે. એટલે આંખના પલક માત્રમાં ઇચ્છા તો કરી નાંખે છે પણ તે કરેલી ઇચ્છા

ને પૂર્ણ કરવા પાછળ કેટલો સમય લાગશે? આખા વિશ્વના રાષ્ટ્રપતિ થવા માટે તો સંભવ છે કે આખી જિંદગી પણ વીતી જાય. એમાં સમયનો કોઈ હિસાબ નથી. કારણ કાર્યક્ષેત્ર જેટલું મોટું છે તેટલો જ સમય પણ વધારે લાગવાનો.

કારણ મન તો ઇચ્છા કરે છે મન કામ નથી કરતું. કામ તો શરીર ને કરવાનું છે. આ વિભાગવાર વહેંચણી ફિક્સ જ છે. એમાં પરિવર્તન સંભવ નથી. શરીર સ્થૂલ છે. તે સૂક્ષ્મ મનની ગતિએ કામ કરી શકવાનું નથી. માટે કાળ ઘણો લાંબો લાગવાનો. હવે એટલા લાંબા કાળ સૂધી ઇચ્છાને પૂર્ણ કરવા જેટલો પ્રયત્ન થશે તેમાં દોષો કેટલા લાગશે? કારણ તે કાર્યક્ષેત્રમાં કેટલા જીવોની હિંસા થવાની? કેટલાને દુઃખી કરવામાં આવશે? કેટલા જુઠ–ચોરીના પાપો થવાના? એમાં પાપનો હિસાબ રહેવાનો છે. ના ઇચ્છા કરવામાં તો એક ટકો પાપ લાગશે. પરંતુ ઇચ્છા પૂરી કરવા પાછળ હજાર ટકા પાપ–દોષો લાગવાના છે. માટે બંનેમાંથી પહેલા કોને અટકાવવું? શું ઇચ્છા કરવી આપણે બંધ કરી શકીશું? એટલો મન ઉપર કાબુ કયાં મેળવી શક્યા છીએ? કે ઇચ્છા ઉપર નિયંત્રણ કરી શકીએ. ઇચ્છા કરવી જ નહીં. પરંતુ આપણી વાત તો કયાં કરવી? બ્રહ્માજી પણ પોતાની સૃષ્ટિ નિર્માણ કરવાની ઇચ્છાને નથી રોકી શકયા તો સામાન્ય માનવી–નું તો શું ગજું? માટે ઇચ્છાઓ તો થતી જ રહેશે. માત્ર આપણે નિર્ણય એ કરવાનો છે કે થયેલી ઇચ્છા મુજબ કામ કરવાની જરૂર નથી. ઇચ્છા ભલે થઈ પણ તેને પૂર્ણ કરવા માટે મથવાની જરૂર નથી. ઇચ્છાનું પાપ તો મનમાં રહેશે. તેને માત્ર ઇચ્છા કરનાર પોતે જ જાણશે. જ્યારે ઇચ્છા પુરી કરવા માટે, ઇચ્છા મુજબ કાર્ય કરવા મથનારનું પાપ આખું જગત જાણશે. કાયાથી કરાતું પાપ જગત જોઈ શકે છે. જાણી શકે છે. પરંતુ મનથી ઇચ્છાઓ રૂપે કરાતુ પાપ, વિચારો રૂપે બંધાતુ પાપ તો માત્ર મહાજ્ઞાનીઓ સિવાય કોણ જાણી શકે? સંભવ જ નથી. અને એવા મહાજ્ઞાની તે મનઃપર્યજ્ઞાની કે

કેવળજ્ઞાની જ હોય છે. માટે એવા મહાજ્ઞાનીઓએ ,જ ધર્મોપદેશ આપતા જણાવ્યું છે કે.... ઇચ્છાનુસાર તરત વર્તવાની જરૂર નથી. ઇચ્છા મુજબ તરત જ પ્રવૃત્તિ કરવાની જરૂર નથી. પહેલા ઈચ્છાનો નિર્ણય કરો. તે યોગ્ય, વ્યાજબી સારી છે કે ખરાબ, સંભવ છે કે અસંભવ ? પછી પ્રવૃત્તિ કરો. અન્યથા જગત કહેશે કે–અવિચાર્યું કર્યું છે. અણુસમજનું કામ છે.

**શું ઇચ્છા માત્રથી કામ થઇ જાય છે ?**

જગતનો નિયમ કે વ્યવહાર શું છે ? કોઇ પણ કાર્ય ઇચ્છા કરવા માત્રથી જ થઇ જાય છે ? કે પછી કામ કરવાથી કાર્ય થાય છે ? દા. ત., કુંભાર મનમાં ઘડાની ઇચ્છા કરે એટલા માત્રથી ઘડો થઇ જાય છે ? કે પછી કુંભારને માટી, પાણી, દંડ, ચક્ર, ચીવર વગેરે ઉપકરણો લેવા પડે ? માટીને ચાળવી પડે, પછી પાણીમાં પલાડીને પિંડ બનાવવો પડે અને પછી તે પિંડને ચાક (ચક્ર) ઉપર ફેરવતા ફેરવતા આકાર આપવો પડે. અને પછી ફરી ફરી પાણીનો ઉપયોગ કરવો પડે. અને ચક્ર ફેરવવા ફરી ફરી દંડનો ઉંપયોગ પણ કરવો પડે છે. અને પછી તે કાચી માટીનો ઘડો તાપમાં સૂકાવા દેવો પડે છે. અને અંતે અગ્નિ સંયોગે તપાવીને પરિપકવ કરવો પડે છે. ત્યારે જઈને કાર્ય થાય છે. ઘડો નિર્માણ થાય છે. આ પ્રક્રિયા તો આખું જગત જાણે છે. બધાને ખબર છે. પણ મનમાં ઇચ્છા કરવા માત્રથી પલભરમાં કેવી રીતે થઈ જાય ? શું જાદુ છે ? કે ચમત્કાર છે કે દૈવી શક્તિ ?

ઇચ્છા મનમાં થાય છે. પણ તદનુરૂપ શરીર થી કાર્ય–પ્રવૃત્તિ તો કરવી પડે કે નહીં ? કુંભારના મનમાં ઘડો બનાવવાની ઇચ્છા જરૂર થઈ, પરંતુ ઈચ્છા કરવા માત્રથી ઘડો બની જતો હોય તો પછી ચક્ર, ચીવર, દંડ, માટી, પાણી વગેરે પદાર્થો લઇને શરીરથી ઘડવા બેસવાની જરૂર જ ન રહે ? પરંતુ ઇચ્છાના વિષયોને કાર્યાન્વિત કરવા માટે શરીરથી પુદ્‌ગલ પદાર્થોને લઈને માટીના ઘડાની જેમ પદાર્થો બનાવવા પડે છે ત્યારે થાય છે.

ઈશ્વરની સૃષ્ટિ રચનાના વિષયમાં વેદ–વેદાન્ત પુરાણાદિ ગ્રંથોમાં ઇચ્છા વિષયમાં લખતા જણાવે છે કે–"संकल्प मात्रमिदं जगत्' संकल्प मात्रेण संजाता इमा सृष्टिः" આ આખી સૃષ્ટિ એ ઈશ્વરની સંકલ્પ શક્તિથી ઉત્પન્ન થયેલી છે. ઈશ્વરે માત્ર ઇચ્છાનુંરૂપ સંકલ્પ કર્યો. અને ક્ષણભરમાં બધી જ સૃષ્ટિ થતી ગઈ. ઇસ્લામ ધર્મમાં કુરાનાદિમાં પણ એમ જ કહેવાયું છે કે જેમ એક જાદુગર ક્ષણભરમાં અથવા શબ્દોચ્ચાર કાળમાત્રમાં વસ્તુઓ બનાવી ને દેખાડે છે એજ પ્રમાણે અલ્લાએ આખુ આ જગત્ જાદુગરની જેમ એક શબ્દનો ઉચ્ચાર કરીને પળભરમાં બનાવી દીધું છે.

આ વાત જો કે ગળે નથી ઉતરતી છતાં પણ ઘડીભર માટે માનીને ચાલીએ તો આપણને મનમાં બીજા પ્રશ્નો ઉભા થશે. શું જાદુગર બધુ જે કંઈ પણ કરે છે તે સાચું જ કરે છે ? અથવા હકીકતમાં કરે છે એટલે બનાવે છે કે પછી પહેલાનું જ બનેલું બતાવે છે ? અથવા શું કરે છે–બનાવે છે કે માત્ર હાથ ચાલાકી અને નજરચૂક કે નજર કેદની જેમ દેખાડે છે. જાદુગરની લીલાને સત્ય માનવા જગતના હોંશિયાર માણસો પણ સંમત નથી થતા. અને વાત પણ સાચી છે– સ્વયં જાદુગરો જ કહે છે કે અમે તો માત્ર હાથચાલાકી કરતા હોઇએ છીએ, અર્ધી નજર ચૂકાવીને ધ્યાન વિકેન્દ્રિત કરીને નજર કેદની સ્થિતિ ઉભી કરીને માત્ર રમત દેખાડીએ છીએ. હકીકતમાં અમે કંઈ જ બનાવતા નથી. અને જો બનાવતા જ આવડતું હોત તો અમે કાગળના રૂપીયા, કે સિક્કા તો શું રોજ સોનામહોરો અને હીરા મોતી રત્નો જ બનાવતા હોત–અમારા જાદુથી અમે રોટલો પણ બનાવી લેત ! તો તો પછી અમારે પેટ ખાતર પણ આ ખેલ કરવાની કે આ ધંધો કરવાની પણ જરૂરત ન હોત. માટે આ તો એક પ્રકારનું લોકરંજન છે. મનોરંજન છે. એમાં વાસ્તવિકતા નથી હોતી. અને વાસ્તવિકતા એટલી જ છે કે અમે કંઈ પણ બનાવતા નથી હોતા.

આ નિર્ણય મુજબ ઇશ્વરને પણ શું જાદુગર જેવા' કહેવા ? શું જાદુગરની જેમ ઇશ્વર સૃષ્ટિ રચે છે? જો હા માં ઉત્તર સ્વીકારીએ તો આ આખું જગત સત્ રૂપ છે કે અસત્ રૂપ છે? કે ભ્રમરૂપ છે? કે પછી કલ્પના માત્ર છે કે સંશયાત્મક-સંદેહાસ્પદ છે કે પછી સ્વપ્નવત્ છે કે પછી છે તે ખરૂં કે કંઇ જ નથી? જાદુગર જેમ કંઈ જ નથી બનાવતો માત્ર બનેલી વસ્તુઓ દેખાડવામાં હાથચાલાકી કરે છે. તે જ પ્રમાણે શું ઇશ્વર સ્વયં કંઇ જ નથી બનાવતો માત્ર જગતના જીવોને સંસારનું રૂપ દેખાડવા માટે હાથચાલાકી કરે છે? શું આ પક્ષ સ્વીકારવો ? ચાલો ઘડીભર માટે માની પણ લઇએ તો પછી સુષ્ટિના આરંભકાળમાં જ્યારે મનુષ્યો-નર-નારીઓ હતા જ નહી ત્યારે ઇશ્વરે સર્વ પ્રથમ પંચમહાભૂતની ભૌતિક સૃષ્ટિ રચી છે. તો પછી સામે જોનાર કોણ હતું? કે જેને દેખાડવા માટે, અથવા મનોરંજન કરવા માટે ઇશ્વરે સૃષ્ટિની રચના કરી છે. કોને મનોરંજન કરાવવું હતું ?

સામે કોઈ હતુ જ નહીં તો પછી નજર કેદ જ કોને કરવા હતા ?

**સૃષ્ટિ સત્માંથી કે અસત્માંથી શેમાંથી બની છે?**

ચાલો કોઈ પણ જોનાર ન હતો છતાં માની લો કે ઇશ્વરે સ્વ મનોરંજન માટે સૃષ્ટિની રચના કરી છે... તો પછી ઇશ્વરે શું શું બનાવ્યુ અને શેમાંથી બનાવ્યુ ? શું અસત્માંથી સત્ બનાવ્યું ? કે પછી સત્ માંથી અસત્ બનાવ્યું ? કે અથવા શું સત્માંથી સત્ કે અસત્ માંથી સત્ શું બનાવ્યું ? કેવી રીતે બનાવ્યુ ? એ પ્રમાણે ચાર ભેદો પડે છે. આ ચારમાંથી ઈશ્વરે બનાવેલી સૃષ્ટિ શેમાંથી કઈ રીતે બનાવી છે? જેમ એક કુંભાર માટી પાણી લઇને ઘડો બનાવે છે. ભલે તે કુંભારની ગમે એટલી ઇચ્છા કે જ્ઞાન હોય પણ જો માટી પાણી, ચક્ર-ચીવર-દંડ વગેરે પદાર્થો ન હોય તો કુંભાર કેવી રીતે ઘડો બનાવી શકે ? ના સંભવ જ નથી. નિમિત્ત કારણ પણ કારણ હોય છે અને ઉત્પાદન કારણ પણ હોય છે. જો એમ માની લઇએ કે

કારણભૂત ઉપયોગી સહયોગી વસ્તુઓ જ ન હોય મૂળભૂત વસ્તુ જ ન હોય તો તે વિના સંકલ્પિત કે ઇચ્છિત વસ્તુ કોઈ પણ કેવી રીતે બનાવી શકે? જો એમ બનતુ હોત કે બનાવી શકાતુ હોત તો તો કુંભાર સોના-ચાંદીનો ઘડો પણ બનાવી શકયો હોત. હીરા-મોતીનો ઘડો પણ બનાવી શકયો હોત. પરંતુ એવુ તો કયારેય જોયુ નથી. કુંભાર માટીના જ ઘડા શા માટે બનાવે છે? કારણ કે માટી પદાર્થ જ મૂળમાં ઉપલબ્ધ છે. માટે માટીનો જ ઘડો બનાવી શકે છે બીજાનો નહીં.

એવી જ રીતે ઇશ્વરને સૃષ્ટિ બનાવવા માટે શું શું ઉપલબ્ધ હતુ? કયા પદાર્થોની મદદ લઈને બનાવી? શેમાંથી શું બનાવ્યું? શેમાંથી પાણી બનાવ્યુ? વાયુ, અગ્નિ, પૃથ્વી, આકાશ આદિ શેમાંથી બનાવ્યા? આકાશ કયા પદાર્થમાંથી બનાવ્યો? શું આકાશનું બનવું શકય છે?... અથવા આકાશ પદાર્થોના સંયોગમાંથી બનાવ્યો છે? જેમ આ પ્રશ્ન આકાશ માટે આ રીતે કર્યો એમ જગતના લાખો-કરોડો પદાર્થો છે. અનન્ત વસ્તુઓ છે. મૂળભૂત કારણરૂપે રહેનારા પદાર્થો કયા અને તેમાંથી બનતા, અથવા તેમના સંયોગાત્મક સ્વરૂપે નિર્માણ થતા પદાર્થો કયા? કોના સંયોગે પૃથ્વી પહાડ બનાવ્યા? શેમાંથી બનાવ્યા? અથવા કોના સંયોગે અથવા કોના યોગ-સંયોગ કે મિશ્રણમાંથી બનાવ્યા? કેવી રીતે અનન્ત વસ્તુઓ બનાવી?

ભૌતિક જડ સૃષ્ટિ શેમાંથી બનાવી? અને ચેતન જીવ સૃષ્ટિ શેમાંથી બનાવી? માનવી આ શરીર પશુ-પક્ષીઓ વગેરે બધુ શેમાંથી બનાવ્યું? શું સત્‌માંથી સત્ બનાવ્યુ? કે પછી અસત્‌માંથી સત્ બનાવ્યુ? જેમ બે ગેસો-હાઈડ્રોજન અને ઓકસિજન ભેગો કરવાથી ત્રીજો પદાર્થ પાણી બને છે. વર્તમાન વિજ્ઞાનની આ શોધ છે. એની Formula-$H_2O$ = Water આ પ્રમાણે છે. અહીયાં બન્ને ગેસો પહેલાથી મૂળથી સત્ પદાર્થરૂપે છે. અને તેમાંથી પાણી જે બન્યુ તે પણ સત્ રૂપ છે. અસત્ રૂપ કંઈ જ નથી. જાદુગર પણ બનાવે છે.

તો તે પણ વિદ્યમાન પદાર્થોની મદદ લઈને કામ કરે છે. દીવાસળી-માચીસ-કાગળ લઈને બાળીને એક ડબ્બામાં મૂકે છે. અને પછી નીચેનો બીજો ડબ્બો ખોલીને બે કબુતરો ઉડાડે છે. હકીકતમાં કાગળ બાળવાથી અને તેને ડબ્બામાં મૂકવાથી કબૂતર બની નથી ગયા. પરંતુ નીચેના બીજા ડબ્બામાં પહેલાથી જ કબુતરો ભરી રાખ્યા હતા. તેને ખોલીને કબૂતરો ઉડાડીને દેખાડી દીધા. બસ આ તો માત્ર હાથચાલાકી છે. બે ડબ્બા રાખીને એકમાં ઉપર કાગળ બાળીને મૂકયા અને તરત નીચેનો બીજો ડબ્બો ખોલીને કબૂતર ઉડાડી દે છે. આ હાથચાલાકી અને કાર્યની ગતિ-ઝડપથી બાળકોને રાજી કરી દીધા અને અન્તે લોકો પાસેથી પૈસા માંગીને ઘરે જાય છે.

શું ઇશ્વર પણ આવી રીતે બનાવે છે કે પછી કુંભારની જેમ બનાવે છે, માટી-પાણી વગેરે સત્ પદાર્થો છે તેમાંથી કુંભાર ઘટાદિ સત્ પદાર્થો જ બનાવે છે અને જો ઇશ્વર પણ સત્‌માંથી સત્ પદાર્થો બનાવતો હોય તો પછી જેમાંથી બનાવે છે તે મૂળમાં સત્ પદાર્થો કયા છે કે તેમાંથી બીજા પદાર્થો બનાવ્યા? આકાશ શેમાંથી બનાવ્યું? પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશાદિ પદાર્થો શેમાંથી, કોની મદદથી બનાવ્યા? તેનો કોઈ પત્તો નથી. અને માનો કે હોય, તે પદાર્થો માની લઈએ તો પણ કોને માનવા? વેદ? વેદાન્તાદિમાં પણ કયાંય લખ્યું નથી કે આના સંયોગ કે મદદથી ઇશ્વરે આકાશ બનાવ્યું ના.... કયાંય કંઇ જ ઉલ્લેખ નથી.

અથવા તો પછી શું અસત્‌માંથી સત્ બનાવ્યા? શુ શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન કર્યું? કંઈજ ન હતું અને તેમાંથી આ આખી સૃષ્ટિ બનાવી છે? તો આ વાત કેવી રીતે માનવી? તો તો પછી કુંભાર પણ સોના-ચાંદી-હીરા-રત્નના ઘડા સર્જી શકે?

**સર્જન-શક્તિથી કે ઈચ્છા માત્રથી ?**

ઇશ્વરને સર્વશક્તિમાન બતાવ્યો છે તો તે સર્વ શક્તિમાન ઇશ્વર પોતાની શક્તિ વાપરીને સૃષ્ટિ રચે છે કે ઇચ્છા માત્રથી? ઇચ્છા અને

શક્તિ બન્નેમાં ઘણું અન્તર છે. ઇચ્છાથી તો સૃષ્ટિ રચાતી નથી રચાવી અસંભવ લાગે છે. પરંતુ શક્તિથી સૃષ્ટિ રચાવી શકય કે સંભવ લાગે છે. વાત ગળે પણ ઉતરે છે. પરંતુ પ્રશ્ન એ થાય છે કે કઈ શક્તિ, કેવી શક્તિ ઈશ્વર કેવી રીતે વાપરે છે અને કેવી રીતે સૃષ્ટિ બનાવે છે. માનસિક શક્તિ, સંકલ્પશક્તિ, શારીરિકશક્તિ, કે જાદુઇશક્તિ કે યાંત્રિકશક્તિ કે તાન્ત્રિકશક્તિ કે માન્ત્રિકશક્તિ, કે પછી સહાયક દેવશક્તિ આદિ ઘણાં પ્રકારની શક્તિઓ છે. એમાંથી ઇશ્વર કઈ શક્તિથી સૃષ્ટિ રચે છે? શું સૃષ્ટિની રચનામાં યાન્ત્રિક, તાન્ત્રિક કે માન્ત્રિક શક્તિ કામે લાગે છે? શું આ શક્તિઓ એમાં કામે લાગે છે? ના... એ વખતે જ્યારે કંઈ જ ન હતું ત્યારે યંત્ર-તંત્ર જ કયાં હતા? યંત્ર-તંત્ર હોય તો યાન્ત્રિક કે તાન્ત્રિક શક્તિઓ હોય. નહીંતર કયાંથી હોય? એવી જ રીતે સહાયક દેવ-કે મનુષ્યો સૃષ્ટિ આરંભ કાળે કોઈ જ નહતા? કારણ કે જ્યાં સુધી સ્વયં ઇશ્વરે તેમની રચના જ નથી કરી ત્યાં સુધી તે દેવતા-મનુષ્યો હતા જ નહીં તો પછી તેમની સહાયક શકિતનો ઉપયોગ કરવાનો પ્રશ્ન જ કયાં રહે?

માન્ત્રિક શકિતનો વિચાર કરીએ તો ખ્યાલ આવશે કે મંત્રો પણ તે તે ઇષ્ટ દેવની શકિતથી અધિષ્ઠિત હોય છે. મંત્રના દેવતા હોય છે. મંત્ર સ્મરણના આધારે તે અધિષ્ઠિત દેવતા જ ઇચ્છિત કાર્ય કરી આપે છે. પરંતુ જ્યારે દેવતાઓને હજી ઇશ્વરે બનાવ્યા જ નથી. દેવ-સૃષ્ટિ નિર્માણ જ નથી કરી ત્યારે દેવવાચી મંત્રો કયાં હતા? અને મંત્રો વેદમાં હતા એમ કહીએ તો તે મંત્રો દેવાધિષ્ઠિત ન હતા. કારણ કે દેવતાઓને જ હજી ઈશ્વરે નથી બનાવ્યા પછી કયાંથી દેવતા મંત્રસ્મરણ પૂર્વક કામ કરે!

અને જે ઇશ્વર સમર્થ છે તે જ જ્યારે દેવતાઓને બનાવે છે તો પછી દેવતાઓની સહાય લેવાની જરૂર કયાં પડી? દેવતાઓની સહાય લઇને પછી બીજી સૃષ્ટિ બનાવે છે એમ માનવા જતા ઇશ્વરની ક્ષમતા-તથા સામર્થ્યમાં ઉણપ આવશે. ઇશ્વરની શક્તિ ઓછી પડી માટે દૈવી શક્તિની મદદ લીધી. દેવતાઓ મદદમાં આવ્યા.

રામાયણમાં રામ–રાવણના યુદ્ધમાં રાવણ જેવા ને મારવા માટે ભગવાન જેવા ભગવાન રામને દેવતાઓની મદદ લેવી પડી. કેટલાય દેવતાઓ રામની મદદમાં આવ્યા. ભલે વાનરનું રૂપ લીધું હોય વાનર રૂપે સાથે રહીને રામ વતી લડ્યા હોય પરંતુ આટલા બધા દેવતાઓએ ભેગા થઈને રાવણ ને મહાત કર્યો છે એ વાત દીવા જેવી સ્પષ્ટ છે. કદાચ માનો કે દેવતાઓ રામની મદદમાં ન આવ્યા હોત તો ભગવાન જેવા ભગવાન રામનું શું થાત? અને પછી ભગવાન હાર્યા હોત તો ભગવાનની શક્તિ અને સામર્થ્યનું શું થાત? પછી ભગવાન કરતા પણ રાવણની શક્તિ વધારે લેખાત.... જગત વર્ષો સુધી શું કહેત?

બીજી બાજુ એ પણ પ્રશ્નો ઉભા થાય છે કે ....ભગવાન–ઈશ્વરની જ આ બધી લીલા છે. અને ઈશ્વરની ઇચ્છાને આધીન જ બધુ થાય છે. ઇશ્વરની ઈચ્છાથી વિપરીત તો કંઈ પણ થઇ શકતુ જ નથી. થતુ જ નથી. ઇશ્વરની ઈચ્છા ન હોય તો એક ઝાડનું પાંદડુ પણ ચાલી નથી શકતુ. તો પછી સીતાપહરણની આ ઘટના ઇશ્વરેચ્છા પૂર્વક થઈ છે? કે પછી ઇશ્વરેચ્છા વિરૂદ્ધ થઈ છે? બીજી બાજુ જગત કતૃત્વવાદીધર્મોમાં એક જ માત્ર ઈશ્વર–બ્રહ્માને જ આત્મા માનવામાં આવેલ છે. તેમના મતે એક જ આત્મા છે. માટે તેઓ એકાત્મવાદી છે. બીજા બધા પ્રાણીયોમાં કોઈમાં આત્મા નથી. બીજા બધા પ્રાણીયોમાં, એજ બ્રહ્માજીનું પ્રતિબિમ્બ પડે છે. જેમ હજાર થાલીઓ કે અરીસા નીચે મૂકયા હોય અને એક સૂર્યનું હજારોમાં એક સરખુ પ્રતિબિમ્બ પડછાયો પડે છે. અને હજાર સૂર્ય દેખાય છે. એવી જ રીતે એક જ ઇશ્વર એક જ આત્મા બ્રહ્માજીનું પ્રતિબિમ્બ પડછાયો જગતના બધા જીવોમાં પડે છે. બસ માટે આખા જગતમાં એક જ આત્મા છે. બીજો છે જ નહીં.

"जीवो ममैवांशः नाऽपरः" જીવ મારો જ અંશમાત્ર છે જુદો નથી એ રીતે જીવને ઇશ્વરનો જ અંશ માન્યો છે. જુદો નથી. એટલે સૂર્યના પ્રતિબિમ્બની જેમ હજારો–લાખો પ્રાણીયોમાં ઈશ્વરનું પ્રતિબિમ્બ પડે છે. કોઇ જુદા નથી. માત્ર આભાસ થાય છે.

આ પ્રમાણેનો સિદ્ધાન્ત જો છે તો પછી રામ–રાવણના ભેદનો પ્રશ્ન જ કયાં આવ્યો? અદ્વૈતવાદીઓની માન્યતાનુસાર તો આ બધુ કંઈ જ થવું જ ન જોઇએ. પરન્તુ ભગવાન રામ રાવણ સાથે યુદ્ધ કરવા ગયા. લડયા, અને જીત્યા, રાવણને માર્યો. આ બધી વાતો તો જગ જાહેર છે. એનો શાસ્ત્રસૂત્ર–સિદ્ધાન્ત સાથે મેળ કેવી રીતે બેસાડવો? તો પછી ભગવાન રામે કોને માર્યો? અને કયાં માર્યો? બીજી બાજુ આ સીતાપહરણની ઘટનાને પણ ઇશ્વરેચ્છાનુ સારૂં કામ જ માનવુ કે પછી ઇશ્વરેચ્છાની બહારનું કામ માનવું? "इतो व्याघ्रः ततो तटी" એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી. એવી આપણી સ્થિતિ થાય? શું કરવું કઇ બાજુ જવું? આ બાજુ જઇએ તો વાઘ ખાઈ જાય, અને બીજી બાજુ જઈએ તો નદીમાં ડૂબી જવાય. એટલે બન્ને બાજુ મુશ્કેલી છે. ઈશ્વરેચ્છા મુજબનું જ કામ સીતાપહરણનું માનવા જાય તો આવુ કામ કેવી રીતે માનવું? ભગવાન–ઈશ્વર રામની પોતાની જ પત્ની સીતા અને તેનું અપહરણ પણ ઈશ્વર ભગવાન રામની ઇચ્છા મરજી મુજબ થયુ એમ જ માનવાનું છે? અને પછી યુદ્ધ પણ ઈશ્વરની ઇચ્છા મુજબ જ માનવાનું ને? અને રાવણ મર્યો એટલે પોતાનો જ અંશ જીવ મરી ગયો એમ માનવું? હજારો પ્રશ્નો ઉભા થાય છે તો શું માનવું? સત્ય શું સમજવું? શું છેલ્લે એને પણ ઈશ્વરની લીલાનું બિરૂદ આપીને ઢાલ નીચે ઢાંકી દેવી?

જો જીવ એ ઈશ્વરનો જ અંશ છે જુદો નથી. તો પછી ઈશ્વર પોતે જ શું પોતાના અંશને સમાપ્ત કરે....કે મારે? અને અભિન્ન-ભાવે રહેનાર એ અંશને મારે તો મૂળ ઈશ્વર પણ જીવતા રહે કે મરે? ભગવાન રામ દેહ છોડીને ચાલ્યા ગયા તો જગતના બીજા બધા જીવો કેવી રીતે જીવતા રહ્યા? તે બધા પણ મરી જ જવા જોઈતા હતા. જો સૂર્યમાં કંપન થાય તો હજારો થાલીઓમાં પડેલા પ્રતિબિ-મ્બોમાં પણ એકી સાથે કંપન થવું જોઇએ. એ જ પ્રમાણે ઈશ્વરમાં જે કાંઇ પણ થાય? બને તે મુજબ જગતના બધા જીવોમાં થવું જ જોઈએ ને?

## એક જીવ માનીએ તો કેમ ચાલે?...

આ અખિલ બ્રહ્માણ્ડમાં માત્ર એક જ જીવ-ઈશ્વરને માનવામાં આવે અને બીજા બધામાં જીવત્વ જ નથી. બીજા કોઇ જીવ જ નથી. ઉપાધિ ભેદ-પ્રતિબિમ્બ માત્રરૂપે ભાસમાન થાય છે.આ પક્ષના આધારે તો જગતના બધા જીવોમાં એકસમયે એક સાથે એક સરખી જ ક્રિયા થવી જોઇએ. ઇશ્વરમાં જે કંઈ થાય એજ વખતે બધા જીવોમાં પણ બધુ એક સાથે થવું જોઈએ. જો ઈશ્વર ઉંઘે તો બધા એક સાથે ઉંઘવાં જોઈએ. અને ઈશ્વર જાગે તો બધાએ એક સાથે જાગવું જોઇએ. પછી કોઈ જાગે અને કોઇ ઉંઘે આ કેમ બને? કોઈ ને સુખ અને કોઈને દુઃખ એમ ભિન્ન ભિન્ન કેમ બને? નરકમાં બધાં જ દુઃખ વેદના અને ત્રાસ ભોગવે છે અને સ્વર્ગમાં બધાજ સુખ ભોગવે એ કેમ બને? અહીંયા એક જીવની આંગળી કપાય તો જગતમાં બધા જ પ્રાણીઓની આંગળીઓ કપાવી જોઇએ. પણ એવું પણ કંઈ દેખાતુ નથી.

### અનન્ત આત્મા પક્ષ સ્વીકારો

માટે અનન્તાત્મા પક્ષ સ્વીકારીલો તો આ કોઈ સમસ્યા ઉભી જ નહીં થાય. સત્ય સ્વરૂપ એ છે કે જગતમાં અનન્તા આત્માઓ છે. આત્મા કહો કે જીવ કહો વાત એક જ છે. જીવ-આત્મા-ચેતન આ બધા પર્યાયવાચી નામો છે. સંસારમાં એક જ ઈશ્વરને મૂળ આત્મા માનીને બધામાં તેનું પ્રતિબિમ્બ માનવું અને બીજા બધા જીવોને ઈશ્વરના અંશ રૂપે માનવા એના કરતા તો વધુ સરલ સત્ય એ છે કે બીજા બધા અનન્તા જીવો તે સ્વતંત્ર જીવો છે. બધા નો આત્મા પોત-પોતાનો સ્વતંત્ર છે. દરેક શરીરમાં જીવ છે. પ્રાણ-ધારી જીવ સ્વયં પોતે પોતાના કરેલા શુભ-અશુભ કર્મોના વિપાકે સુખ-દુઃખ ભોગવે છે. નરકના જીવો પોતાના અશુભ પાપકર્મના ફળ રૂપે દુઃખ વેદના ભોગવે છે. અને શુભ પુણ્યકર્મ યોગે જે જીવો સ્વર્ગની ગતિ પામ્યા છે તે બધા ક્ષેત્ર યોગ્ય સુખો ભોગવે છે. બસ અનન્તા જીવો ૮૪ લાખ જીવ યોનિયોમાં જન્મ ધારણ કરે છે. જીવે

છે. રહે છે. અને સ્વ-સ્વ કર્મ યોગે સુખ-દુઃખ ભોગવે છે. આટલું સરલ સીધું સત્ય સ્વીકારી લેવામાં આવે તો ક્યાંય આપત્તિ જ નથી આવતી. અને ઈશ્વરનો અંશ, કે ઇશ્વરની ઇચ્છા અથવા એક જીવાત્મા વગેરે દોષ યુક્ત વિચારો માનવાના જ ન રહે.

**એક સમયે એકી સાથે ઈશ્વરની કેટલી ઇચ્છા ?**

જગત્માં જીવસૃષ્ટિ અનન્ત-અનન્ત છે. અનન્તા જીવો પ્રતિ સમય સુખ-દુઃખ ભોગવે છે. હવે જો બધાને એજ માત્ર ઇશ્વર ઇચ્છા સાથે જ જોડી દેશું અને ઇશ્વરેચ્છા વિના કોઈ સુખ-દુઃખ વગેરે કંઇ જ ન પામી શકે. કંઈ પણ આ જગત્માં થઈ જ ન શકે...આવી બધી વાત કરીએ તો એક પ્રશ્ન એ પણ થાય છે કે ઈશ્વરની ઇચ્છાઓ ક્રમશઃ ક્રમિક એક પછી એક થાય છે કે એકી સાથે જ બધી થઈ જાય છે ? શું એક જ સમયે શું ઇશ્વરને એક જ ઇચ્છા થાય છે કે પછી અનન્ત ઈચ્છાઓ એકી સાથે થાય છે ? કયો પક્ષ સાચો સમજવો ? કારણ કે જગતમાં અનન્ત-અનન્ત જીવો છે. અનન્તાની પ્રવૃત્તિઓ અનન્ત પ્રકારની છે. અનન્તા જીવોના કાર્યો ભિન્ન ભિન્ન છે. વિચારો ભિન્ન ભિન્ન છે. એક સરખી એક જ સાદૃશ્યતા આ દૃશ્ય જગત્માં તો નથી જ. તો પછી જગતના આધારે તો ઇશ્વરની ઇચ્છા એક જ સમયે એકી સાથે અનન્ત માનવી પડશે કારણ કે ઈશ્વરની ઇચ્છા વિના તો કંઈ જ થતું નથી. કંઈજ બનતું નથી. કોઈ પણ કંઈ જ કરી શકતું નથી. તો શું સમજવું ?

શું ઇશ્વરને માત્ર ઇચ્છા કરનાર મશીન જેવા માની લેવા ? અને હા માની પણ લઇએ તો ઇશ્વર અનન્ત ઈચ્છાઓ જે કરે છે તે બધી જ એક વખતે એક જ દિશામાં એક જ વિષયવાળી એક સરખી ઈચ્છા કરે છે કે વિપરીત ભાવવાળી પણ ઇચ્છા એકી સાથે કરે છે ? જે સમયે ઇશ્વર સુખની ઈચ્છા કરે શું એ જ સમયે દુઃખની પણ ઇચ્છા કરે છે કે સમયાન્તરે કરે છે ? જો સમયાન્તરે કરતા હોય અને ક્રમશઃ એક પછી બીજી ઇચ્છા કરતા હોય તો આ જગતમાં

એક જ સમયે અનન્તા જીવોમાં કોઇ સુખ–તો કોઈ દુઃખ એમ હર્ષ–શોક, બન્ને ભાવો ભોગવતા હોય છે. તો શું સમજવું ? આ પ્રમાણે જીવોના અનન્તા વિચિત્ર, વિષય અને વિપરીત ભાવોને અનુરૂપ ઇશ્વરની ઈચ્છાનો સામંજસ્ય કેવી બેસાડવો ? બીજા પણ પ્રશ્નો ઉભા થશે તે–ઇશ્વરની ઇચ્છા પ્રમાણે જગતમાં થાય છે કે જગતમાં થાય છે તે પ્રમાણે ઇશ્વરની ઇચ્છાઓ થાય છે ?

આ બેમાં કયો પક્ષ સાચો લાગે છે ? જો જગતમાં થાય છે તે પ્રમાણે ઈશ્વરને ઇચ્છા થતી હોય તો પહેલા જગતમાં કાર્યનું બની જવું અને પછી ઇશ્વરની ઈચ્છા થવી ? તો પછી થવામાં ઈશ્વરની ઇશ્વરતા શું રહી ? એમાં તો ઈશ્વરનું સામર્થ્ય હણાઈ જાય છે. અને ઈશ્વર વગર ઇચ્છાના પ્રથમ કારણ તરીકે નથી ઠરતા. શું સમજવું ? અને જો પહેલો પક્ષ સ્વીકારીએ જ પહેલા ઈશ્વરમાં ઇચ્છાઓ જન્મે છે અને પછી તે મુજબ જગતમાં કાર્ય થાય છે ? તો તે પણ વાત નથી બેસતી. કારણ કે ઈશ્વરમાં એકી સાથે એક જ સમયે પરસ્પર વિપરીત એવી અનંત ઇચ્છાઓ કેવી રીતે સંભવે ? કેવી રીતે ઉત્પન્ન થાય ? શું એક જ સમયે જ્ઞાનના પણ બે–ચાર સો–હજાર કે લાખ–કે અનન્તા ઉપયોગ સંભવ છે ? ના. એક સમયે એક જ ઉપયોગ હોય. એક સમયે એકી સાથે બે ઉપયોગ સંભવ જ નથી. થતા પણ નથી, હોતા પણ નથી. તો પછી એક જ સમયે એકી સાથે અનન્ત અને તે પણ પરસ્પર વિપરીત વિષયની ઇચ્છાઓની વાતનો કેવી રીતે માનવી ? સંભવ નથી. માટે ઇશ્વરમાં આવી અસંભાવનાઓ પરાણે શા માટે ઠોકી બેસાડવી ?

### કર્માધીન જગત સ્વીકારો

ઈશ્વરમાં આ બધી અનન્ત ઈચ્છાઓ એકે સાથે છે કે નહીં ? થાય છે કે નહીં ? તેની ખબર નથી. પણ જગતમાં અનન્તા જીવોની સુખ–દુઃખની પ્રવૃત્તિઓ જોઇને આપણે અનુમાન કરીને માની લઇએ

અને બેસાડી દઈએ છીએ કે ઈશ્વરમાં આ આ....વિષયની આટલી ઈચ્છાઓ થઈ. તો વળી પાછું જગતના કાર્યો જોઈને ઇશ્વરમાં ઈચ્છાની સત્તા માનવી પડે. આ પક્ષ સ્વીકારીએ તે ઈશ્વરેચ્છા મુજબ જ બધુ થાય છે એ મત ઉડી જાય છે.

એ રીતે દ્રવિડ પ્રાણાયામ કરવા છતાં પણ જો દોષો રહી જાય છે તો પછી એવા દોષયુક્ત ઈશ્વરેચ્છાના પક્ષને માનવાની જરૂર જ કયાં રહી? એના કરતાં કર્મ સત્તાને જ સ્વીકારી લઇએ તો કેટલુ સરલ અને સહેલુ પડે? કર્મ સત્તાને ન સ્વીકારીએ તો ઇશ્વરને એક માત્ર ઇચ્છા કરનારૂં રમકડું કે મશીન જ માની લેવું પડશે? બસ ઈશ્વર એટલે ઈચ્છા અને ઇચ્છા એટલે ઇશ્વર એમ બન્નેને પર્યાયવાચી નામો આપીને એક જ માની લેવા પડશે. અને જો એમ બન્નેને એક સ્વરૂપે, અથવા એકબીજાના પૂરક માની લેશું તો બીજા બધા જીવોમાં ઇશ્વરની આપત્તિ આવશે. કારણ કે જ્યાં જ્યાં ઇશ્વર ત્યાં ત્યાં ઇચ્છા સ્વીકારવી? કે જ્યાં જ્યાં ઈચ્છા ત્યાં ત્યાં ઈશ્વર શું સ્વીકારવું? જ્યાં જ્યાં ઈચ્છા ત્યાં ત્યાં ઇશ્વર એ પક્ષ સ્વીકારવા જતાં બીજા અનન્તા જીવો છે બધામાં ઇચ્છા છે તો પછી અનન્તા જીવોને બધાને ઈશ્વર જ માનવા પડશે. બધા જ જીવો ઇશ્વર છે. ઇચ્છા હોવાથી, ઈશ્વરની જેમ આ પ્રમાણે અનુમાનનો આકાર થશે.

શું આ માન્ય છે? ત્યાં પાછા ઇશ્વરવાદીઓ ના પાડશે. નહીં નહીં. ઈચ્છાની લગામ તો ઇશ્વરના હાથમાંથી છૂટવી ન જોઇએ. ઈશ્વરના હાથમાંથી ઇચ્છાની લગામ છટકીને જીવના હાથમાં તો જવી ન જોઇએ. તો તો કાલ ઉઠીને કોઇ જીવ જ ઇશ્વરને નચાવવા માંડશે. એટલે ઇશ્વરવાદીઓએ ઇચ્છાની લગામ ઈશ્વરના હાથમાં જ રાખી મૂકી છે. અધિકાર ભાવથી રાખી છે. બસ ઈચ્છાનો અધિકારી આ જગત્માં એક માત્ર ઇશ્વર જ હોય છે. જીવો તો કઠપુતળીની જેમ રમકડાં માત્ર છે. ઈશ્વરની ઈચ્છા મુજબ તે પુતળા-પુતળીઓને રમત રમવાની હોય છે. જીવો કંઈ જ કરતા પણ નથી. અને કરી શકવા

સમર્થ પણ નથી. તેઓ ઈશ્વરની ઈચ્છા મુજબ જ વર્તે છે. કરે છે. જાણે ઈશ્વરની ઇચ્છા શું છે એક પ્રકારની પ્રાણ શક્તિ છે. ઘોડા-કે બળદ પોતાની ઇચ્છાથી નથી ચાલતા....માલિકની લગામે બંધાયેલા છે. માલિકની ઇચ્છા મુજબ તેમને ચાલવું પડે છે. આ દૃષ્ટાંત આપીને ઈશ્વરવાદીઓ બહુ રાજી થતા-થતા આ પ્રશ્ન સ્વીકારે છે.

બધી વાત સાચી પણ.... ઘોડા-કે બળદ પણ જ્યારે પોતાની ઈચ્છા મુજબ ભાગી જાય છે? ગાડી-ગાડું પણ જ્યારે ખેંચી જાય છે? અથવા હઠીલા થઈને બેસી જાય છે અને ઘણી ચાબુકો મારવા છતાં પણ નથી ચાલતા ત્યારે માલિકની ઈચ્છા અને લગામ-ચાબુક વગેરે બધાનું શું થયું? એ વખતે શું સમજવું? ના ના. માલિકની ઈચ્છા એ વખતે એવી જ હશે? એમ? ના. ના....માલિક તો ચલાવવા ઘણું જ મથી રહ્યો છે. ઘણી ચાબુકો મારે છે છતાં પણ નથી ચાલતા ત્યારે શું સમજવું? એવી જ રીતે ઈશ્વરની ઈચ્છા તો નહીં હોય છતાં પણ જ્યારે સીતાનું અપહરણ થયું, ત્યારે શું સમજવું? અથવા તો કહી દો.... કે ના સીતાના અપહરણની પણ ઈચ્છા ઈશ્વરની જ હતી. તે કાર્ય ઉપર પણ ઇશ્વરેચ્છાની છાપ-મહોર મારીને તેને પણ ઈશ્વરની ઇચ્છા મુજબનું જ કાર્ય સ્વીકારી લો. ઈશ્વરે જ રાવણના મનમાં એવી ઈચ્છા ઉભી કરી હશે. અને પછી તે જ ઇશ્વરે યુદ્ધ કરીને રાવણને મારી નાખ્યો, અને હવે અપહરણની ઇચ્છા ઇશ્વરની બદલાઈ ગઈ અને સીતા પાછી લાવવાની ઈચ્છા થઈ ગઇ એટલે રાવણને મારીને સીતાને પાછી લઈ આવ્યા. અને એ સીતાને રાજમહેલમાં થોડા દિવસ રાખી ત્યાં ધોબીના શબ્દો ઉપર રામજીએ સીતાને પાછી કાઢી મૂકી? અહીંયા શું સમજવું? આને રામની (ઈશ્વરની) ઈચ્છા સમજવી કે પછી ધોબીની ઈચ્છા સમજવી?

આવી રીતે ઇચ્છાનો હડકવા કેટલો ભયંકર થઇ ગયો છે કે... ઇશ્વરવાદીઓ એક મિનિટ પણ ઈશ્વરને ઈચ્છા વગરના માની શકવા તૈયાર જ નથી. બસ ઇચ્છા શું ગઇ જાણે પ્રાણ જતા રહ્યા? જેમ

પ્રાણુ વગર કોઇ જીવી જ ન શકે તેમ ઈચ્છા વગર ઈશ્વરનું અસ્તિત્વ રહી જ ન શકે. એટલે ઇશ્વરનું અસ્તિત્વ ટકાવવા માટે ગમે તેવી પણ ઈચ્છા બેસાડી દેવી પડે. એટલે ઈચ્છા માની લીધી. ના ના ધોબીની ઈચ્છા નથી. ધોબીના પાસે ઈશ્વરે જ એવી ઇચ્છા કરાવી હશે? આ સ્વીકારશો કે કેમ? અને છેલ્લો ઉત્તર છે લીલા માનવાનો રહેશે.

તો તો પછી આ જગત્માં પાપ કરનારા, ખોટું કરનારા બીજા બધા જીવો એમ જ કહેશે કે.... અમે તો કંઈ કરતા જ નથી. આ બધુ ઇશ્વરની ઇચ્છા મુજબ થાય છે. ઇશ્વર અમારી પાસે કરાવે છે. પહેલા ઇશ્વરને આવી ઈચ્છા થાય છે. પાપ-ની ખોટાની, પછી તે ઈચ્છા મુજબ અમારી પાસે કરાવે છે. જો જગતના જીવો આ ઉત્તર આપશે તો ઈશ્વરવાદીઓ શું કહેશે? જો ના પાડશે કે ના. ના.... આવા પાપ કાર્યો ઈશ્વરની ઇચ્છા મુજબ નથી થતા. પાપ કાર્યો કરવાની ઈશ્વરની ઇચ્છા નથી હોતી. એ તો જીવો સ્વયં પોતે પોતાની ઇચ્છાથી કરે છે. માત્ર શુભ-પુણ્ય-સારા કાર્યો કરાવવાની પાછળ જ ઇશ્વરની ઇચ્છા હોય છે તો પછી સાબિત થઇ ગયુ ને કે ઇશ્વરની ઇચ્છા વગર પણ કામો થાય છે?

સારૂં તો પછી આ જગતમાં પાપ કાર્યો-અશુભ ખોટા કાર્યો વધારે થાય છે કે શુભ-પુણ્ય કાર્યો જગતમાં વધારે થાય છે? કહો છો? અને જો ઇચ્છા માત્રથી થાય છે એમ સ્વીકારો તો કાર્ય થવાની શક્તિ ઇચ્છામાં છે. કાર્યનું કારણ ઇચ્છા માનવું પડે. અને ઇચ્છાના કારણથી કાર્યની સિદ્ધિ થતી હોય તો આ કારણ તો સામાન્ય જીવોમાં પણ વિદ્યમાન છે. એમનામાં પણ ઇચ્છા તો છે. તો પછી ભૂ-ભૂધરાદિ કાર્યો કેમ નિર્માણ થતા નથી?

પરન્તુ જો ઇશ્વરવાદીઓ અહીંયા હા પાડે તો...બીજા જીવોને પણ ઇશ્વર કહેવા પડે, એ સમસ્યા સામે આવે છે. તો ઈશ્વરની સત્તા અને ઇચ્છા કરવાનો ઈશ્વરનો હક જતો રહે છે. એટલે ઈચ્છાની સત્તા ઇશ્વર-

માંજ માનવી પડે પરન્તુ એ પક્ષ પણ કયાં રહ્યો? ઇશ્વરમાં પણ ઇચ્છા છે. અને સામાન્ય મનુષ્યોમાં પણ ઇચ્છા છે. ઇચ્છામાં કયાં ફરક પડયો? એટલે સૃષ્ટિવાદીઓએ ભેદ કર્યો કે ઈશ્વરની ઇચ્છા સકર્મી ઇચ્છા છે. અને સામાન્ય જીવોની ઇચ્છા અકર્મી ઇચ્છા છે. એટલે ઇશ્વર ઇચ્છા કરે તો કામ થાય છે. પણ સામાન્ય જીવો ઇચ્છા કરે તો તે મુજબ કાર્ય ન થાય. આ રીતે ભેદ પાડી દીધા.

સારૂં જીવો તો આ પણ સ્વીકારવા તૈયાર છે. કારણ કે ખોટા—ખરાબ અશુભ પાપોની ઇચ્છાની જવાબદારી પણ ઈશ્વરે જ સ્વીકારી લીધી છે. એટલે અશુભ ખોટા—પાપો પણ કરાવનાર, ઈચ્છાઓ કરનાર પણ ઈશ્વર જ છે. જીવો તો નિર્દોષ છે. સારૂં થયું. જીવોનિર્દોષ છૂટયા. અને ઇશ્વરના માથે દોષનો ટોપલો આવ્યો. એટલે સામાન્ય જીવો ને તો રાજી થવા જેવું છે. જીવો તો રાજી થઇને કહી શકે છે કે અમારા માથે જ કંઈ જ નથી. કોઇ ખૂનીને પૂછીશું કે કેમ ભાઈ ખૂન કર્યું? ત્યારે એ જવાબ આપશે કે ના...ના.... મેં કંઈજ નથી કર્યું? ઈશ્વરે મારી પાસે કરાવરાવ્યુ છે. હું શું કરૂં? જો હું ઈશ્વરની ઈચ્છા મુજબ ન કરૂં તો ઇશ્વરની ઈચ્છાનું શું થાય? પછી કોણ કરે? એટલે સામાન્ય જીવોને ઈશ્વર ઉપર દયા આવે છે. ઈશ્વરની ઈચ્છા ભલે અશુભ પાપની પણ હોય તો પણ જીવો એ પાપ કરવાની તત્પરતા દેખાડે છે.

આ તો ઊલ્ટી ગંગા વહેવા માંડી? ઇશ્વર જીવો ઉપર દયા કરે એના બદલે જીવો જ ઈશ્વર ઉપર દયા ચિંતવવા માંડયા અમે અશુભ ખોટા પાપો પણ નહીં કરીએ તો ઈશ્વરની ઇચ્છાનું શું થશે? ઈશ્વરની ઇચ્છા નિરર્થક નક્કામી ન જાય એ માટે પણ અમારે પાપો કરવા જરૂરી થઈ ગયા.

આ બાજુ ઈશ્વર ઈચ્છા જ કરી શકે છે. તે ઈચ્છા મુજબ સ્વયં કંઈ જ કરી નથી શકતા માટે જ સામાન્ય જીવો પાસે પોતાની ઈચ્છા મુજબનું બધું કરાવે છે એ વાત સિદ્ધ થાય છે.

સ્પષ્ટ દીવા જેવી વાત છે કે આ સંસારમાં લાખો-કરોડો વર્ષો પહેલા પણ અને આજે ઘણા અશુભ પાપ-કર્મો સોએ એંશી-થી નેવું ટકા વધારે થતા આવ્યા છે. તો શું આ બધા કામો ઈશ્વરેચ્છા વગર થાય છે? પછી તો ઈશ્વર ઈચ્છા મુજબ શું શું થાય છે? અને કેટલું થાય છે.? શું પૃથ્વી-સમુદ્ર, ડુંગરા નદીઓ વગેરે એટલા જ કામો ઈશ્વરની ઈચ્છા મુજબના બનાવેલા માનવા? ના...તો તો વળી પાછી ઇશ્વરના હાથમાંથી લગામ કે બાજી જતી રહે...એ પણ નથી પાલવતું. માટે પાછું બધુ જ ઈશ્વરની ઇચ્છા મુજબ થાય છે. એજ પક્ષ સાચો સ્વીકારે છે. ઈચ્છા તત્વ રહેવાથી જ ઈશ્વરનું ગૌરવ રહે છે. મહત્ત્વ છે. અને ઈશ્વરની ઇચ્છા વિના કંઈ પણ નથી થતુ, નથી બનતું આ વાત એક વાર સ્વીકારાઈ ગઈ છે ભલેને ગધેડાનું પૂછડું પકડાઇ ગયું હોય પછી તો લાત ખાવા છતા પણ ન છોડવું તે ન જ છોડવું? એવી જ રીતે પાપો-કે અશુભ કાર્યો કરાવવાની ઈચ્છા પણ ઈશ્વરમાં માનવા ઈશ્વરવાદીઓ તૈયાર છે. પણ ઈશ્વરમાંથી ઇચ્છા તત્ત્વ કાઢવા તૈયાર નથી. કોણ જાણે કેમ ઈચ્છાને રાખવાથી જ ઈશ્વરનું શું ગૌરવ વધે છે? તેની સમજણ નથી પડતી.

**ઈચ્છા પક્ષ કે શક્તિ સામર્થ્ય પક્ષ?—**

બીજી બાજુ ઈચ્છા તત્વ માનવા પાછળ કેટલા પ્રશ્નો ઉભા થાય છે. સેંકડો પ્રશ્નો જેના કોઈ જવાબ નથી છતા પણ ઇચ્છા તત્ત્વ માનવું જ છે ચાલો સારૂ ...ભલે ઈચ્છા તત્ત્વને ઈશ્વરમાં માનો પણ એટલું તો કહો....કે ઈશ્વર આખા સંસારની ઉત્પતિ ઇચ્છા માત્રથી કરે છે.? શું ઇચ્છા કરવા માત્રથી કામો થઈ જાય છે? શું ઇચ્છા કાર્ય કરાવનાર શક્તિ છે કે પછી કાર્યનો વિચાર કરાવનાર માત્ર છે? જો ઈચ્છાથી જ કાર્યો થઇ જતા હોય તો પછી સામાન્ય માનવીની પણ ઈચ્છા મુજબ કાર્યો થઇ જવા જોઈએ. ઈચ્છા મહત્ત્વની છે. મોટી છે. વ્યક્તિ ભલેને સામાન્ય માનવી હોય કે પછી ઇશ્વર હોય ઇચ્છામાં ક્યાં ફરક પડે છે? તમારે તો ઇચ્છાથી મતલબ છે ને?....બસ તો જે ઇચ્છા ઈશ્વર

કરે એજ ઇચ્છા બીજા સામાન્ય જીવો કરે તો કામો થવા જોઇએ કે નહીં ? ઇચ્છાના સ્વરૂપમાં એક અક્ષરનો પણ ફરક ન પડતો હોય તો તો પછી કામો થાય કે ન થાય ? અથવા તો પછી ના પાડો કે ઇચ્છા કરવા માત્રથી કામો નથી થતા. ઇચ્છામુજબ શક્તિ પણ ફોરવવી પડે. વાપરવી પડે. સારૂં તો પછી ઇશ્વરે ઇચ્છા કર્યા પછી કઇ શક્તિ વાપરી ? કેટલી શક્તિ વાપરી ? તો પછી સંકલ્પ (ઇચ્છા) માત્રથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. એમ શા માટે. તો પછી ઇશ્વરે ઇચ્છા કરી અને તે મુજબ પોતે જાતે જ સૃષ્ટિ નિર્માણ કરી એ વાત કેવી રીતે માનવી ? કે પછી ઇશ્વર પણ સ્વાર્થી બનીને પક્ષપાત કરે છે ? શુ સમજવું ? ઇશ્વર સારૂં કાર્ય તો પોતે જાતે કરે છે. સૃષ્ટિ વગેરે નિર્માણ કરવાનું કાર્ય જેમાં યશ પ્રાપ્ત થાય એ કામ ઇશ્વર જાતે કરે છે. અને જેમાં અપયશ-અપ કીર્તિ પ્રાપ્ત થાય એવા કાર્યો એટલે ખોટા પાપકાર્યો જીવો પાસે કરાવે છે ? ઇશ્વર એવું શા માટે કરે છે ? આવી સ્વાર્થવૃત્તિથી તો પછી ઇશ્વરની ઇશ્વરતા જ કેવી રીતે ટકશે ?

બીજી તરફ માનો કે તમારો ઉપરોક્ત ઉભય પક્ષ માની પણ લઇએ તો ઇશ્વરમાં સામર્થ્ય-અસામર્થ્ય ઉભય-ધર્મોની સત્તા સિદ્ધ થઇ જશે. સૃષ્ટિ નિર્માણાદિ શુભ કાર્યો કરવાનું સામર્થ્ય ઇશ્વરમાં છે. અને અશુભ પાપાદિ કાર્યો કરવાનું સામર્થ્ય ઇશ્વરમાં નથી કારણ કે એવા કાર્યો, ઇશ્વર બીજા સામાન્ય જીવો પાસે કરાવે છે. માટે અસામર્થ્ય ધર્મ પણ ઇશ્વરમાં જ સિદ્ધ થશે. આ રીતે ઇશ્વર પરસ્પર વિરૂદ્ધ ઉભય ધર્મવાન ધર્મી થયા. અને જગત્માં અશુભ-પાપાદિ પ્રવૃત્તિ વધારે ચાલે છે. સતત નિરંતર ચાલે છે. તેના કર્તા સામાન્ય જીવો. તો પછી જીવોમાંજ કર્તાપણું આવી જશે. અને ઇશ્વર અમુક કાળ માટે અકર્તા સિદ્ધ થઇ જશે. કારણ કે સૃષ્ટિ નિર્માણ કાર્ય તો નિયત કાળમાં જ થઇ જાય છે.

**ઇચ્છા અને કાળ—**

નિર્માણનો કુલ કાળ કેટલો છે ? કેટલા વર્ષો કે મહીના કે દિવસોનો છે ? તે તો આપણને ખબર નથી. અને વેદોમાં પણ નથી

લખ્યું કે ઈશ્વરને સૃષ્ટિ રચતા આટલા વર્ષો લાગ્યા કે આટલા મહીના કે દિવસો લાગ્યા. એવો ઉલ્લેખ કોઈ પણ વેદ–વેદાન્ત સ્મૃતિ–પુરાણાદિમાં કયાંય નથી મળતો. અને કયાંથી મળે? ઇશ્વરે શરીર ધારણ કરીને કાચા પદાર્થોના યોગ–સંયોગથી સૃષ્ટિ બનાવી હોય તો કાળ લાગે ને? પરન્તુ ઈશ્વરે તો ઇચ્છામાત્રમાં જ સૃષ્ટિ બનાવી દીધી છે. એક સંકલ્પ કર્યો અને સૃષ્ટિ નિર્માણ થઇ ગઇ. પછી કાળ કયાં લાગ્યો? છતાં પણ કાળ સૂક્ષ્મ છે માટે કંઇક તો કાળ લાગ્યો જ હશે ને? સૃષ્ટિ થવામાં કેટલો કાળ લાગ્યો? એના ઉત્તરમાં એમ કહીએ છે કે જેટલો કાળ ઈશ્વરને ઈચ્છા કરવામાં–સંકલ્પ કરવામાં લાગ્યો એટલો કાળ સૃષ્ટિને થવામાં લાગ્યો? તો ઈચ્છા કરવામાં તો કેટલો ફક્ત? ૧ સેકન્ડનો જ કાળ લાગે છે. કદાચ ઈશ્વર જેવા સામર્થ્યધારીને તો એક સેકન્ડ પણ પૂરી ન લાગે. કારણ તે તો સર્વ શક્તિ સંપન્ન સમર્થ છે. પછી તો પ્રશ્ન જ કયાં રહ્યો? અને વાત પણ બરાબર છે કે... "एकोऽहं बहुस्यां प्रजायेय" હું એક છું અને બહુરૂપે થાઉં. પ્રજાની ઉત્પત્તિ કરૂં. આટલું એક વાકય શબ્દોચ્ચારરૂપે બોલવુ હોય તો હજી ? ૨ સેકન્ડ સમય લાગે. પરન્તુ ઈચ્છામાં તો બોલવાનું જ કયાં હોય છે. મનોગત સંકલ્પ જ માત્ર કરવાનો છે. તો પછી શું આટલી ઇચ્છા કરવામાં જેટલો સમય લાગ્યો એટલા જ કાળ માત્રમાં સૃષ્ટિ થઇ ગઇ? ઈચ્છા તો એક વાકય પૂરતી છે ૩–૪ શબ્દોની પરિમિત છે. પરન્તુ સૃષ્ટિ પૃથ્વી, પર્વત, સમુદ્ર, નદી–અનન્ત આકાશ, હવા પાણી વગેરે... અનન્ત પદાર્થોની છે. અનન્તા પદાર્થોથી ભરેલી છે. અને એટલે આટલી વિશાળ, છેડા–અન્ત વગરની આ સૃષ્ટિ છે. શું આટલી વિશાળ સૃષ્ટિ એક સેકન્ડ માત્રની ઈશ્વરની ઇચ્છા માત્રમાં નિર્માણ થઈ ગઇ? શું થઈ શકે? સંભવ લાગે છે કે અસંભવ? પછી બુદ્ધિના દરવાજા બંધ કરીને અંધશ્રદ્ધાથી હા માં સ્વીકારી જ લેવું?

કોઇ પણ વ્યક્તિ ઈચ્છા કરે છે અને પછી કામ કરે છે એ બન્નેમાં કાળાન્તર હોય છે. સમય લાગે છે. કાળની અપેક્ષા વિના,

કાળના અભાવમાં કોઈ કાર્ય થતું જ નથી. તો પછી, ઇશ્વર માટે આ શાશ્વત નિયમ કેમ લાગુ નથી પડતો? ઈશ્વર માટે આ નિયમ કેમ તોડવામાં આવ્યો? આવી રીતે ઇચ્છા અને કાર્ય એક સમયાવચ્છેદે કરીને માની લેવામાં બીજા કયા પ્રમાણો છે? કોઇ આધારભૂત પ્રમાણ નથી.

**ઇશ્વરની સાદૃશ્યતા—**

જે ઇચ્છા ઇશ્વર કરે છે અને કાર્યસિદ્ધિ થાય છે તે જ ઇચ્છા જીવ કરે છે તો કાર્યસિદ્ધિ કેમ નથી થતી? જો સામાન્ય જીવોમાં પણ ઇચ્છાનુસાર કાર્યસિદ્ધિ અને ઇચ્છાની સાથે જ કાર્યનિષ્પત્તિ જોવામાં આવતી હોત- આ વારંવાર જોઇને ભૂયોદર્શન કરી પ્રત્યક્ષ કર્યું હોત તો ઈશ્વરમાં અનુમાન પણ કરી શકાત. જેમ રસોડમાં ધુમ્ર- અને અગ્નિમાં જન્ય-જનકભાવ અને સહઅસ્તિત્વ વારંવાર-ભૂયો દર્શન રૂપે સેંકડો વાર જોવામાં આવે છે પછી જ પર્વતાદિ ઉપર ધુમાડો જોઈ ને અગ્નિનો અનુમાન કરી શકાય છે. એટલે અનુમાન માટે ભૂયોદર્શનના પ્રત્યક્ષની અનિવાર્યતા નિવારી શકાતી નથી.

એજ રીતે ઈશ્વરમાં ઈચ્છામાત્રમાં કાર્ય સિદ્ધિનું અનુમાન કરવા માટે પહેલા સામાન્ય જીવોમાં એનું ભૂયોદર્શન કરવું અનિવાર્ય છે. જો સામાન્ય જીવોમાં ઇચ્છા કરવા માત્રથી જ, અને ઇચ્છા કરવા જેટલા સમય માત્રમાંજ કાર્યની નિષ્પત્તિ દેખાતી હોત તો આ અનુ માનના આધારે આપણે ઈશ્વરમાં પણ ઈચ્છા માત્રથી કાર્યની સિદ્ધિ માની શકત. પરન્તુ. એવો ભૂયોદર્શન ઈશ્વરેતર કોઈ જીવમાં ક્યાંય દેખાતો નથી. સર્વત્ર અભાવ જ જોવા મળે છે. એટલા માટે લિંગ-લિંગી જ્ઞાન બરોબર ન હોય તો અનુમાન કેવી રીતે થાય? માટે ઈશ્વરમાં ઈચ્છા માત્રથી કે ઈચ્છા કરવા માત્ર સમયમાંજ કાર્યસિદ્ધિ થઇ જાય છે એ વાત નિરાધાર સિદ્ધ થાય છે. અને જો ઇચ્છામાં એવી શક્તિ હોય જેનાથી કાર્ય સિદ્ધિ થતી હોય તો તો નિયમ બનાવી શકાત કે યત્ર યત્ર ઇચ્છા શક્તિ: તત્ર તત્ર કાર્યસિદ્ધિ! જ્યાં જ્યાં ઈચ્છા શક્તિ હોય ત્યાં ત્યાં કાર્ય સિદ્ધિ થાય છે. જો આ સિદ્ધાન્ત સ્વીકારવા જઈએ તો સામાન્ય

જીવોમાં પણ ઇચ્છા શક્તિ તો છે જ તો પછી તેની જ કાર્ય સિદ્ધિ કેમ નથી દેખાતી? ઈશ્વર જે ઇચ્છા કરે છે તે જ શબ્દો વેદમાં લખેલા છે. તે જ શબ્દો વાંચીને આજે આપણે પણ ઈચ્છા કરીએ શું ઇચ્છા કરવા માત્રથી જ સૃષ્ટિ નિર્માણનું કાર્ય થઈ જશે? ભલે આપણી ઈચ્છાથી કાર્ય સિદ્ધિ થવામાં કાળાન્તર લાગે. કાળ વિલંબ થાય તો પણ ચાલશે. કાળાન્તરે કાર્યસિદ્ધિ થશે એવું પણ આપણને કહેવામાં આવતુ હોય તો પણ સારૂં. પરન્તુ લાખો કરોડો જીવો અસંખ્ય પ્રકારની ઇચ્છાઓ રોજ કરતા હોય છે કોઈની એક ઇચ્છા પણ ફળતી નથી. ઈચ્છાનુસાર કાર્ય થતા નથી તો શું સમજવું? થતા હોય તો તો ઇચ્છા ફળવાવાળા બધા જ ઈશ્વર થઇ જશે?

શું ઇશ્વર થવું સહેલું છે? કે ઇચ્છા કરતા આવડી એટલે ઈશ્વર થઇ જવાય? ના...ના...એમ જો થવાતુ હોય તો તો લાખો કરોડો-અસંખ્ય જીવો બધા ઇશ્વર જ થઈ જાય. તો કેટલી જાતની સૃષ્ટિ રચાય? કારણ કે બધાની ઈચ્છાઓ જુદી જુદી થશે, માટે સૃષ્ટિ પણ જુદી જુદી થશે. પરન્તુ આવુ થતું નથી!

**શું ઇચ્છા તપોબળથી ફળે ?**

ઇચ્છા સ્વયં જ ફળે છે? કે પછી તપોબળ આદિથી ઈચ્છા ફળે છે? જો ઇચ્છા સ્વયં ફળે છે. એ પક્ષ સ્વીકારો છો તો તો જગતમાં લાખો-કરોડો જીવો એજ અસંખ્ય પ્રકારની ઈચ્છા કરે છે. બધી જ ફળી જતે. કારણ બધાની ઇચ્છાઓ તો છે જ. બીજા પક્ષ પ્રકારે વિચારીએ તો ઇશ્વરની ઈચ્છા પણ તેમની કોઈ વિશિષ્ટ તપ સાધના ના આધારે ફળે છે. ઈશ્વરનું તપોબળ ઘણું ઊચું છે. એમ જો ઉત્તર અપાય તો, ઇશ્વરે તપ ક્યારે કર્યું? કયા જન્મમાં કર્યું? શું સૃષ્ટિ રચવા માટે જે જન્મ ઈશ્વરે લીધો એના પહેલાના ભવમાં કર્યો? તો પછી સૃષ્ટિની જ રચના થઈ ન હતી, જ્યારે કશુ જ ન હતું ત્યારે

ઈશ્વરે જન્મ લીધો અને તપ કર્યો? કેવી રીતે સંભવ છે? તો પછી તપ કરવા માટે ઈશ્વરે કોઈ શરીરની રચના તો કરી જ હશે ને? કે વિના શરીરે કર્યું? જો શરીર ધારણ કરીને કર્યું એમ કહો છો એ શરીર કયા પ્રકારનું હતું? કેવું હતું? આપણા જેવું કે દેવતા જેવું, દૈવી કે પછી પંચભૌતિક કે પૌદ્‌ગલિક આદિ કેવા પ્રકારનું શરીર હતું? જો આપણા જેવું શરીર હતું એમ કહો તો તેમને જન્મ આપનારા માતા-પિતા કોણ હતા? હતા કે ન હતા? અને શું માતા-પિતા હતા? તેમના નામો શું હતા? કારણ કે સૃષ્ટિની રચના જ ન હતી ત્યારે વળી માતા-પિતા અને ખાવું-પીવું વગેરે કેવી રીતે સંભવે? અને એ ઇશ્વરે કયુ તપ કર્યું? કઇ સાધના કરી? કેટલા વર્ષ સુધી કરી? કોની સાધના કરી? અને શું ઇશ્વર વળી બીજા ઈશ્વર-કે પરમેશ્વરની સાધના કરે તો કેટલા ઈશ્વર માનવા? ફરી અનવસ્થા દોષ આવશે? તો શું એ તપશ્ચર્યા કે સાધના કરવાથી કોઇ વિશેષ અદષ્ટ નિર્માણ થયું હશે? જેના ફળ રૂપે બીજા જન્મે ઇશ્વર ઇચ્છા માત્રથી સૃષ્ટિની લીલા કરી શકે છે? એટલે એ અદૃષ્ટના આધારે ઇચ્છા ફળે છે. એમ જો કહો તો બીજા પણ જીવો ઋષી મુનિઓ એવી તપશ્ચર્યા કે સાધના કરે તો એમનું અદષ્ટ નિર્માણ-થાય કે ન થાય? તો બીજા પણ ઋષિ મુનિ સૃષ્ટિ રચી શકે કે નહીં?

આના ઉત્તરમાં તો ઈશ્વરવાદી દાર્શનિકો ના કહેશે કારણ કે ઇશ્વરનો અધિકાર જતો રહે. ઈશ્વર વિના સૃષ્ટિ રચવાનો અધિકાર બીજા કોઈનો નથી. આ ઇજારાશાહી ખતમ થઇ જાય. એવી રીતે બન્ને બાજુથી મુશ્કેલીઓ આવે છે.

જો તપોબળ-કે સાધના જ ફળવાન હોય અને તેનું અદૃશ્ય ફળે છે તો પછી ઇશ્વરને ઇચ્છા પણ કરવાની કયાં જરૂર હતી. ઇચ્છા ન પણ કરી હોત તો પણ સૃષ્ટિ નિર્માણ અદષ્ટ ના આધારે થઇ જાત પરન્તુ એ પણ સ્વીકારવા તૈયાર નથી. આ પ્રમાણે ઈચ્છા તત્ત્વ સ્વીકારવા જતા ઘણાં પ્રશ્નોની નીચે દાર્શનિકો દટાઈ જાય છે. ફરીથી માથું

ઉંચકવાની હિંમત પણ નથી રહેતી. અને વળી ઇચ્છા સ્વીકારીને ઇશ્વરનું સ્વરૂપ વિકૃત કરી દીધું. ઇશ્વરને ઇચ્છાને આધીન, ઇચ્છાના ગુલામ બનાવી દીધા. ઈશ્વર ગૌણ પણ ઇચ્છા પ્રધાન. એ રીતે તો ઇશ્વર કરતા પણ ઇચ્છાનું મહત્ત્વ વધારી દેવામાં આવ્યું? અન્તે "ઇશ્વરેચ્છા બલીયસી" કહીને પડદો પાડી દેવામાં આવે છે.

**ઇશ્વર સશરીરી કે અશરીરી ?**

સૃષ્ટિ નિર્માણ કરવાનું આટલું મોટું કામ ઇશ્વર કરે છે ત્યારે વિના શરીરે કરે છે કે સશરીરી થઇને કરે છે. કામ કરવા માટે તો શરીરધારી હોવું જરૂરી છે. ઇચ્છાને પણ ફળવતી કરવી હોય તો પણ શરીરધારી થઇને જ કામ કરવાથી ઇચ્છાનુરૂપ કાર્ય થાય છે. કુંભારને ઘડો બનાવવાની ઇચ્છા હોય પણ પોતાનું જ શરીર ન હોય તો કામ કેવી રીતે કરી શકે? ઘડો બનાવી જ ન શકે. એટલે ઇશ્વર પણ સશરી જો માનવા જઇએ તો ફરીથી સેંકડો પ્રશ્નો ઉત્પન્ન થાય કે એ શરીર કેવું હતું? કોના જેવું હતું, આપણા જેવું માનવ દેહ હતું કે દૈવી શરીર હતું ? કે દૃષ્ટ શરીર હતું કે અદૃષ્ટ શરીર હતું ? શું હતું અને કેવું હતું ? શું સમજવું.

જો તમે એમ કહો કે અદૃષ્ટ શરીર હતું તો અદૃષ્ટ શરીરનું પણ પહેલા અસ્તિત્વ તો સ્વીકારી જ લો છોને પછી બીજી વાત જો અદૃષ્ટ શરીર હતું તો કોના જેવું અદૃષ્ટ ? વાયુનું પણ શરીર અદૃષ્ટ છે. એટલે વાયુ જેવા અદૃષ્ટરૂપવાળા હતા. એટલે વાયુના જેવા અદૃષ્ટ શરીરવાળા હતા. આ ઉત્તર આપો તો અમારે ફરી પૂછવું છે કે એ વાયુવત્ અદૃષ્ટ શરીરનું કાયપ્રમાણ, માપ, વજન, અવગાહના વગેરે કેટલી હતી ? ક્યાંય વેદ-વેદાન્ત આદિમાં લખી છે કે નહીં ? વેદમાં નથી લખ્યું માટે નથી માનવું એવો પક્ષ છે ? તો પછી શરીર કેવી રીતે માનો ? અને શરીર હોય તો શરીર તો પૌદ્ગલિક છે. પંચમહાભૂત જન્ય છે. વાયુના શરીરનું જેમ કોઈ માપ-પ્રમાણ વજનાદિ નથી. તેમ ઈશ્વરનું પણ નથી. એટલે ઈશ્વરનું શરીર કેવું માનવું ?

બીજા અદષ્ટ શરીરો ભૂત-પ્રેત-વ્યન્તરોનું હોય છે. એટલે શું ઈશ્વરનું શરીર ભૂત-પ્રેતાદિ જેવું માનવું ? એવું અદૃશ્ય ? । પણ પાછા પ્રશ્નો ઉભા થશે કે ઈશ્વર આટલા સમર્થ-અને શક્તિમાન છે અને આવું ભૂત-પ્રેતાદિ વ્યંતર જેવું શરીર બનાવે છે ? જે ઈશ્વર આખી સૃષ્ટિ સુંદર બનાવી શકે છે એ ઈશ્વરને પોતાનું શરીર બનાવવામાં શું તકલીફ ઉભી થાય ? અને પુષ્પ-પતંગિયા આદિનું કેવું સુંદર-સ્વરૂપવાન શરીર બનાવ્યું છે. જો ઈશ્વર બીજાનું શરીર આટલું સુંદર બનાવી શકતા હોય તો પછી પોતાનું તો કેવું ય બનાવે ? કેટલું સુંદર બનાવે ? જેની કોઈ કલ્પના પણ ન કરી શકે. છતાં પણ એ છોડીને ઈશ્વરને ભૂત-પ્રેત વ્યંતર નિકાયનું શરીર બનાવવું પડ્યું. એટલે ઈશ્વરને ભૂત-પ્રેતાદિની યોનિમાં ઉત્પન્ન થયેલા જાણવા. અરે ? એ યોનિ તો કેટલી ભયંકર છે ? બીહામણું શરીર હોય છે. નામ સાંભળતા પણ સ્ત્રીઓ-બાળકો ભય પામે છે. અને જો ઈશ્વરનું શરીર પણ આવું ભૂત-પ્રેત-વ્યંતરાદિ જેવું માનવામાં આવે તો લોકો ભજી ન શકે. ભય પામશે. ભગવાનના દર્શનાદિ તો અભયદાતા હોય છે. ભયદાતા ન હોય. એટલે પછી કેવું શરીર માનવું ?

તો પછી શું ઈશ્વરનું શરીર સ્વર્ગ-કે વૈકુણ્ઠવાસી ઈંદ્રાદિ દેવતાઓ જેવું માનવું ? તો ઈન્દ્રાદિ દેવતાઓ તો સ્વર્ગમાં જ વસે છે. ત્યાંજ જન્મે-અને મરે છે. અપ્સરાઓ આદિથી પરિવરેલા સુખ-ભોગો ભોગવામાં આસક્ત બની જાય છે. તો શું ઈશ્વરને પણ એવા જ માનવા ? અને જો હા તો ત્યાં કેટલા વર્ષનું ઈશ્વરનું આયુષ્ય હતું ? કારણ કે શરીર આવ્યું એટલે ઈન્દ્રિયો, આયુષ્ય, પ્રાણ, ક્ષેત્ર, યોનિ-ઉત્પત્તિ આદિ બધી વસ્તુઓ માનવી પડશે. પછી ઈશ્વરે સ્વર્ગમાં બેસીને પૃથ્વી-પર્વતાદિ બધી સૃષ્ટિ બનાવી કે શું થયું ? પરન્તુ ઈશ્વરનું આયુષ્યકાળ વગેરે વેદ વેદાન્ત-સ્મૃતિ-પુરાણો કોઈમાં આવતું નથી. લખાયું નથી.

તો પછી અન્તે એક જ માનવ શરીર શેષ રહે છે. એટલે ઈશ્વરને પણ આપણા જેવા હાથ-પગાદિવાળા મનુષ્ય-પુરુષ શરીરધારી માનવા ? એટલે માનો તો ફરી પાછી એજ પ્રશ્નોની હારમાળા આવીને ઉભી રહે. કે એ ઈશ્વર કોના થકી જનમ્યા ? કોણ મા-બાપ હતા ? એમના મા-બાપ કોણ ? એમ કેટલીય પેઢીઓ સ્વીકારવી પડશે ? તો પછી સૃષ્ટિ બનાવવા પહેલા સ્વર્ગ-વૈકુણ્ઠ અને ઈન્દ્રાદિ દેવી-દેવતાઓ અને આ પૃથ્વી વગેરેનું અસ્તિત્વ જ ક્યાંથી આવ્યું ? એ જો માનવા જાઓ તો પછી ઈશ્વરને જન્મ લેવાનું પ્રયોજન જ શું રહ્યું ? કારણ કે ઈશ્વરની ઉત્પત્તિ પહેલા જ સૃષ્ટિનું અસ્તિત્વ જ સિદ્ધ થઈ જાય છે. પછી પ્રશ્ન ક્યાં રહ્યો ? અને આપણા જેવું પૌદ્ગલિક શરીર માને તો પણ માપ-વજન, આકાર, આકૃતિ, રૂપ-સૌદર્ય, આદિ બધા પ્રશ્નો ઉભા થાય ?

અને જો આપણા જેવું માનવી શરીર ઈશ્વરનું માનો તો પછી અદૃશ્યતા ક્યાં રહેશે ? જો અદૃશ્ય શરીર ન માનતા દૃશ્ય શરીર માનો તો કોના જેવું દૃશ્ય ? કોણે જોયું છે ? જો આજ સુધી ઈશ્વરનું સશરીરી સ્વરૂપ કોઈએ જોયું હોત તો રૂપ-રંગ-સ્વરૂપનું વર્ણન તો કરત ? શાસ્ત્રોમાં લખત તો ખરા ? પરન્તુ ક્યાંય એવો પણ ઉલ્લેખ નથી મળતો. એટલે શું સમજવું ?

**સર્વવ્યાપીપણું કેવી રીતે સંભવે ?**

બીજી બાજુ ઈશ્વરને આવા દૃશ્ય-કે અદૃશ્ય શરીર ધારી સશરીરી માનવા જતા ઈશ્વરનું સર્વ વ્યાપિત્વપણું રહેશે કે નહીં રહી શકે ? શું સમજવું ? કારણ કે શરીરધારી કોઈ પણ સર્વવ્યાપી થઈ શકતો નથી. શરીર સીમિત-પરિમિત માન-ઉન્માનાદિ પ્રમાણવાળું હોય છે. માટે ગમે તે ગતિ કે જાતિનું શરીર સ્વીકારો તો તે પણ સીમિત પરિમિત જ માનવું પડશે. એટલે શરીરધારી ઈશ્વર શરીરથી તો સર્વ વિશ્વવ્યાપી બની જ ન શકે.

તો પછી ઈશ્વરનું શરીર કેવું માનવું ? સૂક્ષ્મ શરીર કે સ્થુલ શરીર ? કાર્મણ શરીર કે તૈજસ શરીર ? પૌદ્ગલિક શરીર કે

અપૌદ્‌ગલિક શરીર? દૈવી શરીર કે માનવી શરીર? દશ્ય-શરીર કે અદશ્ય શરીર? એવા ઘણાં પ્રશ્નો ઉઠશે. ન્યાય-વૈશેષિક વાદીઓ શું ઉત્તર આપી શકશે? જો સૂક્ષ્મ શરીર કહો તો આટલા મોટા વિશાળ અનન્ત સંસારની ઉત્પત્તિ કેવી રીતે કરી શકે? માટે સ્થુલ શરીર માનવું પડે? સ્થૂળ માનવું તો કેટલું સ્થૂળ માનવું? માપ-પ્રમાણ કયાંય નથી મળતા. પછી સ્થૂળ શરીર અદશ્ય કેવી રીતે હોય? એ તો દશ્ય જ હોય. તો પછી ઇશ્વરના દશ્ય એવા સ્થૂળ શરીરનું દર્શન આજ દિવસ સુધી કોઈએ કર્યું છે? જો કોઇએ પણ ભૂતકાળમાં કર્યું હોત તો કોઈ વર્ણન કરત? રૂપ-રંગાદિનું વર્ણન કરત. પરન્તુ એવું વર્ણન નથી મળતું માટે એ દશ્ય-સ્થૂળ શરીર હતું એ માનવાને આધાર નથી મળતો.

તો પછી ઇશ્વરના દર્શન કેમ નથી થતા? તે કેમ નથી દેખાતો એમાં કારણ ઇશ્વરનું અશરીરી હોવાપણું છે કે આપણને દષ્ટિગોચર નથી થતો ઈશ્વર એટલે આપણી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણતા છે? બીજી તરફ જો ઇશ્વરને અશરીરી જ માની લો તો તો મુક્તાત્માઓ, સિદ્ધ આત્માઓ જ જગતમાં એકમાત્ર અશરીરી છે. અને તેઓ અશરીરી હોવાને કારણે કોઈ પણ સૃષ્ટિ નિર્માણનું કાર્ય આદિ નથી કરતા. માટે એવો નિયમ ન જ બની શકે. કે જે જે અશરીરી છે તે તે કર્તા છે ના....સંભવ નથી. પરન્તુ જે જે સશરીરી તે તે કર્તા છે. કાર્ય કરે છે, માટે ઇશ્વર સશરીરી જ હોવા જોઇએ સૃષ્ટિ નિર્માણાદિ કાર્ય કરે છે માટે.

હવે ઇશ્વરવાદીઓ બન્ને બાજુથી ફસાયા. કારણકે અશરીરી માને તો સૃષ્ટિ કાર્ય-કર્તા સિદ્ધ નથી થઇ શકતા. અને સશરીરી માને તો કેવું શરીર એ સાબિત નથી કરતા? અને સશરીરી માને તો પાછા સર્વવ્યાપિત્વપણું હાથમાંથી ચાલ્યું જાય છે? શું કરે? મુંઝાઇ ગયાં. તો પછી શું ઇશ્વર વન્ધ્યા પુત્રની જેમ અસત્ કલ્પનારૂપ સિદ્ધ થશે કે કેમ? શરીરપક્ષનો જ નિર્ણય નહીં થાય તો પછી ઈશ્વરનો જ

નિર્ણય અધ્ધર લટકતી તલવાર જેવો રહેશે. અને ઇશ્વરની જ સિદ્ધિ નહીં થાય તો સૃષ્ટિની સિદ્ધિ, અને સૃષ્ટકર્તાની સિદ્ધિ વગેરે કેવી રીતે સંભવ થશે? એક બાજુ વાઘ અને બીજી બાજુ નદી જેવી સ્થિતિ એમની થઈ ગઇ છે. અને અન્તે આકાશાદિની જેમ ઇશ્વરની અશરીરી અવસ્થા સિદ્ધ થશે તો સૃષ્ટિકાર્ય હેતુ સિદ્ધ નહીં થાય અને જો શરીર સિદ્ધ નહીં થાય તો ઇચ્છાની સિદ્ધિ કેવી રીતે થશે? અને ઇચ્છા–કે શરીર વિના ઈશ્વર આખા જગતનો કર્તા કેવી રીતે સિદ્ધ થશે? એટલે જગતકર્તા તરીકેનું અસ્તિત્વ જ ઉડી જશે. ટકી નહીં શકે.

ઈશ્વરના શરીરનો કર્તા ઈશ્વરને સ્વયંને (પોતાને જ) માનવો કે પછી બીજાને માનવો? કારણુ ઇશ્વર પ્રથમ જો અશરીરી છે તો પછી પાછુ એનું શરીર કોણે બનાવ્યુ? શું બીજાએ બનાવ્યું? તો એ બનાવનાર બીજો કોણુ હતો? બીજાનું અસ્તિત્વ ક્યાંથી આવ્યું? એને કોણે બનાવ્યો? ત્રીજાએ. ત્રીજાને. કોણે બનાવ્યો? ચોથાએ. એવી રીતે તો અન્ત જ નહીં આવે તો અનવસ્થા દોષ રહી જશે. એ પણુ નહીં ચાલે.

**હેમચન્દ્રાચાર્યનું કથન—**

કલિકાળ સર્વજ્ઞ પૂજનીય હેમચન્દ્રાચાર્ય મહારાજા અન્યયોગ–વ્યવચ્છેદ દ્વાત્રિંશિકામા છઠ્ઠા શ્લોકમાં ઇશ્વરવાદની સમીક્ષા કરે છે અને પૂજ્ય ટીકાકાર મલ્લીષેણુસૂરી મહારાજ વિવરણુમાં લખે છે કે–

कर्ताऽस्ति कश्चिज्जगतः स चैकः स सर्वगः स स्ववशः स नित्यः।
इमाः कुहेवाक् विडम्बनाः स्युस्तेषां न चेषामनुशासकस्त्वम् ॥६॥

આ જગતનો કોઈ કર્તા–સૃષ્ટા રચયિતા છે અને તે એક જ છે, તેજ સર્વવ્યાપી છે, તે સ્વવશ જ છે, અને તે નિત્ય છે. આવા કહેનારા અન્ય તાર્કીકો જે હોય તેમને જ આ વિડંબનાઓ છે. જેના પ્રભુ આપ પૂજ્ય નથી. અનુશાસક નથી. આ શ્લોકમાં મુખ્ય પાંચ

વિશેષણો આપીને અન્ય કુતીર્થીયો દ્વારા માન્ય ઈશ્વરવાદની સમીક્ષા કરવામાં આવી છે.

સામાન્યરૂપે ઈશ્વરવાદી જેઓ જગતકર્તૃત્વવાદી તરીકે ઓળખાય છે તેમની માન્યતા એવી છે કે આ જગત–સૃષ્ટિ જેના વડે બનાવવામાં આવેલ છે તે જ ઈશ્વર છે. તે ઈશ્વર છે. તે ઈશ્વર એક જ હોય છે. બે–ચાર નથી હોતા. અને તે સર્વવ્યાપી હોય છે વ્યાપક સ્વરૂપે છે. તે સ્વવશ છે અને સદા કાળ નિત્ય રહેનાર છે. આવું ઈશ્વરનું સ્વરૂપ વર્ણવે છે. તેમનું કહેવુ છે કે उर्वीपर्वततर्वादिकं सर्वं बुध्धिमत्कर्तृकं कार्यत्वाद् । અથવા (क्षित्यंकुरादिकं सकर्तृकं कार्यत्वात् घटवत्) यद् यत्कार्यं तत्तत्सर्वं बुध्धिमत्कर्तृकं, यथा घटः तथायेदं तस्मात् तथा । यच्च बुध्धिमांस्तकर्ता स भगवानीश्वर एवेति । અર્થાત્ પૃથ્વી–પર્વત–ઝાડ–પાન વગેરે બધું જ કાર્ય સ્વરૂપ હોવાથી કોઈ ન કોઈ બુદ્ધિમાન હોંશિયાર કર્તા વડે કરાયેલું છે. અથવા પૃથ્વી–બીજ–અંકુર આદિ બધું કર્તાયુક્ત સકર્તૃક છે. કાર્ય હોવાથી ઘડાની જેમ જેમ ઘડો એક કાર્યરૂપ છે. એમ પૃથ્વી પર્વતાદિ બધુ કાર્ય સ્વરૂપ છે. અને કાર્યનું કારણ તો અવશ્ય હોવું જ જોઈએ એ ન્યાયે આ પૃથ્વી પર્વતાદિના કાર્યનું કારણ ઈશ્વર છે. જેમ ઘડાનો કર્તા કુંભાર છે. કુંભાર વિના ઘડો બનતો નથી. એજ પ્રમાણે ઈશ્વર વિના આટલી વિશાળ પૃથ્વી–પર્વત માળા વગેરે બનતા નથી. માટે કાર્યની પાછળ કોઈ ને કોઈ તો કારણ અવશ્ય માનવું જ પડે છે. એ ન્યાયે પણ પૃથ્વી–પર્વતાદિ કાર્ય સ્વરૂપ દેખાય છે. અને તેમનો કોઈ દૃશ્યમાન કર્તા બનાવનાર–રચયિતા નજરે નથી પડતો, માટે ઈશ્વરનેજ કલ્પી લેવામાં આવ્યો છે. જે જે કાર્ય હોય તે તે બધુ બુદ્ધિશાલી કર્તા વડે કરાયેલું હોય છે. જેમ ઘડા વગેરે. તેમજ આ પૃથ્વી પર્વતાદિને પણ કાર્ય માની લેવુ જોઈએ. અને તેનો બનાવનાર કોઈ બુદ્ધિમાન કર્તા છે, બસ તે જ ભગવાન ઈશ્વર છે.

**કર્તાપણું કેટલું ન્યાય સંગત છે ?**

ન્યાય વૈશેષિક જેવા તાર્કિક બુદ્ધશાલીઓને ઈશ્વરની સિદ્ધ કરવા માટે, કે ઈશ્વરની ઓળખ કરવા માટે સૃષ્ટિ રચના કરવાનું કારણ

મળ્યું ? શું ભગવાન ઇશ્વરની સિદ્ધિ માટે આના સિવાય બીજા કોઇ હેતુઓ ન મળ્યા ? જૈનોએ તો સાફ અકાટ્ય હેતુઓ આપ્યા જ છે કે જે વીતરાગ હોય. સર્વજ્ઞ-કેળવવાની હોય, તીર્થંકર હોય, રાગ-દ્વેષના વિજેતા અરિહંત હોય અને મોક્ષમાર્ગના ઉપદેશક હોય, ઘાતિકર્મ રહિત હોય તે ભગવાન ઈશ્વર કહેવાય. અરે ! ઇશ્વર તો શું પરમેશ્વર કહેવાય પરમ×ઇશ્વર=પરમેશ્વર. જૈનોએ તો ભગવાન ઇશ્વરની સિદ્ધિ કે ઓળખ કરવા માટે એવી સૃષ્ટિની રચના વગેરેની વાત કરી પણ નથી સૃષ્ટિના કર્તા હોય તેજ ઈશ્વર કહેવાય એવુ કહેનારા ન્યાય-વૈશેષિક દાર્શનિકો આ હેતું (કારણ) કેટલો સુસંગમ અને વ્યાજબી કહેવાય ? પૃથ્વી-પર્વત-ઝાડ-પાન વગેરેની સાથે ઇશ્વરને શું સંબંધ છે ? એ પદાર્થો તો જડ-પાર્થીવાદી પદાર્થો છે. એના કારણે ઈશ્વરની સિદ્ધિ ? શું સંબંધ છે બન્ને વચ્ચે શું માણસની સિદ્ધિ આકાશના આધારે થાય ? અથવા શું માટીના ઘડાના આધારે માણસની સિદ્ધિ કરવી ? પરન્તુ માટી અને માણસને લાગે-વળગે છે શું ? અને જો માટીના ઘડાના આધારે માણસની સિદ્ધિ કરવી મૂર્ખતા કહેવાતી હોય તો પછી શુ પૃથ્વી પર્વત ઝાડ-પાનાદિના આધારે ઇશ્વરનીસિદ્ધિ કરવી ડહાપણ ભર્યું કહેવાશે ? ના...ના મહામૂર્ખતા કહેવાશે કયાં ઇશ્વર અને કયાં પૃથ્વી પર્વતાદિ ? એની સાથે શું સંબંધ છે ? લેવા દેવા શું છે ? આવી રીતે પૃથ્વી-પર્વતાદિના આધારે ઇશ્વરની સિદ્ધિ કરવી અર્થાત ઈશ્વરની પણ મજાક મશ્કરી કરવા જેવી વાત છે. એવી રીતે સિદ્ધિ થવાની કે ઉપરથી ઇશ્વરની કીંમત ઘટવાની ?

માટે સમજી વિચારીને બોલો...ઇશ્વર જગતનો કર્તા છે ઉપરવાળો ઇશ્વર જ આ સંસાર બનાવનાર છે. એને જ દુનિયા બનાવી છે. એ જ ઘડવૈયો છે. એના વિના સંસાર કોણ બનાવી શકે ? એજ સૃષ્ટિનો રચયિતા છે. આ બધી વાતો સમજ્યા વિચાર્યા વગરની અજ્ઞાનની ભરેલી વાતો છે, આ વાતો બોલવાથી પણ આપણી અક્કલનું-મુર્ખતાનું પ્રદર્શન થાય છે. માટે સમજી વિચારીને બોલવું ડહાપણભર્યું છે. કંઈક બુદ્ધિપૂર્વક બોલવું યોગ્ય છે.

કુંભારની જેમ આ સંસારના પૃથ્વી-પર્વત ઝાડ-પાન વગેરે પદાર્થ બનાવે કે ન પણ બનાવે, એનાથી ઈશ્વરની ઈશ્વરતામાં ક્યાં ઉણપ આવી જવાની છે? અને એ બનાવે તોજ ઈશ્વર કહેવાશે અને ઈશ્વરની મહત્તા વધશે. અને નહીં બનાવે તો ઈશ્વરપણું જ એનામાં નહી આવે? આ કેવી વાહીયાત વાત છે.? બુદ્ધિ વિનાની વાત છે.? ઈશ્વરપણાને અને પૃથ્વી પર્વતાદિ પદાર્થોની વચ્ચે કોઈ સંબંધ નથી. કોઈ એક બીજાનું મહત્ત્વ કે માન વધારનારા નથી. અને કોઈ એક બીજાના જન્ય-જનક કાર્ય-કારણભાવ પણ નથી. જેમ પુત્રે જન્મ લઈને પિતાને પિતૃપણાની પદવી આપી. એક સ્ત્રીને માતાની પદવી આપી અને એમાં જેમ માતા પિતા પુત્રથકી પૂજાય છે અને ગૌરવ પામે એ કેવી રીતે ઉચિત કહેવાય? ઠીક છે, અહીંયા પિતા પુત્રમાં તો હજી પણ સંભવ છે કારણ કે જન્ય-જનક સંબંધ નથી. તો પછી પૃથ્વી પર્વત ઝાડ વનાદિ બનાવનારને જ ઈશ્વર શા માટે કહેવાય છે? એ બધુ બનાવે તોજ એ ઈશ્વર શા માટે કહેવાય? અને એ પૃથ્વી પવતાદિ કંઈ ન બનાવે તો ઈશ્વર કેમ ન કહેવાય? ન બનાવે તો એમનું ઈશ્વરપણું જતું કેમ રહે છે? એવો તો શું બન્ને વચ્ચે સંબંધ છે? શા માટે ઈશ્વરની કિમત પૃથ્વી--પર્વતાદિ ના આધારે આંકવામાં આવે છે? અથવા પૃથ્વી-પર્વત કે ઝાડ-પાનાદિ જેટલી જ કિંમત કરાય છે? શા માટે? આ તો ઈશ્વરની ક્રૂર મજાક લાગે છે. ન્યાય સુસંગત નહીં પરન્તુ અન્યાય અને તર્ક બુદ્ધિહીન વાત લાગે છે.

ઈશ્વરની ઈશ્વરતાનો આધાર ઈશ્વરીય ગુણો છે. અને તે વીતરાગતા, સર્વજ્ઞતા, સર્વદર્શિતા, અરિહંતતા, તીર્થંકરતા ઉપર આધારિત છે આ લક્ષણોથી કે ગુણોથી ઈશ્વરીપણું સિદ્ધ કરીએ તો એમાં ઈશ્વરનું ગૌરવ પણ જળવાય અને મહત્તા પણ વધે. ક્રૂર મશ્કરી તો ન થાય. અને એવાને ભગવાન ઈશ્વર. પરમેશ્વર પરમેષ્ઠિ માનવામાં આત્મસંતોષ અને આનન્દાનુભૂતિ પણ થાય. એજ માર્ગ પ્રશસ્ય માર્ગ છે.

તો પછી સૃષ્ટિ કોણ કરે ?...

અહીં પ્રશ્ન એ થાય છે કે ચાલો ઇશ્વરને પૃથ્વી-પર્વત-ઝાડ-પાન વગેરે કરનાર ન પણ માનીએ અને ઉપરોક્ત ઈશ્વરીય ગુણો કે લક્ષણોવાળાને ઈશ્વર માની પણ લઈએ તો પછી પૃથ્વી-પર્વતાદિની આ સૃષ્ટિ કોણ બનાવે ? આટલું મોટું જગત કોણ બનાવે ? આ સંસાર પછી કોનો બનાવેલો માનવો ?

હા....તમારી પણ વાત સાચી છે. પહેલા ઈશ્વરને આ પૃથ્વી પર્વતાદિસૃષ્ટિથી છૂટો પાડો. ઇશ્વરનું અપમાન કરવાનું બંધ કરો. પછી પૃથ્વી પર્વતાદિ સૃષ્ટિનો બનાવનાર શોધવો તે આસાન-સરલ કામ છે. એ તો સાવ સ્પષ્ટ દીવા જેવી વાત છે કે જગતના અનન્તા જીવો સ્વયં પોતાની મેળે પોતાની આવશ્યકતા ઉભી કરે છે સહયોગી નિમિત્ત કારણો મળતાં જીવો પોતે જ પોતાની મેળે વિકાસ સાધે છે શરીરાદિની રચના કરે છે એક બીજ પડયું હોય અને એને હવા પાણી પ્રકાશ અને યોગ્ય ભૂમિ મળે છે અને એ બીજ જ ફળીભૂત થઇને વૃક્ષ રૂપે વિકસે છે. એક દિવસ એ વિશાળ વૃક્ષ બની જાય છે અને એના ઉપર ફરી બીજા ફળ ફૂલ પાંદડા વગેરે લાગે છે. અને એ ફળમાંથી બીજા અનેક બીજો મળે છે અને એમાંથી ફરી બીજા સેંકડો વૃક્ષો ઉત્પન્ન થઈ શકે છે.

આ રીતે અનન્તા જીવો સ્વયં પોતે પોતાના શરીરાદિના કર્તા છે સ્વયં રચના કરે છે. માતા-પિતાના સંયોગે એક જીવાત્મા માતાના ગર્ભમાં ઉત્પન્ન થાય છે આહાર યોગ્ય પુદ્ગલો ગ્રહણ કરે છે અને એ રજ-વીર્યના સંયોગી પિણ્ડને જીવાત્મા ગ્રહણ કરીને શરીરરૂપે પરિણમાવે છે. અને સાડા નવ માસના કાળમાં વિકાસ સાધતો સાધતો દેહ રચના કરે છે. માતાના પોષક આહારમાંથી પૂરા અંગોપાંગ બધા વિકસાવીને સમય પરિપકવ થયે આ અવનિ ઉપર અવતરે છે અને વિકાસ પામતો પામતો મોટો માણુસ બને છે. અહીંયા ગર્ભ કાળથી જ ઇશ્વર કયાં વચ્ચે આવે છે? ઈશ્વરને વચ્ચે લાવવાની જરૂર જ નથી. જીવ સ્વદેહનો કર્તા સ્વયં છે.

વર્તમાન વિશ્વમાં ૬ અબજની મનુષ્યની કુલ વસ્તિ છે. બધા મનુષ્યોના મોઢા નથી મળતા એકનો ચેહરો બીજા સાથે નથી મળતો. એજ એક વેંતના મોઢામાં ૨ જ આંખો, ૨ જ કાનો છે નાક, હોઠ, દાંત, મોઢું જે છે તેજ બધાનું છે. એમાં ફરક નથી. છતાં પણ એક બીજા સાથે ચેહરો નથી મળતો. હવે ઇશ્વર આટલા બધા જુદા ચહેરા બનાવવા કયાં બેઠો ? કેટલી ડાઈઓ બનાવીને આ જાત જાતના ચહેરા બનાવ્યા ? સંભવ નથી. શા માટે ઇશ્વરને વચ્ચે સંડોવવા ? સ્વયં જીવ પોતે જ પોતાના કર્માનુસાર બધુ રચે છે. બનાવે છે. જેવા એના જન્મ-જન્માન્તરના શુભાશુભ કર્મો તેના આધારે સ્વયં રચના કરે છે. જીવો કર્માનુસાર રચના કરે છે માટે વિચિત્રતા દેખાય છે. જો એક જ ઇશ્વર સ્વ ઇચ્છાથી કરતો હોય તો આટલી વિચિત્રતા, વિષમતા કે વિવિધતા કયારેય ન દેખાય. કારણ ઈશ્વર તો દયાળુ છે. કરૂણાળુ, દયાનો સાગર, કરૂણાનો ભંડાર છે. ખ્રિસ્તીઓએ પણ કહ્યું OH God ! Thou name is Mercy. Thou are Murcyfull આપનું જ નામ દયા છે. તમે જ દયાપૂર્ણ દયાળુ છો. જો દયાળુ ઇશ્વર હોય અને સ્વ ઇચ્છા હોય તો પછી રચના કરવામાં પક્ષપાત કે ભેદભાવ કરે ખરા ? શા માટે કરે ? અને કરે છે તો સમજવું કે ઇશ્વર પણ રાગ-દ્વેષને આધીન છે. અને રાગદ્વેષ એ મોહાદિ કર્મ જન્ય છે. એટલે ઇશ્વર કર્મયુક્ત ઠરશે. અને જો કર્મયુક્ત રાગ-દ્વેષવાળાને જ ઇશ્વર કે ભગવાન માનવા હોય તો પછી મનુષ્ય પણ રાગ-દ્વેષ મોહાદિ યુક્ત છે. તે પણ પક્ષપાત કે ભેદભાવ કરે છે તો તો પછી તેને જ ઈશ્વર માની લઇએ તો શું ખોટું છે? શા માટે ઇશ્વર સુધી લાંબે જવું ? પરન્તુ ના ઇશ્વરનું અસ્તિત્વ નષ્ટ નથી કરવું ?

સારૂં ! ઇશ્વરનું અસ્તિત્વ નકારવું નથી નકારીએ તો પાછા નાસ્તિક ઠરી જઇએ, માટે ગમે તે રૂપે પણ ઇશ્વર માનવા ખરા ? નથી જોયા નથી અનુભવ્યા ? અને સિદ્ધાન્તાદિ-શાસ્ત્ર ગ્રન્થાધારે નથી સ્પષ્ટ ચિત્ર ઉભુ થતું છતા પણ મનને તો મનાવવુ જ પડશે એટલે

ગમે તેમ પણ માની લઈએ અને માનવા જતા સૃષ્ટિ રચનાનું કામજ હાથમાં આવી ગયું. એટલે એને જ માનવા બેસી ગયા ઈશ્વરને માનવામાં બીજુ કંઈ જ હાથમાં નથી આવ્યું એટલે માત્ર સૃષ્ટિ રચનાનું કામ ઈશ્વરના ગળે ફાંસાની જેમ લટકાડી દેવામાં આવ્યું છે. ઈશ્વર તો સૃષ્ટિ રચે કે નથી રચતો એ વાત તો દૂર રહી. પરન્તુ દાર્શનિકો એ તાર્કિકોએ પોતાની તર્ક બુદ્ધિ લડાવીને ઇશ્વરને જગતનો કર્તા ઠરાવી દીધો લાગે છે. એમાંથી કોઇ જોવા નથી ગયું કે ઇશ્વર સૃષ્ટિ બનાવે છે પ્રત્યક્ષ દર્શન ઈશ્વરના કર્યા નથી? પ્રત્યક્ષ જોયું નથી કે આ રીતે ઈશ્વર સૃષ્ટિની રચના કરે છે. અને પછી સૃષ્ટિ રચનાને સ્વીકારી હોય એવું પણ નથી. પરન્તુ દાર્શનિકોએ પોતાના મગજની નિપજ કાઢીને જગતને આપી દીધી હોય એમ લાગે છે. પરન્તુ પ્રત્યક્ષથી સંતોષ માનવાના સ્વભાવવાળા દાર્શનિકોએ પ્રત્યક્ષ વિના પણ અનુમાનાદિ પ્રમાણોથી કેવી રીતે સંતોષ માન્યો.

**કોણ અદૃશ્ય? ઇશ્વર ઈચ્છા કે સૃષ્ટ રચના?**


દૃશ્યાદૃશ્યનો વિચાર કરીએ છીએ ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે કોણ અદૃશ્ય? ઈશ્વર અદૃશ્ય? કે ઈચ્છા અદૃશ્ય કે પછી કાર્ય અદૃશ્ય? આના ઉત્તરમાં ઈશ્વરને અદૃશ્ય માની પણ શકાય. અને ઈચ્છા તો મનોગત પ્રક્રિયા છે, એટલે મનઃ પર્યવજ્ઞાની પણ ઇશ્વરની ઇચ્છાને જાણી શકે. અને પ્રત્યક્ષાનુભૂતિ કરી શકે છે. અંતે રહીવાત સૃષ્ટિ રચનાની. ઇશ્વર ન દેખાતો હોવા છતાં પણ ઈશ્વર એવી રીતે કાર્ય કરે કે જેમાં તેનું રૂપસ્વરૂપ જોવામાં ન આવતું હોય પણ તે જે કાર્યની રચના કરે છે તે તો અદૃશ્ય ન હોય? તે તો દૃશ્ય થઈ શકે છે? ઇચ્છા માત્રથી જાદુગરની જેમ સ્વીકારવાની વાત જો હોય તો જેમ જાદુગર એક જાદુ કરીને બતાવે છે તેમાં પ્રયોગ અદૃશ્ય દેખાય છે. અને અન્તે કાર્ય દૃશ્ય થઈ જાય છે. શું એવી રીતે ઈશ્વર પણ કામ કરે છે. જાદુગર એક છોકરીને કાપીને ૩-૭ ટુકડા કરીને

દેખાડે છે. પરન્તુ કપાવાની ક્રિયાનું રહસ્ય નજર સમક્ષ નથી આવતું. પરંતુ કપાયેલા અંગો દેખાઈ આવે છે. અને આ હાથ ચાલાકીનો ભલભલાને ખ્યાલ નથી આવી શકતો. શું અહીંયાં સૃષ્ટિ રચનાના ક્ષેત્રમાં ઈશ્વર વિષે પણ એમ જ સમજવું? કરાતું કાર્ય દેખાય કે થઇ ગયા પછીનું કાર્ય દેખાય? ન્યાય-વૈશેષિક દર્શનવાદીઓએ તો થઈ ચુકેલા કાર્યને જોઇને કારણના અનુમાન તરીકે આ કાર્યનો કર્તા ઈશ્વર હશે એમ માની લીધું છે. કાર્યની પાછળ કારણનું હોવું જરૂરી છે. "कार्य नियत पूर्ववृत्तित्वं कारणम्" કાર્યની ઠીક પાછળ રહે તે કારણ આ નિયમાનુસારે પણ પૃથ્વી-પર્વત-ઝાડ-પાનાદિ સૃષ્ટિરૂપ કાર્યની પાછળ ઇશ્વરને જ કારણ માનવાની કયાં જરૂર પડી? શું ઈશ્વર નિયતપૂર્વવૃત્તિ છે કે તેને ઝાડ-પાનાદિનો પોતાનો જીવ પ્રથમ દૃષ્ટિએ પહેલા નિયત-પૂર્વવૃત્તિ છે? ઈશ્વર અને જીવ એમાંથી કોણ કાર્યની વધુ નજદીક છે? ન્યાયવૈશેષિકાદિ જગતકર્તૃત્વવાદી દાર્શનિકોની આ વિષયમાં મોટી ભૂલ એ થઈ ગઈ છે કે તેમને તે તે ઝાડ-પાન પૃથ્વી આદિના પોતાના સ્વરૂપના જીવોને સ્વીકાર્યા જ નથી. તેમાં પણ જીવત્વ છે. તે પણ જીવધારી છે. અને તેનો જીવ જ સ્વયં હવા-પાણી વગેરે લઈ ને વધે છે. વિકસે છે અને વિશાળ મોટા સ્વરૂપે થાય છે. જે જીવની જેટલી અવગાહના સંભવ હોય તેટલી બનાવે છે.

પૃથ્વીમાં પણ પૃથ્વીકાયિક જીવો છે. તે પાર્થિવ જીવો પોતાના શરીરની રચના પત્થર-માટી આદિરૂપે કરે છે. પાણીને અપ્કાયિક જીવ કહેવામાં આવે છે. અપ્કાયના જીવોનું શારીરિક સ્વરૂપ પાણી છે તે સૂક્ષ્મ સ્વરૂપે આવીને તેમાંજ જન્મે છે. અગ્નિકાયિક જીવો અગ્નિમાં જન્મે છે. હવા પણ વાયુકાયિક જીવોનો સમૂહાત્મક પિણ્ડ છે. તેમાં પણ વાયુકાયિક સૂક્ષ્મ જીવો જ છે. વનસ્પતિકાયિક જીવો ઝાડ-પાનરૂપે પોતાનું શરીર બનાવે છે. અને તે પણ-હવા-પાણી-વગેરે જીવનોપયોગી વસ્તુઓ મેળવે છે. શરીર રચના કરે છે. બનાવે છે, અવગાહના પ્રમાણે શરીર વિસ્તારે છે. આયુષ્ય પરિમિત કાળ પ્રમાણે જીવે છે. અને એક

દિવસ જીવન સમાપ્ત કરીને આયુષ્ય પૂરું થતા ઝાડ–પાન તરીકેનો પોતાનો દેહ છોડીને ચાલ્યા જાય છે. પછી તો માત્ર આ જડ પુદ્‌ગલ રહી જાય છે. કારણુ કે જીવે જડ પુદ્‌ગલ પરમાણુઓ ગ્રહણુ કરીને જ આ શરીર બનાવ્યું હતુ અને આયુષ્યકાળ સમાપ્ત થતા એ શરીર પાછું છોડીને ચાલ્યા જાય છે. જેમ આપણે મનુષ્યો જીવ કહેવાઈએ છીએ એવી જ રીતે એ પણુ વનસ્પતિકાય–પૃથ્વીકાય આદિના જીવો કહેવાય છે. અને આપણે જેમ આયુષ્ય કાળસમાપ્ત થતા આ દેહને છોડીને ચાલ્યા જઈએ છીએ તેમજ તે જીવોનો પણુ આયુષ્ય કાળ છે. એક શરીરમાં નિયત કાળ સુધી જીવનો રહેવાનો કાળ તે આયુષ્ય કાળ કહેવાય છે. અને આ આયુષ્ય પૂર્વ જન્મે બંધાયેલા કર્મના આધારે છે. કર્મ બાંધનારનો જીવ સ્વયં છે. જીવ વિના બીજો કોઈ કર્મ બાંધી શકતો નથી લોહચુંબક જેમ સ્વયં લોહની રજકણો વગેરે આકર્ષીને ગ્રહણુ કરે છે. તેજ રીતે જીવાત્મા સ્વયં પોતાના રાગ–દ્વેષના આધારે બહારી વાતાવરણુમાંથી કાર્મણુ વર્ગણુાના પુદ્‌ગલ પરમાણુઓ ખેંચીને તેને પિણ્ડ રૂપે બનાવે છે. અને કાળાન્તરે તે કર્મના વિપાકોદયે જીવ તે પ્રમાણે વર્તે છે. કરે છે. એટલે જીવ સ્વયં કર્તા છે. કર્તાપણુામાં સંસારાવસ્થામાં કર્મ તેનું મુખ્ય કારણુ છે.

સૂક્ષ્મથી લઈને સ્થુલ કક્ષાના તથા નાનાથી લઈને મોટી કક્ષાના ઘણુા પ્રકારના જીવો સંસારમાં છે. સંક્ષિપ્ત કોષ્ટકથી જોતા ખ્યાલ આવી જશે.


ત્રસ જીવ
સ્થાવર જીવ
પૃથ્વીકાય
અપ્કાય
તેઉકાય
વાયુકાય
વનસ્પતિકાય
સૂક્ષ્મ
બાદર
સૂક્ષ્મ
બાદર
સૂક્ષ્મ
બાદર
સૂક્ષ્મ
બાદર
સાધારણ
પ્રત્યેક
સુક્ષ્મા
બદર
વિકલેન્દ્રિય
સકલેન્દ્રિય
પંચેન્દ્રિય
૨ ઈન્દ્રિયવાળા
કૃમિ-અળસિયા
૩ ઈન્દ્રિયવાળા
કીડી-મકોડા
૪ ઈન્દ્રિયવાળા
માખી-મચ્છર
તિર્યંચ
મનુષ્ય
દેવ
નારક
જલચર
સ્થલચર
ખેચર
ભવનપતિ
વ્યંતર
જ્યોતિષ્ક
વૈમાનિક
૭ નરકના નારકી જીવો
૧૫ કર્મભૂમિજ
૩૦ અકર્મભૂમિજ
૫૬ અંતર્દ્વિપજ

આ પ્રમાણે સંક્ષિપ્ત કોષ્ટક જોતા ખ્યાલ આવશે કે સમસ્ત બ્રહ્માન્ડમાં વસેલી કે રહેલી જીવસૃષ્ટિ આટલી જ છે. આટલા પ્રકારની છે. સૂક્ષ્મ અને સ્થુલ શરીરાદિવાળા તેમજ પર્યાપ્તા અને અપર્યાપ્તા આદિ બધા ગણુતા કુલ ૫૬૩ પ્રકારના જીવો સમસ્ત બ્રહ્માન્ડમાં છે. એનાથી વધારે પણુ નથી. અને ઓછા પણુ નથી. ચાર ગતિમાં વિભાજન કરતા તેની સંખ્યા આ પ્રમાણે થાય છે—

૩૦૩ પ્રકારના મનુષ્યો
મનુષ્ય ગતિ →

૧૯૮ પ્રકાર દેવતાઓના
← દેવગતિ



૪૮ પ્રકાર તિર્યંચના
તિર્યંચગતિ →

૧૪ પ્રકાર નારકીઓના
← નરકગતિ

૩૦૩+૧૯૮+૪૮+૧૪=એમ કુલે ૫૬૩ પ્રકારના જીવો આ સમસ્ત જગત્માં છે. તે આ જગતમાં વહેંચાયેલા છે. બસ આ સિવાય બીજી કોઈ જીવ સૃષ્ટિ જ નથી. આટલા જીવોમાં પૃથ્વી–પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના બધા સૂક્ષ્મ અને સ્થૂળ જીવો પણુ સમાઇ ગયા. આ બધામાં-જીવત્વ છે. પ્રાણુ છે. તેમનું પોતાનું આયુષ્ય છે. અને તે આયુષ્ય તે તે જીવો પૂર્વ–પૂર્વ જન્મથી લઇને બાંધીને આવે છે. અને આ જન્મમાં તેટલા કાળ સુધી જીવે છે. પોત પોતાના શરીરની રચના કરે છે પૃથ્વી–પાણી અગ્નિ–વાયુ–વનસ્પતિ તરીકે ઓળખાતા આ બધા જીવો જગતના ઉપ-યોગમાં આવે છે. માનવના વપરાશમાં વપરાય છે. અને જ્યારે આ જીવસૃષ્ટિ આયુષ્યકાળ સમાપ્ત કરીને દેહ છોડીને ચાલ્યા જાય છે. ત્યારે શેષ બચી રહેલા તેમની કાયાના અવશિષ્ટ પુદ્ગલ પરમાણુઓ જે જડ છે તેને આપણે પંચમહાભૂત તરીકે માનીએ છીએ પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–આકાશએ પાંચને પંચ મહાભૂતની સંજ્ઞા આવી છે. એમાંથી વનસ્પતિને બાકાત રાખી છે. એ મહાભૂતો જડ છે. પરન્તુ જડ ક્યારે

કહેવાયા ? કે જ્યારે તે તે જીવો તેમના દેહને છોડીને ચાલ્યા ગયા અને તેમના કલેવર સ્વરૂપે નિર્જીવ કાયા માત્ર પડી રહી, હવે તેમાં જીવ નથી રહયો. એટલે આપણે જડ રૂપ કામે લીધું.

જીવ કર્તા કે ઈશ્વર ?

આ પ્રમાણે જીવો કર્તા રૂપે સિદ્ધ થાય છે. ઈશ્વર નહીં. સંસારી જીવ કર્માધીન છે. તે સ્વ-સ્વકર્મને આધીન રહેલા જીવો પોત-પોતાની રીતે જન્મ-જીવન-મરણ ધારણ કરે છે. આવે છે. અને જાય છે. દેહને પુદ્દગલ સ્વરૂપે અહીં છોડી દે છે. અને તે જ પુદ્દગલ સ્વરૂપ પરમાણુઓને બીજા બીજા જીવો આવીને ફરીને ગ્રહણ-ધારણ કરે છે. અને ફરી બીજા જીવ તરીકે તેનો વ્યવહાર ચાલે છે. જન્મે છે. જીવે છે. અને મરે છે. આવે છે અને જાય છે ગત્યન્તર, કાળાન્તર, વગેરે બધુ થાય છે. આ બધુ જીવ સ્વંય સ્વ-સ્વ કર્માનુસારે જ કરે છે. પછી ઇશ્વરની વચ્ચે આવશ્યકતા જ ક્યાં પડી ? સંસારી જીવને જ સ્વકર્મનો કર્તા-ભોકતા વગેરે સ્પષ્ટપણે કહ્યો છે.

यः कर्ता कर्म भेदानां, भोक्ता कर्म फलस्य च ।
संसर्ता परिनिर्वाता स ह्यात्मा नान्य लक्षणः ॥

પૂજનીય હરિભદ્રસૂરી મહાત્મા ષડ્દર્શન સમુચ્ચયમાં સ્પષ્ટ પણે જણાવે છે કે-જે સ્વંયકર્મનો કર્તા છે અનેતેના ફળનો ભોક્તા પણ પોતે જ છે. ચારે ગતિમાં જનાર-આવનાર, જન્મ-મરણને ધારણ કરનાર જ છે. તે જ આત્મા છે. તે સિવાય બીજો કોઇ જડાદિ આત્મા નથી. આથી જીવ સ્વંય જ કર્મનો કર્તા-અને ફળનો ભોક્તા સિદ્ધ થાય છે.

આ નિર્દોષપક્ષ માનવામાં જ સત્યતા અને વાસ્તવિક્તા રહેલી છે. પછી ઈશ્વરને કે ઇશ્વરની ઇચ્છાને વચ્ચે લાવવાની જરૂર જ ક્યાં પડી. સ્પષ્ટ પ્રત્યક્ષ કારણને નજર સામે જોવા છતાં તેને ન સ્વીકારતા અનુમાનાદિ કરીને ઈશ્વરને સૃષ્ટિના કર્તા સિદ્ધ કરવાની દ્રવિડ પ્રાણાયામની ઉલ્ટી યાત્રા કરવાની જરૂર જ ક્યાં પડી ? ઈશ્વરને આ સૃષ્ટિનો કર્તા

માનવા જતા એક તરફ તો ઈશ્વરનું મહત્ત્વ ઘટી જાય છે, બીજી તરફ ઇશ્વરનું સ્વરૂપ જ વિકૃત થઈ જાય છે, ત્રીજી તરફ ઈશ્વરના માથે દોષના માટલા ધોવાતા હોય અને છતાં પણ ઈશ્વર નિર્દોષ કર્તા રૂપે કસોટી ઉપરથી પસાર થઈ શકતા જ નથી, કોઈ પણ રીતે, કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થઈ શકતા જ નથી માત્ર એક જીવ જ સ્વયં કર્તા તરીકે સિદ્ધ થાય છે. અને તે સ્વકર્માનુસારે કરે છે તે પ્રમાણે થાય છે. પછી ઇશ્વરને વચ્ચે લાવવા એ ડહાપણ ભર્યું કામ નથી.

માટે ન્યાય–વૈશેષિકોનું કહેવું કે માનવું, અને અનુમાનનું જે સ્વરૂપ ઇશ્વરને સિદ્ધ કરવા માટે આપ્યું છે તે નિર્હેતુક સિદ્ધ થઈ જાય છે. ક્ષિત્યંકુરાદિકં સર્વં કર્તૃજન્યં, કાર્યત્વાત્, ઘટવત્. આ અનુમાનમાં પૃથ્વી–પર્વત–નદી–નાળા–ઝાડ–પાન–પાણી–અગ્નિ આદિ બધા જ પદાર્થો તે તે કક્ષાના, તે તે કાયાના જીવો તેમાં રહીને સ્વ કર્માનુસારે બનાવે છે. નિર્માણ કરે છે. પછી અદૃશ્ય કારણરૂપે ઇશ્વરને વચ્ચે લાવીને તેના હાથ કાદવથી રંગવા કરતા તો દૃષ્ટ સ્પષ્ટ પ્રત્યક્ષરૂપે જીવને જ કર્તા માનવામાં ક્યાં કોઈ બાધ આવે છે? ઝાડ–પાન–વનસ્પતિના જીવોની સિદ્ધિ તો આજે જડ વિજ્ઞાન પણ માનતો થઈ ગયો છે. અને વનસ્પતિમાં પણ જીવ છે. The Plant have a Life એમ કહેવા માંડ્યા છે. એક બીજમાં વનસ્પતિનો જીવ છે. તેને હવા–પાણી–પ્રકાશાદિનો સંયોગ મળતા તે પણ જીવે છે. જમીનમાં પાણીનો–ખાદનો આહારાદિ ગ્રહણ કરીને અંકુરરૂપે વધે છે. અને તેની ગ્રોથ વધે છે. આગળ વધતા વધતા થડ–ડાળી–પ્રશાખા, પાંદડાં, ફળ-ફૂલ વગેરે બધા અંગો તૈયાર થાય છે. આટલી ગ્રોથ ક્યાંથી વધી? જડ પડ્યો પડ્યો વધે છે કે જીવ? જડમાં શું વધવાનું છે? હજારોવર્ષો સુધી પણ રહે તો પણ ઇંટ–ચૂનો–પત્થર–મકાનાદિ કંઈ વધતા નથી. હવે જડ પુદ્ગલ પદાર્થરૂપે છે. માટે ન વધે. જ્યારે જીવમાં વૃદ્ધિ–હાનિ–વિકાસ ક્ષમાદિ બધું જ વધ–ઘટ ના પરિવર્તનો થાય છે.

મકરાણાની આરસ-માર્બલની ખાણ જૂઓ.' ત્યાંથી આરસ-માર્બલ-પત્થરાદિરૂપે નીકળે છે. ખાણ ખલાસ થઈ જતા તેને માટીથી પાછી પૂરી દેવામાં આવે છે. અને ફરી પાછો વરસાદ પડે છે. પાણી ભરાય છે. પૃથ્વીકાયના પાર્થિવ જીવો ફરી ફરીને એ જ ઉત્પત્તિ સ્થાન સ્વરૂપ સ્વ યોનિમાં આવીને જન્મે છે. શરીર રચના કરીને વિશાળ બનાવે છે. અને એમ કરતા સો-બસો વર્ષે પાછી ખાણ ભરાય છે. અને ફરી ખોદતા તેમાં આરસ-માર્બલ નીકળે છે. આ રીતે જ ક્રમ ચાલે છે. હવે કયાં ત્યાં વચ્ચે ઇશ્વર આવ્યા? જીવ સ્વયં જ સ્વકર્માનુસારે જાય છે અને બનાવે છે. જીવે છે? આટલી સ્પષ્ટ દીવા જેવી પ્રત્યક્ષ વાત આંખ સામે હોવા છતાં તે છોડીને પૃથ્વી-પર્વતાદિ બનાવનાર ઇશ્વરને અલગ રૂપે માનવા એ કેટલી બુદ્ધિમત્તા છે? એના કરતા તે તે જીવને જ સ્વ-સ્વ કર્મ-ધર્મ જન્મ-મરણ-જીવન વગેરેનો કર્તા માની લઇએ તો કોઈ દોષ નથી રહેતો. પૃથ્વી-પર્વતાદિ તો પાર્થિવ પદાર્થો જ છે. અને પાર્થિવ પૃથ્વી-પર્વતાદિ બનાવનાર પૃથ્વીકાયિક જીવો પોતે જ છે. એવી રીતે પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ આદિ સર્વેને જીવજન્ય જ માનવામાં બુદ્ધિમત્તા છે. ઇશ્વર જન્ય માનવા જતા ઇશ્વરનું જ સ્વરૂપ નષ્ટ થઇ જાય એમ છે.

**સિદ્ધાંતોનો પરસ્પર વિરોધ—**

ન્યાય-વૈશેષિકમતાદિ જગત્ કર્તૃત્વવાદી દર્શનો અને એવી માન્યતા ધરાવતા લોકોના પરસ્પર વિરોધી વાકયો સિદ્ધાંતોની પ્રરૂપણા વખતે થાય છે. એક તરફ ઇશ્વરને ઉત્પન્ન થનાર બતાવ્યો. એ સુવર્ણ ઇંડામાંથી વિરાટ સ્વરૂપને ઉત્પન્ન થનાર બતાવ્યો. અને પછી તેને નિત્ય બતાવ્યો. શું જે ઉત્પન્ન થાય છે તે નિત્ય રહે છે? કે અનિત્ય રહે છે? શાશ્વત સિદ્ધાંત મુજબ તો જે ઉત્પન્નશીલ છે તે વિનાશશીલ છે. અનિત્ય છે. અને જે અનુત્પન્નશીલ છે તે સદાકાળ નિત્ય શાશ્વત છે તે અવિનાશી છે. જે ઉત્પન્ન થાય છે તે જ નષ્ટ થાય છે. અને જે કયારેય ઉત્પન્ન જ નથી થતો તે સદાકાળ નિત્ય શાશ્વત રહે છે. તે કયારેય નષ્ટ જ નથી થતો.

સંસારમાં આ બન્ને સ્વરૂપના દ્રવ્યો છે, આત્મા અનુત્પન્ન દ્રવ્ય છે. આત્માને ઈશ્વરે નથી બનાવ્યો. માટે આત્મા ઉત્પન્ન દ્રવ્ય નથી. એથી જ નષ્ટ થનાર નથી. સદાકાળ શાશ્વત અજર અમર રહેનાર છે. માત્ર તે તે જન્મમાં જવા માટે તે તે શરીરમાં આત્માને ઉત્પન્ન થવું પડે છે. તે દેહોત્પત્તિ છે. દેહમાં ઉત્પન્ન થવાપણું. પરન્તુ આત્માની ઉત્પત્તિ નથી. એવી જ રીતે બ્રહ્માણ્ડ–ચૌદરાજ લોક, તથા ધર્માસ્તિ-કાય–અધર્માસ્તિકાય, આકાશ, પરમાણુ આદિ પદાર્થો સદાકાળ નિત્ય શાશ્વત છે માટે ઉત્પન્ન દ્રવ્યો નથી. અનુત્પન્ન અવિનાશી દ્રવ્યો છે, એક તરફ ઈશ્વરને ઉત્પન્ન થનાર માને તો પછી નિત્ય પક્ષ ક્યાંથી બેસશે? ક્યાંથી સાચો કરે? અને ઈશ્વરને નિત્ય ન માને તો વિનાશી નષ્ટ થનાર તત્ત્વ માનવો પડે. તેમાં દોષ લાગે છે તો તો ઈશ્વરની ઈશ્વરતા નષ્ટ થઈ જાય. સ્વરૂપ સમાપ્ત થઈ જાય. અને ઈશ્વર જ જો નષ્ટ થઈ જાય તો પછી સૃષ્ટિ બનાવે કોણ? એટલે ઈશ્વરને નિત્ય માન્યા જો નિત્ય માન્યા તો ઉત્પન્ન થનાર શા માટે માન્યા?

અને ઉત્પન્ન તથા નિત્ય બન્ને પ્રકારના ઈશ્વર માનવા હોય તો ઈશ્વરના ઉત્પન્ન–નિત્ય બન્ને ધર્મો–સ્વરૂપો માનવા પડશે. એક ઈશ્વર તો નિત્ય સ્વરૂપે બ્રહ્માજી છે. અને બીજા તેમને ઉત્પન્ન કરેલા વિરાટ પુરૂષ–સૃષ્ટિની રચના કરે છે તે ઈશ્વર. આ રીતે પાછા બે ઈશ્વરોની સત્તા ટકરાશે. તો આમાં કયા ઈશ્વરને સર્વજ્ઞ શાશ્વતા ગણવા? ઉત્પન્ન વિરાટ પુરુષ તરીકેના ઈશ્વર સર્વજ્ઞ છે કે અનુત્પન્ન મૂળ ઈશ્વર બ્રહ્માજી? એટલે બ્રહ્માજીને સર્વજ્ઞ માનવામાં અને વિરાટ પુરૂષને સર્વજ્ઞ ન માનવામાં આવે તો પછી તે સર્વજ્ઞતાના અભાવમાં સૃષ્ટિની રચના કેવી રીતે કરશે? અને જે સર્વજ્ઞ નથી અલ્પજ્ઞ છે એવા ઈશ્વર જો સૃષ્ટિની રચના કરશે તો આ સૃષ્ટિમાં કેટલો દોષો રહી જશે? અલ્પજ્ઞને બધી સૃષ્ટિ રચના કરવાની જવાબદારી સોંપી અને સર્વજ્ઞ ઈશ્વર એમના એમ બેસી રહ્યા છે. તો પછી અલ્પજ્ઞ શું

શું વારંવાર સર્વજ્ઞને પૂછવા જશે ? વારે વારે પૂછીને પછી સૃષ્ટિ બનાવશે ? અહીંયા શું કરવું ? અહીંયા શું કરું ? કેવી રીતે કરું ? કેમ કરું ? વગેરે હાસ્યાષ્પદ સ્થિતિ સર્જાશે,

નિત્ય પક્ષ માનવામાં દોષો—

જગત્ કતૃત્વવાદિઓ ઇશ્વરને નિત્ય માને છે. ચાલો ઘડીભર આ પક્ષ પણ વિચારી લઇએ. માનો કે ઈશ્વર નિત્ય હોય તો પછી તે સૃષ્ટિ રચના કાળે જ સૃષ્ટિ બનાવે કે સદાકાળ સૃષ્ટિ રચના કરતો જ જાય ? શું સમજવું ? અને સદાકાળ સૃષ્ટિ રચના જ કરતો જાય તો પછી અનન્તા કાળ વિત્યા છતા પણ હજી સુધી સૃષ્ટિ પૂરી રચાઇ નથી. બની નથી. અધૂરી જ છે એમ જ કહેવું પડેને ? કે પછી શું માનવું ? સદાકાળ ઇશ્વર સૃષ્ટિ રચે તો પછી સદાકાળ ઇશ્વરના મનમાં ઇચ્છાઓ પણ ચાલતી જ રહે ને ? એટલે ઇચ્છા ઓછી કે વધારે છે કે સૃષ્ટિ રચનાના પદાર્થો–કાર્યો વધારે છે. જો સદાકાળ રચતા જ રહે છે એમ માનવા જઇએ તો ઇશ્વરેચ્છા અને સંકલ્પ માત્રથી એક જ વખતે સૃષ્ટિ રચાઇ ગઈ કેમ માનવામાં આવે ? અને જો ન માનીએ તો ઇશ્વરેચ્છા બલીયસી એ પક્ષ નષ્ટ થઈ જાય. તો પછી સંકલ્પ કે ઈચ્છા કરવા માત્રથી શું નિર્માણ થયું ?

આખી સૃષ્ટિ કે અર્ધી સૃષ્ટિ ? આખી કેમ ન થઈ ? અર્ધી જ કેમ થઇ ? શું ઇશ્વરની ઈચ્છાજ અર્ધી હતી ? માટે અર્ધી સૃષ્ટિ નિર્માણ થઇ ? અને જો આખી કે સૃષ્ટિ જ અધુરી બની ? એટલે એમ જો કહો કે ઇશ્વરેચ્છા જ અધૂરી હતી તો પછી ઈશ્વરને નિત્ય રહેવાની શું જરૂર ? હવે પછી ક્યાં સૃષ્ટિ રોજ રોજ બનાવવી છે ? અને જો રોજ રોજ બનાવતો જ જાય છે તો પછી પ્રથમ વખતે ઈચ્છા માત્રથી આખી સષ્ટિ નિર્માણ થઇ ગઈ એમ નજ કહેવાય અને ન થઇ તો કેમ ન થઈ ? શું ઇશ્વરેચ્છા અધૂરી હતી. તો પછી ઇશ્વરની સર્વજ્ઞતામાં શંકા જાય. સર્વજ્ઞ હોય અને અધુરી ઈચ્છા કેમ કરે છે ? બધાજ પદાર્થો ને દ્રવ્ય ગુણ–પર્યાયોને જાણે તે સર્વજ્ઞ કહેવાય. તો પછી સર્વજ્ઞ

ઈશ્વરને એકસાથે બધાજ પદાર્થો ઉત્પન્ન કરવાની બધીજ ઈચ્છા કેમ ન થઈ? અને જો બધી જ ઈચ્છા એકી સાથે ઉત્પન્ન થઇ એ પણ માની લઈએ તો પછી બીજી બાજુ તેના પરિણામ સ્વરૂપે સંકલ્પમાત્રમાં આખી સૃષ્ટિ બની કેમ ન ગઈ?

શું ઈશ્વરની ઈચ્છા કરવા છતાં પણ સૃષ્ટિના બધા કાર્યો એને એજ ઘડીએ નિર્માણ નથી થતાં? પૂરા નથી થતાં? તો શું સમજવું? કાં તો ઇશ્વરની ઇચ્છા અધૂરી અથવા તો ઈશ્વરનું સામર્થ્ય ઓછુ પડ્યું? સામર્થ્ય પૂરૂં નહીં તેનું શું કારણ? સામર્થ્ય શું તપ તપવાથી કે સાધના કરવાથી થયું? શેનાથી થાય છે? તો પછી ઇશ્વરે કોની સાધના કરી? શું શું સાધના કરી કે જેનાથી સૃષ્ટિ નિર્માણ કરી શકે છે. અને જો સામર્થ્ય ઓછું પડ્યું તો હવે ઈશ્વર શું કરશે? પાછા તપ તપવા કે સાધના કરવા જશે કે ક્યાં જશે? અને કેવી રીતે સૃષ્ટિ બનાવશે? જો બનાવશે તો અધુરા સામર્થ્યથી અધુરી સૃષ્ટિ બનાવશે અને અધુરૂ સામર્થ્ય હશે અને બનાવશે તે પણ રોજ રોજ પણ જો બનાવશે તો પણ અધુરી અધુરી સૃષ્ટિજ બનશે અધુરી બનવામાં બન્ને રીતે અધુરી કહેવાય?

કામ કાં તો બગડી જાય અને કામ પુરૂ ન થાય. આ બન્ને કારણોથી કાર્યની અપૂર્ણતા ગણાય. આમાં કયો પક્ષ સ્વીકારવો? ઈશ્વરના હાથે ઘણાં કામો સૃષ્ટિ રચનાનાં બગડી ગયા? કામ ખરેખર ન થયા. માટે સૃષ્ટિકાર્યમાં વિકૃતિ આવી ગઇ. આ પક્ષ સ્વીકારવા જતા ઈશ્વરની સર્વજ્ઞતાનો પક્ષ હાથમાંથી ખસી જાય છે. શું સર્વ જાણનાર સર્વજ્ઞના હાથે વળી કામ બગડે? એ કેમ સંભવે? કાર્ય બગડી જાય તો બીન આવડત પૂરવાર થાય છે અને બિન આવડત એ અલ્પજ્ઞતાની ઓળખ છે સર્વજ્ઞતાની નહીં અને જો એવા બિનઆવડતવાળા અલ્પજ્ઞ જો સૃષ્ટિ બનાવે છે તો પછી રોજે-રોજ પણ બનાવતા જ જાય તો પછી તેની ક્રિયાકુશળતા કેવી રીતે માનવી? તો તો રોજે -રોજ કામો બગડતા

જશે. તો આ બાબતે ઈશ્વરને કહેવા કેવી રીતે જવું ? અને ઠપકો આપીએ તો પણ શું આપીએ ? કોણ ઠપકો આપે ?

અને જો અલ્પજ્ઞની જ સૃષ્ટિ માનવી હોય તો તો આપણે પણ બધા જીવો અલ્પજ્ઞ જ છીએ. તો જીવોની જ સૃષ્ટિ માની લે તો શું વાંધો આવે છે ? અને અલ્પજ્ઞની સૃષ્ટિ માની લે તો આપણે બધા મનુષ્યો અલ્પજ્ઞની કક્ષામાં ગણાનારા બધા જ ઈશ્વર તરીકે પુરવાર થઈ જઈએ. એટલે પાછો આ પણ પક્ષ નથી માનવો.

સારૂં તો પછી ઇશ્વર સર્વજ્ઞ છે અને નિત્ય છે એમ જો તમે કહેતા હો તો....અમારે એ પૂછવું છે કે....ઈશ્વર કયા સ્વરૂપે નિત્ય છે ? ઈશ્વર સશરીરી સ્વરૂપે નિત્ય છે કે અશરીરી સ્વરૂપે નિત્ય છે ? ઇચ્છાયુકત ઈશ્વર નિત્ય છે કે પછી અનિચ્છા યુકત ઇશ્વર નિત્ય છે ? સૃષ્ટિ કાર્યસ્વરૂપે નિત્ય છે કે સૃષ્ટિકાર્ય વિના પણ નિત્ય છે ?

આવી રીતે ઘણા પ્રશ્નો ઉભા થશે. પરન્તુ કેટલા સુસંગત બેસે છે તે જોવાનું છે ? જો ઇશ્વર સશરીરી જ ન હોય તો સૃષ્ટિની રચના કેવી રીતે કરી શકે ? એનો વિચાર આપણે પહેલા આગળ કરી ગયા છીએ. અશરીરી મુક્ત ને તો હાથ-પગ વગેરે અંગો-પાંગો શરીરના અભાવમાં હોતા જ નથી. તો પછી સૃષ્ટિને કેવી રીતે ઘડે ? માટે સશરીરી માનવા જાય તો નિત્યપક્ષ હાથમાંથી ખસી જાય. તો જાણે દેડકાની રમત થઈ. એક દેડકો પકડીને મૂકે અને બીજો પકડવા જાય એટલામાં પહેલાનો પકડેલો પણ પાછો જતો રહે એને પકડવા જાય ત્યાં બીજો પણ કુદી જાય સરવાળે કલાકો સુધી મથનારો પણ કંટાળી જાય.

એવો જ ઘાટ અહીંયા પણ છે. ઈશ્વરના વિષયમાં પણ ત્રણ સાંધવા જતાં તેર તૂટી જાય છે. એક પક્ષ સાંધવા જાય છે ત્યાં બીજા ત્રણ પક્ષો તૂટી જાય છે. આ મુશ્કેલીઓથી ભરેલો ઈશ્વરકર્તૃત્વવાદનો સિદ્ધાન્ત છે. છતા પણ માનવું એટલે માનવું એવો હઠાગ્રહ છે, કદાગ્રહ છે. પરન્તુ કદાગ્રહથી સત્યતા કે વાસ્તવિકતા કેવી રીતે સિદ્ધ થાય છે ?

હવે સૃષ્ટિ કાર્ય સાધવા માટે જો સશરીરી પક્ષ પકડી રાખવા જાય તો નિત્યતાનો પક્ષ જતો રહે છે. દેખીતી વાત છે સશરીરી ઈશ્વર સદા કાળ નિત્ય તો કેવી રીતે રહેવાનો ? શરીર જડ પૌદ્ગલિક છે. અને આત્મા નિત્ય છે. આત્મા શરીર–પરિવર્તન કરતો જ રહે છે બસ આ શરીર પરિવર્તનની પ્રક્રિયા ને જ જન્મ–મરણ કહેવામાં આવે છે. એક શરીરનું ધારણ કરવું તે જન્મ, અને તે ધારણ કરેલા શરીર માં નિયત કાળ સુધી રહેવું તેનું નામ જીવન, અને તેજ શરીર ને કાળ અવધિ પૂર્ણ થયે છોડી દેવું તેનું નામ મૃત્યુ–મરણ. તો પછી શું સમજવું–શું ઈશ્વર પણ આ પ્રક્રિયામાં છે જન્મ–જીવન અને મરણ ધારણ કરે છે ? તો તો આપણા જેવા થયા. તો નિત્યતાનો પક્ષ જતો રહે છે. અનિત્યતા પક્ષ તો આપણા જેવો જ છે. અનિત્યતા પક્ષ આપણને લાગુ પડે છે અને તેજ અનિત્યતા પક્ષ જો ઈશ્વરને પણ સિદ્ધ કરતો હોય તો અનિત્યતા પક્ષની સાદૃશ્યતા આપણા બન્નેમાં થઈ, તો પછી ઈશ્વરમાં અને આપણામાં શું ફરક પડયો. તો તો આપણા જેવા સામાન્ય મનુષ્યોને પણ ઈશ્વર માનવા જોઈએ. અને એ રીતે જો માનવા જાય તો એકેશ્વર પક્ષ નો દેડકો કૂદી જાય તેમ છે. કેટલાને ઈશ્વર માનવા ? બધાને ઈશ્વર માનવા પડે. માટે એ ભયથી બચવા નિત્યતા નો પક્ષ પકડી રાખે છે. પણ નિત્યતાનો પક્ષ પકડી રાખે તો સૃષ્ટિ રચના માટે સશરીરીપણું જોઈએ કે ન જોઈએ ? અને અશરીરી રહીને ઈશ્વર સૃષ્ટિ રચના કરે છે એમ માનવા જાય તો મુક્તાત્મા, સિદ્ધાત્મા જે સદા અશરીરી છે એમનામાં અતિવ્યાપ્તિ થઈ જાય છે. તો પછી એમને પણ સૃષ્ટિના રચનારા ઈશ્વર તરીકે માનવા જ પડશે. બીજી બાજુ જો અશરીરી ઈશ્વર ઇચ્છા માત્રથી સૃષ્ટિ રચે છે એ પક્ષ માનવા જાય તો ઇચ્છાથી કાર્ય નિષ્પત્તિ થાય છે કે શરીરથી થાય છે ? ઇચ્છા વિચારોને જન્મ આપનારી છે પણ કાર્યોત્પત્તિ કરનાર મુખ્ય કારણ નથી. આખા જગતમાં આપણે રોજ જોઇએ છીએ કે કોઈની પણ ઇચ્છા થતાની સાથે જ ઇચ્છામાત્રથી કાર્ય થયા નથી. અને થતા નથી. તો પછી ઈશ્વરની ઇચ્છા માત્રથી જ સૃષ્ટિ કેવી રીતે

થઈ ગઈ ? આ રીતે ચારે બાજુથી ભીંસમાં મુકાઈ જનારા જગત્ કર્તૃત્વવાદીઓ નિરુત્તર થઇ જાય છે.

## નિત્યતા પક્ષ માનવામાં દોષો

બીજી તરફ નિત્ય ઈશ્વર જો માનવામાં આવે તો તેને કયા સ્વરૂપે નિત્ય માનવો ? શરીર સાથે નિત્ય માનવો ? કે ઇચ્છા યોગે નિત્ય માનવો ? કે પછી અશરીરી રૂપે નિત્ય માનવો ? અથવા સૃષ્ટિ કર્તારૂપે નિત્ય માનવો ? આમાંથી કયા અર્થમાં ઇશ્વરને નિત્ય માનવો ? પ્રબલ પક્ષ કયો ? ચાલો સશરીરી કે અશરીરી પક્ષ બાજુમાં મૂકી દઈએ અને ઇચ્છા અને સૃષ્ટિ કર્તા પક્ષ તો ઇશ્વરવાદીઓને પણ અભિપ્રેત-માન્ય છે. અને એ રીતે પણ વિચાર કરીએ તો પ્રશ્ન થશે કે ઈશ્વર નિત્ય છે ? કે ઇશ્વરની ઇચ્છા ? ઈશ્વર જો નિત્ય હોય તો ઇચ્છાને નિત્ય માનવાની જરૂર નથી ? કે પછી ઇશ્વર ઇચ્છા સાથે નિત્ય છે ? શું છે ? અથવા ઈશ્વરની ઇચ્છા પણ નિત્ય છે ? શું છે ? જો ઈચ્છા અનિત્ય છે. ઈશ્વર ઇચ્છાના કારણે નિત્ય નથી ? એનો અર્થ એ થયો કે કયારેક ઈશ્વર ઇચ્છા વિનાનો પણ હોય છે. તો પછી ઈચ્છા વિનાનો ઈશ્વર શું કરે ? અને જો ઇચ્છા તત્ત્વ ઇશ્વરમાંથી જતું રહે તો પછી સૃષ્ટિરચના કેવી રીતે થાય ? કારણ કે ઈચ્છા વિના સૃષ્ટિ થતી નથી. ઈચ્છાથી જ સૃષ્ટિ થાય છે ? તો શું સમજવું ? ઈશ્વરથી સૃષ્ટિ રચના થાય છે કે ઈચ્છા માત્રથી ? એ માંથી કયો પક્ષ સાચો છે ? જો ઈચ્છા માત્રથી સૃષ્ટિ રચના થાય છે. તો પછી ઇશ્વરની કીંમત કંઈ જ ન રહી ? ઇચ્છાનું મહત્વ ઘણું વધી ગયુ. પરંતુ આ ઇચ્છા શું છે ? જડ છે કે ચેતન ? દ્રવ્ય છે કે ગુણ ? હકીકતમાં જડ ચેતન આ બે જ દ્રવ્યો જગત્ના મૂળભૂત દ્રવ્યો છે. એમાં ઈચ્છા દ્રવ્ય પણ નથી. અને કર્તાશક્તિ પણ નથી. જે દ્રવ્ય હોય તેમાં જ કર્તૃશક્તિ હોય તેથી દ્રવ્યને જ સક્રિય કહેવાયો છે. ન તો ઇચ્છાને ચેતન કહેવાય કે ન એને જડ કહેવાય ? કારણ કે બન્ને દ્રવ્યરૂપે

ઇચ્છા નથી. અને દ્રવ્ય નથી તો ગુણ છે.? ગુણ સ્વયં કર્તા નથી હોતા તો પછી ઇશ્વરની ઇચ્છા માત્રથી સૃષ્ટિ રચના કેવી રીતે થઈ ગઇ?

અથવા એમ કહો કે ઇશ્વર કર્તા છે, ઇચ્છા તો માત્ર નિમિત્ત છે. તો ઇચ્છાના નિમિત યોગે કોઈમાં પણ કર્તાપણું આવી જાય છે એમ માનતા હો તો સામાન્ય મનુષ્યાદિ જીવો જે છે તેમનામાં પણ આપત્તિ આવશે. કારણુ સામાન્ય માનવી જીવોમાં પણ ઇચ્છા થઇ શકે છે. અને એ ઇચ્છાના નિમિત્ત કારણે જીવોમાં પણ સૃષ્ટિ રચના અંગેનું કર્તૃત્વ પણું આવી જશે. તો બધા જ જીવો ઇચ્છાનું નિમિત્ત કારણ લઈને સૃષ્ટિ રચના કરવા માંડશે. તો તો પછી બધા જ જીવોને ઇશ્વર કહેવાનો વખત આવશે! તો પણ મુશ્કેલી? હવે શું થાય? ઇશ્વર-વાદીઓ બરોબર સપડાઈ ગયા છે.

બીજી તરફ ઇચ્છાના કારણે ઇશ્વર નિત્ય છે. અને સૃષ્ટિ રચવાની નિત્ય ઇચ્છાના કારણે જ ઇશ્વર ઇચ્છા પ્રમાણે સૃષ્ટિ રચી શકે છે. એમ પણ જો તમે કહેતા હો તો આપત્તી એ આવશે કે આવી સૃષ્ટિ રચવાની નિત્ય ઇચ્છા ઇશ્વરમાં છે માટે ઇશ્વર સૃષ્ટિ રચે છે. સારૂં, એમ માનવા જતા તો નિત્ય ઇશ્વર નિત્ય કાળ–એટલે સદાકાળ સૃષ્ટિ રચતો જ રહે. ન રચે અને નવરો બેસી રહે તો તો એની નિત્યતા ચાલી જાય. અને નિત્ય ઇશ્વર જો સૃષ્ટિ રચતો જ રહે તો આજે પણ સૃષ્ટિ અધૂરી–અપૂર્ણ જ ગણવી પડે? નિત્યતા કાળસાથે સંબંધ રાખે છે. એટલે નિત્યનો કાળ સાપેક્ષિક અર્થ એ થાય છે કે અનાદિ–અનન્ત તે નિત્ય. જેની આદિ ન હોય. અને અન્તનો છેડો પણ ન હોય તે નિત્ય કહેવાય. અર્થાત્ ઇશ્વર અનાદિ–અનન્ત નિત્ય કહેવાય.

ચાલો ઘડી ભર માની લઇએ. પણ આ નિત્યતા ના આધારે ભૂતકાળમાં કેટલો કાળ વીત્યો? કેટલા વર્ષો થયા? અનાદિ–એટલે જેની કોઇ આદિ જ નથી એવા અનાદિ કાળથી ઇશ્વર સૃષ્ટિ રચતા જ આવ્યા છે. અને આજ સુધીમાં કેટલા વર્ષો થયા? વીત્યા?.... એનો

ઉત્તર છે અનન્તા. અનાદિકાળથી આજ દિવસ સુધીના અનન્ત વર્ષોમાં પણ સતત રચના કરવા છતા પણ શું ઇશ્વરની સૃષ્ટિ પૂરી નથી થઈ? અને પૂરી થઈ ગઈ એમ જવાબ આપવા જાઓ તો બસ સૃષ્ટિ સમાપ્ત થતા ઇચ્છા પણ સમાપ્ત થઇ ગઇ. કારણુ કે તેજ કાર્યાનુરૂપ ઇચ્છા હતી. માટે કાર્ય સમાપ્તિ સાથે કારણની પણ સમાપ્તિ માની લેવી પડે. એમ કરવા જતા ફરી ઇચ્છા વિનાના ઈશ્વર સિદ્ધ થઈ જાય છે. અનાદિ–અનન્ત કાળથી સતત રચાતી અને તે પણ નિત્ય ઇશ્વર વડે અને છતા જો સૃષ્ટિ રચનાનું કાર્ય પૂર્ણ નથી થતું. સમાપ્ત નથી થતું તો પછી સંકલ્પમાત્રમાં કે ઇચ્છા કરવા માત્રમાં આ સુષ્ટિ થઇ ગઇ, અને જાદુગર–કે ઇન્દ્રજાલીયાની જેમ પલભરમાં–ક્ષણભરમાં સુષ્ટિ રચાઇ જાય છે. થઈ જાય છે એ પક્ષ તો ખોટો પડયો ને? દેખીતી વાત છે. આ અનાદિ–અનન્ત નિત્ય માન્યતા સ્વીકારવા જાઓ તો પછી સંકલ્પમાત્રથી કે ઇચ્છા કરવા માત્રથી સૃષ્ટિ રચાઇ જાય છે એ પક્ષ કયાંથી સિદ્ધ થવાનો? એ પણ ટકી જ ન શકે. અને જો ઇચ્છા કે સંકલ્પ માત્રનો પક્ષ ન જ ટકતો હોય તો પછી, અને ઇશ્વર રોજ નિત્ય સુષ્ટિની રચના કરે છે અને અનાદિ–અનન્ત કાળ લાગ્યો છે એ સિદ્ધ થાય તો લાંબા કાળ સુધી ચાલતા સુષ્ટિ રચનાના કાર્યમાં પહેલા પહેલા જે જીવો ઉત્પન્ન થઇ ગયા હશે તે તે જીવો એ તો ઈશ્વરની રચાતી સૃષ્ટિ ને જોઇ હશે કે નહીં? પણ બીજાની વાત જવા દોને....? આજે આપણે તો થઈ ગયા છીએ. મનુષ્યોની સૃષ્ટિ તો રચાઈ જ ગઇ છે. અને ઇશ્વર તો નિત્ય છે. તેનું તે સૃષ્ટિરચના નું કામ નિત્યતાના આધારે સતત ચાલી જ રહ્યું છે. તો પછી આપણને બધાને દેખાવું તો જોઇએ કે નહી? કેમ નથી દેખાતું? એમાં શું કારણુ છે? હજી સુધી કોઇ એમ નથી કહેતુ કે મેં ઇશ્વર વડે કરાતું સૃષ્ટિ રચનાનું કાર્ય જોયું છે. જો કોઇએ નથી જોયું માટે સુષ્ટિ રચનાનું કામ નથી ચાલતુ એમ કેમ કહેવાય? ભલે ચાલો માની પણ લઈએ. કે કોઇના ન જોવા છતા પણ સૃષ્ટિ રચનાનું કામ સતત ચાલુ છે. તો એ કામ કયાં ચાલે છે? કયા ક્ષેત્રમાં ચાલે છે?

જ્યાં જે જગ્યાએ જે કામ કરવાનું હોય ત્યાં તે ઇશ્વર બેસીને કામ કરે છે કે પછી સ્વર્ગ-વૈકુંઠમાં બેસીને ત્યાંથી ઘડીને વર્ષાદની જેમ અહીં પૃથ્વી ઉપર મોકલી આપે છે? એવી રીતે શું પૃથ્વી-પર્વત-ઝાડ-પાનાદિ બધા ઇશ્વરે ઉપર સ્વર્ગમાં ઘડીને પછી અહીં મોકલ્યા એમ માનવું? તો પછી સ્વર્ગની રચના ક્યાં બેસીને કરી? પૃથ્વી ઉપર? અને પૃથ્વી ઉપર અહીંયા રહીને સ્વર્ગ-નરકની રચના કરી છતાં આપણને કેમ ન દેખાણી? શું અદૃશ્ય છે? કોણ અદૃશ્ય? ઈશ્વર અદૃશ્ય કે કરાતું સૃષ્ટિ રચનાનું કામ અદૃશ્ય છે? ઈશ્વરને ભલે અદૃશ્ય માની લઈએ પણ સુષ્ટિ રચનાનું ચાલુ કામ કેવી રીતે અદષ્ય માનવું? સંભવ નથી. વાસ્તવિક સત્યતા તો એ છે કે ક્યાંય બેસીને ઇશ્વર સુષ્ટિની રચના જ નથી કરતો તો પછી દેખાવા કરવાનો સવાલ જ ક્યાં ઉભો થવાનો?

## રચનાની સાથે સંહાર કેમ?

અરે ભાઈ! નિત્ય ઈશ્વર સદાકાળ સષ્ટિ રચનાનું કાર્ય કરી રહ્યા છે. આ પક્ષ જો તમે સ્વીકારો છો તો પછી સંહાર કે પ્રલય નો વિચાર જ ક્યાં આવ્યો? આ નવી ઇચ્છા ક્યાંથી આવી? અને જ્યારે ઈશ્વર હજી સષ્ટિ રચી જ રહ્યા છે. કામ નિયમિત ચાલુ છે. જો ઇશ્વર નિત્ય સુષ્ટિ રચે છે તો શા માટે? શું ઈશ્વર પોતાની નિત્યતા ટકાવવા ખાતર નિત્ય સુષ્ટિ રચનાનું કામ કરે છે? એમ માનશો? સારૂં તો પછી જે સૃષ્ટિ રચનાનું કામ ચાલી રહ્યું છે. અને હજી સૃષ્ટિ અધૂરી છે. કારણ કે હજી પણ ઇશ્વર રચી જ રહ્યા છે માટે અધૂરી સિદ્ધ થાય છે. અને અધુરી-અપૂર્ણ છે તો એ સમજણ નથી પડતી કે કયા કામ કરવાના હવે બાકી છે? જીવ સૃષ્ટિ થઈ ગઇ. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ આકાશ....ઝાડ-પાન-વગેરે બધુ જ ક્યારનું થઇ ગયું છે. અને અનાદિથી લઈને આજ દિવસ સુધી અનન્ત કાળ વીતી ગયો છે. અને રચનારા પણ કોઇ જેવા તેવા સામાન્ય કક્ષાના જીવ નથી સર્વ સામર્થ્ય સંપન્ન સર્વ શક્તિમાન ઇશ્વર છે અને છતા

પણ સૃષ્ટિની રચનાનું કાર્ય સમાપ્ત નથી થયું ? તો શું ઇશ્વરની શક્તિ ઓછી પડી કે સામર્થ્ય ઓછું છે કે ? ઇચ્છા ઘટી ગઇ કે બંધ પડી ? કે શું થયું ? કેમ હજી સૃષ્ટિ પૂરી નથી થઇ ? હકીકતમાં સૃષ્ટિ રચનાનું કામ જ સમાપ્ત નથી થયું કે પછી માત્ર ઈશ્વરની નિત્યતાને ટકાવવા ખાતર આ ઢાળ ઉભી કરવામાં આવી છે ?.... ના. તો પછી સૃષ્ટિ રચવાનું કામ કયારે પુરું થશે ? કયારેક તો પુરું થશે કે નહીં થાય ? અને જો હા પાડો તો જ્યારે પુરું થશે ત્યારે ઇશ્વરની નિત્યતા ચાલી જશે. એટલે સૃષ્ટિ રચનાની કાર્ય સમાપ્તિ સાથે સાથે ઈશ્વરની પણ સમાપ્તિ થઇ જશે. અને જો ઇશ્વરની જ સમાપ્તિ થઇ જશે તો પછી સૃષ્ટિ નિર્માણ પછી સૃષ્ટિનું સંચાલન અને અન્તે મહાપ્રલય સંહાર વગેરેના કાર્યો કોણ કરશે ? અને શું સૃષ્ટિ રચનાનું કાર્ય ચાલુ હોય હજી પુરું જ ન થયું હોય તે પહેલા જ શું ઈશ્વર સૃષ્ટિનો સંહાર–પ્રલય કરી નાંખશે ? ના....ના.... ઇશ્વર આટલી મોટી મૂર્ખતા તો ન જ કરે.... તો પછી સૃષ્ટિ રચનાનું કામ ચાલ્યા જ કરશે. તો કયાં સુધી ચાલશે ? હજી કેટલા વર્ષો સુધી ચાલશે ?

પરંતુ એ પણ વિચાર કરો કે ભૂતકાળમા અનાદિથી લઈને આજ દિવસ સુધી અનન્તા વર્ષો વીતી ગયા છે અને છતા હજી સુધી સૃષ્ટિ રચનાનું કામ સમાપ્ત નથી થયું તો શું આગળના અનાગત ભવિષ્ય કાળમાં સૃષ્ટિ રચનાનું કામ પૂરું થશે ? અને થશે તો શું તે પણ અનન્તા વર્ષો પછી થશે ? એટલે હજી સૃષ્ટિ રચનાનું જ કામ જો અનન્તા વર્ષો સુધી ચાલવાનું હોય...હશે....તો પછી વચ્ચેજ મહાપ્રલય કેવી રીતે કરે ઇશ્વર ? હવે જો સૃષ્ટિ રચનાનું કામ અનન્તા વર્ષો સુધી ચાલતુ જ રહેશે અને પુરું નહીં થાય તો ઈશ્વરના માથે અધુરૂં કામ કરવાનો આરોપ આવશે. અને જો અધુરી સૃષ્ટિ કરીને વચ્ચે જ જો પ્રલય–સંહાર કરશે તો પણ શા માટે સંહાર કરે છે ? કાર્ય પૂરું થયા વિના જ કેમ પ્રલય કરાય ? સૃષ્ટિ સમાપ્ત કરવાનું તમે કહો તો...નિત્યતા પક્ષ જતો રહે છે. અને નિત્યતા પક્ષને સાચવવા સૃષ્ટિ

રચનાનું કામ ચાલુ રાખવા જાઓ છો તો પ્રલય સંહાર કાર્ય કોઈ રીતે સિદ્ધ નથી થતું.

બીજી તરફ સર્વજ્ઞ તમે માનો છો છતા અને વળી અનન્ત કાળ જેટલા લાંબા કાળમાં પણ અને તે પણ સમર્થ સર્વ શક્તિ સંપન્ન ઈશ્વરથી સૃષ્ટિ રચનાનું કાર્ય સમાપ્ત ન થાય એ વાત ગળે કેવી રીતે ઉતરે? અને ચાલો એ પણ વાત માની લઈએ કે સૃષ્ટિ રચનાનું કામ અધુરૂ છે પુરું નથી થયું તો બીજી તરફ તમે એ પણ કહેવા તૈયાર નથી કે હવે શું શું બાકી છે? હવે શેનું નિર્માણ બાકી છે?

તો પછી ઈશ્વર સૃષ્ટિની રચના નિત્ય સ્વરૂપે કરે છે? એમ માનવું કે પછી રચના તો પૂરી થઈ ગઈ છે હવે તો માત્ર સંચાલન કરે છે? કારણ કે નિયન્તા પણ ઈશ્વર જ છે માટે હવે તો ફક્ત સંચાલન–અને વ્યવસ્થા કરે છે. આ વાતથી એક વાત તો સિદ્ધ થઈ ગઈ કે સૃષ્ટિ રચનાનું કાર્ય પુરું થઈ ગયું છે? તો કયારે પુરું થયું? સૃષ્ટ બનાવવામાં કેટલો કાળ ગયો? શું અનન્તો? ના.... અનન્તો નહીં તો પછી કેટલો? અને નહીં તો પછી આ સૃષ્ટિને અનાદિ અનન્ત તો ન જ કહેવાય ને? કેવી રીતે કહેવાશે? સાદિ–સાન્ત જ કહેવી પડશે? કારણ કે રચના કરે છે. કયારેક તો શરૂ કરે છે અને કયારેક તે મહાપ્રલય રૂપે સંહાર પણ કરે છે. તો જેની આદિ અને અન્ત બન્ને હોય પછી એને અનાદિ–અનન્ત કેવી રીતે મનાય? ન જ મનાય અને જો સૃષ્ટિને અનાદિ અનન્ત નહીં માનો તો ઈશ્વર ને નિત્ય કેવી રીતે માનશો? કારણ કે તમે તો ઈશ્વરનો આધાર જ સૃષ્ટિ ઉપર રાખ્યો છે. ઈશ્વરને બીજુ કંઈ કામ જ નથી માત્ર સૃષ્ટિ બનાવવી. ચલાવવી અને સંહર કરીને નષ્ટ કરવી. બીજુ અનાદિ–અનન્ત હોય તે જ નિત્ય કહેવાય. હવે સૃષ્ટિ તો રાખી સાદિ–સાન્ત અને ઈશ્વરને રાખ્યા અનાદિ અનન્ત આ બન્ને પૂર્વ–પશ્ચિમ નો મેળ કેવી રીતે ખાય? આ મેળ કેવી રીતે બેસાડવો?

કારણ કે મહાપ્રલય થઈ ગયા પછી સૃષ્ટિ કે સૃષ્ટિ રચનાનું કોઈ કામ નહીં હોય ત્યારે ઈશ્વરનું અસ્તિત્વ કેવી રીતે માનવું? કયાં

માનવું ? ત્યારે ઈશ્વર ક્યાં રહેતા હશે ? શું કરતા હશે ? અને એ ઈશ્વરની ઇચ્છાનું શું થયું હશે ? હવે કેમ ઇચ્છા નહીં થતી હોય ? તો શું ઇશ્વર સાવ ઇચ્છા વગરના થઈ ગયા છે ? કેમ થઈ ગયા છે ? શું આ સૃષ્ટિના કામથી થાકી ગયા ? કે કંટાળી ગયા ? અને ઇશ્વર થાકી જાય તો પછી સર્વ શક્તિ સંપન્ન સામર્થ્ય ક્યાં ગયું ? પછી ઇશ્વરની નિત્યતાનું શું ? હવે સૃષ્ટિ અને સૃષ્ટિ રચનાનું કામ જ નથી રહ્યું તો પછી તમે જે ઇશ્વરનો આધાર જ અત્યાર સુધી સૃષ્ટિ અને સૃષ્ટિ રચના તથા ઇચ્છા ઉપર રાખતા હતા. મોટી મદાર બાંધીને બેઠા હતા તો પછી હવે સંહાર પ્રલય પછી તે ઈશ્વરનું અસ્તિત્વ કેવી રીતે સ્વીકારવું ? પ્રલય પછીની ઈશ્વરની સત્તાને માનવા પાછળ કયા પ્રબલ પુરાવાઓ કે પ્રમાણો રહેવાના ?

**પ્રલય શા માટે કરે છે ?**

હવે પ્રશ્ન એ થાય છે કે ઇશ્વર પોતાની જ બનાવેલી સૃષ્ટિનો પ્રલય-સંહાર શા માટે કરે છે ? જે સૃષ્ટિ ને બનાવવામાં અનન્ત કાળ લાગ્યો છે. અને હજી જે સૃષ્ટિ સમાપ્ત પૂર્ણ નથી થઇ તે સૃષ્ટિનો અધવચ્ચેથી જ સંહાર શા માટે કરે છે ? આ વાત કંઈ ગળે નથી ઉતરતી. એના ઉત્તરમાં જગત્ કર્તૃત્વવાદીઓ શું કહેશે. શું ઠોસ કારણ આપશે ? કે પછી એમાં પણ માત્ર ઇશ્વરેચ્છા સિવાય બીજો કોઈ ઉત્તર નથી ? શું વાત છે ? બસ, બધે એક જ ઉત્તર ઈશ્વરેચ્છા ? આ સિવાય બીજી કોઈ વાત જ નહીં ? જે ઉત્તરમાં કોઈની બુદ્ધિ જ ચાલવાની નથી. એવા ઉત્તરો આપીને પણ શું તમે તાર્કિક શિરોમણી, તર્ક ચૂડામણી તર્કવાગીશના બિરૂદો મેળવતા હો તો કેટલા વ્યાજબી બિરૂદો છે ? એ તો જગત્ સામે પુરવાર જ થઇ જાય છે.

સામાન્ય બુદ્ધિથી પણ વિચાર તો કરો જે માતા પોતાના ગર્ભ માં પોતાના લોહીથી જે સંતાન ને નિર્માણ કરીને ધરતી ના ધરાતલ ઉપર જન્મ આપે છે. અને જે સંતાન-પ્રત્યેના અપાર વાત્સલ્યથી જ જેના લોહીમાંથી દૂધ બનીને સ્તનોમાં ઉભરાય છે અને જેના ઉપર

બાળકનો આધાર છે. એવી વાત્સલ્ય મમતામયી માતા શું પોતે જ પોતાના સંતાનને મારી નાંખશે? મારે ખરી? અને મારી કે ફાડી ખાય તો શું એને માતા સમજવી કે નરપિશાચી-રાક્ષસી સમજવી? શું સમજવું?

આ જ રીતે ઈશ્વરનો વિચાર કરો. જે ઈશ્વરને આપણે માતા-પિતા-પરમપિતા, જગત્ પિતા કહીએ છીએ એ ઈશ્વરને જ પ્રલય કર્તા સંહર્તા કહેવામાં આપણને સંકોચ પણ નથી થતો? શરમ પણ નથી આવતી? શું આ ઈશ્વરની ક્રૂર મશ્કરી નથી? જગત બનાવનાર જગત પિતાને જગત-સંસારના જ સંહર્તા પ્રલય કરનાર કેવી રીતે માનવા? કયા કારણે માનવા? ચાલો, ઘડીભર માની પણ લઈએ તો કયા કારણે અને શા માટે ઈશ્વર સૃષ્ટિનો પ્રલય કરે છે? એમાં શું કારણ છે? કયા કારણો સમજવા? અથવા શું કોઈ પણ કારણ વિના કરે છે? તો શું તમારા જેવા મહાતાર્કિક કારણ વિના કાર્યની સત્તા માનશો ખરા? કારણો શોધી-શોધીને તર્કવાદી થયેલા તમારા જેવા બુદ્ધિશાળી અહીંયા હાથ ઉંચા કરીને બુદ્ધિના દરવાજા બંધ કરી દે કે ના.... ભાઈના.... એમાં કોઈ જ કારણ નથી. એક માત્ર ઈશ્વરેચ્છા જ પ્રબલ કારણ છે. બસ બીજુ કોઈ જ કારણ નથી. તો શું આ કારણ આપવામાં તમારી બુદ્ધિમત્તા સિદ્ધ થશે? તર્કશક્તિ સિદ્ધ થશે? ના સંભવ જ નથી.

ચાલો, ઈશ્વરેચ્છાને કારણ ગણો છો તો પછી કયા પ્રકારની ઈશ્વરેચ્છા કારણ થઈ? પ્રશ્ન એ પણ થશે કે તો પછી ઈશ્વર એક ઈચ્છાવાળા છે કે અનેક ઈચ્છાવાળા છે. સારૂં, ઈશ્વરને સર્વ ઈચ્છા સંપન્ન માની શકાય તો પછી સારી-અને ખરાબ બધી જ ઈચ્છાઓ ઈશ્વરને થતી હશે? જેવી આપણને સારી ખરાબ બધી જાતની ઈચ્છાઓ થાય છે તેવી જ જાતની બધી જ ઈચ્છાઓ ઈશ્વરને પણ થતી જ હશે? જો આના ઉત્તરમાં ના પાડો તો પછી મહાપ્રલયની સંહાર ઈચ્છાને શું સારી સમજવી કે ખરાબ સમજવી? એવી પ્રલય-

કારી સંહારઈચ્છાને જો સારી સમજી શકાતી હોય તો પછી બાળકને મારી નાંખવાની માતાની ઈચ્છાને પણ સારી સમજવી જોઇએ. સમાજ માં એવી માતાઓને પણ શાબાશી સાથે માન-પાન પ્રતિષ્ઠા મળવી જોઈએ. પુત્ર હત્યારી માતા ને ઈનામ આપવું જોઈએ. પરંતુ માનવ સમાજમાં આ વાત નથી. જે માતા સ્વયં સંતાનને જન્મ આપે છે તેને પણ પોતાના જ સંતાનને મારવાનો કોઇ. અધિકાર નથી. ભલે જન્મદાતા માતા કહેવાતી હોય છતાં પણ. કારણ કે એ પણ પંચેન્દ્રિય વધ સ્વરૂપ મહાપાપ છે. તો શું ઈશ્વરને આ મહાપાપ ન લાગે? માતા તો મારે તો પણ ૧ સંતાન ને મારે, તેને ૧ જીવના જ વધનું પાપ લાગે. અને એવા પંચેન્દ્રિય વધથી નરક પણ જીવ ઉપાર્જન કરે છે. તો પછી સમસ્ત સૃષ્ટિમાં તો અનન્તા જીવો છે. અને અનંતા જીવોને મારવાનું પાપ પણ ઈશ્વરને અનંત ગણુ લાગશે તો ઈશ્વરની કઈ ગતિ થશે? નરકમાં પણ કઈ નરક મળશે? સાતથી પછી આગળ આઠમી નરક તો છે જ નહીં. અને ૧ પંચેન્દ્રિય જીવની હત્યાના પાપ થી સાતમી નરકમાં પણ જઈ શકાતું હોય તો પછી અનંતા જીવોનો સંહાર કરનાર ને કઈ ગતિ મળે! એ કઇ નરકમાં જાય?

પાપ એ પાપ જ છે. પાપ બધા માટે એક સરખું સમાન સ્વરૂપે છે. જેમ ઝેર એ ઝેર છે. ઝેર તો પીનારા બધાને એક સરખી અસર કરે છે. ત્યાં ઝેરની સામે ભેદભાવ નથી એવી જ રીતે પાપ પણ છે. પાપની સામે પણ ભેદભાવ નથી. પાપ કર્મ જે કોઈ પણ કરશે તે બધા જ ભોગવશે. પછી નાની વ્યક્તિ હોય કે મોટી વ્યક્તિ સામાન્ય જીવ હોય કે મહાન જીવ હોય. પાપ કર્મ માટે પક્ષપાત કે ભેદભાવ કોઈ કરી જ ન શકે. ભલે મહાવીર સ્વામી તીર્થંકર ભગવાન હતા. તો તેમને પણ પૂર્વ-પૂર્વના જન્મમાં જે જે પાપકર્મ કર્યા તે તેમને પણ ભોગવવા જ પડ્યા છે. અને ચરમ ભવે પણ પૂર્વના પાપ-કર્મના ભારે વિપાકો (ફળ) ભોગવવા જ પડ્યા છે. એમાં બે મત નથી. તો એજ નિયમ નાના-મોટા બધા જીવોને એક સરખો લાગુ પડે છે. ભલે ને પછી ઇશ્વર હોય? ઇશ્વર પણ અનંતા જીવોનો સંહાર

કરે.... મહાપ્રલય કરે તો એમને અનંતગણું પાપકર્મ પણ લાગે, અને એના પરિણામ સ્વરૂપે એમને પણ કઈ નરક મળે? કેટલી નરકોમાં જાય? કેટલીવાર નરકમાં જાય? કેવી નરકની વેદના ભોગવે? શું શું થાય એ તો જ્ઞાની મહાત્મા જ જાણે.

**દયાલુ ઇશ્વર મહાપ્રલય શા માટે કરે?**

આપણે બધા ઈશ્વરને દયાળુ કરૂણાલુ શબ્દથી સંબોધીએ છીએ. કુરાનવાદી અલ્લાના અનુયાયિઓ પણ રહીમ કહીને કરૂણા-દયા કરનારા અર્થમાંજ સ્વીકારે છે. બાઈબલને માનનારા ખ્રિસ્તીઓ પણ Mercy શબ્દથી સંબોધતા કહે છે. Oh God! Thou art Mercyfulહે ઈશ્વર! તુંજ દયાનો સાગર છે. દયાળું છે. The God is a father of world ઈશ્વર જ જગત પિતા છે. આટલી વાતો કરનારા એ બધા ધર્મવાદીઓ શું ફરી ફરી સૃષ્ટિનો પ્રલય માને છે? શા માટે માને છે?

ઇશ્વર સૃષ્ટિનો સંહાર શા માટે કરે છે? જો ઇશ્વર સ્વયં સર્વજ્ઞ છે તો પછી ભાવિકાળ પોતે જાણતા તો હશેજ ને? કે આ સૃષ્ટિનો પ્રલય કરૂં છું પણ પાછી મારે જ બનાવવી પડશે? જે છે એને સમાપ્ત કરીને ફરી બનાવવાની મહેનત કરવી એના કરતા તો જે છે તેજ શું ખોટી છે? એક બનેલી સમાપ્ત કરીને બીજી કોઈ પણ નવી ફરીથી કયારે બનાવે? કાંતો પહેલાની બનાવેલીમાં કોઈ મોટી ભૂલ થઈ ગઈ હોય. ધાર્યું તું શું અને બની ગયું શું? ચિન્તાની સ્થિતિમાં બનાવી દીધી હોય. મોટી ભૂલ ઘણી જાતની છે.

એક કલાકાર ગણપતિની મૂર્તિ બનાવતો હતો. તેને ઘણી મહેનત કરીને સારામાં સારી બનાવવી હતી. પરન્તું શું થાય થોડી વ્યગ્ર ચિત્તતાના કારણે ભૂલ થઈ ગઇ અને નાકની જગ્યાએ આગળ લગાડવાની સૂંઢને પાછળ પૂંઠે લગાવી દીધી એટલે ગણપતિની જગ્યાએ હનુમાનજી મારૂતિ બની ગયા. હવે શું થાય? ચાલો કંઇ વાંધો નથી. હનુમાનજી પણ દેવ જ છે ને? પછી ફરીથી વિખેરીને પાછા ગણપતિ બનાવ્યા.

એવી કોઈ મોટી ભૂલ થઈ હોય તોજ કામ ફરીથી કરાય? અને ઈશ્વર સૃષ્ટિનો પ્રલય કરે છે.અને ફરીથી પછી પાછી બનાવશે. આ વાત પુરવાર કરે છે. કાંતો ઈશ્વરને એમ લાગ્યું હશે કે સૃષ્ટિની રચનામાં ઘણી મોટી મોટી ભૂલો રહી ગઈ હશે? એટલે ચાલો ફરીથી બનાવું? જો આ પક્ષ સ્વીકારવા જઈએ તો ઈશ્વર પાછો સર્વજ્ઞ છે. સર્વજ્ઞ એવા ઈશ્વરના હાથે વળી ભૂલ થાય? શું સૂર્યમાં વળી અંધારૂં રહે? શું સર્વજ્ઞ એવા ઈશ્વરના કામમાં ભૂલ રહે? તો તો પછી ભૂલ કરે તેને ભગવાન માનવા કે ભગવાન હોય તે ભૂલ કરે એમ માનવું? શું આ બે પક્ષમાંથી કયો પક્ષ સાચો માનવો? આ બે પક્ષમાંથી એક પણ તમે માનો તો પણ ભગવાનનું ભગવાનપણું જ ચાલ્યુ જાય અને ભૂલ કરે તેને જો ભગવાન માનવાની તૈયારી હોય તો રોજે રોજ સેંકડો મનુષ્યો સામાન્ય જીવો ઘણી ભૂલો કરે છે, તો તે બધાને ભગવાન માનો. બોલો! માનશો? ત્યાં તો ના પાડે છે. અથવા પછી ચાલો ભગવાન હોય તે ભૂલ કરે એમ માનવા તૈયાર છો? ના....ના...તો પછી સૃષ્ટિ બનાવી એમાં ભૂલ રહી જ ગઈ હશે ત્યારે તો ફરીથી સંહાર કરીને બીજીવાર નવા બનાવીશ એમ કહે છે. તો આવુ શા માટે કહે છે. જો ભૂલને ઈશ્વરમાં સ્વીકારવા જઈએ તો ઈશ્વરપણું જ નષ્ટ થઈ જાય તેમ છે. અને વળી સર્વજ્ઞ ભૂલ કરે એ કેમ સંભવે? છતાં સૃષ્ટિમાં ભૂલો જ દેખાતી હોય તો એ સૃષ્ટિ બનાવનારને સર્વજ્ઞ કેવી રીતે કહેવાય? કારણ ભૂલ કોના હાથે થવાની? સર્વજ્ઞના હાથે કે અલ્પજ્ઞના હાથે? અલ્પજ્ઞના હાથે. અલ્પજ્ઞ તો આપણે છીએ. અને ભૂલભરેલી સૃષ્ટિ રચનાર ઈશ્વર પણ અલ્પજ્ઞ ઠરે તો પછી આપણે અને ઈશ્વર બન્ને અલ્પજ્ઞની દષ્ટિએ એક સરખા જ કહેવાઈએ. અને જો બન્ને એક સરખાજ હોય તો પછી ઈશ્વરને જ મહાન કહેવા પાછળ શું આધાર મળે છે? ના કંઇ જ નહીં કંઈજ ન મળે તો સૃષ્ટિવાદ ફરીથી આગળ ધરી દો. ભૂલ—તો ભૂલ ભલેને હોય. પણ ભૂલ ભરેલી સૃષ્ટિને બનાવનાર પણ ઈશ્વર જ છે. એજ મહાન કહેવાય? શા માટે? ભૂલને અપરાધ

કહેવાય છે. ભૂલએ ભૂલજ છે. પછી તે ઈશ્વર કરે કે સામાન્ય માનવ કરે બન્ને વાત એકજ છે.

જ્યારે સૃષ્ટિ બધી એક સરખીજ રચવાની છે તો પછી થયેલી સૃષ્ટિનો સંહાર કરવાનું પ્રયોજન શું ? કારણ કે વેદમાંએ પણ રહ્યું છે કે—" धाता यथा पूर्वमकल्पयेत्" જે રીતે વિધાતાએ પૂર્વે સૃષ્ટિ રચી હતી એજ રીતે, અને આવીજ સૃષ્ટિ આ વખતે પણ રચવાની છે. અને આગળ પણ રચવાની છે. આનાથી એક વાત તો એ સિદ્ધ થઇ જાય છે કે સર્વ કાળમાં સૃષ્ટિ એક સરખી જ હોય છે. એક પછી બીજીમાં સુધારા–વધારા કંઇ જ નથી હોતા. તો પછી નિરર્થક ઈશ્વર બનેલી એક સૃષ્ટિનો સંહાર કરીને પછી ફરી બીજી બનાવે છે. તો શા માટે ? શું ફળિતાર્થ છે ? એનો મતલબ શું એમ સમજવું કે ઈશ્વર વિના પ્રયોજને પણ કાંઈ કરે છે ? નીતિકારો તો એમ કહે છે કે–"प्रयोजनमनुदिश्य मन्दोऽपि न प्रवर्तते" પ્રયોજનના ઉદ્દેશ્ય વગરનો મન્દમતિ મૂર્ખ પણ પ્રવૃત્તિ નથી કરતો. તો પછી ઈશ્વર જેવા ઈશ્વર જે મહાન છે તેશું પ્રયોજન વિના જ પ્રવૃત્તિ કરે છે ? એ વાત કેમ માની લેવાય ? કારણ કે બીજી બાજુ "लीला ताण्डव पण्डित," સિદ્ધાંત મુક્તાવલીકાર ઈશ્વરને આ શબ્દોથી નવાજતા કહે છે કે–તાણ્ડવ લીલા કરવામાં પંડિત છે. કુશલ છે એવા ઈશ્વર શંકર ભગવાન........તો આ સ્તુતિમાં તાણ્ડવ લીલા શબ્દ વાપર્યો છે. એટલે મહાપ્રલય કે સંહાર પાછળ જ્યારે કોઇ કારણ કે પ્રયોજન ન મળ્યું ત્યારે ઇશ્વરવાદીઓ સંહાર કે મહાપ્રલયને પણ માત્ર લીલા શબ્દથી કહીને વાતને છોડી દે છે. પેલી સૃષ્ટિ બનાવવાની વાતને પણ લીલા અને સૃષ્ટિનો સંહાર કરવાની વાતને પણ લીલા ? બધી લીલાજ લીલા.તો પછી આ લીલા વળી શું બલા છે ?

ત્યાં ઉત્તર આપે છે કે લીલા એટલે માત્ર ઈશ્વરની ઇચ્છા છે. લીલાનું મૂળ કારણ જ ઇચ્છા છે. જો ઇચ્છા ન થાય તો લીલા પણ ન થાય. જેમ માટી જ ન હોય તો ઘડો જ ન થાય. અગ્નિ ન હોય તો

ધૂમાડો જ ન નિકળે એમ ઈચ્છા તત્ત્વ જ ન હોય તો લીલા જ ન થાય હવે આપણે જો લીલાને અટકાવવી હોય રોકવી હોય તો ઈશ્વરની ઈચ્છાને રોકવી પડે પણ બીજાની ઈચ્છાને થતી આપણે કેવી રીતે રોકી શકીએ? જે સ્વયં ઈચ્છા કરે છે એજ પોતાની ઇચ્છાને રોકી શકે. પણ બીજી વ્યક્તિ એના મનમાં જાગતિ ઈચ્છાને કેવી રીતે રોકી શકે?

ઇચ્છા નિરોધે યોગી—

એજ ઇશ્વરે જગતના જીવોને ઉપદેશ આપતા ધર્મશાસ્ત્રમાં કહયું કે ઈચ્છા ઉપર નિયંત્રણ કરવું જોઈએ ઈચ્છાઓ તો અનન્ત. "इच्छा हु आगस समा अणन्ता" જેમ આકાશ અનન્ત છે એમ ઇચ્છાઓ પણ આકાશની જેમ અનન્ત છે. માટે ઇચ્છાઓને ઉત્પન્ન જ ન થવા દેતા. ઉત્પન્ન થાય તે પહેલા એના ઊપર નિયંત્રણ જમાવી દેજો અને ઉત્પન્ન થયેલી ઈચ્છઓ પૂરી થવી ઘણી મુશ્કેલ છે. થયેલી ઇચ્છાઓને જો પૂરી કરવા જશો તો ઘણાં અનર્થકારી પાપો થઈ જશે. ઈચ્છા થવામાં તો ૧ સેંકડ લાગે છે. પણ ઉત્પન્ન થયેલી એ ઈચ્છા મુજબ જો કરવા ગયા અથવા ઇચ્છા ને પૂરી કરવા જો માટે મથામણ કરી તો અનેક પાપોથી ઘેરાઈ જશો ઘણા પાપો લાગશે માટે ઈચ્છાઓનો નિરોધ કરો. તો યોગી થઈ જશો જો ઇચ્છા ઓનો નિરોધ નહી કરી શકો તો ભોગીજ રહેશો અને ઈચ્છાઓ કરી કરીને દુ:ખી થશો. કારણ કે બધાની બધી ઈચ્છા ફળીભૂત થતી નથી. બધાના જીવનમાં કંઇ ઈચ્છા મુજબ બની નથી જતું. થતું નથી. અને હા વાત પણ સાચી છે. કહયું છે કે—दरिद्राणां मनोरथानि मनसि एवं वीलीयन्ते. દરિદ્ર નારાયણોના મનોરથો-ઇચ્છાઓ બધી મનમાં ને મનમાં જ સમાઇ જાય છે. વિલીન થઇ જાય છે. ઇચ્છા મુજબ થતું કંઈ નથી. બનતું કંઇ નથી માટે ઈચ્છાઓનું નિયંત્રણ કરો.

ઈશ્વરના ધર્મોપદેશની આ બધી વાત સાચી પણ ઇચ્છાઓનું નિયંત્રણ કરવું કેવી રીતે? કારણ કે ઇચ્છાઓ તો મનને આધીન છે. મનમાંથી ઉત્પન્ન થાય છે. મન ઉપર અંકુશ રાખવામાં આવે તો જ

ઈચ્છા ઉપર કાબુ રહી શકે. પણ મન વશમાં નથી રહેતું એની જ તો આ રામાયણ છે કે ઇચ્છાઓ પણ છુટતી નથી. ઇચ્છાઓ ઉપર અંકુશ નથી આવતો. માટે જ તો સંસારમાં જીવો દુઃખી થાય છે. ઈચ્છાના કારણે ઘણાં જીવો દુઃખી થાય છે. માટે યોગ સાધના, અને ધ્યાન માર્ગ ઇશ્વરે દેખાડયા છે. કે આ ધ્યાન અને યોગ સાધનાના માર્ગે ચાલીને યોગી બની જાઓ. એટલે મન વશમાં થઈ જશે. બસ, પછી ઇચ્છા જ નહીં જાગે, અને ઇચ્છાઓ જાગશે જ નહીં તો તમે એને પૂરી કરવા એની પાછળ ન પડો, મથામણ ન કરો અને ઇચ્છા પુરી કરવા મથામણ જ નહીં કરો તો દુઃખી જ ન થાઓ.

## ઇશ્વર ઇચ્છા નિરોધ કેમ નથી કરતા ?

વાહ ભાઇ વાહ ! ઉપદેશ કેટલો સરસ છે ! સાવ સાચી વાત છે. બધા દુઃખનું મૂળ ઇચ્છાઓ જ છે. અને તેનું ઘર ઈશ્વર જ છે. આવો ઉપદેશ આપનારા ઇશ્વર જેઓ સર્વજ્ઞ છે. સ્વયં જાણનારા છે તો પછી તેઓ સ્વયં ઇચ્છાઓનો નિરોધ શા માટે નથી કરતા ? અને ઇચ્છાઓ તેમને પણ થાય છે. મનમાં જાગે છે. એનો પુરાવો જ એ છે કે તેઓ સૃષ્ટિ રચના કે પ્રલય વગેરેની લીલાઓ કરે છે. इश्वरेच्छा बलीयसी... આ શબ્દો તો સ્પષ્ટ લખ્યા છે અને એનાથી ધર્મશાસ્ત્ર સાફ કહે છે કે ઈશ્વરની ઇચ્છા જ બલવાન છે. એની ઈચ્છા મુજબ જ જગતમાં બને છે બધુ થાય છે. ઈચ્છાઓ થાય છે માટે જ ઈશ્વર લીલા કરે છે ઈચ્છા જ ન થતી હોત તો ઇશ્વર લીલા જ ન કરત. ઇચ્છા કારણ છે. અને લીલા કાર્ય છે. માટી અને ઘડાની જેમ અને અગ્નિ અને ધૂમાડાની જેમ ઇચ્છા અને લીલામાં કાર્ય કારણ ભાવ સંબંધ છે. ઇચ્છાથી જ લીલા થાય છે.

कार्याभावे कारणाभाव ? वा कारणाभावे कार्याभाव ? કાર્યના અભાવે કારણનો અભાવ સમજવો ? કે પછી કારણના અભાવે કાર્યનો અભાવ

સમજવો? બન્નેમાંથી શું સમજવું? કોના વિના કોણ રહી શકે છે.? કારણ વિના કાર્ય? કે કાર્ય વિના કારણ? ધૂમાડા વિના અગ્નિ રહી શકે કે અગ્નિ વિના ધૂમાડો રહી શકે? આ પ્રશ્નના ઉત્તરમાં સ્પષ્ટ જ છે કે અગ્નિ કારણ વિના ધૂમ કાર્ય રહી જ ન શકે પણ ધૂમાડા વિના અગ્નિ રહી શકે છે, એ જ રીતે અહીંયા પણ સમજવાનું છે. ઇચ્છા વિના લીલા રહી શકે? કે લીલા વિના ઇચ્છા રહી શકે છે? સ્પષ્ટ જ છે કે ઇચ્છા કારણ છે. કારણ વિના કાર્ય ન થાય માટે લીલા કાર્ય ઇચ્છા વિના સંભવ જ નથી. પરન્તુ ઇચ્છા એ લીલા વિના રહી શકે છે કાર્ય વિના કારણ રહી શકે છે. એમ ઇચ્છા કારણ છે તે કાર્ય વિના રહી શકે છે. ધૂમ વિના અગ્નિની જેમ.

આનાથી એ સ્પષ્ટ થાય છે કે ઇચ્છા થવાની સાથે જરૂરી નથી કે લીલા થઇ જ જશે. ના, માટી પડી હોય એટલે ઘડો બની જ જશે. એવું નથી. જગતમાં માટી તો પૃથ્વી ઉપર ચારે બાજુ ઘણી પડી છે. બધી જ ક્યાં ઘડારૂપે બની જાય છે. ભલે ને માટી પડી રહે. એમ કંઈ બધી ઘડારૂપે નથી પરિણમી જતી એવી જ રીતે ઇચ્છા થાય તો ભલે ને થાય? ઈશ્વરના મનમાં ઇચ્છા થાય તો થાય ઇચ્છા થવા માત્રથી લીલા કે કાર્ય થોડુ જ થવાનું છે? ઇચ્છા થાય ત્યાં સુધી ચિન્તા નથી ભલે થાય. કારણ તો ઈશ્વરના મનમાં ઇચ્છારૂપે પડયું જ રહેશે. એટલા માત્રથી કંઈ કાર્ય થઇ નહીં જાય. આ નિયમાનુસાર ઈશ્વરની ઇચ્છા માત્રથી જ, કે સંકલ્પ માત્રથી જ સૃષ્ટિ કાર્ય થઇ નથી જતું એ નિષ્કર્ષ સ્પષ્ટ થાય છે તો પછી ઇશ્વરની ઇચ્છા માત્રથી સૃષ્ટિ થઇ જાય છે એ કહેવું સત્યથી વેગળુ ગણાશે.

બીજી તરફ પ્રત્યક્ષ પ્રમાણથી પણ એ વાત જગતના બધા જીવોમાં સત્યરૂપે દેખાય છે કારણ કે બધાની ઇચ્છા મુજબ અથવા ઇચ્છા થવા માત્રથી બધુ કાર્ય થઇ નથી જતુ. કાર્ય કારણ તો અવિનાભાવ સંબંધ કાર્ય તો કારણની સાથે છે. પરન્તુ કારણ તો કાર્યની સાથે નથી. કાર્ય હોય તો કારણ અવશ્ય હોય પરન્તુ કારણ હોય તો

કાર્ય અવશ્ય હોય કે ન પણ હોય દા, ત. ધૂમાડો હોય તો અગ્નિ અવશ્ય હોય પણ અગ્નિ હોય તો ધૂમાડો હોય કે ન પણ હોય. જેમ કે લોખંડના તપાવેલા ગોળામાં અગ્નિ છે પણ ધૂમાડો નથી. એ જ રીતે અહીંયા પ્રકૃત પ્રકરણમાં જૂઓ લીલા હશે તો ઇચ્છા અવશ્ય હોય પણ ઇચ્છા હોય તો લીલા હોય કે ન પણ હોય.

પરન્તુ આ બન્ને ઇચ્છા અને લીલા સાચા અર્થમાં કાર્યકારણ ભાવ સંબંધે છે? શું લીલા કાર્યનું કારણ ઇશ્વરેચ્છા જ છે? કે પછી બીજુ કોઇ કારણ પણ છે? જો બીજુ કોઈ પણ કારણ હોય તો કયું કારણ છે? નિયમ એવો છે કે.... कार्य नियतपूर्ववृत्तित्व कारणम् કાર્યની ઠીક નિયત પૂર્વવૃત્તિ રહેનાર હોય તે કારણ કહેવાય છે. અહીંયા લીલા કાર્યની ઠીક નિયત પૂર્વવૃતિનું કારણ કયું છે? ઇચ્છા કે સામર્થ્ય કે પછી ઇશ્વર સ્વયં? આ બધાં પ્રશ્નોના ઉત્તરમાં સશરીરી ઈશ્વર તો જગત કર્તૃત્વવાદીઓ માનતા જ નથી અને સશરીરી ઈશ્વર જ ન હોય તો પછી ઇચ્છા અને સામર્થ્ય કેવી રીતે સંભવે? કારણ કે એ બન્ને શરીરધારીમાં જ સંભવી શકે છે અશરીરીમાં ઇચ્છાદિની સંભાવના ક્યારેય સંભવ નથી. કારણ કે અશરીરી એ મુક્તાવસ્થા છે. સદા માટે મુક્તાવસ્થામાં રહેલા સિદ્ધ બુદ્ધ કે મુક્ત અશરીરી જ કહેવાય છે. શરીરધારીને જ મન હોય છે. અને સમનસ્ક મનવાળાને જ ઇચ્છાઓ થાય છે. ઇચ્છાનું ઉત્પતિ સ્થાન એક માત્ર મન જ છે શરીર નથી. અને કાર્યશકિત સ્વરૂપ સામર્થ્ય પણ સશરીરી ને જ હોય છે. અશરીરી મુક્તાત્માને મન પણ નથી. કારણ શરીરથી જ સદાના માટે મુક્ત થઇ ગયા એટલે એક માત્ર શુદ્ધાત્મ સ્વરૂપે રહેલા અશરીરી મુક્તને મન ઇચ્છા કે કાર્યનિર્માણ શક્તિ સ્વરૂપ સામર્થ્ય કંઇ જ હોતુ નથી. આને છોડીને તેઓ મુક્ત થયા છે જન્મ-જીવન મરણ ઉત્પતિયોનિ, આયુષ્ય, શરીર, કર્મ, અવગાહના આદિ મુક્તાત્માને કંઇ જ નથી હોતું માટે જો તમે ઇશ્વરને અશરીરી ગણો તો પછી અશરીરી ઇશ્વરમાં ઇચ્છા અને સામર્થ્ય કંઈ જ ઘટતા નથી તો પછી

અશરીરી એવા તમારા માન્ય ઇશ્વરે આ સૃષ્ટિ કેવી રીતે બનાવી? સૃષ્ટિ કે લીલા કાર્યની પાછળ નિયત પૂર્વવૃત્તિ કારણ શું દેખાડશો? અને જો કોઈ જ કારણ નહીં મળે તો કાર્યસિદ્ધિ કેવી રીતે કરશો?

આતો તમારા માટે ઇતો વ્યાઘ્રસ્તતો તટી જેવી સ્થિતિ ઉભી થઇ ગઇ છે. હવે જો તમે મારીમચડીને પણ સુષ્ટિ કાર્યની સિદ્ધિ કરવા મથામણ કરો અને તે માટે ઇશ્વરને કારણ બનાવવા જાઓ તો ઇશ્વરનું અશરીરીપણું જતું રહે અને અશરીરી પણું ગયું એટલે મુક્તસ્વરૂપ જાય અને સંસારી રાગ-દ્વેષ-કર્મબંધયુક્ત સ્વરૂપ સામે આવે છે. કારણ કે અવિનાભાવ વ્યકિતનો નિયમ છે કે જે જે સશરીરી હોય છે તે તે સંસારી હોય છે, અને જે જે સંસારી હોય છે તે તે નિયમા સશરીરી જ હોય છે અને બીજી રીતે જે જે સંસારીસશરીરી હોય છે તે તે નિયમા રાગ-દ્વેષાદ કર્મયુક્ત જ હોય છે. એવા રાગ-દ્વેષાદિ કર્મબંધયુક્ત સશરીરી સંસારી જીવમાં જ ઇચ્છા અને માન તથા કાર્યકારકસામર્થ્યશક્તિ વગેરે સંભવે. તેજ કરી શકે છે. અશરીરી નહીં કરી શકે.

આટલી દીવા જેવી સ્પષ્ટ સિદ્ધાંતની વાત છે તો પછી તમે સશરીરી માનીને ઇશ્વરની મુક્તાવસ્થા કર્મમુક્તાવસ્થા શા માટે સમાપ્ત કરો છો? અને કોઇ પણ રીતે મારી મચડીને સૃષ્ટિના કાર્ય ને કરવા માટે ઇચ્છાધારી ઈશ્વરને કારણરૂપે શા માટે સિદ્ધ કરવાનો આગ્રહ રાખો છો? કારણ કે એવું કરવા જતા આખા ઈશ્વરનું સ્વરૂપ જ નષ્ટ થઈ જાય છે. વિકૃત થઈ જાય છે. આ તો ગધેડાની પૂછડી પકડી રાખીને લાત ખાતા જવા જેવી વાત છે આટલી લાત ખાધા પછી લોહી લુહાણ થઇ ગયા પછી તો ગધેડાની પુછડી સમજુ સજ્જન ડાહ્યો માણસ તો અવશ્ય છોડી જ દે. તમે પણ આ કદાગ્રહ કે દુરાગ્રહ છોડી જ દો એમા જ સજ્જનતા છે. કારણ કોઈ જ જ રીતે ઈશ્વર જગતનો કર્તા સિદ્ધ નથી થતો અને કોઇ જ પ્રમાણથી આ જગત સૃષ્ટિ ઇશ્વર નિર્મિત સિદ્ધ જ નથી થતી તો પછી શા માટે સંસારમાં

મિથ્યા પ્રચાર કરે છે. કે સૃષ્ટિ તો ઇશ્વરની જ બનાવેલી છે? ઈશ્વરની ઇચ્છાથી જ બધુ થાય છે. એવી રીતે મિથ્યા અસત્ય પ્રચાર કરીને હાથે કરીને ઇશ્વરનું સ્વરૂપ વિકૃત શા માટે કરો છો? શું ઈશ્વરના ભોગે પણ સૃષ્ટિ ઉભી રાખવી? શું ઇશ્વરનો ભોગ લઇને પણ ઇચ્છા લીલા કે સૃષ્ટિનું અસ્તિત્વ ટકાવી રાખવું છે? એ કેવી રીતે શોભે? આ રીતે ઇશ્વર વિષયક માન્યતા, ઈશ્વર નિર્મિત સૃષ્ટિ, ઇશ્વરની લીલા, ઇશ્વરની ઇચ્છા, ઇચ્છા માત્રમાં સૃષ્ટિની રચના, ઇશ્વરનું સશરીરી કે અશરીરીપણું, ઈશ્વરનું નિત્યપણું કે ઇશ્વરનું સર્વજ્ઞપણું વગેરે ઘણાં વિશેષણો પક્ષો વગેરે તર્ક-યુક્તિની કસોટી ઉપર ટકી શકતા નથી. ખરા ઉતરતા નથી.

અને આટલેથી સંતોષ ન થતો હોય તો હજી પણ આપણે ઇશ્વરનું સર્વજ્ઞપણું, ઈશ્વરનું નિત્યપણું, ઇશ્વરનું એક હોવાપણું, ઇશ્વરનું સર્વવ્યાપીપણું વગેરે બીજા પણ વિશેષણો ઇશ્વરનું સ્વરૂપ સિદ્ધ કરવા માટે પૂર્વપક્ષી જગતકર્તૃતત્ત્વવાદીઓ જે રજુ કરે છે તેની પણ કસોટી કરી જોઇએ કે તે મતો પણ સત્યની તર્ક યુક્તિવાળી કસોટી ઉપર કેટલા ખરા ઉતરે છે? ક્રમશઃ જોઈએ. કારણ એ છે કે જે ઈશ્વરને આજીવનભર માનવા-પૂજવા-આરાધવા-જપવા અને ધ્યાવા છે તે ઇશ્વરનું સ્વરૂપ વિકૃતરૂપે જો સમજશું કે જાણશું તો આપણી આખી જિન્દગી ખોટા સ્વરૂપે આરાધવા-ઉપાસવાથી નિરર્થક જશે ને? તો આખી જિન્દગી જ આરાધવાનો આપણને શું લાભ મળે? માટે જેને જિન્દગી જ નહી પણ ભવોભવ આરાધવા છે તેને પહેલેથી પૂરેપૂરા ચકાસીને સમજી ઓળખીને આરાધવાના છે. એમાં ગફલત કે ભૂલ કરવી એ ઘણી મોટી મૂર્ખતા લેખાશે. સોનું ખરીદવામાં કદાચ ભૂલ થશે તો કદાચ બહુ બહુ તો ૨-૪ કે ૫-૧૦ હજારનું જ નુકશાન થશે. પરન્તુ અહીં તો આખી જિન્દગી અને આવતા ભવોનું પણ નુકશાન થશે મહામિથ્યાત્વનો દોષ લાગશે અને મિથ્યાત્વમાં ઘણાં કર્મોની દીર્ઘતમ કર્મસ્થિતિઓનો બંધ થશે. અને તે દીર્ઘકર્મસ્થિતિઓના બંધથી

કેટલા ભવો–જન્મો સુધી ચાર ગતિમાં ચક્કર સ્વરૂપ સંસારમાં ભટકવું પડશે ? પરિભ્રમણ કરવું પડશે? એની કયાં ખબર છે? માટે આટલી મોટી ભયંકર ભૂલ જીવનમાં થઇ ન જાય એ માટે હજારવાર વિચાર કરીને પહેલાથી જ સમજી કરીને ઇશ્વરનું સ્વરૂપ સ્વીકારીએ બરોબર

પૂરેપૂરી પરીક્ષા કરીને પછી સમજીને સ્વીકારીએ અને સાચુ સ્વરૂપ સમજી ગયા પછી આંખમિચિને શ્રદ્ધા–ભક્તિભાવથી ભવોભવ આરાધીએ પછી તો કોઈ પ્રશ્ન જ નથી. એક વાર ગાડીના પાટાની સાચી દિશા મળી જાય પછી તો આંખમિચિને ગાડી ચલાવીએ તો પણ ચાલશે. આપણે ભવોભવનો ઘણો લાંબો વિચાર કરવાનો છે. દીર્ઘ-દૃષ્ટિ વાપરવાની છે માટે આગળ હજી પણ થોડી કસોટી ના મુદ્દાઓ બાકી છે તે જોઈએ.

**ઈશ્વરનું સર્વવ્યાપીપણું ખરૂં કે ખોટું ?**

જગતકર્તૃત્વવાદીઓ ઇશ્વરની મહિમા વધારવા માટે એક બીજા વિશેષણ કારણરૂપે રજુ કરે છે અને કહે છે કે, અમારા ઈશ્વર સર્વવ્યાપી છે. સંપૂર્ણ વિશ્વમાં વ્યાપ્ત છે. ઇશ્વર વિનાની વિશ્વમાં એક રાઈના દાણા જેટલી જગ્યા પણ ખાલી નથી. સ્તુતિ કરતા વેદ-વેદાન્તમાં આવા શ્લોકો રજૂ કરતા કહે છે કે—

> जले विष्णु- स्थले विष्णु–र्विष्णु पर्वत मस्तके ।
> सर्वभूतभयो विष्णु–स्तस्माद् विष्णुमयं जगत ॥

આ શ્લોકમાં સ્તુતિ કરતા જણાવે છે કે જલમાં પણ વિષ્ણુ છે સ્થલ–પૃથ્વીના સર્વભાગમાં વિષ્ણુ છે. અને પર્વતના મસ્તક પર પણ વિષ્ણુ છે આ રીતે સંપૂર્ણ જગત આખું વિષ્ણુમય જ છે. વિષ્ણુ વિનાની એક તસુભર જગ્યા પણ આ વિશ્વમાં ખાલી નથી. એટલે વિષ્ણુથી વ્યાપ્ત આ જગત છે. આ રીતે ઈશ્વર સર્વ જગતમાં વ્યાપ્ત છે.

પરન્તુ ઈશ્વરવાદીઓના આ વિચારની સામે પ્રશ્ન ઉભો થાય છે કે એ ઇશ્વર કેવી રીતે વિશ્વવ્યાપી છે ? શરીરથી વ્યાપ્ત છે કે

શરીર વિના પણ વ્યાપ્ત છે? જો શરીરથી વ્યાપ્ત હોય તો આટલું મોટું શરીર હોવું જોઈએ કે સંપૂર્ણ વિશ્વને વ્યાપ્ત કરી લે એટલે શું ઈશ્વરનું શરીર વિશ્વના આકાર જેટલું મોટુ માનવું ? સારૂ જો આખા વિશ્વ જેટલું મોટુ માની લઇશું તો પછી આખા વિશ્વમાં એક માત્ર ઇશ્વરનું જ અસ્તિત્વ સિદ્ધ થશે. ઇશ્વર સિવાય બીજા કોઇનું અસ્તિત્વ સિદ્ધ જ નહીં થાય? કારણ કે ઇશ્વર સિવાય બીજા પદાર્થોને રહેવાની જગ્યા કયાં રહી? અને બીજી જગ્યા ખાલી છે. અને ત્યાં બીજા પદાર્થો રહે છે એમ માનો તો ઈશ્વરનું સર્વવ્યાપીપણું પણ જતું રહે અને બધા પદાર્થો ને વિશ્વના એક જ ખૂણામાં રહેલા માનવા પડે બોલો આ સિદ્ધાંત તમને માન્ય છે?

ના નહીં તો પછી બે માંથી કોનું અસ્તિત્વ માનવું ? એક જ મ્યાનમાં બે તલવાર તો કેવી રીતે રહેશે? એવી જ રીતે સમસ્ત વિશ્વમાં સર્વપ્રદેશે સર્વત્ર બધા જીવો અને જડ પુદ્ગલ પદાર્થો અનન્ત ની સંખ્યામાં બધે જ છે. એ પણ માનવા છે અને ઇશ્વરને પણ સર્વત્ર સર્વ વ્યાપી માનવો છે? એ બન્ને તો કેવી રીતે સંભવે? અને જો ઇશ્વરને જ સર્વ વ્યાપી માની લો તો પછી ઇશ્વરે સૃષ્ટિ કેવી રીતે બનાવી? અને એક એક પદાર્થો બનાવી બનાવીને કયાં નાંખ્યા? કયાં રાખ્યા? ખાલી જગ્યામાં? તો ઇશ્વર વિનાની ખાલી જગ્યા વિશ્વમાં કયાંય હતી? ન હતી માનો તો ઇશ્વરે એક એક પદાર્થો કેવી રીતે બનાવ્યા? બનાવીને અલગ કયાં રાખ્યા? બનાવવા માટે કોઈ જગ્યા રહી કે નહીં? અને બીજા પદાર્થો માટે પણ જગ્યા રહી કે નહી? અને બનાવવા બાકી પણ રાખવા માટે જગ્યા રહી કે નહીં? જો ના પાડો તો આપણા જેવા અસંખ્ય અનન્ત જીવો છે અને અનન્તા જડ પુદ્ગલ પદાર્થો છે એનુ શું? એના અસ્તિત્વને કેવી રીતે નકારવું ? જો નકારો તો પ્રત્યક્ષ સિદ્ધ વસ્તુઓ છે અને વ્યક્તિઓ પણ છે તેનું શું? પ્રત્યક્ષ પ્રમાણને ખોટું કેવી રીતે કહેવું?

' બીજી તરફ એક માત્ર ઇશ્વરને સર્વ વ્યાપી બનાવવા ખાતર જો જગતના ઈશ્વરેતર સર્વ પદાર્થોનો ભોગ આપી દેશો અને ઇશ્વરેતર

પદાર્થોનું અસ્તિત્વ જ નહીં સ્વીકારો તો પછી ઇશ્વરે બધું બનાવ્યું છે એ સિદ્ધાન્તનું શું? ઇશ્વરે વિશ્વ-જગત બનાવ્યુ જગતમાં પૃથ્વી પાણી-અગ્નિ-વાયુ-આકાશ-ઝાડ-પાન વગેરે અનન્તા પદાર્થો બનાવ્યા એનું અસ્તિત્વ કેવી રીતે માનશો? અને જો ઇશ્વર જ સર્વવિશ્વ વ્યાપી છે તો પછી ઇશ્વરે શું બનાવ્યું? ઇશ્વરેતર પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારવા જતાં ઇશ્વરનું સર્વ વ્યાપીપણું જાય છે અને ઇશ્વરેતર પદાર્થોનું અસ્તિત્વ સ્વીકારો તો ઇશ્વરનું કર્તૃત્વપણું સૃષ્ટિનિર્માણ અને બનાવ્યાની વાત જતી રહે છે. આ પ્રમાણે બન્ને બાજુથી આફતની તલવાર માથે લટકવા માંડે છે શું કરશો? કેવી રીતે કઈ બાજુ બચીને છટકવા પ્રયત્ન કરશો?

ઇશ્વરનું વ્યાપકપણું માની લઇએ પણ કઇ રીતે વ્યાપકપણું માનવું? ઇશ્વર શરીરથી વ્યાપક છે? કે પછી ઇચ્છાથી વ્યાપક છે? કે કર્તૃત્વપણાથી વ્યાપક છે? અથવા એના પ્રભુત્વ સામાર્થ્ય શક્તિથી વ્યાપક છે? કે પછી જ્ઞાનથી વ્યાપક છે? કેવી રીતે વ્યાપક છે? અને કેટલા પ્રદેશમાં વ્યાપક છે?

એક તર્ક અહીંયા એવો ઉત્પન્ન થાય છે કે જો તમે ઇશ્વરને સશરીરી કે અશરીરી કોઇ પણ અવસ્થામાં વ્યાપક માનો પરન્તુ પહેલા એટલું તો કહો કે પહેલાથી જ ઇશ્વર વિશ્વવ્યાપી હતા તો વિશ્વ બનાવ્યું કયારે? શું પહેલા વિશ્વ બનાવ્યું અને પછી ઇશ્વર વિશ્વ વ્યાપી થયા? કે પછી પહેલા ઇશ્વર જ વ્યાપક સ્વરૂપ લઇને અવતર્યા અને પછી વિશ્વ બનાવ્યું? જો પહેલા જ વ્યાપક સ્વરૂપ લઇને અવતર્યા એમ માનો તો વિશ્વ જ ન હતુ તો પછી વ્યાપક કેવી રીતે થયા? તમે જવાબ આપશો આકાશમાં અનન્ત આકાશ તો હતું જ ને? સારૂં આકાશને ઇશ્વરના પહેલા જ માની લઇએ તો પછી ઇશ્વરનું બનાવેલું આકાશ નહીં મનાય. કારણ કે ઇશ્વરના થવા પહેલા જ આકાશ હતુ. તે પછી ઇશ્વરે થવા પહેલા જ આકાશને કેવી રીતે બનાવ્યું? સંભવ નથી. જો આકાશ ને પહેલા માનીએ તો ઇશ્વરનો બનાવવાનો હકક જતો રહે છે અને પહેલા ન માનીએ તો વ્યાપકપણું

નથી ઠરતુ. અને ઈશ્વરે થઈને પછી વિશ્વ બનાવ્યું એમ કહો તો વ્યાપીપણું જતું રહે છે. અને ઈશ્વરને થયેલા કે થતા સિદ્ધ કરો તો ઈશ્વરનું નિત્યપણું પણ જતું રહે છે. શું કરવું? બીજી તરફ ઈશ્વરને અશરીરી માનો તો વિશ્વ વ્યાપી કેવી રીતે માનવા? વ્યાપક સર્વવ્યાપી મૂર્ત હોય કે અમૂર્ત હોય? અશરીરી ઈશ્વર અરૂપી–અમૂર્ત સ્વરૂપે હોય તો પછી એનું સ્વરૂપ સર્વવ્યાપી કેવી રીતે હોય? અને માનવા જઈએ તો આકાશમાં અતિવ્યાપ્તિ આવશે. તો શું ઈશ્વરને આકાશની જેમ સર્વવ્યાપી માનવો? એટલે જેટલું આકાશ વ્યાપક છે એટલો જ ઈશ્વર પણ વ્યાપક છે? તો આકાશની બહાર તો એક પણ પદાર્થ નથી. અને અહીંયા ઈશ્વર દ્વારા બનાવેલા પદાર્થો ને ઈશ્વરથી ભિન્ન માનવા કે અભિન્ન માનવા? જેમ સર્વ વ્યાપી આકાશ સર્વ પદાર્થોનો સંયોગ કરે છે. વિભુ છે આકાશ પદાર્થ, એમ જ જો સર્વ મૂર્ત દ્રવ્ય સંયોગી રૂપે ઈશ્વરને પણ વિભુ રૂપે વ્યાપક માનવા જઈએ તો ઈશ્વરમાં આકાશવત્ નિષ્ક્રિયતા જડતા આવી જશે. અને નિષ્ક્રિયતા જડતા આવી જશે તો પછી ઈશ્વર સૃષ્ટિની રચના કેવી રીતે કરશે? તો પાછુ કર્તા પણું જતુ રહેશે. અથવા તો પછી ઈશ્વર અને આકાશ બંનેને સદૃશ પદાર્થો માનશો તો ઈશ્વરની સકર્તૃકતા આકાશમાં માનવી પડશે. તો આકાશથી પણ સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે એ પક્ષ સ્વીકારવો પડશે અને બીજી બાજુ ઈશ્વરમાં આકાશની જેમ નિષ્ક્રિયતા આવશે તો સૃષ્ટિ રચવાનું કામ તેમના હાથમાંથી જતું રહેશે. શું કરવું? બંને બાજુથી મુશ્કેલી?

જો ઈશ્વરને શરીરથી વ્યાપક માનવા જઈએ તો પણ ઘણાં પ્રશ્ન નડશે. શું જેટલું વિશ્વ છે તેટલું જ ઈશ્વરનું શરીર છે કે ઓછુ વધારે? વિશ્વને બ્રહ્માણ્ડ સ્વરૂપે તો અનંન્ત કહ્યું છે. અનન્તગણું ક્ષેત્ર વિશ્વનું છે. તો પછી ઈશ્વરનું શરીર પણ શું અનન્તગણું વિશાળ માનવું? અને હા પાડો તો આટલા વિશાળ શરીરની રચના કેવી રીતે સંભવે? તો પછી વિશાળ બ્રહ્માણ્ડ બનાવવામાં ઈશ્વરને જેટલો સમય લાગ્યો એટલો જ સમય પોતાના વિશાળકાય શરીરને બનાવવામાં

પણ લાગ્યો હશે? અને આટલું વિશાળ શરીર હોય તો તે શરીર દૃશ્ય કે અદૃશ્ય છે? રૂપી કે અરૂપી છે? મૂર્ત કે અમૂર્ત છે? શું આપણા જેવું શરીર કે ભૂતપ્રેતાદિ જેવું અદૃશ્ય શરીર? જો ભૂત-પ્રેતાદિની ઉપમા આપો તો પછી શું બીજા ભૂત-પ્રેતાદિ આટલા વ્યાપક વિશ્વવ્યાપી થતા હતા? કે વર્તમાનમાં પણ થાય છે શું સમજવું? અને આટલા વિરાટ શરીરને જો માનો તો તે શરીર શેનું બનેલું માનવું? કયા દ્રવ્યોનું માનવું? જો કોઈ દ્રવ્યોનું બનેલુ માનો તો તે દ્રવ્યોને ઈશ્વરે બનાવ્યા કે બીજા કોઇએ? આટલા મોટા વ્યાપક વિશાળ વિરાટ શરીરને બનાવવામાં કેટલા દ્રવ્યો વપરાયા હશે? જો વિશ્વ પ્રમાણ વ્યાપક શરીરને બનાવવામાં પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-આકાશ આદિ બધા દ્રવ્યો વપરાયા હોય તો પછી વિશ્વ બનાવવા માટે કે પૃથ્વી-સમુદ્રાદિ બીજા-બધા પદાર્થો બનાવવા શેષ શું બચ્યા? અને બચ્યા તો તે ક્યાંથી આવ્યા? તો પછી શરીરથી વ્યતિરિક્ત પણ આ બીજા પદાર્થોની સત્તા ક્યાં માનવી?

ઈશ્વરનું શરીર ઈશ્વર નિર્મિત જ માનવું? કે પછી અન્ય ઈશ્વર નિર્મિત માનવું? અથવા આપણી જેમ ગર્ભજ શરીર માતા-પિતાદિ દ્વારા નિર્મિત માનવું? શું કરવું? જો માતા પિતા હતાં તો ઈશ્વરના થવા પહેલા તેમના માતા-પિતા હતા એ વાત સ્વીકારવા જતાં તેમના પણ માતા-પિતા...તેમના પણ....તેમના પણ.... એમ અનન્તા સ્વીકારવા જતા અનવસ્થા દોષ આવશે. અને ગર્ભજ શરીર આપણા જેવા હોય. વિરાટ વિશ્વ જેટલા વ્યાપક તો કેવી રીતે હોય?

ઈચ્છા કે સામર્થ્યથી ઈશ્વરનું વ્યાપકપણું કેવી રીતે સ્વીકારવું? મતલબ ઈશ્વર સર્વવ્યાપી નથી. અને ઈચ્છા સર્વ વ્યાપી છે એમ સ્વીકારવું? તો આ પક્ષ પણ નિર્દોષ સિદ્ધ નહીં થાય કારણ કે ઈચ્છા મનથી ઉત્પન્ન થાય છે. અને મન પ્રદેશ સુધી જ સીમિત રહે છે. મનથી બહાર ઈચ્છા જતી નથી. જો મનની બહાર ઈચ્છા જતી હોત તો આ જગતના બીજા જીવોને આપણી ઈચ્છાની ખબર પડતી હોત. પરંતુ આપણી ઈચ્છાની કોઈ નેય ખબર નથી પડતી. એક માત્ર મનઃ

પર્યવજ્ઞાનીઓને જ એવા પ્રકારની મનોગત ભાવ જાણવાની લબ્ધિ હોય છે માટે તેજ જાણી શકે છે. ઇશ્વરની સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છાને આપણે બીજા જીવો કેવી રીતે ઓળખી શકયા ? કેવી રીતે જાણી શકયા. શું આપણે બધા મનઃપર્યવજ્ઞાની છીએ ? ના. કોઇ એક મનઃપર્યવજ્ઞાનીએ ઇશ્વરની ઇચ્છાને જાણીને પછી આપણા જેવા બધાને કહ્યું. શું આ પક્ષ પણ વ્યાજબી છે ? જો આ માનવા જાઓ તો ઇશ્વરની ઇચ્છાને જાણનારા ઓળખનારા બીજા કોઈ મનઃપર્યવજ્ઞાનીની સત્તા આપણે માનવી પડે. તો પછી એ મનઃ પર્યવજ્ઞાની કોણ ? ઇશ્વરે કંઈ જ ન હતું અને શૂન્યમાંથી સૃષ્ટિ બનાવી છે તો એ વખતે બીજા મનઃપર્યવજ્ઞાનીની સત્તા કેવી રીતે માની લેવી ? હજી ઇશ્વરે ઇચ્છા જ કરી છે અને સૃષ્ટિ નિર્માણ નથી થઈ ત્યાં વળી બીજા મનઃપર્યવજ્ઞાની કયાંથી આવ્યા ? શું ઈશ્વરે થઇને ઇચ્છા કરતાની સાથે જ પોતાની ઇચ્છાને જાણવાવાળા મનઃપર્યવજ્ઞાનીને પોતાના હાથે બનાવ્યા ? બનાવ્યા તો શા માટે બનાવ્યા ? પોતાની ઇચ્છાને જાણવા ખાતર કે ઇચ્છાનુસાર બધુ બને છે કે નહીં તે ચેકિંગ કરવા ખાતર ? શું ઉત્તર શોધવો ?

**સર્વજ્ઞતાથી સર્વવ્યાપીપણું ?**

પહેલા સર્વજ્ઞતા પક્ષ ઇશ્વરમાં સિદ્ધ કરો અને પછી તે સર્વજ્ઞ ઈશ્વરને સર્વવ્યાપી ગણો ? શું આમ કરવું ? તો પછી ઈશ્વર વિશ્વ વ્યાપી છે કે ઈશ્વરનું જ્ઞાન સર્વ વ્યાપી છે ? જો ઈશ્વર અને ઈશ્વરના જ્ઞાનમાં અલ્પાધિકપણાનો ભેદ કરો તો ઈશ્વરનું જ્ઞાન અધિક દેશ વ્યાપી છે અને ઇશ્વર ન્યુનદેશ વ્યાપી છે એમ સમજવું ? જો ઇશ્વરને જ્ઞાનથી સર્વવ્યાપી કહો તો જ્ઞાનમાં કર્તૃત્વ સ્થાપવું કે ઇશ્વરમાં કર્તૃત્વ સ્થાપવું ? કારણ કે જ્ઞાનનું કામ તો માત્ર જાણવાનું છે. પદાર્થોની રચના કરવાનું કે બનાવવાનું કામ જ્ઞાનનું નથી ? તો પછી ઇશ્વરે સર્વજ્ઞ થઈને શું કર્યું ? વિશ્વની બધી જ વસ્તુઓ જાણી કે બનાવી ? આ રીતે સર્વજ્ઞપણાથી કર્તૃત્વપણું જતું રહે છે. આ બાલ–ગોપાલ બધા જીવો જાણે છે કે જ્ઞાનથી જણાય છે. બનાવવામાં નથી આવતું.

ચાલો, જ્યારે ઈશ્વર સર્વજ્ઞ હતા ત્યારે સૃષ્ટિ કર્તા હતા કે નહીં ? જો બન્ને એક સાથે જ હતા તો પછી જ્યારે સર્વજ્ઞ હતા ત્યારે સર્વજ્ઞાનથી શું જોયું ? વિશ્વના કયા પદાર્થો જોયા ? કારણ હજી ઈશ્વરે કંઇ બનાવ્યુ જ નથી કંઇ રચના જ નથી કરી તો પછી શું જોયું ? તો પછી આ રીતે સર્વજ્ઞતા જતી રહે છે. અને કર્તૃત્વપણું પહેલા માનવા જઇએ છો સર્વજ્ઞતા જતી રહે છે. અને કર્તૃત્વપણું પહેલા માનવા જઈએ તો સર્વજ્ઞતા જતી રહે છે. પહેલા કર્તા હતા ઇશ્વર અને પછી સર્વજ્ઞ બન્યા ? મતલબ સૃષ્ટિની રચના કરતા હતા ત્યારે અલ્પજ્ઞ હતા એ પક્ષ સિદ્ધ થશે અને અલ્પજ્ઞની સૃષ્ટિ માનશું તો ઘણી ભૂલોથી ભરેલી સૃષ્ટિ દેખાશે. શું કરવું ? અને હકીકત પણ એજ દૃષ્ટિગોચર થઇ રહી છે. આખી સૃષ્ટિમાં સેંકડો ભૂલો ભરેલી દેખાય છે. આ સૃષ્ટિમાં ક્યાંય સમાનતા સાદૃશ્યતા સરખાપણું દેખાતુ નથી. ચારે બાજુ વિષમતા, વિચિત્રતા, અને વિવિધતા દેખાય છે. કશું જ એક સરખાપણું નથી દેખાતુ. જે કર્મજન્ય વિચિત્રતા છે, કર્મના કારણે જેવી વિષમતા વિવિધતા હોય છે ઠીક તેવી જ વિચિત્રતા વિવિધતા અને વિષમતા. વિસંગતતા વગેરે ઇશ્વરની સૃષ્ટિમાં પણ નજરે ચઢે છે. ચોકખી દેખાય છે. આપણે બધા અનુભવીએ છીએ કે એક રાજા તો બીજો રંક, એક અમીર તો બીજો ગરીબ, એક સુખી તો બીજો દુ:ખી, એક સાવ બુદ્ધુ તો બીજો બુદ્ધિશાળી, એક ઉચ્ચ તો બીજો નીચ. આવી સેંકડો પ્રકારની વિષમતાઓ નજરે ચઢે છે. આ તો બધી કર્મના કારણે જ સંભવી શકે છે. ઇશ્વર જ્યારે સર્વજ્ઞ બધુ જ જાણનારો છે તો પછી આવી ભૂલોથી ભરેલી સૃષ્ટિ શા માટે બનાવી ? શું આનાથી ઈશ્વરની બિન આવડત સિદ્ધ નહીં થાય ? અને સાફ થાય છે તો પછી સર્વજ્ઞતાનો પક્ષ કેવી રીતે ટકી શકશે ?

બીજી બાજુ તમે ઇશ્વરમાં સર્વજ્ઞતા કોઈપણ હિસાબે માનો જ છો તો પછી ઈશ્વર વેદમાં જોઇને સૃષ્ટિ શા માટે બનાવે છે ? શું જે સ્વયં સર્વજ્ઞ હોય તેમને પણ વેદમાં જોઈ–જોઈ ને, વેદમાં જેમ

લખ્યું છે તે મુજબ સૃષ્ટિ બનાવવી પડે? અને તે મુજબ જોઈ-જોઈને બનાવે અને પૂર્વ કલ્પમાં પહેલાના ઇશ્વરે જેવી સૃષ્ટિ બનાવી હતી તેવી જો બનાવવા જાય તો પછી ઇશ્વરની સર્વજ્ઞતા કયા રહીં? સર્વજ્ઞ હોય એને વેદોમાં જોવું-વાંચવું ન પડે. અને વેદોમાં વાંચી જોઈને જે સૃષ્ટિ બનાવે એમાં સર્વજ્ઞતા ન જ ઘટી શકે? સંભવ જ નથી. કારણ સ્પષ્ટ જ છે કે વેદમાં કયારે જુએ-વાંચે? જ્યારે પોતે સર્વજ્ઞ ન હોય ત્યારે જ ને? સર્વજ્ઞતા વિના વેદ-માં જોઇ વાંચીને સૃષ્ટિ બનાવવી હોય તો આપણે પણ બનાવી શકીએ? એમાં શું મોટી વાત છે? આપણે પણ અલ્પજ્ઞ અને ઇશ્વર પણ અલ્પજ્ઞ. અલ્પજ્ઞતાની દૃષ્ટિએ આપણે બન્ને સરખા જ થયા. સાદૃશ્ય સમાન ધર્મ વાળા સરખા ગણાય. સરખા કહેવાય. તો સરખાપણાની દૃષ્ટિએ આપણે અને ઈશ્વર બન્ને એક જ હરોળમાં એક સરખા કહેવાઇએ. આ રીતે ઇશ્વરની સર્વજ્ઞતા જ નષ્ટ થઇ જાય. અને સર્વજ્ઞતા જો નષ્ટ થઈ જાય તો આના આધારે ટકાવી રાખેલ સર્વવ્યાપીપણું કેવી રીતે ટકશે? અને સાથે સાથે સર્વ કાર્યકર્તૃત્વપણું પણ કેવી રીતે થશે? કારણ મકાનનો પાયો જ જો હચમચી જાય અને તેમાંથી કાંકરીયો ખરવા માંડે તો પછી ઉપર રહેલા આખા મકાનનું શું થાય? પડવા જ માંડે કે બીજું કાંઈ? બસ એજ સ્થિતિ અહીંયા છે. એક એક વિશેષણો જે ઈશ્વર ને સિદ્ધ કરવા માટે આપ્યા છે તે જ ટકી શકતા નથી તો પછી ઈશ્વરરૂપી મકાન કેવી ટકશે?

બીજી તરફ સર્વજ્ઞના કાર્યમાં ભૂલ હોઈ શકે ખરી? અને હોય તો શું તે સર્વજ્ઞ કહેવાય ખરા? સ્પષ્ટ ઉત્તર છે કે ભૂલ પણ ન હોવી જોઇએ અને ભૂલ હોય તો તે સર્વજ્ઞ પણ ન જ કહેવાય. ઈશ્વર કારણ છે અને ઈશ્વરની રચેલી આ સૃષ્ટિ કાર્ય છે. શું આ રચાયેલી સૃષ્ટિમાં ભૂલો નથી દેખાતી? સેંકડો ભૂલો દેખાય છે. ઉત્પન્ન કરવા-બનાવવામાં ભૂલો છે અને પછી ચલાવવાની સંચાલન વ્યવસ્થામાં પણ ઘણી ભૂલો દેખાય છે. દા. ત. પાપી-અધર્મી જીવોને ઇશ્વરે શા માટે

બનાવ્યા? ચોર, લૂટારા, ગુંડા. ધૂતારા, ઠગ, ખુની, હત્યારા. નરભક્ષી રાક્ષસ; ભૂત, પ્રેત, પિશાચ, દુરાચારી, પરસ્ત્રીગામી, વ્યસની વગેરે ઘણી જાતના એવા પાપી–મહાપાપી લોકોને બનાવવાની શું જરૂર હતી? ઈશ્વરે શા માટે બનાવ્યા? શું બનાવતા પહેલા ઈશ્વર જાણતા ન હતા કે આ લોકો આવા ભયંકર પાપો કરશે? અને એ બિચારા શું કરે? એ તો એમ કહે છે કે અમે કંઇ જ કરતા નથી. ઈશ્વરની ઈચ્છા મુજબ જ બધુ થાય છે. ઈશ્વર જ એમની ઇચ્છા પૂરી કરવા ખાતર અમારી પાસે કરાવે છે. એમાં અમે શું કરીએ? અમે અમારી સ્વેચ્છાથી તો કંઈ જ કરતા નથી.

આ કેવી વાત? તો પછી પહેલા ઈશ્વરે એમને નિર્માણ શા માટે કર્યા? અને પછી ઈશ્વરની ઈચ્છા મુજબ જ બધુ થાય છે એ સિદ્ધાંતમાં એ લોકો શું કરે? એમની વાત પણ સાચી લાગે છે તો આ બધી ભૂલ કોની છે? દુનિયા બનાવનારની કે બીજા કોઈની? અને ઇશ્વરે આ મોટી ભૂલ કરી છે તો કયારે કરી? સર્વજ્ઞ હોય તો આગળ–પાછળનું બધુ જાણી જોઈને જ કામ કરે ને? અને સુવ્યવસ્થિત વિચારપૂર્વક નથી કર્યું તો આ ભૂલ તો ઇશ્વરની સર્વજ્ઞતાને જ ભરખી જશે. અને આ રીતે જો ઈશ્વરમાંથી સર્વજ્ઞપણું જ જો જતું રહેશે તો પછી પ્રાણ વગરના મૃતક જેવી ઈશ્વરની સર્વજ્ઞતા વિનાની હાલત થઈ જશે.

બીજી તરફ ઈશ્વર ને પોતાની ભૂલના ભોગ થઇને કેટલું વેઠવું પડે છે? પહેલા તો ઇશ્વરે ભૂલ કરી કે આ બધા પાપી, દુરાચારી, વ્યસની, ક્રૂર પાપી, ચોર, ગુંડા આદિ જીવોને બનાવ્યા. પોતાની સ્વ ઈચ્છા પ્રમાણે એમની પાસે પ્રવૃત્તિ કરાવી અને જો કોઇ કાળમાં આવા જીવો તરફથી અધર્મની પ્રવૃત્તિઓ ઘણી વધી જાય તો (संभवामि युगे युगे )ના ભગવદ્દગીતાના નિયમ મુજબ પાછા ઇશ્વરને અવતાર લઈને આ ધરતી ઉપર અવતરવું પડે. આ કેવી અવ્યવસ્થા? જો ઇશ્વર સ્વયં સર્વજ્ઞ હોય તો શું ભાવિકાળનું નથી જાણતા? સર્વજ્ઞ તો સદા

ત્રિકાળજ્ઞાની હોય છે. ભૂત વર્તમાન અને ભાવિના ત્રણે કાળનું જ્ઞાન ધરાવે એને સર્વજ્ઞ કહેવાય તો પછી ઇશ્વરે ભાવિનો વિચાર કર્યો નહીં હોય અને સૃષ્ટિ બનાવી કાઢી લાગે છે. કારણ પહેલા પોતે જ ચોર ગુંડા વગેરે બનાવે છે, પોતે જ પોતાની સ્વઇચ્છા પ્રમાણે તેમની પાસે બધુ કરાવે છે અને છેલ્લે તેમનો સંહાર કરવા માટે પાછા તેજ ઇશ્વરને आत्मानं सृजाम्यहम् ના નિયમ મુજબ અવતાર લેવો પડે છે.

અધર્મીઓનો સંહાર કરીને ધર્મનું અભ્યુત્થાન કરવા પૂર્વક ધર્મના ઉત્થાનનું કામ કરવું પડે છે? પહેલા પગ કાદવમાં ખરડવા અને પછી ધોવા જવું? આવી નિરર્થક પ્રવૃત્તિ પહેલાથી જ ઈશ્વરે કરી શા માટે? પહેલા કરવી અને પછી ફરી સુધારવી એ તો સામાન્ય અલ્પજ્ઞ જીવનું કામ છે. પણ ઈશ્વરને તો આ ખોટી હજામત ન જ શોભે. અને કરે છે એના પુરાવા ભગવદ્ ગીતાના પાઠો આપે છે. તો પછી શું સમજવું? સર્વજ્ઞપણું કેવી રીતે ટકશે?

બીજી બાજુ ચોર ગુંડા વગેરે બનાવવાની પાછળ ઈશ્વરની બિન આવડત કારણભૂત નથી દેખાતી? જો ઉત્તર હા માં હોય તો ભૂલ ભરેલા અલ્પજ્ઞને ભગવાન કેવી રીતે માનવા? ઈશ્વર ઈશ્વર છે સર્વજ્ઞતાના કારણે ને? સર્વજ્ઞતા જ સિદ્ધ ન થતી હોય તો તેના આધારે ઈશ્વરતા કેવી રીતે ટકશે? બીજી તરફ ઇશ્વરની ઇચ્છા જો ચોર-ગુંડા, વ્યભિચારી, આદિ પાપી પાસે કામ કરાવતી હોય તો એવી ઇશ્વરની ઇચ્છાને કેવી સમજવી? સારી કે ખરાબ? સારી તો ન જ કહેવાય. કારણ સ્પષ્ટ જ છે. અને ખરાબ કહીએ તો એને મનમાં થાય છે કે શું ઇશ્વર સ્વ ઇચ્છાથી બીજા જીવો પાસે વ્યભિચાર દુરાચાર, ખુન હત્યા આદિ પાપો કરાવરાવે છે. આટલી ખરાબ ઈચ્છા ઇશ્વરની છે? અને ઇચ્છા વિચાર સ્વરૂપ છે. આ જગતમાં ખરાબ-પાપ કરનારા પાપી દુષ્ટ દુર્જનોની સંખ્યા વધતી ગઇ, અને વધતા વધતા એટલી વધી ગઇ કે ઇશ્વરને એ દુર્જનોના સંહાર કરવા માટે અવતાર લેવાનો વખત આવ્યો. પણ પ્રશ્ન ઉઠે છે કે આટલી સંખ્યા ક્યારે વધી? કેવી રીતે વધી?

શું ઇશ્વરની ઇચ્છા વિના, કે ઇચ્છા વિરૂદ્ધ, અથવા ઇશ્વરની જાણ બહાર એમને એમ વધી ગઇ? તો એના ઉત્તરમાં શું કહેશો? એક બાજુ ઇશ્વરની ઇચ્છા વિના, ઇચ્છા બહાર કંઈ જ થતું નથી, બનતુ નથી. ઇશ્વર કરે તે જ થાય છે. તો પછી ઇશ્વરે સ્વ ઇચ્છાથી આવી દુષ્ટ દુર્જનોની સૃષ્ટિ શા માટે બનાવી? અને બનાવ્યા પછી ફરી પાછો તેમનો પરિહાર કરવા, તેમનો સંહાર કરીને સજ્જનોની રક્ષા કરવા ઇશ્વર ફરી પાછા અવતાર લે. આવી વાતો કયાં સુધી ગળે ઉતરે? જો ઇશ્વર સ્વયં સર્વજ્ઞ જ છે અને બધુ જાણે જ છે તો પછી પહેલાથી જ વિચારીને યોગ્ય સૃષ્ટિ બનાવે તો ફરીવાર કે વારંવાર તેમને પ્રલય કે સંહાર કરવા અવતાર લેવાની આવશ્યક્તા જ ન રહે.

**વાસ્તવિક સત્ય**

પરંતુ વાસ્તવિક સત્યતા એ છે કે જીવોની પોતાના શુભા-શુભ કર્મના કારણે આ સ્થિતિ સર્જાય છે, દુષ્ટ-દુર્જનોને પણ ઇશ્વર નથી બનાવતો પરંતુ તે તે જીવો સ્વયં અશુભ પાપની પ્રવૃત્તિ કરીને પાપ કર્મ ઉપાર્જન કરે છે. અને તેના વિપાકોદયે ફરીથી તેવી પાપ પ્રવૃત્તિમાં રાચે છે. એ દુષ્ટ દુર્જનોની પાપ પ્રવૃત્તિ તેમના પોતાના તથા પ્રકારના વિષય-કષાયના સ્વભાવના કારણે ચાલે છે અને સાધુ-સજ્જન જીવો શુભ પુણ્ય-અથવા ધર્મ પ્રવૃત્તિ કરીને પુણ્ય કર્મ ઉપાર્જન કરે છે. અને પોતાના શુદ્ધ સ્વભાવને અનુરૂપ વર્તે છે. પ્રવૃત્તિ કરે છે. આ દીવા જેવુ સત્ય સ્પષ્ટપણે સ્વીકારી લેવામાં આવે તો ઇશ્વર ઉપરના બધા જ દોષારોપણો દુર થઈ જાય. અને નિર્દોષ વ્યવસ્થા સ્થાપી શકાય. સર્વ માન્ય સર્વને સ્વીકાર્ય કર્મ પદ્ધતી Karma Theory જૈન દર્શને જગતને આપી છે. આપણે તો શુદ્ધ સત્ય સ્વીકારવું છે. કારણ શુદ્ધ સત્ય જ નિર્દોષ હોય છે. આપણે સત્યના આગ્રહી કે સત્યના પક્ષપાતી થવું જોઈએ. હીરો કાદવમાં પડયો હોય તો પણ લઈ લઇએ છીએ તો પછી આવું દીવા જેવુ સત્ય ગમે તે ધર્મ કે દર્શન પાસેથી મળતું હોય, અથવા કયાંયથી પણ મળતુ હોય તો અવશ્ય સ્વીકારવું જોઈએ. ઇશ્વરના વિષે આટલી લાંબી ચર્ચા કરવી અને

એમાંથી દોષો ઉપર દોષો નિકળતાં જ જાય તો પછી એ દોષગ્રસ્ત પદ્ધતિને સ્વીકારીને અજ્ઞાન વધારવામાં શું ફાયદો ? પછી અજ્ઞાનના આધારે અશ્રદ્ધા અથવા તો પછી અંધશ્રદ્ધા ચાલ્યા જ કરશે. માટે આપણે સત્યને સ્વીકારવાના પક્ષમાં રહેવું જોઈએ. આ કર્મસિદ્ધાન્ત જે જૈન દર્શને બતાવ્યો છે હવે એમાં દોષો કાઢીને બતાવો. અમે એ દોષોનું નિરસન કરી આપીશું. પરંતુ સત્ય એટલુ સરલ અને સહજ હોય છે કે વાંચતા જ ગળે ઉતરતું જશે. કયાંય શંકા જાગવાનું પણ કારણ નહીં રહે.

**દેહ વ્યાપાર કે સંકલ્પ માત્રથી જગત બને છે ?**

જગત્ કર્તા ઇશ્વર સર્વ વિશ્વવ્યાપી છે એમ કહેનારા ઇશ્વર વાદીઓએ ઇશ્વરને સર્વવ્યાપક રૂપ આપી દીધું છે. એની પાછળ તેમનું કહેવું એવું છે કે... સંસાર-બ્રહ્માંડ સ્વરૂપે ઘણો મોટો છે. બધે જ કાર્યો કરવાના હોય છે. સ્વર્ગમાં-નરકમાં એમ સર્વત્ર કામ ઘણું કરવાનું હોય છે અને જો ઇશ્વિર નાનું શરીર ધારણ કરીને એક જ જગ્યામાં બેસી રહેશે તો બધા વિશ્વના કામો કેવી રીતે થશે ? અને એક જગ્યાએ કામ કરીને બીજે જાય તો પછી એવી રીતે તો કેટલી જગ્યાએ જવા બેસે ? તો ઇશ્વર થાકી પણ જાય અને બધા સ્થાનોના કામ પણ ન થઈ શકે. એટલા માટે સર્વ વિશ્વવ્યાપી જ ઇશ્વરને માની લીધા છે જેથી ઇશ્વરને કયાંય પણ જવું આવવું જ ન પડે અને બધે કામો થતા જ રહે.

ચાલો, ઘડીભર આ વાતને પણ ગળે ઉતારવા પ્રયત્ન કરીએ કે ઇશ્વર જો નાના શરીરવાળા હોય અને એક જ જગ્યાએ રહી જાય તો પછી બીજે બધે સ્થળે જઈ ન શકે. પરંતુ પહેલા એ તો સમજાવો કે ઇશ્વર શરીરથી દેહ વ્યાપાર કરીને કુંભાર-સુથારની જેમ કામ કરે છે કે પછી ઇચ્છા-સંકલ્પ બળથી જ સૃષ્ટિ બનાવી લે છે ? શું કરે છે ? અને કેવી રીતે કરે છે ? કદાચ તમે એવો જવાબ આપો કે દેહ વ્યાપારથી જ ઇશ્વર કામ કરે છે અને તેથી જ બધા જગતના કામો થાય છે. સારૂં, તમારા કહેવા પ્રમાણે શરીરની પ્રવૃત્તિ કરીને

મહેનત કરવા પૂર્વક ઇશ્વર કુંભાર જેમ એક એક ઘડો બનાવે છે તેમ બધુ વસ્તુઓ બનાવે છે, સુથાર બધુ કામ જેમ મહેનત પૂર્વક કરે છે એમ જો ઇશ્વર જાતે મહેનત પૂર્વક કાયાના વ્યાપારથી પૃથ્વી–પર્વત–નદીઓ–સમુદ્રો જંગલો–ઝાડ–પાન વગેરે મોટા મોટા કામો કેવી રીતે ઇશ્વર કરે છે? અને કરે છે જેટલા મોટા કામ એટલો જ લાંબો સમય લાગવાનો કે નહીં? તો પછી વેદ–વેદાન્તમાં એ સમય લખેલો મળવો જોઈએ કે પૃથ્વી બનાવતા આટલા વર્ષો લાગ્યા. પર્વતો બનાવતા આટલા વર્ષો લાગ્યા, સમુદ્ર બનાવતા આટલા વર્ષો લાગ્યા એમ ક્યાંય ઉલ્લેખ માત્ર પણ નથી. તો પછી શું સમજવું? અને આ રીતે આટલા મોટા મોટા એક–એક કામો દેહ વ્યાપારથી થાય અને ક્રમશઃ થાય તો સમય ચોક્કસ લાગે છે. અને ક્રમ વિના એકી સાથે થઇ જાય તો પછી દેહવ્યાપાર નિરર્થક જાય છે. અને જો દેહ વ્યાપાર શરીરની મહેનતથી એક એક કામો કરવા હોય તો ઇશ્વરે બધા પર્વતો–પૃથ્વીઓ વગેરે બનાવવા કરવાનું કામ એકલા હાથે કર્યું કે બીજા કોઇના પણ હાથની મદદ લીધી? જો મદદ લે તો ઇશ્વરનું સામર્થ્યપણું જતુ રહે છે. અને જો ના પાડીએ તો અનન્તા કામો બધા એકલા ઇશ્વરે કર્યા હોય તો અનન્તા વર્ષો લાગે કે ન લાગે? એક એક કામમાં ૧–૧ વર્ષ ગણીએ તો અનન્તા વર્ષો લાગે કે ન લાગે? અને જો અનન્તા વર્ષો લાગે છે એમ સ્વીકારવા જાઓ તો સૃષ્ટિનો પ્રલય કેવી રીતે સ્વીકારવો? યુગ–યુગમાં તો ઇશ્વર બધો જ મહાપ્રલય કરીને નવી–નવી સૃષ્ટિ બનાવતા હોય છે. હજી માંડ એક એક કામ કરતા કરતા સૃષ્ટિની રચના કરતા હોય છે ત્યાં જ વળી અધવચ્ચે જ મહાપ્રલય સંહાર કરી લે છે? એટલે આવો અચાનક વચ્ચેથી મહાપ્રલય કોણ કરી લે છે? ઇશ્વર જ કે કોઇ બીજો? ઇશ્વર જાતે તો પ્રલય કરે નહીં કારણ કે પોતે જ જે રચનાનું કામ કરે છે તે અધુરૂં હોય ત્યાં વળી વચ્ચેથી અર્ધેથી જ ઇશ્વર સંહાર–પ્રલય કેવી રીતે કરે? ખોટી મહેનત માથે ન પડે? અને નિરર્થક વિના પ્રયત્ને શા માટે આવું કરે? કાંતો બનાવતા બનાવતા ભૂલ થઈ ગઇ? ખોટું બની ગયું? એટલે ભૂસી નાંખવા ખાતર પ્રલય કરે છે? ચાલો ભૂસી નાખવા ખાતર કરતા પણ

હોય તો શું બધો જ મહાપ્રલય કરે કે પછી બગડયું હોય એટલું જ ભૂસવા ખાતર પ્રલય કરે છે? તો અહીં તો કહેવાય છે કે મહાપ્રલય જ કરી નાંખે છે. જેથી પાછળ શેષ કંઈ જ નથી રહેતું તો આવી વાત સ્વીકારવામાં ઇશ્વરની બિન આવડત સિદ્ધ નથી થતી? અને થાય તો ભૂલનારાને સર્વજ્ઞ કેવી રીતે માનવા?


તો પછી ઈશ્વર શરીર વડે દેહ વ્યાપાર પૂર્વક આ સૃષ્ટિ બનાવે છે કે અશરીરી થઇને વિના શરીરે જ આ સૃષ્ટિના બધા કામો કરે છે? કયો પક્ષ માનવો છે? અશરીરી એટલે શરીર વિનાનો ઈશ્વર તો માનવો જ નથી. કારણ કે વેદ સાક્ષી પાઠ આપે છે કે "विश्वतश्चक्षुरूत विश्वतो मुखो विश्वत प्राणिरूत विश्वत पात" ईत्यादि क्षुते" વેદ શ્રુતિમાં શરીર દ્વારા જ ઈશ્વરને સર્વ વ્યાપી કહેતા એના અંગોપાંગોનું વર્ણન કરતા કહે છે કે ઈશ્વર બધે આંખો, મુખ, હાથ અને પગને ધારણ કરતો જ વિશ્વમુખી, વિશ્વરૂપી હાથ–પગ ચક્ષુ આદિવાળો છે એટલે વિરાટ શરીરધારી ઈશ્વર સમસ્ત વિશ્વવ્યાપી છે. અને એ રીતે બધે જ રહેલો ઈશ્વર બધા ક્ષેત્રોના કામો કરી શકે છે. એમ પણ તમે કહેતા હો તો પણ કેવી રીતે સંભવશે? કારણ કે એક શરીર માનો છો? એક જ શરીરધારી હોય તો તો હાથ પગ વગેરે બે બે જ હોવા જોઈએ. અને ભલેને વિરાટ શરીરધારી એની રીતે પણ કામ કરે તો બધું જ તો એકી સાથે કેવી રીતે કરી શકે? શું શરીર વિશાળ હોવા માત્રથી એકી સાથે બધા કામો થઇ જશે? એક નાનો બાળક એક એક પથ્થર ઉપાડીને ઘર બનાવવા પાયામાં નાંખે છે અને બીજી બાજુ એક વિશાળ કાયાવાળો લાંબો ઊંચો માણસ શું બધા જ પત્થરો એકી સાથે ઉપાડીને નાંખી દેશે એમ? કેવી રીતે સંભવે? અને તમે હા પણ પાડો તો ય અમને તો વાંધો છે જ નથી કારણ કે ઇશ્વર હાથપગથી બનાવીને સૃષ્ટિ ઉત્પન્ન કરે છે એ માનવા જતાં સંકલ્પ માત્રથી બનાવી લે છે એવો તમારો જ વેદનો પક્ષ કયાં જશે? કારણ તમે તો ઇશ્વરની ઇચ્છા સંકલ્પ માત્રથી જ આખું જગત બની જાય છે એમ માનો છો તો તમારા સિદ્ધાન્તમાં જ તમારી માન્યતાનો દોષ આવશે.

સારૂં, ચાલો ફરી સાફ કરીએ અને ઈશ્વરની ઈચ્છા કે સંકલ્પથી જ જગત બને છે એમ માની પણ લઈએ પરન્તુ ઇચ્છા અને સંકલ્પ માત્ર કરવા માટે વળી વિશ્વવ્યાપી આટલા મોટાં વિરાટ શરીરધારી ઈશ્વરને માનવાની જરૂર જ ક્યાં પડે? માત્ર સંકલ્પ જ કરવો છે ને? તો સંકલ્પ તો નાના શરીરમાં રહીને કરે તો પણ શું ફરક પડે છે? સંકલ્પને શરીરની સાથે ક્યાં સંબંધ છે? એને તો મનની ઈચ્છા સાથે સંબંધ છે. જેમ બીજા પણ દેવી-દેવતાઓ-ભૂત–પ્રેતાદિ સંકલ્પ કે મંત્રાદિ પ્રયોગો માત્રથી એક સ્થાને બેઠા હોવા છતાં પણ બીજી જગ્યાના કામો કરી શકે છે. તો પછીએ શું ખોટા? તો પછી એમને જ ઈશ્વર માની લો? ના એમ તો કેવી રીતે ચાલશે? માનવા તો છે ઇશ્વરને જ? સારૂ ચાલો ઈશ્વરને જ સૃષ્ટિના કામો કરનારા માનો. તો પછી સંકલ્પ કરવા માટે નાનું શરીર હોય તો પણ ચાલે? અને નાનુ શરીર સર્વ વિશ્વવ્યાપી હોતુ નથી. તે તો વિશ્વના એક દેશ સ્થાપી એક દેશ વ્યાપી અને એક જ જગ્યાએ ઈશ્વરને રહેનારા માનવા પડે. ત્યાંથી બેઠા બેઠા ઇશ્વર સંકલ્પો કરતા રહે અને સૃષ્ટિના કામો થતા રહે. પરન્તુ આ પક્ષ ગળે તો ઉતરી ગયો લાગે છે પણ માનવા જતા તમારા સિદ્ધાન્તનું સર્વ વિશ્વવ્યાપીપણું ઈશ્વરનું માનવામાં તમને જ વાંધો આવશે. એ કેવી રીતે માનશો? આ રીતે આ તો ફરી દેડકાની જ રમત થઈ એક પકડે ત્યાં બીજો કૂદકો મારે છે. શું કરવું? ઊંટના અઢારે અંગ વાંકા એક પણ અંગ સીધું નથી. તો પાપ ક્યાંથી? આવી જ વાત અહીંયા પણ છે.

**જૈન દર્શનાભિપ્રેત જ્ઞાન વ્યાપીપણું**

જૈન દર્શનમાં અરિહંત તીર્થંકર પરમાત્માને જ ઈશ્વર તો શું પરમેશ્વર માનવામાં આવ્યા છે. જ્યારે ચારિત્ર જીવનની સાધનામાં તે મહાપુરૂષે ઘોર તપશ્ચર્યા અને ઘોર ઉપસર્ગો સહન કરતા જબરદસ્ત કર્મનિર્જરા કરતા કરતા ૪ ઘનઘાતી કર્મો ખપાવ્યા છે ત્યારે તેમને વીતરાગતા અને કેવળજ્ઞાન–કેવળદર્શન–અનન્તવીર્યાદિ શક્તિઓ પ્રાપ્ત થાય છે. એવા અનન્તજ્ઞાની પરમેશ્વર જે ભૂમિમાં જ્યાં બિરાજમાન હોય ત્યાંથી પણ જ્ઞાન યોગથી સમસ્ત બ્રહ્માણ્ડ-અનન્ત વિરાટ

# અનન્ત લોકા-અલોકાકાશ સુધી કેવલ જ્ઞાની જૂએ છે.



વિશ્વ લોક અને અલોક બધું જ એક સમયે જૂએ છે, અને જાણે છે. એમના અનન્તજ્ઞાનમાં જાણવા યોગ્ય પદાર્થોમાંથી આખા સંસારમાંથી એક પણ પદાર્થ કે વસ્તુ બાકી નથી રહેતી. કારણ જેટલા જગતના પદાર્થો અનન્તા છે. એટલા બધાને જાણવા યોગ્ય પરમાત્માનું જ્ઞાન પણ અનન્ત અને દર્શન પણ અનન્ત છે. પછી પદાર્થો જ્ઞાનના વિષય બન્યા વગર છૂટા કેવી રીતે રહી શકે?

લોક ચૌદરાજ પ્રમાણ છે. એ પંચાસ્તિકાયાત્મક છે. અને અલોક અનન્ત છે. દશે દિશામાં જેનો કોઇ છેડો નથી. અન્ત જ નથી. માટે અનન્ત છે. અને આટલા મોટા અનન્ત અલોકમાં એક માત્ર શુન્યાકાશ સિવાય બીજા કોઇપણ પદાર્થો ત્યાં અસ્તિત્વ જ નથી ધરાવતા, જીવ અજીવ કોઈ સૃષ્ટિ ત્યાં નથી. જ્યાં કંઈ જ નથી એ પણ સર્વજ્ઞે કેવી રીતે કીધું? જાણ્યા જોયા વગર કીધું? કે જોઇ-જાણીને પછી કીધું? અને પારમિત ક્ષેત્રમાં જીવ-અજીવ ઉભયસૃષ્ટિ છે. બધુ જ છે એ પણ

સર્વજ્ઞ પ્રભુએ જોઇને અને જાણીને કહ્યું છે. એ બધુ જણાવનારા અને જોનારા જ જૈન ધર્માભિપ્રેત કેવળજ્ઞાની અને કેવળ દર્શની અનન્ત જ્ઞાની છે.

ઉપરના ચિત્રમાં જોતા ખ્યાલ આવશે કે ચૌદરાજ લોકના કેન્દ્રમાં તિર્ચ્છાલોકના મધ્યમાં અઢીદ્વીપની અંદરના ૧૫ કર્મભૂમિના ક્ષેત્રમાં તીર્થંકર પદ પ્રાપ્ત ઘાતીકર્મો ચારેય ખપાવીને કેવળજ્ઞાન–સર્વજ્ઞતા સર્વદર્શિતાને પ્રાપ્ત કરીને સ્વદેહે બિરાજમાન પરમેશ્વર ત્યાં પોતાના સ્વક્ષેત્રે સ્વસ્થાને બેઠા બેઠા....જ અનન્ત બ્રહ્માણ્ડને જોઈ જાણીને તેનું કથન વીતરાગભાવે કરીને આપણને સર્વ જણાવે છે તે ભગવાનને અનન્ત લોક–અલોક જોવા–જાણવા. બીજા પ્રદેશોમાં બધે જવું નથી પડતું તેમ જ પરમાત્મા વિશ્વવ્યાપી સ્વશરીરથી પણ નથી. આપણા જેવું શરીર છે. અને એક સ્થાને બેઠા બેઠા જ અનન્તજ્ઞાનથી બધુંજ જોઈ જાણીને આપણને જણાવે છે. માટે તેમને દેહથી વ્યાપક ન કહેવાય પણ જ્ઞાનથી વ્યાપક કહેવાય છે. સર્વજ્ઞ પરમેશ્વર સર્વજ્ઞતાથી સર્વ વિશ્વ વ્યાપી છે એમ કહેવું સત્ય છે. પરંતુ સશરીરી ઈશ્વર સ્વદેહે સર્વ વિશ્વ વ્યાપી છે એ કહેવું અસત્ય પ્રતિપાદન છે.

બીજી રીતે એજ ચિત્રમાં ચૌદરાજ લોકના ઉપરના અગ્રભાગમાં જોશો ત્યાં સિદ્ધ પરમાત્મા બિરાજમાન છે તે દેખાશે. તેઓ અશરીરી છે. આત્મસ્વરૂપે જ્ઞાન–પ્રકાશ પુંજ માત્ર છે. પરંતુ અહીંથી જ અનન્ત જ્ઞાન લઈને ત્યાં ગયા છે. હવે સિદ્ધ–બુદ્ધ–મુક્ત થઈ ગયા છે. શરીર ભલે નથી. પરન્તુ આત્મા તો છે. અને જ્ઞાન આત્માશ્રયિ છે. દેહાશ્રયિ નથી. માટે તે સિદ્ધાત્મા અનન્ત જ્ઞાનથી અન્નત લોકાલોક જુએ જાણે છે. સશરીરી સર્વજ્ઞ અને અશરીરી સર્વજ્ઞ સિદ્ધ બન્નેની સર્વજ્ઞતા સંપૂર્ણપણે સમાન છે. એક રત્તી પણ ઓછા વધતા પણું કોઇમાં પણ નથી. આ પ્રમાણે જૈન દર્શન એમ કહે છે કે અરીસાની સામે જેમ પદાર્થો આવીને પ્રતિબિંબિત થાય છે તેમજ સર્વજ્ઞની આત્મા સમક્ષ પદાર્થો–અને અનન્ત લોક–અલોક આખું વિશ્વ એમના અનન્ત જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. ઈશ્વરને સ્વદેહે કે નિર્દેહે પણ સર્વવિશ્વવ્યાપી થવાની આવશ્યકતા જ નથી. એ પક્ષ અનેક દોષથી ભરેલો છે. માટે

દેહથી સર્વવ્યાપિતા સ્વીકારવા કરતા અનન્ત જ્ઞાનયોગે સર્વ વિશ્વવ્યાપિતા સ્વીકારવામાં નિર્દોષતા આવે છે.

**શરીરથી વ્યાપી ઇશ્વર દુઃખી રહેશે—**

જો શરીરથી ઇશ્વરને સર્વવિશ્વવ્યાપી માનશો તો એક બીજી આપત્તિ તમારા માથે એ આવશે કે...વિશ્વમાં નરકો પણ છે. નરક-પૃથ્વીઓ તમે પણ માનો છો રૌરવ નરકાદિના નામો તમે પણ બતાવ્યા છે. જ્યાં ખૂનની નદીઓ વહે છે. ભયંકર વેદના-પીડા છે, તેમજ ઘણાં અશુદ્ધિ ગંદકી વગેરેના સ્થાનો પણ ઘણાં છે. તો તે પ્રદેશોમાં પણ ઈશ્વર પોતાના દેહથી વ્યાપ્ત હશે તો તે સમયે ઈશ્વરને પણ નરકની વેદનાતો થશે જ, કારણ કે નરકમાં તો કાપા-કાપી ચાલતી જ હોય છે. અને ઈશ્વરનું શરીર પણ ત્યાં હશે સર્વવિશ્વવ્યાપી હોવાથી ! માટે એની અસર ઈશ્વરને પણ થશે. એવીજ રીતે સર્વત્ર લોકમાં અશુચિ-ગંદકીના પદાર્થો ઠેર ઠેર ભર્યા હશે ત્યાં પણ ઈશ્વરને વ્યાપી માનવા જ પડશે. તો એ બધાની દુઃખાનુભૂતિ ઈશ્વરને સદા અને સતત થવાની જ છે. એમાં તો બે મત નથી. તો પછી શું કરવું ? ઈશ્વરને સદા દુઃખી માનવા ? કે પછી ઇશ્વર સ્વર્ગ પણ બનાવે છે. અને સ્વર્ગભૂમિમાં પણ ઇશ્વર વ્યાપી છે. તો ત્યાંના આનન્દ -સુખાદિની સંવેદના હિસાબે ઇશ્વરને સુખી માનવા ? એમ માનવા જતાં ઇશ્વર આપણા જેવા જ સુખી-દુઃખી સિદ્ધ થશે. તો પછી આપણામાં અને ઈશ્વરમાં શું ફરક રહેશે ? બીજુ એક સમયે ઈશ્વર સ્વર્ગ-નરક બન્નેને વ્યાપ્ત કરીને સશરીરી રહેશે તો એક જ સમયે બન્ને પ્રકારના જ્ઞાન થશે કે નહીં થાય ? સુખનું અને દુઃખનું બન્ને જ્ઞાન એક જ સમયે એક સાથે કેવી રીતે માનશો ? અને સ્વર્ગનું સુખ, અને દુઃખ બન્નેને એકજ શરીરથી વેદવાનું એકજ સમયે કેવી રીતે માનશો ? અને આ રીતે તો નરક અને અશુચિ સદાકાળ રહેવાની છે અને ઈશ્વર પણ નિત્ય છે તો પછી ઇશ્વરને સદાકાળ દુઃખીજ માનવા પડશે ?

બીજી તરફ જો પોતાને સદાકાળ દુઃખી થવાનું હોય તો એવી નરકાદિ ઈશ્વરે શા માટે બનાવી ? અને ભલે માનો કે બનાવી તો ભલે બનાવી પણ પછી તે નરકાદિમાં ઈશ્વર વ્યાપીને શા માટે રહ્યા ?

શું સમજવું ? અને જે ઈશ્વર-સર્વજ્ઞ છે, સ્વયં બધુ જાણે છે તો શું એમને બનાવતા પહેલાં એટલું ન જાણ્યું ? કે આ હું બધું બનાવી તો લઉં છું પણ પછી આજ નરકાદિથી મારે જ દુઃખી દુઃખી થવાનું રહેશે ? અને એ પણ સદાકાળ માટે તો પછી કાં તો પહેલા જ ઇશ્વરે બનાવવી ન જોઇએ. અને જો બનાવી તો પછી વ્યાપી થઇને ન રહેવુ જોઇએ. અને વ્યાપ્ત રહ્યા છે તો શરીરથી વ્યાપ્ત ન રહેવા જોઇએ. અને જો શરીરથી સર્વ વિશ્વ વ્યાપ્ત થઇને રહ્યા છે તો સ્વયં દુ:ખથી મુક્ત રહેવા જોઈએ ? પણ કયાંથી રહે ? આતો દોષોની સાંકળ બની ગઈ ? એક દોષ બીજામાં અને બીજો ત્રીજામાં એમ બધા દોષો એક બીજામાં સંકળાયેલા હોવાથી આખી દોષોની સાંકળ જ બની જવાની. તમે ધારો તો પણ કેવી રીતે બચી શકો ? અને પછી તમારી માન્યતાને પણ તમારે વળગી રહેવાનું છે અને બીજી બાજુ માથે કોઈ દોષોનો ટોપલો પણ ન આવે એ પણ ઇચ્છા રાખો છો તો તે બન્ને તો કેવી રીતે બને ? માટે સમજી વિચારીને પણ પકડેલું પૂછડું એ દોરડું નથી ગધેડાનું પૂછડું એ સમજીને પણ છોડો નહીં તો ગધેડાની લાતો ખાતા ખાતા લોહીલુહાણ થઇ જશો. કારણ કે જ્યાં સુધી નિર્દોષ સ્વરૂપ નહીં સ્વીકારો ત્યાં સુધી દોષોનું આક્રમણ માથેથી ટળવાનું નથી. અને એમાંથી બચવાનું તમારી પાસે કોઇ સાધન નહીં રહે ?

**ઈશ્વર સ્વયં સ્વતંત્ર છે કે પરતંત્ર ?**

એક બીજો પ્રશ્ન અહીંયા એ ઉભો થાય છે કે જે ઇશ્વર આ સંસારનું સર્જન કરે છે તે સ્વયં સ્વતંત્ર છે કે પરતંત્ર ? સ્વયં પોતે પોતાની મેળે કોઈને પણ આધીન થયા વિના સંસારનું સર્જન કરે તો તે સ્વતંત્ર કહેવાય. અને જો બીજા કોઈને પણ વશ થઇને પરાધીનપણે કરે તો તે પરતંત્ર કહેવાય ? અહીંયા એમાંથી તમે શું સ્વીકારો છો ? ન્યાય-વૈશેષિકો તો પોતાના સિદ્ધાન્ત પ્રમાણે ઇશ્વરને સ્વતંત્ર માને છે. સર્વશક્તિમાન ઇશ્વર સ્વતંત્ર છે. તે કદાપિ પરતંત્ર હોતો જ નથી. જે સંસારનું સર્જન કરે છે તે સ્વયં પોતાની રીતે સ્વતંત્રપણે કરે છે. અને ઇશ્વર સ્વયં સર્વજ્ઞ છે. અલ્પજ્ઞને

પરતંત્ર રહેવાનું હોય છે. સર્વજ્ઞને પરતંત્ર રહેવાનું નથી હોતું. તેને સૃષ્ટિની રચના કરતી વખતે કોઇને પૂછવાનું વગેરે નથી હોતું માટે તે સ્વતંત્ર છે.

સારૂં, આ બધું તમે જે કહો છે. તે કેવી રીતે માની લેવું તમે તમારા શાસ્ત્ર, સિદ્ધાન્તના આધારે કહો છો તે બરાબર પણ તમારા જ શાસ્ત્ર–સિદ્ધાન્તમાં કહ્યું છે કે धाता यथा पूर्वमकल्पयत જેવી રીતે વિધાતાએ પૂર્વ એટલે પહેલાના કલ્પોમાં સૃષ્ટિ રચી હતી તે રીતે વેદમાં જોઈએ ફરી ફરી ઈશ્વર સૃષ્ટિનું સર્જન કરે છે. એટલે એક વાત તો સિદ્ધ થઈ ગઈ કે ઈશ્વર સ્વતંત્ર રીતે સૃષ્ટિનું સર્જન નથી કરતા પણ એમને વેદમાં જોઇને રચવી પડે છે. તો વેદમાં જોઇને રચવી પડે છે તો પછી ઈશ્વર વેદાધીન પરાધીન પરતંત્ર સિદ્ધ થયા કે નહીં ? સ્વતંત્ર વ્યક્તિ કોઇને પણ આધીન ન જ થવી જોઈએ અને જે ઇશ્વરને તમે સર્વજ્ઞ સ્વીકારો છો એને જ પાછા વેદને આધીન કહો છો ? વેદમાં જોઈ–જોઇને જ સૃષ્ટિ રચે છે પછી સ્વતંત્રતા ક્યાં રહી ? અને ઈશ્વરને સર્વજ્ઞમાન્યા પછી વળી પાછા વેદાધીન–પરતંત્ર કર્યાએ મૂર્ખતા નથી તો શું છે ?

ચાલો, કદાચ સ્વીકારી પણ લઇએ તો એ પ્રશ્ન થશે કે વેદ સર્વજ્ઞ છે કે ઈશ્વર સર્વજ્ઞ છે ? ઈશ્વર તો વેદને જોઇ જોઇને સૃષ્ટિ બનાવે છે માટે ઈશ્વરતો સર્વજ્ઞ સિદ્ધ નથી ઠરતા. તો પછી વેદને સર્વજ્ઞ માનવો ? શું જ્ઞાનએ આત્મામાં રહે છે કે પુસ્તકમાં રહે છે? જ્ઞાન ગુણ છે કે દ્રવ્ય છે ? અને ગુણ છે તો કયા દ્રવ્યનો ગુણ છે ? દ્રવ્ય વિના ગુણ ક્યાંય સ્વતંત્રપણે રહેતો જ નથી. ગુણ પર્યાયવાળો જ દ્રવ્ય હોય છે. માટે જ્ઞાન એ ગુણ છે. અને આત્માએ દ્રવ્ય છે. માટે જ્ઞાન એક માત્ર આત્મામાં જ રહે છે. જગતમાં મૂળભૂત બેજ દ્રવ્યો છે. એક જડ અને બીજો અચેતન જડમાં તો જ્ઞાન સંભવ જ નથી. પ્રત્યક્ષ-પણે સ્પષ્ટ સત્ય જ છે. તો પછી બીજો દ્રવ્ય એકમાત્ર ચેતન આત્મા છે તેમાં જ જ્ઞાન રહે છે. તો પછી વેદને ચેતન માનવા ? કેવી રીતે મનાય ? ચેતનાશક્તિમાન તો નથી જ સુખ દુઃખની સંવેદના વેદને નથી થતી. જ્ઞાન–દર્શનાત્મક વેદ ન જ હોઇ શકે માટે વેદને તો સર્વજ્ઞ

ન જ કહેવાય. આ રીતે વેદની સર્વજ્ઞતા કોઇ પણ રીતે સિદ્ધ થતી જ નથી અને ઇશ્વર વેદને આધીન થઈ ગયા. વેદમાં જોઇ જોઈને સર્જન કરે છે માટે ઈશ્વરમાં સર્વજ્ઞતા ટકતી જ નથી એ રીતે બન્નેમાં સર્વજ્ઞતા સિદ્ધ થતી નથી તો પછી શું આ પૃથ્વીને અલ્પજ્ઞની સ્થાપેલી માનવી કે શું કરવું ? બીજી તરફ જ્યાં વેદની સર્વજ્ઞતા સિદ્ધ થતી નથી ત્યાં તમે ઈશ્વરને સર્વજ્ઞ માનીને પાછા વેદને આધીન કરો એટલે શું સમજવું ? શું સર્વજ્ઞ અલ્પજ્ઞને આધીન થઇને કામ કરે છે ? શું આમાં ઇશ્વરની મહત્તા થવાની ?

**ઈશ્વર બીજી રીતે તો પરાધીન નથીને ?**

જગતની વિચિત્રતા–વિષમતા અને વિવિધતા જોતાં આ સંસારમાં લૂલા, લંગડા, આંધળા, મૂંગા, બહેરા, કાણાં, મૂર્ખા, પાંગળા, અસહાય નિરાધાર, દીન, દુઃખી, ગરીબ, અનાથ, કાળા, ગોરા, સ્ત્રી, પુરૂષ, નપુંસક વગેરે આ બધી વિચિત્ર અને વિષમ સૃષ્ટિ ઈશ્વરે શા માટે રચી ? તો આના જવાબમાં શું ઉત્તર આપશો ? એક બીજો ઉત્તર આપતા સમાધાન કરે છે કે ઇશ્વરે સ્વયં પોતાની ઇચ્છા મુજબ નથી બનાવ્યા પણ તે તે જીવોના જે જે અદૃષ્ય પુણ્ય–પાપ હતા તે પ્રમાણે તેમને તેવા બનાવ્યા છે. ઇશ્વરતો નિમિત્તમાત્ર છે. મૂળમાં તો બધા જીવોના પુણ્ય–પાપ જ કારણભૂત છે. એટલે જેવા કર્મો તે તે જીવોએ કર્યા તેમને તેવાં ફળ ઇશ્વરે આપ્યા છે.

કિલ્લાની પ્રદક્ષિણા દેતાં આખરે જેમ આંધળાને દરવાજો જડે તેમ પૂર્વ પક્ષવાદીઓ છેવટે કર્મસત્તા ઉપર આવ્યા. કર્મસત્તા માનવા તો તૈયાર થયા પરન્તુ તેની લગામ પણ પાછી ઈશ્વરના હાથમાં રાખી છે. અમારે તો રાજી થવા જેવું છે કે અર્ધા અંશે કર્મ સત્તાને માનતા થયાં અમારા પક્ષમાં ભળ્યા છતાં પણ આ સિદ્ધાંત પણ બરોબર સાચી રીતે સમજ્યા છે કે નહીં ? બરોબર સ્વીકાર્યો છે કે નહીં ? ક્યાંય દોરડાની જગ્યાએ ગધેડાનું પૂછડું તો હાથમાં નથી આવ્યું ને ? એટલે એનું પણ સ્પષ્ટીકરણ કરવા થોડાક પ્રશ્નો પૂછી લઈએ.

ઈશ્વરે તે તે જીવોના કર્મો એટલે પુણ્ય–પાપજન્ય અદૃષ્ટ જોઈને તે તે પ્રમાણે ફળ આપવારૂપે તેવા બનાવ્યા છે. આ ઉત્તર પણ તમારો

સાચો છે કે નહીં ? સર્વ પ્રથમ ઇશ્વરે માનવ બનાવ્યા, સૃષ્ટિ નિર્માણ કરતી વખતે જ પહેલીજ વાર કોઇને સ્ત્રી અને કોઇને પુરૂષ બનાવ્યા. કોઇને કૃમિ, કીટ, પતંગ, કીડા, મંકોડા, મચ્છર, માખી, વગેરે બનાવ્યા ત્યારે તે જીવોના અદૃષ્ટ ક્યાંથી આવ્યા ? જીવો ક્યાંય જુદા તો હતા જ નહીં ? તેમના અદૃષ્ટનો સવાલ જ નથી ઉભો થતો કે તેમને તેવા પુણ્ય-પાપ ક્યારે કર્યા ? અને કર્યા એમ માનો તો પછી તે જીવોનું અસ્તિત્વ પહેલા ક્યાંય માનવું પડે ? તો ઇશ્વરની પહેલા પણ બધા જીવોનું અસ્તિત્વ માનવું ? અથવા સૃષ્ટિ રચના પહેલા પણ તેમનું અસ્તિત્વ માનવું ? ક્યારે માનવું ? ક્યારે તેમને અદૃષ્ટ કર્મ નિર્માણ કર્યું ? શું સમજવું ?

બીજી તરફ જીવને ઇશ્વરથી જુદો અસ્તિત્વ ધરાવતો તમે માનતા નથી. "जीवो ममैवांशः नाऽपरः" જીવ મારો જ અંશ છે મારાથી જુદો નથી. આ તમારો સિદ્ધાન્ત છે. તો આના પ્રમાણે તો જીવ જ ઇશ્વર સ્વરૂપ છે. જ્યારે જીવનું સ્વતંત્ર અસ્તિત્વજ નથી તો પછી જીવનું અદૃષ્ટ ક્યાંથી આવ્યું ? જીવે અદૃષ્ટ કર્યું ક્યાં ? ચાલો, ઘડીભર આગળ વિચાર કરીએ કે જીવ ઇશ્વરથી જુદો સ્વતંત્ર પણ હશે અને એને પુણ્ય-પાપાત્મક અદૃષ્ટ નિર્માણ કર્યું હશે ? પુણ્ય-એટલે મન-વચન-કાયાના યોગોની શુભ પ્રવૃત્તિ અને પાપ એટલે મન, વચન, કાયાના યોગોની અશુભ પાપ પ્રવૃત્તિ. એટલે મન-વચન-અને શરીર વિના તો કોઇ પણ જીવ પુણ્ય-પાપની પ્રવૃત્તિ કરી શકતો જ નથી. એટલે જીવ પહેલા શરીરધારી હતો. અને એ જન્મમાં એને શુભ-અશુભ પ્રવૃત્તિ કરીને અદૃષ્ટ ઉપાર્જન કર્યું હશે. પછી તે અદૃષ્ટ જોઇને તેના આધારે ઇશ્વરે સૃષ્ટિ રચના વખતે તેને તે અદૃષ્ટના આધારે બનાવ્યો હશે ? જન્મ આપ્યો હશે ? એમ માનવું ? તો આ જન્મ પહેલા અદૃષ્ટ નિર્માણ કરવાનો જે જન્મ હતો તેને ઇશ્વર નિર્મિત ન માનવામાં ઇશ્વર નિર્માણની બહાર પણ સંસાર, જીવ સૃષ્ટિ વગેરે માનવાની આપત્તિ તમારા ઉપર આવશે. તો તો પછી સારૂ. ઇશ્વર વિના પણ સૃષ્ટિ નિર્માણ થઇ શકે છે એ પક્ષ તમે પણ સ્વીકારવા તૈયાર થયા છો તો સારૂં ?

અને જો ન સ્વીકારો, ના પાડો તો એ જીવે અદષ્ટ ક્યારે નિર્માણ કર્યું કે જેના આધારે ઈશ્વરે તેને જન્મ આપ્યો? એનો ઉત્તર શું આપશો? બીજી તરફ જ્યારે એ જીવ પૂર્વજન્મમાં અદષ્ટ ઉપાર્જન કરતો હતો ત્યારે એકલો તો ન હતો. એને પણ કોઈબીજાની સાથે જ શુભ–અશુભ પુણ્ય–પાપની પ્રવૃત્તિ કરી હશે તો જ અદષ્ટ નિર્માણ કર્યું હશે? આ રીતે તો બધા જ જીવોની સૃષ્ટિ ઈશ્વરની રચના પહેલાજ માનવાની આપત્તિ આવે છે. અને તે જન્મમાં અદષ્ટ નિર્માણ કર્યું તો તે ભવ પહેલાના બીજા ભવમાં શું હતો? તે ભવ કયા અદષ્ટ ના આધારે સમજવું? તેના પહેલાનો જન્મ વળી કયા જન્મના અદષ્ટના આધારે સમજવો? એમ કરતા કરતા તો ઈંડા–મરઘી જેવી અનવસ્થા દોષની વાત સિદ્ધ થઈ જશે, તો બન્ને બાજુથી તમે ફસાઈ જશો.

સારૂં, ચાલો ઇશ્વર જીવોના અદષ્ટના આધારે સૃષ્ટિ નિર્માણ કરે છે એમ સાદો પક્ષ તમારો માની પણ લઈએ તો પણ સહેલાઈથી સરળતાથી કોળીયો ગળે ઉતરતો નથી કારણ કે....આ પક્ષ માનવામાં એક વાત તો સિદ્ધ થઇ જ જાય છે કે....ઈશ્વરે મનસ્વી રીતે સ્વ ઇચ્છા પ્રમાણે સૃષ્ટિ નથી રચી. જેવા જીવોના શુભાશુભ અદષ્ટ કર્મ હતા પ્રમાણે તેમને ફળ આપવા સ્વરૂપે સૃષ્ટિ રચી છે....આ પ્રમાણે માનવા જતા ઇશ્વરની સ્વતંત્રતા જતી રહેશે. વળી પાછા ઇશ્વર પરતંત્ર પરાધીન, અદષ્ટાધીન, કર્માધીન ઇશ્વરને માનવા પડશે? તો તો પછી ઇશ્વર જેને આધીન છે તે અદષ્ટ કે કર્મ ઇશ્વર કરતા પણ મોટી સત્તાની તો વાત જ ક્યાં રહી? તો પછી અદષ્ટના આધારે ઈશ્વર સૃષ્ટિની રચના કરે છે. જીવો બનાવે છે એ પક્ષ પણ આ માટે કહો છો. એમાં તો બન્ને બાજુ આપત્તિ તમારા માથે આવે છે. એક તો ઈશ્વર કરતા બીજી મોટી સત્તા સાબિત થઈ જાય છે, અને બીજી તરફ ઈશ્વર પાછો તે બીજી સત્તાને એટલે અદષ્ટ ને આધીન થઈ જાય છે. પરતંત્ર પરાધીનપણું સ્વીકારવાની આપત્તિ આવે છે. હવે ઈશ્વરની સ્વતંત્રતા કેવી રીતે બચાવવી? એ તમે જ સિદ્ધ કરો. અને એ સિદ્ધ કરવા જશો તો અદષ્ટ–કર્મની સત્તા તમે સ્વીકારી નહીં

શકો, અને અદૃષ્ટ–કર્મની સત્તા નહીં સ્વીકારી શકો તો પછી અદૃષ્ટના આધારે ઇશ્વર જીવોને ફળ આપવા રૂપે સૃષ્ટિની રચના કરે છે. જન્માદિ આપે છે. આ તમે કહી નહીં શકો. અને કહેશો તો ઇશ્વરની સ્વતંત્રતા નહીં રહે. પરતંત્રતા પરાધીનપણાની સિદ્ધિ થશે. હવે તમારા અસર્વજ્ઞતાના શાસ્ત્રમાં આવી. આપત્તિ આવશે. બોલો શું કરશો. ત્રાજવાના પલ્લામાં દેડકાઓને બીજા દેડકાઓથી જ તોળવાની રમત તમે હાથમાં તો લીધી છે પણ તમે જ કંટાળી જશો, આ પલ્લામાં દેડકાને મૂકવા જાઓ ત્યાં બીજામાંથી કૂદી જશે. તો આ રીતે તો તમે કોઈ પણ સંજોગોમાં દેડકાઓને દેડકાઓથી તોલી–માપી જ નહીં શકો. એવી દેડકાની રમત તમારી અહીંયા પણ થઇ ગઈ છે. એક સિદ્ધાન્ત સાચવવા જાઓ છો ત્યાં બીજો તૂટે છે. અને બીજો સાંધવા જાઓ ત્યાં પહેલો તૂટે છે. આ તો ત્રણ સાંધતા તેર તૂટયા જેવી સ્થિતિ થઇ. તો ઈશ્વરનો એક સિદ્ધાન્ત જ સાચા નહીં ઠરી શકે તો શું કરશો? તો ઇશ્વરને કેવો માનશો? કયા સ્વરૂપે માનશો? કે પછી માત્ર ઈશ્વર શબ્દ જ સ્વીકારશો? માનશો? ભલે એ શબ્દનો કોઈ જ અર્થ ન હોય. કોઇ જ વ્યાખ્યા ન હોય, કોઈ જ સાચું સ્વરૂપ પણ ન હોય છતાં પણ માનવું એટલે માનવું? તો ભલે તમારી મરજી.

**સ્વતંત્રપણે રચેલી સૃષ્ટિ કેવી હોય?....**

ચાલો, ફરી વિચારણા કરીએ અને તમારા કહેવા પ્રમાણે માની લઈએ કે ઇશ્વર સ્વતંત્ર છે અને સ્વતંત્રપણે સૃષ્ટિની રચના કરે છે. એમાં કોઇ શંકા નથી. ભલે તો સ્વતંત્ર એવો ઈશ્વર કેવો છે? દયાળુ છે, કરૂણાળુ છે. પરમ કારૂણિક છે. ઈશ્વરમાં તો સ્વભાવાદિની કોઈજ વિકૃતિ નથી ને! તે તો શુદ્ધ એક સ્વભાવે જ છે ને? ખ્રિસ્તીઓ પણ એમ જ કહે છે કે Oh God Thou name is Mercy. Thou are Mercyful. The God is Compassionate... ઇશ્વરનું જ નામ દયા છે. ઈશ્વર જ દયાળુ છે. ભગવાન દયાથી ભરપૂર છે. આ પ્રમાણે સારા દયાળુ શબ્દથી નવાજે છે. સારૂં, ચાલો માની લઇએ કે ઇશ્વર કરૂણાનો સાગર, દયાનો ભંડાર હશે. અને આવો

ઈશ્વર સૃષ્ટિનું સર્જન કરે છે તો દયાર્દ્ર હૃદયી ઈશ્વરે સૃષ્ટિ રચી હોય તો તો પછી પૂછવું જ શું ? એ સૃષ્ટિ કેવી હોય ? એમાં પછી ભૂલ હોય ? આ કષાઈઓને કોણે બનાવ્યા ? હિંસા કરનારા હિંસકોને કોણે બનાવ્યા ? માછીમારોને કોણે બનાવ્યા ? વાઘ, સિંહ, શેર, ચિત્તા, દીપડા, વગેરે મહા હિંસક પ્રાણીઓને કોણે બનાવ્યા ? ભયંકરવૃત્તિવાળા નરભક્ષી રાક્ષસોને કોણે બનાવ્યા ? ભૂત–પ્રેત–પિશાચને કોણે બનાવ્યા ? ઈશ્વરે નથી બનાવ્યા જો એમ કહો તો ઈશ્વરનો બનાવવાનો અધિકાર હાથમાંથી ચાલ્યો જાય એ પણ તમને નથી ગમતો ? અને બનાવ્યા છે એમ માનવા જાઓ તો ઈશ્વરની કરૂણાને ધક્કો લાગે છે. ફરી પાછા બન્ને બાજુની જાળમાં ફસાયા તમે ?

બીજું કરૂણા સાગર ઈશ્વર દયાથી સૃષ્ટિનું સર્જન કરે. સંસાર બનાવે તો બધુ જ એક સરખુ કેમ ન બનાવે ? આ સૃષ્ટિમાં એક સરખી સમાનતા કેમ જોવા નથી મળતી ? એક જડ મશીન પણ લાખો વસ્તુઓનું Production કરે છે તો તે પણ બધું એક સરખું જ કરે છે. દા. ત. એક મશીન ગ્લાસ, પેન, બટન, મોટર ગાડી કે ગમે તે વસ્તુ બનાવતી હોય તે જંગી મશીન પણ બધું એક સરખુ જ બનાવે છે. એક રત્તીભર કે દોરા જેટલો પણ ફરક એકથી બીજામાં નથી હોતો. ભલેને લાખો–કરોડો વસ્તુઓ બનાવે છે તો બધી જ એક સરખી બનાવે છે. મશીન તો જડ છે. તેમાં તો દયાળુતા વગેરેની કોઇ વાત જ નથી. જ્યારે ઈશ્વર તો દયાળુ છે. કરૂણાલુ છે. ચૈતન્ય શક્તિ સ્વરૂપે છે. અને એવો ઈશ્વર જો સૃષ્ટિની રચના કરે તો તો તેમાં બાકીજ શું રહે ? તેમાં કોઇ દોષ રહે જ શેનો ? પરન્તુ આ સૃષ્ટિમાં સેંકડો દોષો અને વિષમતાઓ નજરે ચઢે છે. સ્પષ્ટ છે. દીવા જેવી ચોકખી દેખાય છે.

દા. ત. એક રાજા અને એક રંક, એક અમીર અને બીજો ગરીબ એક સુખી અને બીજો દુઃખી ઊંચ–નીચ, બ્રાહ્મણ–શુદ્ર, સ્ત્રી, પુરૂષ, કીડા, મંકોડા વગેરે છે. નદીનું પાણી મીઠું, અને દરિયાનું પાણી ખારૂં ? એક ક્રોધી તો બીજો ક્ષમાશીલ, એક માયાવી તો બીજો સરલ, એક શાહુકાર તો બીજો ચોર, એક કંજુસ તો બીજો ઉદાર,

દાનવીર, એક દાતા છે તો બીજો યાચક છે, આ પ્રમાણેની આખી સૃષ્ટિ સેંકડો પ્રકારની વિષમતાઓથી ભરેલી છે. કયાંય સરખી સમાનતા તો દેખાતી જ નથી. એટલે જ નહીં પણ એક માં ના ચાર દીકરાઓ પણ એક સરખા સ્વભાવના નથી. અને એના કરતા પણ.... એક માતાના એકી સાથે જોડકા રૂપે જન્મેલા બન્ને બાળકો પણ એક સરખા નથી. એમાં પણ એક બુદ્ધિશાળી છે તો બીજા સાવ બુધ્ધુ છે. આટલી બધી વિષમતાઓ શા માટે ?

માનો કે ઉપરવાળો ઈશ્વર કુંભારની જેમ માંટી લઇ-લઇને જુદા જુદા આકારના ઘડા બનાવવાની જેમ દરેક જીવોના ચહેરા-વગેરે શરીર બનાવતો હશે ? તો ઈશ્વિરે એટલી કેટલી જાતની ડાઇઓ વિકસાવી હશે ? કે એકનો પણ ચહેરો બીજાથી મળતો નથી. વર્તમાન દુનિયાની ૬ અબજની મનુષ્યોની વસ્તિમાં એકથી બીજી વ્યક્તિનો ચહેરો એક સરખો મળતો નથી. જ્યારે એજ બે આંખો, બે કાન, મોઢુ, નાક કપાળ વગેરે એની એજ જગ્યાએ એકસરખુ બધાનું છે છતા પણ ચેહરો મળતો નથી. આવી વિષમ અને વિચિત્ર સૃષ્ટિ રચવામાં ઇશ્વરની ઇશ્વરતા સિદ્ધ થાય છે ? વધે છે કે ઘટે છે ? અથવા પછી સર્વથા અસિદ્ધ થાય છે. અને જો તમે કુંભારની જેમ કહેશો તો પછી ઇશ્વરને પણ કુંભાર કહેવાની આપત્તિ આવશે. અને એ કદાચ તમને નહીં પણ ગમે ?

ત્યાં તો વેદવાદીઓ કહે છે. કંઇ વાંધો નથી. અમારા વેદમાં- "नमः कुंभकारेभ्यः कुलालेभ्यश्च"-અર્થાત્ કુંભાર-અને કુલાલ એવા ઈશ્વરને પણ નમસ્કાર થાઓ. જે કુંભારની જેમ આ સૃષ્ટિનું નિર્માણ કરે છે એવા ઈશ્વરને નમસ્કાર થાઓ. આ પ્રમાણે છે. કુંભાર અર્થમાં ઇશ્વરની સ્તુતિ કરે છે. આ સ્તુતિ કુંભારની જેમ ઇશ્વરની કૃતિ ઉપર પ્રકાશ પાડે છે. પરન્તુ ઉપમા આપવામાં સાદશ્યતા જોવી જોઇએ કે નહીં ? જેમ કુંભાર માટી લઈને દંડ-ચક્ર-શીવરાદિની મદદથી ઘડો બનાવે છે તેજ પ્રમાણે ઈશ્વર જો સૃષ્ટિ રચતા હોય તો પછી ઇશ્વરે સૃષ્ટિ બનાવવા માટે માટીની જેમ કયા મૂળભૂત પદાર્થો લીધા ? કઈ વસ્તુઓ કે મૂળભૂત પદાર્થોના સંયોજનથી સૃષ્ટિ બન.વી ? જેમ કુંભાર માટી

બનાવતો નથી. માટી તો પહેલાથી જ અસ્તિત્વ ધરાવે જ છે. એવી જ રીતે પાણી વગેરે અસ્તિત્વ ધરાવે છે. કુંભાર તો ફક્ત માટીને પાણીમાં પલાડીને ફરતા ચક્ર ઉપર ફેરવતો ફેરવતો માત્ર આકાર આપે છે. શું એજ પ્રમાણે ઇશ્વર ફક્ત આકાર જ આપે છે? તો પછી મૂળભૂત પદાર્થોની સત્તા હાથમાંથી ખસી જશે. અને માટી, પાણી, પૃથ્વી, આકાશ, વાયુ અગ્નિ વગેરે મૂળભૂત પદાર્થોની સત્તા ઇશ્વરના હાથમાં નહીં રહે. કારણ ઈશ્વરે માટી–પૃથ્વી–પાણી વગેરે બનાવ્યા નથી, માત્ર તેમની મદદ લઈને બીજા પદાર્થો બનાવ્યા છે. તો પછી માટી–પૃથ્વી–પાણી–વાયુ–અગ્નિ–આકાશાદિ મૂળભૂત પદાર્થો કોના બનાવેલા માનવા? શું કોઇ બીજા ઇશ્વરના બનાવેલા માનવા? અને જો હા પાડો તો તમારા મત પ્રમાણે ઇશ્વર એક જ છે. એકેશ્વરનો પક્ષ જતો રહે છે, અને ના પાડો તો ઇશ્વરે આ પદાર્થો બનાવ્યા નથી એની મદદથી બીજા પદાર્થો બનાવ્યા છે એ સિદ્ધ થાય છે. તો પછી શુન્ય સૃષ્ટિમાં માટી–પૃથ્વી પાણી–અગ્નિ વગેરે પદાર્થો આવ્યા કયાંથી? કોણે બનાવ્યા? અને એ પદાર્થોની મદદથી ઇશ્વરે જીવસૃષ્ટિ કેવી રીતે બનાવી? શું કુંભાર માટીની મદદથી માણસ બનાવી શકશે? ના સંભવ નથી. બની શકતા હોત તો તો કુંભાર બનાવે કે ઈશ્વર બનાવે બન્નેમાં કોઈ ફરક જ નથી. એક જડ અને બીજો માણસ ચેતન છે. તો પછી જડ માટીમાંથી મનુષ્યોરૂપી ચેતન જીવનસૃષ્ટિ કેવી રીતે બની? તો શું ઇશ્વરે જડ–અજીવમાંથી જ બધી જીવ સૃષ્ટિ રચી છે? એમ માનવું? જો પદાર્થોમાં તેવો પરિવર્તનશીલ સ્વભાવ હોત તો તો ઇશ્વરની પણ જરૂર ન પડત. અને પદાર્થો સ્વયં એ રીતે પરિણમી ગયા હોત. પરન્તુ પદાર્થોમાં જ તે ગુણધર્મ નથી તો પછી કયાંથી બને? તો શું તમે એમ કહેવા માંગો છો કે એ તો ઇશ્વરે પોતાના સામર્થ્યથી ફેરવી નાંખ્યા: ઈશ્વરના સામર્થ્યથી પદાર્થોના ગુણધર્મો જ બદલાઈ જતા હોય તો તો જોઈએ શું? અજીવમાંથી જ જીવસૃષ્ટિ અને જીવમાંથી અજીવસૃષ્ટિ માનવી પડશે. એનો અર્થ એમ થશે કે જીવસૃષ્ટિ બનાવવા માટે ઇશ્વરે અજીવ પદાર્થો નિર્માણ નથી કર્યા. બનાવ્યા નથી. પણ માત્ર અજીવપદાર્થોનું રૂપાન્તર જીવસૃષ્ટિમાં કર્યું છે.

તો પછી અજીવ પદાર્થો કોને બનાવ્યા? ક્યાંથી આવ્યા? શું જીવ માંથી અજીવ બન્યા? તો તો આ રીતે અનવસ્થા દોષ આવશે.

આજે પણ અજીવનું જીવરૂપે રૂપાન્તર સંભવ નથી, ક્યારેય પણ થયું નથી અને થતું પણ નથી. પછી ક્યાં પ્રશ્ન છે, તો તો માટીનો ઘડો ન થાત: માટીનો માણસ થાત અને અગ્નિનો ઘડો થાત. પણ શું અનન્ત કાળ સુધી પ્રયત્ન કરવા છતા પણ સંભવ છે? ના.

**દયાળુ ઈશ્વર સૃષ્ટિનો સંહાર શા માટે કરે છે?**

ઈશ્વરના ત્રણ રૂપ માનીને શંકર-મહાદેવને સૃષ્ટિનો સંહાર-પ્રલયનું કામ સોંપવામાં આવ્યુ છે. શું જે માતા પોતાના સંતાનને જન્મ આપે છે તે જ માતા પોતાના જ સંતાનને મારીને ખાઈ શકે ખરી? સંભવ નથી. કારણ કે વાત્સલ્ય-સ્નેહ વચ્ચે છે. એજ પ્રમાણે જે ઈશ્વર માતાની જેમ સૃષ્ટિનું નિર્માણ કરે છે તે જ ઈશ્વર આ સૃષ્ટિનો પ્રલય-મહાપ્રલય કરીને સંહાર કરી શકે? અને કરે તો ઈશ્વરની કરુણાનું શું થાય? જે દયાળુ છે, પરમ કરૂણાળુ છે, એ ગુણોનું શું થાય? આ કરૂણા-અને દયાના ગુણોં રાખીને આવા ગુણોથી ઈશ્વર સૃષ્ટિનો સંહાર-પ્રલય કરી શકે ખરા? થઇ શકે ખરા! અને કરી શકે તો પછી એક માતા પણ પોતાના સંતાનને મારીને ખાઈ શકે? પરન્તુ માતામાં વાત્સલ્ય-સ્નેહના કારણે આ પ્રવૃત્તિ નથી આવતી આવવી જ સંભવ નથી તો ઈશ્વરમાં તો કેવી રીતે માની લેવી? સંહાર-પ્રલય કરવા માટે હિંસકવૃત્તિ, મારવાની બુદ્ધિ, સર્વનાશના ભાવો, મહાક્રુરતા, આદિ દુર્ગુણો અને ભાવો કારણભૂત છે. તો શું આ બધા દુર્ગુણો ઈશ્વરમાં તમે સ્વીકારો છો? શું સ્વીકારવા ઉચિત છે? અને ન સ્વીકારો તો દયાળુ-કરૂણાલુતાથી તો સંહાર થઈ જ ન શકે. અને છતાં સંહાર-પ્રલય તો તમે માનો જ છો? તો કયા કારણે પ્રલય માનો છો? ત્યાં તો તમે એક જ કારણ બતાવો છો કે-ઈશ્વર આ મહાપ્રલય કે સંહાર પણ લીલારૂપે જ કરે છે. આ તો લીલા માત્ર જ છે. શું આશ્ચર્ય છે? લીલા એક એવો શબ્દ જડી ગયો છે કે તેમાં બધું જ સમાઇ જાય છે.

પરન્તુ એ દયાળુ ઈશ્વરને આવી લીલા કરવાનું મન જ કેમ થાય છે? આવી લીલા? શું બીજી કોઈ લીલા કરવાનું ન સુઝયુ? આ લીલા શું કામની? શું આવી લીલા કરવાથી જ ઇશ્વરની મહત્તા વધે છે? બીજા તરફ નિરર્થક ખોટી મહેનત કરવી? ફરી ફરીને એ સૃષ્ટિ બનાવવી અને ફરી પાછી સંહાર કરીને વિલય કરવી? શું આ ઉચિત છે? વારેવારે બનાવવી અને વારેવારે પ્રલય-સંહાર કરવો? એના કરતા પ્રલય-સંહાર કરો જ નહીં તો પછી વારંવાર બનાવવાનો પ્રશ્ન જ ઉભો ન થાય? શા માટે બીજી વાર બનાવવીજ પડે? કોઇ પ્રશ્ન જ નથી એક વારની બનાવેલી એમની એમ હોય તો પછી બીજી વાર બનાવવાનો પ્રશ્ન કયાં રહ્યો? ઉપરથી સારૂ. સૃષ્ટિની અનાદિ-અનન્તતા શાશ્વતતા જળવાઇ જશે. આ સારો પક્ષ છે સ્વીકારી લો.

ના....જો સ્વીકારી લે તો પછી ઈશ્વરને બેસી રહેવુ પડે. તે જો વારંવાર સૃષ્ટિ બનાવવા-મહાપ્રલય-સંહાર આદિનું કામ જ ન હોય તો ઇશ્વર શું કરે? તેમને કંઇ કામ જ ન રહે તો શું ફક્ત બેસી રહેવું? ફક્ત ઇશ્વર બેસીજ રહે એના કરતાં તો સૃષ્ટિનું કામ કરે એ જ વધારે સારૂ છે. કારણુ સૃષ્ટિને બનાવવા ચલાવવા વિલય કરવા વગેરેની બધી જવાબદારી ઇશ્વરની જ છે. તેના સિવાય આ કામ બીજાથી સંભવ જ નથી. થઈ જ ન શકે. માટે જેનું જે કાર્ય છે તે જ કરે. તે ન કરે તો બીજો કોઇ ઇશ્વર તો છે નહીં જે આ કામ કરે?

પરન્તુ સજ્જન! તમે રામાયણુને લાંબી શા માટે કરો છો? ઈશ્વરને તો ચલાવવાનું કામ પણુ ઘણું મોટું છે? બનાવવા કે નાશ કરવાનું કામ ઇશ્વર ન પણુ કરે તો પણુ ચલાવવાની જવાબદારીનું કામ કયાં નાનું છે? રોજના બધાના હિસાબો સંભાળવા? અને બધાને તેમના પુણ્ય-પાપોનું ફળ આપવાનું કામ પણુ તમે ઈશ્વરનું જ સ્વીકારો છો ને? એ કામ તો ઘણું મોટું છે? અનન્તા જીવો સંસારમાં છે. અને બધાનો હિસાબ-કિતાબ કરવાનું કામ એટલુ મોટું છે કે ઈશ્વર એમાંથી કયારેય નવરો જ નહીં પડે? પછી સંહાર-પ્રલય કરવાનો સમય જ ઇશ્વરને નહી મળે? ના....ના....અમે જો એ ન

માનીએ તો ઈશ્વરનો હક જતો રહે. સર્જન-વિસર્જન કરવાનો હક ઇશ્વરનો જ છે. અરે ! પણ હક જઈ જઈ ને કયાં જવાનો છે ? થોડું તો સમજો ? બીજા ઇશ્વરને તો તમે માન્યો જ નથી. ઇશ્વરેતર કોઈ બીજા ઇશ્વરાદિ સમર્થ મહાશક્તિશાળી તો કોઈ છે જ નહીં પછી હક જવાનો સવાલ જ કયાં ઉભો થાય છે? અને જો એમ કહો કે ઈશ્વર પોતાનો અધિકાર-હક રાખવા માટે જ સર્જન-વિસર્જનાદિ કરે છે તો તે પણ યુક્ત નથી.

અને જો ઇશ્વર સર્જન-વિસર્જન કરતો રહેશે તો ઇશ્વરની નિત્યતા કેવી રીતે ટકશે ? સર્જન કરતો ઇશ્વર નિત્ય માનવો કે પછી વિસર્જન મહાપ્રલય-સંહાર કરતો ઈશ્વર નિત્ય માનવો ? બન્નેમાંથી એક પણ ઉત્તર આપશો તો તમે ફસાઈ જશો. કારણ કે જો સૃષ્ટિનું સર્જન કરતો ઈશ્વર નિત્ય છે તો ઇશ્વર નિત્ય રહેશે તેની સાથે સાથે સૃષ્ટિ રચનાનું કાર્ય પણ નિત્ય જ રહેશે. નિત્ય માનવું જ પડશે. અને સૃષ્ટિની રચનાનું કાર્ય જો નિત્ય રહેશે તો કયારેય સૃષ્ટિનું કાર્ય પુરૂ થયુ નહીં કહેવાય. તો પછી સદા સૃષ્ટિ અધૂરી જ માનવી પડશે. પૂરી થશે જ નહીં ? કારણ સૃષ્ટિ પૂરી થઈ ગઈ માનશો તો ઈશ્વરની નિત્યતા જતી રહેશે. અને જો નિત્યતા ટકાવી રાખશો તો સૃષ્ટિની રચના સતત સ્વીકારવીજ પડશે. અને આ પક્ષ સ્વીકારશો તો પછી જે સૃષ્ટિ અધૂરી છે. પૂરી રચાઈ જ નથી તેનો વચ્ચેથી જ ઇશ્વર સંહાર પ્રલય કેમ કરી શકે ? પ્રલય તો કયારે થાય ? સૃષ્ટિ આખી રચાઇ ગઇ હોય ? ચાલતા-ચાલતા તેમાં વિકૃતિઓ આવી ગઇ હોય. પાપ-અનાચારાદિ વધી જાય તો પછી પ્રલય કરવાનું કંઇક કારણ મળે ?

પરન્તુ જે ઇશ્વરની પકકડ આ સૃષ્ટિ ઉપર પૂરેપૂરી હોય ? એક જ સમર્થ અને સક્ષમ ઇશ્વર હોય, અને તે પણ ઇચ્છાશક્તિ માત્રથી સૃષ્ટિ ચલાવતો હોય તો પછી વિકૃતિઓ આવવાનો પ્રશ્ન જ કયાં રહે ? અને વિકૃતિઓ જ ન આવે તો પછી પ્રલય કરવાનું પ્રયોજન જ

ક્યાં રહે? પ્રયોજન વિના તો મૂર્ખ પણ પ્રવૃત્તિ નથી કરતો. આવી જાળમાં ફસાઈ જવા આવ્યા એટલે છેલ્લો બ્રહ્માસ્ત્ર ઇશ્વરની લીલા, બસ, ઈશ્વરની ઈચ્છા....એજ સ્વીકારી લો. એને જ પ્રલય-સંહાર આદિનું કારણ માની લો. કારણ કે લીલા અને ઇચ્છાના શબ્દોથી ઈશ્વરની રક્ષાનું એવું અભેદ કવચ બનાવી દીધું છે કે....કોઈ ભેદી જ ન શકે? અભેદ્ય કવચ આ લીલાનું જ છે. બસ, આ શબ્દો આગળ ધરી દેવાથી બુદ્ધિ ના દરવાજા બંધ થઇ જાય. પછી તમે શું બોલી શકો? છે કોઇ જવાબ?

હા છે. બોલો લીલા શું છે? ઇચ્છા શું છે? ઇચ્છા અને લીલા બન્ને એકજ છે કે ભિન્ન ભિન્ન છે? એ શેમાંથી જન્મે છે? ઈશ્વર લીલા કે ઈચ્છાને આધીન છે? કે લીલા અને ઇચ્છા-ઈશ્વરને આધીન છે? જો ઇશ્વરને લીલા-કે ઈચ્છાને આધીન માનો તો ઈશ્વરને પરતંત્ર માનવા પડશે. પરાધીન ઈશ્વરનો સ્વતંત્રતાનો સિદ્ધાન્ત નષ્ટ થઈ જશે. અને લીલા-કે ઇચ્છાને ઇશ્વરને આધીન માનશો તો ઈશ્વરની ઈશ્વરતા સામર્થ્ય ખલાસ થઈ જશે. શું ઇશ્વરમાં એટલી પણ શક્તિ નથી કે પોતે પોતાની ઈચ્છાઓને પણ સમાપ્ત નથી કરી શકતો? શું વાત છે? તો પછી ઇશ્વરતા શું કામની? કયા ગઇ ઈશ્વરતા? આ રીતે જો ઈચ્છા તત્ત્વનું પૂછડું તમે નહીં છોડો તો ઈચ્છા રાગ-દ્વેષ સ્વરૂપ છે. માટે તમારે ઈશ્વરને પણ રાગી-દ્વેષી માનવો પડશે. અને રાગી-દ્વેષી તો આપણા જેવા અનન્તા જીવો છે તો બધા જ ઇશ્વર થઇ ગયા. એમ કરતા તમારો એકેશ્વરવાદનો પક્ષ જતો રહેશે. બન્ને બાજુથી તમે ફસાઈ ગયા "ઇંટ કા જવાબ પથ્થરસે દિયા હૈ" હવે બોલો.

**રાગ-દ્વેષાધીન ફળદાતા ઇશ્વર—**

જગત્ કર્તૃત્વવાદીઓએ ઈશ્વરના નામે ચઢાવવામાં કંઈ જ બાકી નથી રાખ્યું? ઇશ્વરનું સામર્થ્ય વધારવા માટે જે આવ્યુ તે બધુ જ ઇશ્વરના માથે ચઢાવી દીધુ છે. ઈશ્વર જ જીવોના પુણ્ય-પાપનો ફળદાતા છે. સારા-મીઠા-ખરાબ-કડવા વગેરે બધા ફળો જીવોને આપવાનું કામ

પણ ઈશ્વરનું જ છે. વેદમાં લખ્યુ છે કે-"अनुग्रह-निग्रह समर्थो इश्वरः "-અનુગ્રહ અને નિગ્રહ બન્ને કરવામાં ઈશ્વર સમર્થ છે. એનું જ કામ છે. અને એમાંએ સમર્થ છે. અનુગ્રહ એટલે કોઈના ઉપર કૃપા કરવી, દયા કે ઉપકાર કરવો, અને નિગ્રહ એટલે કોઈના ઉપર કોપ કરવો, એનો સર્વ નાશ-સત્યાનાશ કરવો. એટલે ઈશ્વર જેના ઉપર રીઝી જાય. એને રાજ-પાટ બધું આપી કરીને એને સમૃદ્ધ બનાવી દે. અને જેના ઉપર નારાજ થઈ જાય, કોપાયમાન થઈ જાય એને ખેદાન-મેદાન કરી નાંખે. એનું સત્યાનાશ કરી નાંખે. આ વાતો લોકોના મગજમાં ઠસાવી દીધી છે એટલે સામાન્ય પ્રજા ઈશ્વરને રાજી કરવાજ પ્રયત્ન કરે. ઉપરવાળો ક્યાંય નારાજ ન થઇ જાય. ઈશ્વર કોપાયમાન ન થઈ જાય એ માટે પણ એને પૂજો....માનો જપો આવી ગભરાટની માન્યતા લોકોમાં છે.

મહારાષ્ટ્રાદિ પ્રદેશોમાં એવી માન્યતા પ્રચલિત છે કે શિવ-શંકર ભગવાનના શિવલિંગ ઉપર દોરડાથી બાંધીને એક પાણી ભરેલુ માટલું લટકાવી રાખે છે. અને તેના નીચે એક કાણું કરીને રૂ કે કપડાની વાટ ભરાવી રાખે છે જેથી એક એક ટીપુ શિવલિંગ ઉપર ટપકયા જ કરે આ દૃશ્ય મોટા ભાગના શિવલિંગના મંદિરોમાં જોવા મળશે. એમાં કારણ પૂછવા જઇએ તો સ્પષ્ટ કહે છે કે- શિવ ભગવાન કોપાયમાન ન થઇ જાય એમને મગજમાં ગરમી ન ચઢી જાય, જો કોપાયમાન ક્રોધિત થઇ ગયા અને ત્રીજું નેત્ર ખોલી દીધુ તો આ સૃષ્ટિનો પ્રલય કરી નાખશે. આખા સંસારનો સંહાર કરી નાખશે એવા છે શંકર ભગવાન. માટે તેમનું મગજ સતત ઠંડુ રાખવા માટે પૂજા ભક્તિમાં આ પદ્ધતિ ગોઠવી છે. સતત માટલાનું ઠંડું પાણી તેમના માથે ટપકયાજ કરે તો તેમને ક્રોધ નહીં ચઢે. તે સતત ઠંડાજ રહેશે. તો સંહાર-પ્રલય નહીં થાય

આ ટીકા ટિપ્પણુની દૃષ્ટિથી નથી લખ્યુ. પરન્તુ નજરે જોયેલી અને પૂછીને ખુલાસા કરીને મેળવેલા ઉત્તરો છે. આ બધુ લખવા પાછળ ટીકા-ટિપ્પણનો ઇરાદો જ નથી. લોકોએ પોતાની માન્યતાઓ સ્વાર્થી

તત્ત્વો ઘૂસાડીને ઇશ્વરનું સ્વરૂપ કેટલું વિકૃત કરી નાખ્યું છે તે જોવાનું છે. અને એવી પરંપરાઓ ચાલી જાય તો કાળાન્તરે તે પણ સિદ્ધાન્ત બની જાય છે. અને એવા સિદ્ધાન્તોથી અંધશ્રદ્ધા પ્રચલિત થઇ જાય છે. એવી રીતે ઇશ્વરના સ્વરૂપમાં કેટલી વિકૃતિઓ આવતી જાય છે?

આ પ્રમાણે કાલિક ઇતિહાસ–ઐતિહાસિક દૃષ્ટિએ અભ્યાસ કરીએ તો આપણને ખ્યાલ આવશે કે ઈશ્વરના સિદ્ધાન્ત–સ્વરૂપ માન્યતાઓ, શ્રદ્ધા–અંધશ્રદ્ધા–ભક્તિ આદિની અંદર હજારો વર્ષોના કાળમાં કેટલી વિકૃતિઓ આવી ગઈ છે? આનાથી આખું ઇશ્વરનું સ્વરૂપ જ વિકૃત થઇ ગયું છે. સદ્દોષ દૂષિત થઇ ગયું છે. નિર્દોષ સ્વરૂપ જો ઈશ્વરનું જ નથી રહ્યું તો પછી તેની શ્રદ્ધા–માન્યતા–પૂજા-ભક્તિ પણ કેવી થવાની?

## 'કર્મસત્તા માનવી' આ એક જ વિકલ્પ છે

પુણ્ય–પાપ તો શુભ–અશુભ પ્રવૃત્તિ માત્ર છે. અને તેને જીવો સ્વયં પોતે જ કરે છે. એમાં ઈશ્વરને વચ્ચે લાવવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. અને જે પુણ્ય–પાપની પ્રવૃત્તિ જીવો કરે છે તેનાથી જ જીવો કર્મ ઉપાર્જન કરે છે. અને કાળાન્તરે એ કર્મો ઉદયમાં આવતા સારા–ખરાબ ફળ પણ જીવો સ્વયં ભોગવે છે. ફળદાતા તરીકે પણ ઈશ્વરને વચ્ચે સંડોવવાની જરૂર નથી. નિરર્થક પછી ઇશ્વરમાં રાગ–દ્વેષની સ્વાર્થી વૃત્તિ આદિના દૂષણો આવે. અને એકને સારૂ ફળ આપનાર, અને બીજાને દુઃખનું ખરાબ ફળ આપનાર ઈશ્વરને કારણ માનવાની આવશ્યકતા જ નથી રહેતી. શા માટે માનવા? હાથે કરીને ઇશ્વરના સ્વરૂપને રાગ–દ્વેષનું કલંક લગાડીને કાળો ચાંદલો કરવો એના કરતા તો ઈશ્વરનો સાચો મહિમા વધારવામાં જ ઇશ્વરની સાચી ભક્તિ છે. માટે પુણ્ય–પાપ–તેના ફળ–સુખ–દુઃખ વગેરેની પાછળ તેમજ સૃષ્ટિની પાછળ ઇશ્વરને કારણ માનવાની કોઈ આવશ્યકતા જ નથી. ઇશ્વરના વિકલ્પ સ્વરૂપે કર્મસત્તાને કારણ માની લો અને ઇશ્વરને શુદ્ધ ઉપાસ્ય તત્ત્વ પૂરતો જ રહેવા દો. બસ, એ જ સાચું છે. એ જ સત્ય જ્ઞાન છે.

સમ્યગ્ જ્ઞાન છે. જો આ ન સ્વીકારીએ તો ન કલ્પી શકાય એવા દોષોના ટોપલા ઇશ્વરના માથે આવશે. એક તરફ ઈશ્વર જ પોતાની ઇચ્છા પ્રમાણે જીવો પાસે પુણ્ય પાપ કરાવરાવે છે. સારી ખરાબ પ્રવૃત્તિઓ કરાવે અને પછી બિચારા તે જીવોને પાછા સુખ–દુઃખરૂપ ફળ આપે છે. એમાં કોઈ જીવ એમ કહે કે ભગવન્! મને આવું ભયંકર દુઃખ શા માટે આપો છો? તો ઇશ્વર કહેશે કે તેં આવા ખરાબ પાપો કર્યા છે. માટે તો એ જીવ સામે કહેશે કે ભગવન્! કરાવનારા તો આપ જ છો ને? અમે તો કઠપુતળીની જેમ છીએ. અમે તો તમારા હાથના રમકડા માત્ર છીએ. જેમ તમે નચાવો એમ નાચીએ છીએ જેમ તમે કરાવો છો એમ કરીએ છીએ. અમારૂં તો કંઈ ચાલતું જ નથી. અમે અમારી ઇચ્છા મુજબ તો કંઈ કરી શકતા જ નથી. જે કંઇ કરાવો છો તે આપ કરાવો છો. પછી અમને સારા–ખરાબ ફળ શા માટે આપો છો? પહેલા–પાપ–પુણ્ય કરાવવા અને પછી તેના ફળ રૂપે સુખ દુઃખ આપવા? એના કરતા તો પહેલેથી જ અમારી પાસે સારી–ખરાબ કોઈ પ્રવૃત્તિ કરાવો જ નહીં તો પછી ફળ વગેરે આપવાનો પ્રશ્ન જ ન આવે? આપને પણ નિરાંત–શાન્તિ અને અમને પણ શાન્તિ.

પરંતુ સામાન્ય જીવોની આવી દલીલો ઉપરવાળો સાંભળે છે જ ક્યાં? એને તો સંસાર વસાવવો–ચલાવવો અને સમાપ્ત કરવાનું હોય છે. માટે ઇશ્વર પણ જવાબ આપી દે કે ભાઇ! હું પણ શું કરું? મારી ઇચ્છા–લીલા જ એવા પ્રકારની છે. હું પણ ઇચ્છા અને લીલાથી બંધાયેલો છું. શું કરૂં? હવે તમે જ વિચાર કરો? સર્વશક્તિમાન સામર્થ્યધારી ઇશ્વર પણ કેવી લાચારી બતાવે છે? આવી લાચારીમાં પછી ઇશ્વરપણું કેવી રીતે ટકે? માટે હાથે કરીને ઇશ્વરનું સ્વરૂપ વધુ ને વધુ વિકૃત કરવા કરતા તો આ અર્થમાં–આ સ્થાને ઈશ્વરના વિકલ્પ રૂપે કર્મ સત્તાને જ કારણ માની લેવી જોઇએ. આ સિદ્ધાંત વધુ નિર્દોષ છે. શુદ્ધ છે સારો અને સાચો છે.

જીવો સ્વતંત્ર છે. સ્વયં પોતાની વૃત્તિના આધારે શુભ-અશુભ પુણ્ય-પાપની પ્રવૃત્તિ મન-વચન-કાયાથી કરે છે. અને એથી તેઓને સારા-ખરાબ કર્મો બંધાય છે. અને તે તે કર્મોના સમયે સમયે ઉદય થવાથી જીવો સુખ દુઃખ સ્વર્ગ-નરક સદ્ગતિ દુર્ગતિ આદિના સારા-ખરાબ વિપાકો મેળવે છે. બસ, એમાં કર્મની જ શુદ્ધ સત્તાને માનવાની છે. ઈશ્વર ક્યાંય વચ્ચે આવતા જ નથી. એટલે ઈશ્વરનું સ્વરૂપ વિકૃત થવાનો પ્રશ્ન જ નથી રહેતો આ પ્રમાણે ઈશ્વર અને કર્મસત્તાનું સ્વરૂપ છૂટું પાડી દેવું જોઇએ. બન્ને સ્વતંત્ર સત્તાઓ અસ્તિત્વ ધરાવે છે એ સ્વીકારવું જોઇએ. અને ઇશ્વરને શુદ્ધ તત્ત્વ તરીકે ઉપાસ્ય ગણીને ઉપાસના કરવી જોઇએ.

આ ઇશ્વરનું શુદ્ધ સ્વરૂપ શું છે? ઇશ્વર Roady mad તૈયાર જ અવતરે છે કે પછી આ ધરતી ઉપર જ આપણા જેવા જીવો સ્વયં સ્વપુરૂષાર્થે ઇશ્વર બને છે? ઇશ્વર કેવી રીતે બની શકાય છે? શું કોઈ પણ આત્મા પરમાત્મા બની શકે છે? કે પછી એ જ ઇશ્વરનો અધિકાર છે? કેટલા ઇશ્વર બની શકે છે? બન્યા પછી શું કરે છે? ક્યાં રહે છે? એ ઇશ્વરની ઉપાસના-સાધના કેવી રીતે કરવી વગેરે સેંકડો પ્રશ્નોની વિચારણા કરવા માટે આપણે આગળની પુસ્તિકામાં સ્વતંત્રપણે વિચાર કરીશું. 'अलं विस्तरेण' વધુ વિસ્તારથી સર્યું. આટલા વિવેચનથી જે ઇશ્વરની ઉપાસના આપણે જીવનભર કરવાની છે. અને જીવનભર જ નહીં પણ ભવોભવ કરવાની છે તે ઇશ્વરના સ્વરૂપને સાચા અર્થમાં સમજવા માટે આ એક નમ્ર-વિનમ્ર પ્રયત્ન કર્યો છે. સત્ય સ્વરૂપ સમજવા માટે તર્ક અને યુક્તિઓનો આશરો લીધો છે. આને કોઇ આક્રોશ કે ટીકા ટિપ્પણ સમજવાની ભૂલ ન કરશો સજ્જનો! સજ્જનતાનું વલણ છોડયા વિના સત્યને સ્વીકારવાની તૈયારી દેખાડશો. બસ, એટલું જ નમ્ર સૂચન કરીને... શાસન દેવને પ્રાર્થના કરૂં કે જગતના સર્વે જીવો ઇશ્વરનું સાચું સ્વરૂપ સમજે અને સાચી રીતે આરાધે-ઉપાસે અને સર્વેનું કલ્યાણ થાય એવી જ શુભ ભાવના....

શ્રી ચિન્તામણી પાર્શ્વનાથાય નમઃ



## પ. પૂ. મુનિરાજ શ્રી

## અરૂણવજિયજી મ. સા.

આદિ મુનિમંડળની

પવિત્ર નિશ્રામાં

વિ. સં. ૨૦૪૪ માં

સ્વ. શેઠશ્રી કાન્તિલાલ મણીલાલ

## શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે. મૂ. પૂ. સંઘ

અમદાવાદ

ના ઉપક્રમે શ્રી સંઘ દ્વારા આયોજિત

# ચાતુર્માસિક રવિવારીય ધાર્મિક શિક્ષણ શિબિર

ના અંતર્ગત ચાલતી

# શ્રી નમસ્કાર મહામંત્ર

## રવિવારીય [illegible] પ્રવચનમાળા

ની [illegible] કા

## શાહ કાન્તિ[illegible]લાલ પરિવાર

Serving JinShasan
082223
gyanmandir@kobatirth.org

રામનગર, સાબરમતી, અમદાવાદ-૫

ના ઉદાર સૌજન્યથી છપાવી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

PRINTED BY DILA AUD. PH. 380067 BOM. PH. 313897